

પેજ-08
પ્રિયંકાએ પતિ સાથે સ્પેનમાં બર્થ ડે ઉજવ્યો : નિક જોનસે ચૉટનો વીડિયો શેર કર્યો....

# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

પેજ-09
ઈંગ્લેન્ડ સામે સદી ફટકારી રોહિત બન્યો સુપરહીરો....



| હવામાન | | |
|---|---|---|
| શહેર | મહત્તમ | લઘુત્તમ |
| અમદાવાદ | 32.00 | 27.00 |
| વડોદરા | 29.00 | 27.00 |
| સુરત | 28.00 | 27.00 |

પેજ 5




BPCL એ 'ભારતગેસ લાઈટ ઝીપ' લૉન્ચ કર્યું - ઈન્સ્ટન્ટ કનેક્શન....

21 JULY-2026 TUESDAY

અમેરિકી સૈનિકના મોતથી ટ્રમ્પે આપ્યા હુમલાના આદેશ...



પેજ 10

.....સુવિચાર.....
મનમાં જીતવાની આશા હોવી જોઈએ, નસીબ બદલાય કે ના બદલાય પણ સમય ચોક્કસ બદલાય છે.

વર્ષ-15 । અંક-248 । વિક્રમ સંવત-2082 । મહા સુદ-00 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


## યુક્રેન જહાજ હુમલો : "વ્યાપારી જહાજો પર હુમલો અસ્વીકાર્ય": યુક્રેન ઘટના પર ભારત સરકારનો કડક સંદેશ

# કાળા સમુદ્રમાં મોટી દુર્ઘટના, MV ગોલ્ડન લીઓ પર હુમલામાં ૪ ભારતીયોના મોત

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

વિદેશ મંત્રાલય અનુસાર, 19 જુલાઈ, 2026 ના રોજ સાંજે થયેલા હુમલા સમયે, બોર્ડમાં 17 ક્રૂ સભ્યો હતા, જેમાં પાંચ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, હુમલામાં ચાર ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા. ભારત સરકારે મૃતકોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી છે અને ઘાયલ ભારતીયોના ઝડપી સ્વસ્થ થવાની કામના કરી છે.યુક્રેનના ઓડેસા બંદરથી રવાના થયેલા કોમર્શિયલ કાર્ગો જહાજ MV ગોલ્ડન લીઓ પર થયેલા હુમલામાં ચાર ભારતીય નાગરિકો માર્યા ગયા હતા અને એક ભારતીય ગંભીર રીતે ઘાયલ થયો છે. ભારતે આ ઘટનાનો સખત વિરોધ કર્યો છે અને કોમર્શિયલ જહાજોને નિશાન બનાવવાની સખત નિંદા કરી છે.વિદેશ મંત્રાલય (MEA) અનુસાર, 19 જુલાઈ, 2026 ના રોજ સાંજે થયેલા હુમલા સમયે, બોર્ડમાં 17 ક્રૂ સભ્યો હતા, જેમાં પાંચ ભારતીય નાગરિકોનો સમાવેશ થાય છે. અહેવાલો અનુસાર, હુમલામાં ચાર ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા હતા, જ્યારે એક ગંભીર હાલતમાં હોસ્પિટલમાં દાખલ છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે યુક્રેનમાં ભારતીય દૂતાવાસ ઘટનાક્રમ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને અસરગ્રસ્ત ભારતીયોને શક્ય તમામ સહાય પૂરી પાડી રહ્યું છે.

### નાગરિક જહાજોની સલામતી અંગે પ્રશ્નો...

રશિયા-યુક્રેન સંઘર્ષ વચ્ચે આ ઘટનાએ ફરી એકવાર કાળા સમુદ્રમાં નાગરિક જહાજો અને વૈશ્વિક દરિયાઈ વેપારની સલામતી અંગે ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. વધુમાં, આ ઘટના ભારત માટે ખૂબ જ સંવેદનશીલ માનવામાં આવે છે, કારણ કે તે તાજેતરના વર્ષોમાં આંતરરાષ્ટ્રીય પાણીમાં ભારતીય ખલાસીઓ પર થયેલા સૌથી ગંભીર હુમલાઓમાંની એક છે.

**યુક્રેન કહે છે કે રશિયાએ જહાજ પર હુમલો કર્યો...** દરમિયાન, યુક્રેનએ આ ઘટના માટે રશિયાને સીધો દોષી ઠેરવ્યો છે. યુક્રેનના વિદેશ પ્રધાને દાવો કર્યો હતો કે રશિયાએ ફરી એકવાર યુક્રેનના દરિયાઈ કોરિડોરમાં મુસાફરી કરતા નાગરિક કાર્ગો જહાજ પર હુમલો કર્યો. તેમના મતે, જહાજમાં ભારત અને સીરિયાના નાગરિકો હતા. હુમલામાં યુક્રેનિયન નૌકાદળના એક પાઈલટ અને ચાર ભારતીય ક્રૂ સભ્યો માર્યા ગયા.

**કુલ 17 ક્રૂ મેમ્બર્સ સવાર હતા**

વિદેશ મંત્રાલયના જણાવ્યા અનુસાર, ૧૯ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સાંજે ઓડેસા બંદરથી રવાના થતી વખતે જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો. હુમલા સમયે, પાંચ ભારતીય નાગરિકો સહિત કુલ ૧૭ ક્રૂ મેમ્બર જહાજ પર હતા. અચાનક થયેલા હુમલામાં ચાર ભારતીયોના મોત થયા હતા, જ્યારે એક ભારતીય ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.



### યુક્રેન IMO સમક્ષ માંગ કરશે

યુક્રેન એ પણ દાવો કર્યો હતો કે એક દિવસ પહેલા જ કાળા સમુદ્રમાં એક વિદેશી કાર્ગો જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં એક વ્યક્તિનું મોત થયું હતું અને ત્રણ અન્ય ઘાયલ થયા હતા. કિવએ કહ્યું છે કે તે આ મામલો આંતરરાષ્ટ્રીય દરિયાઈ સંગઠન (IMO) અને તેના સાથીઓ સમક્ષ ઉઠાવશે, તેમજ રશિયા સામે કડક આંતરરાષ્ટ્રીય કાર્યવાહી અને નવા પ્રતિબંધોની માંગ કરશે.

### ભારતે આ હુમલાની સખત નિંદા કરી

ભારતે આ હુમલાની સખત નિંદા કરતા કહ્યું કે વાણિજ્યિક જહાજોને નિશાન બનાવવા, નિર્દોષ નાગરિકો અને ક્રૂના જીવનને જોખમમાં મૂકવા અને દરિયાઈ વેપાર અને નેવિગેશનની સ્વતંત્રતાને ખલેલ પહોંચાડવી સંપૂર્ણપણે નિંદનીય છે. ભારતે આવા હુમલાઓને રોકવા અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સુરક્ષા સુનિશ્ચિત કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો.

# ડેંગ્યુની રસીની ભારતમાં એન્ટ્રી

## નૂહમાં કોંગ્રેસ-બસપાના કાર્યકરો વચ્ચે પથ્થરમારો, પલવલમાં EVM બદલાયું

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

ભારતને તેની પહેલી ડેંગ્યુ રસી, QDENGA મળી ગઈ છે. DCGI એ તેને મંજૂરી આપી છે. તે ચારેય પ્રકારના ડેંગ્યુ સામે રક્ષણ આપતી પહેલી માન્ય રસી છે. જાણો કે તે કેવી રીતે કાર્ય કરે છે, તે કોને મળશે, તે કેટલી અસરકારક છે અને તેની કિંમત કેટલી હોઈ શકે છે.દર ચોમાસામાં ડેંગ્યુનું જોખમ વધે છે. દર વર્ષે લાખો લોકો આ રોગનો ભોગ બને છે, અને હજારો દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થાય છે. ભારતને પહેલીવાર ડેંગ્યુ સામે નોંધપાત્ર રાહત મળી છે. દેશના ડ્રગ રેગ્યુલેટર, DCGI એ જાપાની ફાર્માસ્યુટિકલ કંપની તાકેડા દ્વારા વિકસિત ડેંગ્યુ રસી, QDENGA ને મંજૂરી આપી છે. આ ભારતની પહેલી માન્ય ડેંગ્યુ રસી છે, જે ચારેય પ્રકારના ડેંગ્યુ વાયરસ - DENV-1, DENV-2, DENV-3 અને DENV-4 સામે રક્ષણ પૂરું પાડવા માટે વિકસાવવામાં આવી છે.



## BCCI ભારતીય ક્રિકેટમાં નવા નિયમો લાગુ કરશે

(એજન્સી) નવી દિલ્હી | તા.20

એક મોટા ફેરફારમાં, BCCI એ રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સહિતની ટુર્નામેન્ટમાં MCC દ્વારા પ્રસ્તાવિત નવા રમતના નિયમો લાગુ કરવાનો નિર્ણય લીધો છે.BCCI મેરીલેબોન ક્રિકેટ ક્લબ દ્વારા પ્રસ્તાવિત ક્રિકેટના નવા નિયમોને સ્થાનિક ક્રિકેટમાં લાગુ કરી રહ્યું છે. આ નવા નિયમો રણજી ટ્રોફી, વિજય હજારે ટ્રોફી અને સૈયદ મુશ્તાક અલી ટ્રોફી સહિત અન્ય સ્થાનિક ટુર્નામેન્ટમાં લાગુ થશે. આ નિયમો ફર્સ્ટ-ક્લાસ ક્રિકેટમાં દિવસની છેલ્લી ઓવરમાં ફેરફારથી લઈને મુખ્ય કોચના મેદાનમાં પ્રવેશ સુધીના છે. વધુમાં, સ્થાનિક ક્રિકેટમાં વિકેટકીપર ગ્લોવ્સ અંગે એક નવો નિયમ લાગુ કરવામાં આવશે.

## DGCAની નવી સિસ્ટમ : ફ્લાઈટની ઘટનાઓનું હવે થશે ઓનલાઈન રિપોર્ટિંગ

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દેશમાં હવાઈ સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના હેતુથી નાગરિક ઉડ્ડયન મહાનિર્દેશાલય (DGCA) ટૂંક સમયમાં જ એક નવું ડિજિટલ રિપોર્ટિંગ પ્લેટફોર્મ શરૂ કરવા જઈ રહ્યું છે. આ પ્લેટફોર્મ દ્વારા વિમાન ક્ષેત્ર સાથે જોડાયેલી કોઈપણ ઘટનાની રિપોર્ટ ઓનલાઈન સબમિટ કરી શકાશે, જેના પર ઝડપથી કાર્યવાહી થઈ શકશે. આ ઉપરાંત, સરકારે સ્પષ્ટ કર્યું છે કે, સામાન્ય પરિસ્થિતિઓમાં હવાઈ ભાડાં બજારની માંગ અને પુરવઠાના આધારે જ નક્કી થાય છે.સ્વીકારી હતી, ત્યારબાદ ડોક્ટરોએ હડતાળ સમેટી હતી.



### અત્યારે DGCA સુરક્ષા પર કેવી રીતે નજર રાખે છે?

નાગરિક ઉડ્ડયન મંત્રીએ ઉમેર્યું કે, DGCA પહેલેથી જ નિયમનકારી ઓડિટ, નાઈટ સુપરવિઝન, રેમ્પ ઈન્સ્પેક્શન, સરપ્રાઈઝ ચેકિંગ અને ખાસ ઓડિટ જેવી વિવિધ પ્રક્રિયાઓ દ્વારા વિમાન કંપનીઓ, એરપોર્ટ્સ અને સંબંધિત સંસ્થાઓ પર નજર રાખે છે. આ નવું ડિજિટલ પ્લેટફોર્મ આ વર્તમાન સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે.

**DGCAનું નવું ડિજિટલ પ્લેટફોર્મ શું છે?** નાગરિક ઉડ્ડયન મંત્રી કે. રામમોહન નાયડુએ રાજ્યસભામાં લેખિત જવાબમાં જણાવ્યું હતું કે, DGCA હાલમાં eGCA પોર્ટલ પર ઈવેન્ટ રિપોર્ટિંગ માટે એક ડિજિટલ પ્લેટફોર્મ વિકસાવી રહ્યું છે. આ પ્લેટફોર્મના માધ્યમથી એરલાઈન્સ અને સંબંધિત સંસ્થાઓ ફરજિયાત ઘટના અહેવાલો ઈલેક્ટ્રોનિક પદ્ધતિથી સબમિટ કરી શકશે. અત્યાર સુધી આ પ્રક્રિયામાં સમય લાગતો હતો, પરંતુ આ નવી સિસ્ટમ આવ્યા બાદ માહિતી ઝડપથી અધિકારીઓ સુધી પહોંચશે અને તેના પર સમયસર પગલાં લઈ શકાશે.




# નેશનલ હીરો સોનમ વાંગચુક અને દેશના વિદ્યાર્થીઓ માટે 'આપ' નેતા ડો. કાયનાત અન્સારી આથા મૌન ધરણાં પર

અમદાવાદ : આમ આદમી પાર્ટીના પ્રદેશ ઉપપ્રમુખ ડો. કાયનાત અન્સારી આથાએ લાઈવ માધ્યમથી જણાવ્યું હતું કે, શિક્ષણ વ્યવસ્થા બચાવવા માટે આંદોલન કરી રહેલા સોનમ વાંગચુકના સમર્થનમાં અમે 3 કલાકના મૌન ધરણાંનું આયોજન કર્યું છે. સોનમ વાંગચુકના પોતાના સંતાનો નીટ (NEET) ની પરીક્ષા નથી આપી રહ્યા, છતાં તે આપણા બાળકોના ભવિષ્ય માટે દેશના શિક્ષણ પ્રણાલી માટે ૧૫ દિવસથી ભૂખ્યા રહીને સંઘર્ષ કરી રહ્યા છે, જેના કારણે તેમનું સ્વાસ્થ્ય પણ બગડ્યું છે. જે માણસે શિક્ષણ પદ્ધતિ બદલીને વિશ્વભરમાં ભારતનું ગૌરવ વધાર્યું, તેની વાત સાંભળવાને બદલે સરકાર અહંકારમાં આવીને આ અવાજને દબાવવાનો પ્રયાસ કરી રહી છે. વારંવાર થતા પેપર લીકથી કંટાળીને ૩૦ જેટલા તેજસ્વી વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે, તે માતા-પિતાની પીડાની કલ્પના પણ કરવી મુશ્કેલ છે. આ કોઈ બીજાના બાળકો નથી પરંતુ આપણા પોતાના છે તેમ સમજીને આપણે જાગૃત થવું પડશે. જો શિક્ષણ મંત્રીના કાર્યકાળમાં પેપર લીક થતા હોય, તો તેમણે તાત્કાલિક રાજીનામું આપી



દેવું જોઈએ કારણ કે કોઈનું પદ બાળકના જીવથી મોટું નથી.'આપ' નેતા ડો. કાયનાત અન્સારી આથાએ વધુમાં જણાવ્યુ હતુ કે અગાઉ જ્યારે કેન્દ્રમાં કોંગ્રેસની સરકાર હતી અને અન્ના હજારે આંદોલન પર બેઠા હતા, ત્યારે આજ ભાજપના નેતાઓ કહેતા હતા કે સરકારે જનતાનો અવાજ સાંભળવો જોઈએ. પરંતુ આજે સત્તામાં આવ્યા પછી ભાજપ સરકારની આંદોલનો પ્રત્યેની સંવેદનશીલતા સાવ ખતમ થઈ ગઈ છે અને તેઓ લોકશાહીને બદલે તાનાશાહી ચલાવી રહ્યા છે, આપણને ધર્મ અને જ્ઞાતિની રાજનીતિમાં વ્યસ્ત રાખીને શિક્ષણ અને સ્વાસ્થ્ય જેવા મૂળભૂત મુદ્દાઓ પરથી ધ્યાન ભટકાવવામાં આવી રહ્યું છે, પરંતુ આપણા માટે દેશ કોઈપણ નેતા કે વ્યક્તિથી ઘણો મોટો છે. વર્ષો પછી દેશમાં એક એવી ક્રાંતિ આવી છે જે બધું બદલી નાખશે અને આપણી આવનારી પેઢીના ભવિષ્યને સુરક્ષિત કરશે. હું દેશના તમામ નાગરિકોને અપીલ કરું છું કે તમે જ્યાં પણ હોવ ત્યાંથી આ શિક્ષણ બચાવો આંદોલનને પૂરેપૂરું સમર્થન આપો અને આ દેશની વ્યવસ્થા સુધારવાની જવાબદારી પોતાની સમજીને આગળ આવો.

# પીએમ મોદીને અપીલ, "આ બાળકોના ગુસ્સાને સંભાળો, નહીં તો તમારા માટે ખૂબ ભારે પડશે": કેજરીવાલ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે એક વીડિયો દ્વારા પોતાની વાત મૂકતા જણાવ્યું કે, હાલમાં હું પંજાબમાં છું અને સોશિયલ મીડિયા દ્વારા મેં જોયું કે આખું કનોટ પ્લેસ, જનપથ, જંતર-મંતર બધું ભરાઈ ગયું છે, સમગ્ર દેશભરમાંથી હજારો-લાખોની સંખ્યામાં યુવાનો આવ્યા છે. અને બીજી તરફ સરકાર તેમના પર દમન કરી રહી છે, તેમના પર લાઠીચાર્જ કરી રહી છે અને ઈન્ટરનેટ પણ બંધ કરી દેવામાં આવ્યું છે તથા આ યુવાનોને સંસદમાં જવાથી રોકવામાં આવી રહ્યા છે. આ ખોટું છે, યુવાનો જાય તો જાય ક્યાં? પહેલા તમે તેમના પેપર લીક કરી દો છો, પછી જ્યારે ફરીથી પરીક્ષા થાય છે ત્યારે મૂલ્યાંકનમાં ગડબડ થાય છે, જ્યારે વારંવાર ફરિયાદ કરવામાં આવે છે ત્યારે તેને કોઈ સાંભળતું નથી. તમે આ બાળકોનું ભવિષ્ય બરબાદ કરી દીધું છે અને જ્યારે આ બાળકો ન્યાય માંગવા માટે રસ્તા પર ઉતરે છે ત્યારે તમે તેમના પર લાઠીઓ ચલાવો છો, આ બિલકુલ યોગ્ય નથી. બાળકોમાં ખૂબ જ ગુસ્સો છે. હું પીએમ મોદીને અપીલ કરું છું કે આ બાળકોના ગુસ્સાને સંભાળો, નહીં તો તમારા માટે ખૂબ ભારે પડશે. આ બાળકો સાથે વાત કરો, આ આપણા દેશના બાળકો છે, તેમની સાથે બેસીને તમે વાત કેમ નથી કરતા? આટલો અહંકાર શા માટે છે? પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પણ પોતાની વાત રાખતાં જણાવ્યું કે ઘણા બધા બાળકો એવા હોય છે જે વિચારે છે કે તેમના પુસ્તકો તેમનું જીવન બદલી દેશે અને એ જ પુસ્તકો તેમના પરિવારનું ભવિષ્ય બદલી દેશે. બાળકો સવારે 3:00 વાગ્યે ઊઠીને 14-14 કલાક સુધી અભ્યાસ કરતા હતા અને NEETની પરીક્ષા આપવા ગયા હતા, અને પછી એક દિવસ તેમને ખબર પડે છે કે તેમનું પેપર લીક થઈ ગયું અને જે મોટા-મોટા અમીર લોકો હતા તેમણે પેપર ખરીદી લીધું છે, તો આ વાત બિલકુલ યોગ્ય નથી. તેથી જંતર-મંતર પર હાલમાં યુવાનોનું જે આંદોલન ચાલી રહ્યું છે, હું તેનું સમર્થન કરું છું. આપણે બધા તેમની સાથે છીએ.

# આમ આદમી પાર્ટી વિદ્યાર્થી પાંખ ASAPના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા જંતર મંતરથી શરૂ થયેલ સંસદ કુચમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા

અમદાવાદ : આમ આદમી પાર્ટીના વિદ્યાર્થી પાંખ ASAPના ગુજરાત પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયા જંતર મંતરથી શરૂ થયેલ સંસદ કુચમાં ભાગ લેવા દિલ્હી પહોંચ્યા હતા. ત્યાંથી આમ આદમી પાર્ટીના યુવા નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે નીટનું જે પેપર લીક થયું હતું ત્યારબાદ GenZનું આંદોલન શરૂ થયું હતું, તે સ્થળ પર જંતર મંતર પર આજે અમે પહોંચ્યા છીએ. અમે દેશની આઝાદી માટેની લડાઈમાં ઉપસ્થિત નહી રહી શક્યા ન હતા પરંતુ આજે અમને ગર્વ છે કે આજે અમે આ GenZની લડાઈમાં ઉપસ્થિત છીએ. મને ગર્વ છે કે આજે દેશભરના GenZ યુવાનો દિલ્હીમાં એકત્રિત થયા છે. આજે જંતર મંતરની અંદર અને જંતર મંતરની બહાર પણ હજારોની સંખ્યામાં GenZ ઉમટી પડ્યા છે. વધુમાં આમ આદમી પાર્ટીના નેતા ધાર્મિક માથુકિયાએ જણાવ્યું હતું કે, દેશના તમામ યુવાનોની માંગ છે કે શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર



પ્રધાન નીટ પેપર લીકની જવાબદારી લે અને પોતાના પદ પરથી રાજીનામું આપે. આજે દુઃખ સાથે કહેવું પડે છે કે દેશના મોટા વૈજ્ઞાનિકોમાં એક સોનમ વાંગચૂકજી જ્યારે અનશન પર બેઠા હતા ત્યારે તેમની સાથે વાતચીત કરવાની જગ્યાએ તેમને ઉપાડીને લઈ જવામાં આવ્યા. જેનાથી યુવાનો ખૂબ જ દુઃખી છે અને તેમની અંદર ખૂબ જ ગુસ્સો છે પરંતુ તેમ છતાં પણ તેઓ શાંતિપૂર્ણ રીતે જંતર મંતર પર આંદોલન કરી રહ્યા છે. પોલીસ મિત્રોને પણ હું વિનંતી કરું છું કે આ યુવાનો સાથે સારી રીતે વર્તન કરજો કારણ કે કદાચ આવનારા સમયમાં તમારા દીકરા પણ આ સિસ્ટમનો શિકાર ન બને એટલા માટે એટલા માટે આ GenZ યુવાનો એકઠા થયા છે. સમગ્ર દેશના યુવાનો અને ખાસ કરીને GenZ ને અપીલ છે કે તમે ભલે દિલ્હી ન આવી શકો પરંતુ શાંતિપ્રિય રીતે સોશિયલ મીડિયા પર આંદોલનને સપોર્ટ આપતા રહેજો.

# શિક્ષણ મંત્રીના રાજીનામા મુદ્દે ગુજરાતમાં પણ હજારોની સંખ્યામાં યુવાનો સાથે અમે આંદોલન કરવા માટે તૈયાર: બ્રિજરાજ સોલંકી

અમદાવાદ: આમ આદમી પાર્ટીના યુવા મોરચાના પ્રદેશ અધ્યક્ષ બ્રિજરાજ સોલંકી મોટી સંખ્યામાં પોતાની ટીમ સાથે દિલ્હીના જંતર મંતર ખાતે આંદોલનમાં પહોંચ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું હતું કે નીટનું પેપર લીક થયું અને 20 કરતાં વધારે યુવાનોએ આત્મહત્યા કરી અને ત્યારબાદ કોક્રોજ જનતા પાર્ટીનું દિલ્હી ખાતે આંદોલન શરૂ થયું, જેમાં આજે ગુજરાતથી હજારો અને દેશભરના લાખો યુવાનો દિલ્હીના જંતર



મંતર ખાતે એકત્રિત થયા છે અને આજે આમ આદમી પાર્ટીની પણ ખૂબ જ મોટી ટીમ આ આંદોલનમાં ઉપસ્થિત છે. આમ આદમી પાર્ટીની યુથ વિંગ અને મહિલા વિંગના મોટી સંખ્યામાં હોદ્દેદારો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા છે.વધુમાં આમ આદમી પાર્ટીના નેતા બ્રિજરાજ સોલંકીએ જણાવ્યું હતું કે, યુવાનો પર પોલીસ દ્વારા લાઠીચાર્જ કરવામાં આવી રહ્યો છે, અત્યાચાર કરવામાં આવી રહ્યો છે. આ યુવાનોની ફક્ત એક જ માંગ છે કે આ દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં આવે અને તેમને પદ પરથી હટાવવામાં આવે. પરંતુ નરેન્દ્ર મોદી, અમિત શાહ અને ભાજપસરકાર યુવાનોની આ વાતને માનવા માટે તૈયાર નથી. તો આવનારા સમયમાં શહીદ-એ-આઝમ સરદાર ભગતસિંહના માર્ગ પર ચાલીને આંદોલન કરવાની પણ અમારી તૈયારી છે. નીટના પેપર લીક થવાના કારણે જે યુવાનોએ આત્મહત્યા કરી છે, તેમના સમર્થનમાં, યુવાનોને ન્યાય અપાવવા માટે અને શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા માટે ગુજરાતમાં પણ હજારોની સંખ્યામાં યુવાનો સાથે અમે આંદોલન કરવા માટે તૈયાર છીએ.

# દિલ્હીમાં એકઠા થયેલા લાખો GenZ ને ન તો પોલીસ ડરાવી શકી, ન કોઈ તાનાશાહ ડરાવી શક્યા: ઈસુદાન


અમદાવાદ : દેશની રાજધાની નવી દિલ્હીમાં જંતર-મંતર પર થયેલા આંદોલન મુદ્દે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈસુદાન ગઢવીએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દિલ્હીમાં એકઠા થયેલા લાખો 'GenZ' (આજની પેઢીના) યુવાનોને ન તો પોલીસ ડરાવી શકી છે, ન કોઈ તાનાશાહ ડરાવી શક્યા છે. દેશના યુવાનોએ ૨૦ જુલાઈના દિવસને એક ઐતિહાસિક દિવસ બનાવી દીધો છે. પેપર લીકની આ ગંભીર સમસ્યાથી આજે દેશના કરોડો લોકો પીડિત બન્યા છે. ઓફિશિયલી ૨૨ લાખ જેટલા વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હોય, તો મમ્મી-પપ્પા અને ભાઈ-બહેન સહિત પરિવારના સભ્યોને ગણીએ તો એક કરોડથી વધુ લોકોના ઘરમાં પેપર લીકનો આતમછાયો આઘાત પ્રસરી ગયો છે. ભાજપે ગુજરાત અને દેશમાં સતત પરીક્ષાઓના પેપર ફોડ્યા છે. સરકાર ચલાવવામાં કાં તો તેઓ સદંતર અણઆવડત ધરાવે છે અથવા તો પોતાના મળતિયાઓને સરકારી તંત્રમાં ફિટ કરવા માટે આ આખું ષડયંત્ર રચીને પેપર લીક કરવામાં આવે છે. સત્તામાં બેઠેલો વ્યક્તિ ગમે તેટલો સગો હોય, ઈશ્વરને સાક્ષી રાખીને પ્રજાહિતમાં રાજ કરવું જોઈએ અને ખોટું કરનારને ક્યારેય ચલાવી ન લેવાય. અત્યાર સુધીમાં ૨૫ જેટલા પેપર ફૂટ્યા હોવા છતાં કોઈ કૌભાંડીને કડક સજા થઈ નથી. પોતાના મળતિયાઓને એમબીબીએસ કે નોકરીઓમાં ઘુસાડવા માટે આખા દેશના તેજસ્વી દીકરા-દીકરીઓના ભવિષ્યની બલી ચડાવી દેવાઈ છે. આટલો મોટો ડાઘ લાગ્યા પછી મંત્રી કે જવાબદારોએ પદ પરથી હટી જવું જોઈએ, પરંતુ તેના બદલે સોનમ વાંગચુક કે જે પણ લોકો આ ભાજપ સરકારની નીતિઓનો વિરોધ કરે છે, તેમને પહેલાથી જ દેશદ્રોહી સાબિત કરવા અથવા વિદેશી ફંડિંગ મેળવતા હોવાના ખોટા આરોપો લગાવવામાં આવે છે. ખેડૂતો આંદોલન કરે તો તેમને ખાલિસ્તાની ચીતરવામાં આવે છે. દેશના તેજસ્વી ભવિષ્ય માટે કોઈ વ્યક્તિ ૨૧-૨૧ દિવસ સુધી અનશન પર ઉતરે અને માત્ર એક શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું માંગે, ત્યારે રાજીનામું લેવાને બદલે લાખો પોલીસ, સીઆરપીએફ અને આર્મીના જવાનોને ખડકી દઈને આખી સિસ્ટમ ઠપ કરી દેવામાં આવે છે.'આપ' નેતા ઈસુદાન ગઢવીએ વધુમાં જણાવ્યુ હતુ કે સત્તાના અહંકારમાં ડૂબેલા નેતાઓએ એ યાદ રાખવું જોઈએ કે આખા વિશ્વ પર રાજ કરનારો સિકંદર (એલેક્ઝાન્ડર) પણ જ્યારે મર્યો ત્યારે તેના બંને હાથ ખાલી હતા. અંધભક્તિમાં ડૂબેલા લોકોએ સમજવું પડશે કે પ્રજાના હક અને અધિકાર માટે ઈશ્વરને સાક્ષી રાખીને પ્રજાહિતમાં નિર્ણય લેવા જ પડશે. વર્ષ ૨૦૧૪ પહેલા નાની વાતોમાં ટ્વિટ કરનારા ફિલ્મ સ્ટારો કે ક્રિકેટરો આજે દેશના યુવાનો પર થતા અત્યાચારો વખતે ક્યાંય દેખાતા નથી. ગુજરાતમાં જ્યારે પેપર લીક થયું ત્યારે આમ આદમી પાર્ટીએ કમલમનો ઘેરાવ કરીને મોટો વિરોધ પ્રદર્શન કર્યો હતો. હવે અદાલતોમાં તારીખો પર તારીખો પડતી રહેશે, કેસો ચાલતા રહેશે અને સરકારી વકીલો બચાવ કરતા રહેશે, તેનાથી કોઈ સાચો ઉકેલ નહીં આવે. જો આ વ્યવસ્થા બદલવી હોય તો જનતાએ પોતે જાગૃત થવું પડશે. ભાજપના પેજ પ્રમુખો અને બૂથ પ્રમુખોએ પણ પોતાની આત્મા જગાડવાની જરૂર છે. આપણે સામાન્ય દિવસોમાં સગાવાદ અને જ્ઞાતિવાદમાં આવી જઈએ છીએ, પરંતુ મતદાનના દિવસે આ અન્યાયનો બદલો લેવાનું ભૂલી જઈએ છીએ. જે દિવસે મતદાન હોય તે દિવસે દરેક નાગરિકે બપોરે ૧૨ વાગ્યા સુધીમાં પોતાના પરિવાર, સગા-સંબંધીઓ અને મિત્ર વર્તુળ પાસે ૧૦૦ ટકા મતદાન કરાવીને આ સત્તાધીશોને જડબાતોડ જવાબ આપવો પડશે. ટીવી સામે બેઠેલા કરોડો યુવાનો કોઈ પાકિસ્તાન કે ચીનના નથી, આપણા પોતાના દેશના છે અને તેમના પર લાઠીચાર્જ કરાવનારી સરકારને ચૂંટણીના દિવસે સબક શીખવવો જ પડશે. અમે વિરોધ પક્ષ તરીકે અમારી ફરજ ચૂક્યા નથી, હવે ચૂંટણીના દિવસે તમારે પણ એક જાગૃત નાગરિક તરીકે તમારી ફરજ ચૂકવાની નથી.

# વડોદરા મંડળમાં માલ સામાનના લોડિંગમાં નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ, નવા ડેસ્ટિનેશન લોડિંગમાં પણ મોટી સફળતા પ્રાપ્ત થઈ

વડોદરા : પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ દ્વારા માલ પરિવહન ના ક્ષેત્રમાં ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ઉત્કૃષ્ટ કામગીરી કરતા સતત વૃદ્ધિ નોંધાવી છે. મંડળ દ્વારા એપ્રિલથી જૂન 2026 દરમિયાન કુલ 3.39 મિલિયન ટન માલનું લોડિંગ કરવામાં આવ્યું, જે ગયા વર્ષની સમાન અવધિની સરખામણીએ 4.6 ટકા વધુ છે.પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જારી કરાયેલી એક અખબારી યાદી મુજબ, જૂન 2025 ની સરખામણીમાં જૂન 2026 દરમિયાન મુખ્ય માલસામાનના લોડિંગમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. પેટ્રોલિયમ, તેલ અને લુબ્રિકન્ટ્સ (POL)નું લોડિંગ 160 રેકથી વધીને 247 રેક, કોલસાનું લોડિંગ 97 રેકથી વધીને 140 રેક, ખાતરનું લોડિંગ 78 રેકથી વધીને 124 રેક અને કન્ટેનર લોડિંગ 148 રેક થી વધીને 218 રેક થયું. આ વધારો મંડળની માલસામાન સેવાઓની વધતી કાર્યક્ષમતા અને ગ્રાહકોના રેલવેમાં વધતા વિશ્વાસને દર્શાવે છે.આ ક્રમમાં, વડોદરા મંડળ દ્વારા 17 જુલાઈ, 2026 ના રોજ માલ લોડિંગ ના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધી પ્રાપ્ત કરતા DFCCIL's Gati Shakti Multi-Modal Cargo Terminal at New Gothangam (DGGN) થી Emirates Terminals Private Limited (EGLY), મધ્ય રેલવે સુધી 46 બીઓબીએસટી (BOBST) વેગનોનું લોડિંગ નવા ગંતવ્ય (New Destination) લોડિંગ સફળતાપૂર્વક પ્રારંભ કર્યું. આ રેક ના માધ્યમ થી એચઆર કોયલ (HR Coil) નું પરિવહન કરવામાં આવ્યું. આ રેક 388.03 કિલોમીટરનું અંતર કાપશે અને રેલવે માટે આશરે 28 લાખની માલ પરિવહન આવક પ્રાપ્ત થવાની અપેક્ષા છે.નવા ગંતવ્ય લોડિંગની આ સિદ્ધિ વડોદરા વિભાગ દ્વારા નવા ટ્રાફિક સ્ત્રોતો વિકસાવવા, ગ્રાહકોની જરૂરિયાતો અનુસાર સેવાઓનો વિસ્તાર કરવા અને માલવાહક વ્યવસાયને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવી રહેલા સતત પ્રયાસોનું પરિણામ છે.

## News Brief

# ચોટીલાનો શખ્સ બે પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટિસ સાથે ઝડપાયો



રાજકોટ: રાજકોટની પીસીબીએ હથિયારની કાર્ટેલનો પર્દાફાશ કરી અન્ય આરોપીઓ સાથે જસદણના બોઘરાવદરના જયસુખ ઉર્ફે જેસો વાઘેલાને ઝડપી લીધો હતો. હવે તેણે આપેલા વધુ બે હથિયારો રાજકોટ રેન્જ પોલીસની ટીમે કબજે કરી ચોટીલામાં રહેતા નૃપેન્દ્ર મહેન્દ્રભાઇ પટગીરને ઝડપી લીધો છે.

રાજકોટ રેન્જ પોલીસના પીએસઆઇ બી.સી.મિયાત્રાએ ચોક્કસ બાતમીના આધારે ચોટીલા-આણંદપુર રોડ પરથી પસાર થયેલી ફોરચ્યુનર કારને અટકાવી તલાશી લેતા અંદરથી દેશી બનાવટની બે પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટિસ સાથે નૃપેન્દ્ર મળી આવતા તેની ધરપકડ કરી હતી.

પ્રાથમિક પુછપરછમાં તેણે બંને હથિયારો અને કાર્ટિસ જયસુખ પાસેથી લીધાની કબૂલાત આપી છે. જેથી જયસુખને વોન્ટેડ દર્શાવાયો છે. પોલીસ સુત્રોએ જણાવ્યું કે, અગાઉ આટકોટમાંથી એસઓજીએ બે હથિયારો પકડયા હતા ત્યારે પણ જયસુખનું નામ ખુલ્યું હતું. ત્યારબાદ તેને પીસીબીએ હથિયારના કેસમાં ઝડપી લીધો હતો. હાલ તે જેલની હવા ખાઈ રહ્યો છે.

ઝડપાયેલા આરોપી નૃપેન્દ્રએ શોખ ખાતર હથિયારો રાખ્યાની માહિતી મળી છે. ફોરચ્યુનર કાર તેના મામાની હોવાનું જાણવા મળ્યું છે. આ અંગે ચોટીલા પોલીસમાં તેના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરાવાયો છે.

# અમરેલીમાં વૃદ્ધ પર સિંહનો હુમલાનો પ્રયાસ પરિવારજનોએ હુમલો થયાનો દાવો કર્યો



અમરેલી | અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના રબારીકા ગામ નજીક એક રહેણાંક મકાનમાં સૂતેલા વૃદ્ધ પર સિંહે હુમલાનો પ્રયાસ કર્યો હતો. પરિવારજનોએ સિંહ દ્વારા હુમલો થયાનો દાવો કર્યો છે, જ્યારે વનવિભાગે માત્ર ધાબળામાં મોઢું માર્યાનું જણાવી હુમલાનો ઈનકાર કર્યો છે.

આ ઘટના ખાંભા તુલસીશ્યામ રેન્જમાં આવેલા રબારીકા ગામ નજીક બની હતી. રવજીભાઈ સેંજલીયા નામના વૃદ્ધ પોતાના ખાટલા પર ધાબળો ઓઢીને સૂતા હતા. તે દરમિયાન એક સિંહ ત્યાં આવ્યો અને તેણે ધાબળામાં મોઢું નાખ્યું હતું. વનવિભાગના જણાવ્યા અનુસાર, સિંહે ધાબળામાં મોઢું નાખ્યા બાદ તે ત્યાંથી નીકળી ગયો હતો. જોકે, આ ઘટના બાદ રવજીભાઈ સેંજલીયાને સારવાર માટે ઉનાની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ફરજ પરના ડોક્ટરોએ તેમની તપાસ કરી હતી, જેમાં શરીર પર કોઈ ગંભીર ઈજાઓ જોવા મળી ન હતી.

# લીમખેડાના મોટી બાંડીબારમાં જુગારધામ પર એલસીબીનો દરોડો, ચાર જુગારીઓ ઝડપાયા, ₹1.19 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત



દિપક રાવલ | દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાં ગેરકાયદેસર જુગાર અને પ્રોહિબિશનની પ્રવૃત્તિઓ સામે ચાલી રહેલા અભિયાન હેઠળ જિલ્લા એલસીબીએ લીમખેડા તાલુકાના મોટી બાંડીબાર ગામે સફળ દરોડો પાડી ચાર જુગારીઓને ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ રકમ, મોબાઈલ ફોન, મોટરસાયકલ સહિત કુલ 1,19,270નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક રવિરાજસિંહ જાડેજાની સૂચના મુજબ એલસીબી પોલીસ ઈન્સ્પેક્ટર ડી. એમ. ઢોલના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.એમ. માળી, જી.બી. રાઠવા, એન.બી. પરમાર તથા એલસીબીની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન મળેલી બાતમીના આધારે મોટી બાંડીબાર ગામના સયુમ પાડડી ફળિયામાં હક્કુ નદીના કિનારે આવેલા સ્મશાન નજીક ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો.પોલીસે સ્થળ પરથી ગંજીપત્તાના હારજીતનો જુગાર રમતા મિથુનભાઈ મોતીભાઈ લબાના, પ્રહલાદસિંહ ઉર્ફે શાનાભાઈ માધુસિંહ લબાના, હિતેશકુમાર દીપકભાઈ લબાના અને મીલનકુમાર ઈશ્વરભાઈ પટેલને ઝડપી પાડ્યા હતા.દરોડા દરમિયાન દાવ પરની 9,500 રોકડ, અન્ય 24,770 રોકડ, ત્રણ મોબાઈલ ફોન, 54 ગંજીપત્તા તથા એક મોટરસાયકલ સહિત કુલ 1,19,270નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.આ બનાવ અંગે લીમખેડા પોલીસ સ્ટેશનમાં ગુજરાત જુગાર અધિનિયમ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ચારેય આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી વધુ તપાસ શરૂ કરી છે.

# તાપીના RFO વિકાસ દેસાઈનું ફરજ દરમિયાન અવસાન : અમદાવાદમાં અપાશે અંતિમ વિદાય, વન વિભાગે દીપડાને લઈને જાહેર કરી ચેતવણી

તાપી | તાપી જિલ્લામાં ફરજ બજાવતા રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) વિકાસ દેસાઈનું ફરજ દરમિયાન દુઃખદ અવસાન થયું છે. તેઓ મૂળ અમદાવાદના રહેવાસી હોવાથી તેમનો પાર્થિવ દેહ અમદાવાદ સ્થિત નિવાસસ્થાને લાવવામાં આવશે. રાજ્યના વનમંત્રી અર્જુન મોઢવાડિયા અને વન રાજ્યમંત્રી પ્રવીણ માળી અમદાવાદ પહોંચી સ્વ. વિકાસ દેસાઈને શ્રદ્ધાંજલિ અર્પશે અને તેમના પરિવારજનોને સાંત્વના પાઠવશે. બીજી તરફ, વન વિભાગે તાપી અને આસપાસના વિસ્તારોમાં દીપડાની હિલચાલ અંગે નાગરિકોને એલર્ટ કર્યા છે.



વન વિભાગના અધિકારીઓના જણાવ્યા અનુસાર, દીપડો નદીના કોતરોમાંથી બહાર નીકળીને રહેણાંક વિસ્તારો તરફ આવ્યો હોવાની પૂરેપૂરી સંભાવના છે. અગાઉ પણ શહેરી વિસ્તારો સુધી દીપડા પહોંચી ગયા હોવાના બનાવો નોંધાયા છે. દીપડો સામાન્ય રીતે અંધારા અને ગીચ ઝાડીઓવાળા વિસ્તારોમાં રહેવાનું વધુ પસંદ કરતો હોવાથી, વન વિભાગે નાગરિકોને આવા સ્થળોએ રાત્રિના સમયે અથવા બિનજરૂરી અવરજવર ટાળવા માટે ખાસ અપીલ કરી છે.

વન વિભાગે જણાવ્યું છે કે, વિસ્તારમાં જ્યાં પણ દીપડાના પગના નિશાન (ફૂટપ્રિન્ટ) મળી આવશે, ત્યાં તાત્કાલિક સઘન સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવશે. અમરેલીમાં તાજેતરમાં બનેલી સિંહના હુમલાની ઘટનાની જેમ અહીં કોઈ અન્ય દુર્ઘટના ન ઘટે તે માટે વન વિભાગ દ્વારા તમામ જરૂરી આગોતરા પગલાં લેવામાં આવી રહ્યા છે. દીપડાની ગતિવિધિઓ પર સતત નજર રાખવા માટે ખાસ રેસ્ક્યૂ ટીમોને પણ એલર્ટ મોડ પર મૂકી દેવામાં આવી છે. અધિકારીઓએ આશા વ્યક્ત કરી છે કે દીપડાને ટૂંક સમયમાં જ સલામત રીતે પાંજરે પૂરી દેવામાં આવશે. તંત્ર દ્વારા નાગરિકોને ખાસ વિનંતી કરવામાં આવી છે કે જો વન્યજીવ નજરે ચડે, તો તેને કોઈપણ પ્રકારની હાનિ પહોંચાડવાનો કે પજવવાનો પ્રયાસ ન કરવો. દીપડો દેખાતાની સાથે જ વન વિભાગની ટીમને તાત્કાલિક જાણ કરવી અને વન્યજીવથી સુરક્ષિત અંતર જાળવી રાખવું

# ગુજરાતમાં કમ્પ્યુટરની કિંમતો બેથી 3 ગણી વધી

ગાંધીનગર | સામાન્ય રીતે જેમ-જેમ નવી ટેક્નોલોજી વિકસે તેમ જૂની ટેક્નોલોજીના ઉપકરણો સસ્તા થતા જાય છે. પરંતુ એઆઈ એટલે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આવ્યા બાદ જાણે ઊલટી ગંગા વહી છે. છેલ્લાં 6 મહિનામાં હાર્ડ ડિસ્ક, રેમ, પ્રોસેસર, ગ્રાફિક કાર્ડ જેવા મૂળભૂત કમ્પ્યુટર પાર્ટ્સની અછત સર્જાતા ભાવ વધીને બેથી ત્રણ ગણા થઈ ગયા છે. પરિણામે અમદાવાદ સહિત રાજ્યભરના બજારોમાં જે કમ્પ્યુટર હજી ગત વર્ષ સુધી 40 હજારમાં વેચાતા હતા, તે હવે 65થી 70 હજારમાં વેચાઈ રહ્યા છે. આજે ડિજિટલ યુગમાં ફરી એક વાર દેશમાં વર્ષ 1985ના દાયકામાં જ્યારે કમ્પ્યુટર આવ્યા હતા, તે સમય જેટલા મોંઘા બની ગયા છે!આજના ડિજિટલ યુગમાં શાળા-કોલેજો, હોસ્પિટલો, બેંકો અને સરકારી કે ખાનગી ઑફિસોમાં કમ્પ્યુટર વગર કામ કરવું અશક્ય બની ગયું છે. જો એક દિવસ પણ કમ્પ્યુટર બંધ પડી જાય, તો તમામ કામકાજ ઠપ થઈ જાય છે.

# 4 દેશી પિસ્ટલ, 1 રિવોલ્વર અને 40 જીવતા કારતૂસ જપ્ત

નડિયાદ | ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકા હેઠળના અમદાવાદ ઈન્દોર હાઈવે રોડ પર આવેલ મહરાજના મુવાડા નવી પોલીસ ચેક પોસ્ટ પાસેથી સેવાલીયા પોલીસે બાતમીના આધારે વોચ ગોઠવીને ગેરકાયદેસર હથિયારોની હેરાફેરી કરતા ત્રણ શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસની પ્રાથમિક તપાસમાં આ હથિયારો મધ્યપ્રદેશના એક શખ્સ પાસેથી મેળવીને ભાવનગરના નામીચા શખ્સને પહોંચાડવાના હોવાની વિગતો પ્રકાશમાં આવી છે. પોલીસે પકડાયેલા શખ્સો પાસેથી 4 દેશી પિસ્ટલ, 1 રિવોલ્વર, 2 મેગેઝીન, 40 નંગ જીવતા કારતૂસ, 3 મોબાઈલ ફોન અને સ્વીફ્ટ ગાડી મળીને કુલ 6,60,000 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સેવાલીયા પોલીસ સ્ટેશનના કર્મચારીઓ મહરાજના મુવાડા ખાતે આવેલી નવી પોલીસ ચેક પોસ્ટ પર ફરજ પર હાજર હતા તે દરમિયાન પોલીસ અધિકારીને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે, ગોધરા તરફથી અમદાવાદ તરફ જઈ રહેલી એક સફેદ કલરની મારુતિ સુઝુકી સ્વીફ્ટ ગાડી નંબર GJ 03 PR 5063 માં ત્રણ શખ્સો ગેરકાયદેસર હથિયારો લઈને પસાર થવાના છે.

# CG રોડના ટીમ હોર્ટન્સ કાફેમાં વહેલી પરોઢે 60 હજારની ચોરી : બીજા બનાવમાં રાણીપમાં જ્વેલર્સના માણસ બની રોકડ-દાગીના લઈ ગઠીયા ફરાર થય ગયાં...

અમદાવાદ | અમદાવાદના નવરંગપુરા વિસ્તારમાં આવેલી ટીમ હોર્ટન્સ કાફેમાં વહેલી પરોઢે ચોરીની ઘટના સામે આવી છે. એલિસબ્રિજ વિસ્તારમાં આવેલા યશરાજ લાખાણી પી.જી. સેન્ટરમાં રહેતા અને સી.જી. રોડ પર આવેલી હોર્ટન્સ કાફેમાં સ્ટોર મેનેજર તરીકે ફરજ બજાવતા રોહિતસિંહે નવરંગપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વહેલી પરોઢે હાથ પર ટેટૂ ધરાવતો એક અજાણ્યો શખ્સ કાફેમાં ઘૂસ્યો હતો.

તેણે કાફેનું લોક ખોલી અંદર પ્રવેશ કર્યો અને કાઉન્ટરમાં રાખેલા રૂ.60 હજારની રોકડ પર હાથફેરો કરી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના કાફેમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ હોવાનું જાણવા મળ્યું છે. નવરંગપુરા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે ટેટૂધારી આરોપીની ઓળખ મેળવવા તપાસ શરૂ કરી છે.

રાણીપ વિસ્તારમાં પાંચ લાખ રૂપિયાની ચીટિંગનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. ભીમજીપુરાના રિદ્ધિશ્વર સોસાયટીમાં રહેતા અક્ષય નાગરે રાણીપ પોલીસ સ્ટેશનમાં કરણ ભરવાડ, દેવાંગ ઉર્ફે ભઈલુ, દેવ ઠાકોર સહિત ચાર લોકો સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, અક્ષયનો ભાઈ વિનિત નાગર હાલમાં હંગેરીમાં વર્ક પરમિટ પર છે. વિદેશ જતાં પહેલાં તેણે કરણ ભરવાડ પાસે દાગીના ગીરવે મૂક્યા હતા.

દાગીના છોડાવવા અક્ષય 5 લાખ રૂપિયા લઈને ગયો હતો. તે દરમિયાન આરોપીઓએ પોતાને જ્વેલર્સના માણસ તરીકે ઓળખાવ્યા હતા અને વિશ્વાસમાં લઈ રૂપિયા તેમજ ગીરવે મૂકેલા દાગીના કબજે કરી ફરાર થઈ ગયા હતા. છેતરપિંડીનો ભાંડો ફૂટતાં અક્ષયે રાણીપ પોલીસનો સંપર્ક કર્યો હતો. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

એલીસબ્રિજ વિસ્તારમાં વધુ એક ચેઈન સ્નેચિંગની ઘટના સામે આવી છે. જૈનેમ ફ્લેટમાં રહેતા 66 વર્ષીય સુશીલાબહેન રમણીકલાલ મોરખીયાએ એલીસબ્રિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, 17 જુલાઈના બપોરે આશરે 2 વાગ્યે તેઓ નવચેતન સ્કૂલથી ગોપી ડાઈનિંગ હોલ તરફ દેવાશ્રય ફ્લેટ પાસે પગપાળા જઈ રહ્યા હતા. ત્યારે મોટરસાયકલ પર આવેલા બે અજાણ્યા શખ્સોએ તેમના ગળામાંથી અંદાજે રૂ.1.25 લાખ કિંમતની સોનાની ચેઈન ઝૂંટવી ફરાર થઈ ગયા હતા. ઘટનાને પગલે એલીસબ્રિજ પોલીસે ગુનો નોંધી આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓને શોધવાની કાર્યવાહી શરૂ કરી છે.

અમરાઈવાડીના જવાહરનગરમાં રહેતા નિલેશ શ્રીમાળીએ વાસણા પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ટાવરમાંથી કોપર કેબલ ચોરી થયાની ફરિયાદ નોંધાવી છે. નિલેશ શ્રીમાળી વાસણા વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટમાં સ્થિત મોબાઈલ ટાવરની દેખરેખની કામગીરી સંભાળે છે.

તપાસ દરમિયાન ટાવરમાંથી અંદાજે રૂ.79 હજાર કિંમતનો કોપર કેબલ કોઈ અજાણ્યા શખ્સે ચોરી કરી ફરાર થઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. વાસણા પોલીસે ગુનો નોંધી ચોરને ઝડપી પાડવા તપાસ શરૂ કરી છે.

# અમરેલી સીટી પોલીસે ભેદ ઉકેલ્યો : 1 લાખની ખંડણી પડાવવાના કેસમાં 4 ઝડપાયા

અમરેલી | અમરેલી શહેરમાં બે દિવસ પહેલા સોશિયલ મીડિયા મારફતે મિત્રતા કેળવી હનીટ્રેપ ગોઠવી એક વ્યક્તિ પાસેથી ખંડણી પડાવવાના ગંભીર ગુનાનો અમરેલી સીટી પોલીસે ભેદ ઉકેલી ચાર શખ્સોને ઝડપી પાડ્યા છે. પોલીસે રોકડ રકમ, મોટરસાયકલ, છરી સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.

બે દિવસ પહેલા અમરેલીના એક યુવકને પૂર્વ આયોજિત કાવતરૂ કરી મહિલાએ માનતાના બહાને ધારીના ખોડિયાર માતાના મંદિરે બોલાવી, ત્યાં અન્ય એક મહિલા સહિત ચાર શખ્સો સાથે મળી છરી બતાવી ડરાવી-ધમકાવી ત્રણ લાખ માંગી રૂપિયા 1 લાખ પડાવી લીધા હોવાની ફરિયાદ વરુડી ગામે રહેતા નીલેશભાઈ વિઠ્ઠલભાઈ માળવીએ બે મહિલા સહિત ચાર શખ્સો સામે અમરેલી શહેર પોલીસને આપી હતી.

જે અન્વયે અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પીઆઈ એમ. એમ. ઝાલાના માર્ગદર્શનમાં પોલીસ ટીમે ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની મદદથી તપાસ શરૂ કરી હતી.

તપાસ દરમિયાન અમરેલીના ધવલ ભરતભાઈ મોદી, આરતીબેન ધવલભાઈ મોદી, તેમજ તરકતળાવ ગામે રહેતા બળવંત ઉર્ફે નરેશ દેવાભાઈ પરમાર અને રૂપાબેન બળવંતભાઈ પરમારને ઝડપી લીધા હતા. પોલીસેબ્શખસો પાસેથી રોકડ રકમ, ગુનામાં ઉપયોગમાં લેવાયેલી છરી, બાઈક સહિત કુલ રૂપિયા 1 લાખ 40 હજાર 020નો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## લાકડાચોરોનો પીછો કરતા કરૂણ મોત, કન્ટેનર સાથે કાર અથડાતા દુર્ઘટના

# સોનગઢમાં ગમખ્વાર અકસ્માતમાં વન અધિકારીનું નિધન

(એજન્સી) સોનગઢ । તા. 20

તાપી જિલ્લાના સોનગઢ પંથકમાં આજે વહેલી સવારે જંગલ સંપત્તિનું રક્ષણ કરી રહેલી વન વિભાગની ટીમ પર એક અત્યંત દુ:ખદ અને હૃદયદ્રાવક આફત આવી પડી છે. તાપ્તી રેન્જના જંગલમાંથી કિંમતી લાકડાની ગેરકાયદે ચોરી કરીને ભાગી રહેલા માફિયાઓનો પીછો કરતી વખતે સર્જાયેલા ગમખ્વાર માર્ગ અકસ્માતમાં વન વિભાગના રેન્જ ફોરેસ્ટ ઓફિસર (RFO) વિકાસ દેસાઈ અને અન્ય એક યુવક રેહાન ગામીતનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું છે. આ અકસ્માત એટલો ભયાનક હતો કે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, આ ઘટના વહેલી સવારે ચારથી પાંચ વાગ્યાની આસપાસ બની હતી, જ્યારે વન વિભાગની ટીમ પોતાની ફરજ નિભાવી રહી હતી.



મળતી માહિતી અનુસાર, તાપી રેન્જના જંગલ વિસ્તારમાંથી ગેરકાયદે લાકડાની હેરાફેરી થઈ રહી હોવાની ચોક્કસ બાતમી વન વિભાગને મળી હતી, જેના આધારે RFO વિકાસ દેસાઈ અત્યંત સતર્કતાથી નજર રાખી રહ્યા હતા. ઉકાઈ તરફથી પસાર થઈ રહેલી એક શંકાસ્પદ ગાડીને જ્યારે રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો ત્યારે ચાલકે વાહન ઊભું રાખવાને બદલે પૂરઝડપે હંકારી મૂક્યું હતું. વન વિભાગની ટીમ દ્વારા સમયસૂચકતા વાપરીને આ લાકડા ચોરોની કારનો પીછો કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. સોનગઢ RTO ચેકપોસ્ટ નજીક પહોંચતા જ બંને વાહનો અનિયંત્રિત થઈ ગયા હતા અને રસ્તા પર ઊભેલા એક ભારે કન્ટેનર સાથે ધડાકાભેર અથડાઈ ગયા હતા, જેના કારણે આ ત્રિપલ અકસ્માત સર્જાયો હતો.

આ ભયાનક ત્રિપલ અકસ્માતમાં ગંભીર ઈજાઓ થવાથી RFO વિકાસ દેસાઈ અને રેહાન ગામીતનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું. દુર્ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ અને ઉચ્ચ વહીવટી અધિકારીઓનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પ્રાથમિક તપાસમાં અકસ્માતગ્રસ્ત શંકાસ્પદ વાહનમાં મોટા પ્રમાણમાં ગેરકાયદે લાકડા ભરેલા હોવાનું સ્પષ્ટપણે બહાર આવ્યું છે. પોલીસે બંને મૃતદેહોનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ અર્થે નજીકની સરકારી હોસ્પિટલમાં મોકલી આપ્યા છે અને ગુનો નોંધીને આ સમગ્ર મામલે વધુ કાયદેસરની તપાસ હાથ ધરી છે.

### નાગરિકોની પ્રતિક્રિયા અને ભવિષ્યની રૂપરેખા

આ દુર્ઘટના બાદ સ્થાનિક નાગરિકો અને વન વિભાગના કર્મચારીઓમાં ભારે રોષ તેમજ વેદના જોવા મળી રહી છે. જંગલની સંપત્તિ બચાવવા માટે જીવનું જોખમ ખેડનાર અધિકારીઓની આ બહાદુરીને લોકો સલામ કરી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, પ્રશાસન દ્વારા ગેરકાયદે લાકડાની ચોરી કરતા માફિયાઓ વિરુદ્ધ હવે વધુ કડક અભિયાન ચલાવવામાં આવશે અને ભાગી છૂટેલા આરોપીઓને પકડવા માટે ખાસ તપાસ ટીમો કામે લગાડવામાં આવી છે. આ ઘટનાએ સાબિત કરી દીધું છે કે વન રક્ષકો કેટલી જોખમી પરિસ્થિતિમાં પોતાની ફરજ બજાવતા હોય છે, અને તેમની સુરક્ષા માટે વધુ મજબૂત પગલાં લેવા અનિવાર્ય છે.

## વડોદરાના પ્રોડક્ટિવિટી રોડ પર ખુલ્લા ગટરના ઢાંકણા, સ્માર્ટ સિટીમાં સ્થાનિકોએ જાતે જ બેરીકેડ મૂકી સાવચેતી



વડોદરા | વડોદરા શહેરના પોશ વિસ્તાર ગણાતા અલકાપુરીના પ્રોડક્ટિવિટી રોડ પર ગટરના તૂટેલા ઢાંકણાંના કારણે વાહનચાલકો માટે ગંભીર અકસ્માતનો ખતરો ઊભો થયો છે, છતાં સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ કરોડો રૂપિયાના વિકાસ દાવા કરતી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ મામલે યોગ્ય જાળવણી કે સમારકામ કરવામાં આવી રહ્યું નથી. ઘટનાની વિગતો મુજબ, પ્રોડક્ટિવિટી રોડ પર ગટરનું ઢાંકણું તૂટી જવાથી મોટો ખાડો પડી ગયો છે અને રાહદારીઓ તથા વાહનચાલકો જોખમમાં મૂકાયા છે. મીડિયા અહેવાલ મુજબ, તંત્ર દ્વારા સમયસર પગલાં ન લેવાતા સ્થાનિક રહીશોએ પોતાની જાતે જ રસ્તા પર આડાશ મૂકીને આવતા-જતા લોકોને સાવચેત રહેવાની ફરજ પાડી છે, જેના કારણે નાગરિકોમાં તંત્રની ઉદાસીનતા સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ઘટનાક્રમ અનુસાર, આ જ વિસ્તારમાં અગાઉ તૂટેલા અન્ય એક ગટરના ઢાંકણાનું સમારકામ તો કરવામાં આવ્યું છે, પરંતુ કામગીરી પૂરી થયા બાદ પણ ત્યાં મૂકવામાં આવેલા બેરીકેડ હટાવવામાં આવ્યા નથી, જેના લીધે રસ્તાનો મોટો ભાગ બિનજરૂરી રીતે અવરોધિત રહે છે.



## નર્મદામાં બાળમજૂરી નિવારણ અને સુરક્ષા માટે સમીક્ષા, કલેક્ટરશ્રી ગંગા સિંઘનું માર્ગદર્શન

(એજન્સી) રાજપીપળા । તા. 20

નર્મદા જિલ્લામાંથી બાળમજૂરીના નિવારણ અને બાળ સુરક્ષાને વધુ મજબૂત તથા અસરકારક બનાવવા માટે એક અત્યંત મહત્વપૂર્ણ અખબારી અહેવાલ સામે આવ્યો છે. નર્મદા જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘના અધ્યક્ષસ્થાને આજે જિલ્લા કલેક્ટર કચેરીના સભાખંડમાં જિલ્લા ટાસ્કફોર્સ સમિતિની ઉચ્ચસ્તરીય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠક દરમિયાન જિલ્લામાં બાળમજૂરી અટકાવવા, બાળ સુરક્ષા સુનિશ્ચિત કરવા અને સંબંધિત તમામ કાયદાકીય જોગવાઈઓનું કડક તેમજ અસરકારક અમલીકરણ કરવા અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, તંત્ર દ્વારા બાળ કલ્યાણ માટે લેવાઈ રહેલા આ પગલાંથી સમાજમાં સકારાત્મક સંદેશ જઈ રહ્યો છે. બેઠક દરમિયાન સરકારી શ્રમ અધિકારીશ્રીની કચેરી તેમજ જિલ્લા બાળ સુરક્ષા એકમ દ્વારા ગત માસ દરમિયાન હાથ ધરવામાં આવેલી કામગીરીનો વિગતવાર ચિતાર રજૂ કરવામાં આવ્યો હતો. સમિતિ દ્વારા ચાલુ વર્ષના જાન્યુઆરીથી જૂન મહિના સુધીના સમયગાળા દરમિયાન વિવિધ સ્થળોએ હાથ ધરેલી તપાસ, દરોડાની કાર્યવાહી, બાળમજૂરી સંબંધિત નોંધાયેલા કેસો તેમજ કોર્ટમાં ચાલી રહેલા પ્રકરણોની પ્રગતિ અંગે ગહન ચર્ચા કરવામાં આવી હતી. કલેક્ટરશ્રીએ સંબંધિત વિભાગોને માર્ગદર્શન આપતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે જિલ્લામાં વિવિધ વ્યવસાયિક એકમો અને સંસ્થાઓ પર ટાસ્કફોર્સ સમિતિ દ્વારા નિયમિતપણે અને સંકલિત પદ્ધતિથી તપાસ તથા રેડની કાર્યવાહી હાથ ધરવામાં આવે.

## રાજકોટમાં પ્રેમિકા અને તેના પતિની ઘાતકી હત્યા, પ્રેમસંબંધના રોષમાં યુવકે દંપતીને મોતને ઘાટ ઉતાર્યાં

(એજન્સી) રાજકોટ । તા. 20

રાજકોટ જિલ્લાના પાટણવાવ વિસ્તારના મોટીમારડ ગામની સીમમાં પાંચ દિવસ અગાઉ બનેલી રોહિત ચૌહાણ અને તેની પત્ની દુર્ગાની રહસ્યમય ડબલ મર્ડરની ઘટનાનો સ્થાનિક ગુના શોધક શાખા દ્વારા સફળતાપૂર્વક ભેદ ઉકેલી લેવામાં આવ્યો છે અને દાહોદના અઢાર વર્ષીય સુરેશ કમલેશ બારીયાની ધરપકડ કરવામાં આવી છે.



ઘટનાની વિગતો અનુસાર, આરોપી સુરેશને મૃતક દુર્ગા સાથે ત્રણ વર્ષથી પ્રેમસંબંધ હતો, પરંતુ બંનેના લગ્ન થઈ શક્યા ન હતા અને તાજેતરમાં જ દુર્ગાના લગ્ન રોહિત સાથે થયા હતા. મીડિયા અહેવાલ મુજબ, બનાવના દિવસે સુરેશ જ્યારે વાડી પર પહોંચ્યો ત્યારે તેણે પોતાની પૂર્વ પ્રેમિકા દુર્ગાને તેના પતિ સાથે જોઈ લીધી હતી, જેના કારણે તે રોષે ભરાયો હતો અને બંનેને મોતને ઘાટ ઉતારવાનું નક્કી કરી લીધું હતું.

ઘટનાક્રમ મુજબ, રાત્રિના બારેક વાગ્યાની આસપાસ જ્યારે રોહિત અને દુર્ગા વાડીના કૂવા પાસે ખુલ્લામાં નિંદ્રાધીન અવસ્થામાં સૂતા હતા, ત્યારે આરોપી સુરેશ ત્યાં ધસી ગયો હતો અને લોખંડના પાઈપના આડેધડ બેરહેમીથી ઘા ઝીંકીને બંનેની હત્યા કરી નાખી હતી. આ હત્યા બાદ વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ હતી અને સીસીટીવી કેમેરાના અભાવ છતાં પોલીસે વિવિધ ટીમો બનાવીને ટેકનિકલ સર્વેલન્સ અને ઘનિષ્ઠ પૂછપરછના આધારે આ ખૂની ખેલનો પર્દાફાશ કર્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીએ પોતાનો ગુનો કબૂલી લીધો છે, અને પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરીને તેને જેલ હવાલે કર્યો છે.

## નર્મદા જિલ્લાની ITIમાં પ્રવાસી સુપરવાઇઝરની ભરતી, અટ્ઠાવીસ જુલાઈ સુધી ઓનલાઈન અરજી

(એજન્સી) રાજપીપળા । તા. 20

નર્મદા જિલ્લામાંથી રોજગારીની તકો શોધી રહેલા યુવા ઉમેદવારો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને રાહતરૂપ અખબારી અહેવાલ સામે આવ્યો છે. નર્મદા જિલ્લાની વિવિધ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં વિવિધ વ્યવસાયોમાં જરૂરિયાત મુજબ પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર તરીકે માનદ સેવાઓ આપવા માટે લાયક અને યોગ્ય ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવી છે. આ ભરતી પ્રક્રિયા અંતર્ગત નર્મદા જિલ્લાના રાજપીપળા, પ્રતાપનગર, કેવડિયા, તિલકવાડા, ડેડીયાપાડા, ગરૂડેશ્વર તેમજ સાગબારા ખાતે આવેલી સરકારી આઈટીઆઈમાં સંબંધિત ટ્રેડ માટે અરજી કરી શકાશે. આ પહેલથી તાલીમાર્થીઓને શ્રેષ્ઠ માર્ગદર્શન મળી રહેશે.

પ્રવાસી સુપરવાઇઝર ઇન્સ્ટ્રક્ટર તરીકે સેવા આપનાર ઉમેદવારોને પારદર્શક ધોરણે પ્રતિ કલાક એંસી રૂપિયા લેખે માનદ વેતન ચૂકવવામાં આવશે, જેમાં એક દિવસમાં વધુમાં વધુ છ કલાક તથા એક માસમાં મહત્તમ ચૌદ હજાર ચારસો રૂપિયા સુધીનું માનદ વેતન મળવાપાત્ર રહેશે. અરજદાર ઉમેદવારે સંબંધિત ટ્રેડમાં નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ દ્વારા માન્ય લાયકાત ધરાવવું અનિવાર્ય છે. ઉપરાંત, સીઆઈટીએસ લાયકાત ધરાવતા ઉત્સાહી ઉમેદવારોને મેરિટમાં વિશેષ પ્રાધાન્ય આપવામાં આવશે, અને સમગ્ર પસંદગી પ્રક્રિયા સંપૂર્ણપણે મેરિટના આધારે જ હાથ ધરવામાં આવશે. આ ભરતી પ્રક્રિયાના સમગ્ર ઘટનાક્રમ પર નજર કરીએ તો રસ ધરાવતા ઉમેદવારો નર્મદા જિલ્લાની એક અથવા એકથી વધુ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ માટે પોતાની પસંદગી મુજબ અરજી કરી શકશે. ઓનલાઈન અરજી કરવાની અંતિમ તારીખ અટ્ઠાવીસ જુલાઈ, 2026 નક્કી કરવામાં આવી છે. ઈચ્છુક અને લાયક ઉમેદવારોએ નિર્ધારિત સમયમર્યાદામાં સરકારી 'અનુબંધમ પોર્ટલ' પર પોતાની નોંધણી કરાવીને ઓનલાઈન અરજી કરવાની રહેશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે અનુબંધમ પોર્ટલ અથવા રોજગાર અને તાલીમ ખાતાની અધિકૃત વેબસાઇટની મુલાકાત લેવા તેમજ સંબંધિત આઈટીઆઈ કચેરીનો સંપર્ક કરવા નોડલ આચાર્યશ્રી દ્વારા અનુરોધ કરાયો છે.

## જિલ્લા તંત્ર દ્વારા વિવાદિત જમીનનો કબજો સફળતાપૂર્વક મેળવાયો



વડોદરા | વડોદરા શહેરની સયાજી હોસ્પિટલના પાછળના ભાગે આવેલી અંદાજે બે હજાર ચારસો કરોડ રૂપિયાની કિંમતની વિવાદિત યવતેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટની જમીનનો કબજો ઉચ્ચ અદાલતના ચુકાદા બાદ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સફળતાપૂર્વક મેળવી લેવામાં આવ્યો છે અને હાલ ત્યાંથી કાટમાળ હટાવવાની કામગીરી ચાલી રહી છે. કલેક્ટર કચેરી દ્વારા જમીનની આસપાસ ફેન્સિંગની કામગીરી પૂર્ણ કર્યા બાદ ભારે પોલીસ બંદોબસ્ત વચ્ચે ગેરકાયદે દબાણો હટાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, તંત્ર દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ જમીન પર સયાજી હોસ્પિટલના રેસિડેન્ટ ડૉક્ટરો માટેની હોસ્ટેલ અને દર્દીઓના વિશ્રામસદન જેવા ઉપયોગી મકાનોને કોઈ નુકસાન પહોંચાડવામાં આવ્યું નથી અને તે સંપૂર્ણપણે અકબંધ રાખવામાં આવ્યા છે. ઘટનાક્રમ અનુસાર, ડિમોલિશનની કામગીરી પૂર્ણ થયા બાદ આજે જિલ્લા કલેક્ટર અનિલ ધામેલિયા દ્વારા જાતે જ સ્થળની મુલાકાત લેવામાં આવી હતી અને સમગ્ર પરિસ્થિતિનું ઝીણવટભર્યું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

## માંડવીના જંગલમાં ચિત્તલનું સ્થાનાંતરણ

# દીપડાને ખોરાક આપવા સુરતમાં પચાસ ચિત્તલ છોડાયા



(એજન્સી) સુરત । તા. 20

દક્ષિણ ગુજરાતમાં દીપડા જેવા હિંસક વન્યપ્રાણીઓને જંગલ વિસ્તારમાં જ તેમનો કુદરતી ખોરાક સરળતાથી મળી રહે અને માનવ તથા વન્યજીવ વચ્ચેનું ઘર્ષણ મોટા પાયે અટકે તેવા અત્યંત મહત્વપૂર્ણ હેતુથી વન વિભાગ દ્વારા એક વિશેષ પહેલ કરવામાં આવી છે. સુરત વન વિભાગ દ્વારા તાજેતરમાં સાસણ ગીરથી કુલ પચાસ ચિત્તલ એટલે કે સ્પોટેડ ડીયર લાવીને માંડવીના ઘાટ અને જંગલ વિસ્તારમાં મુક્ત કરવામાં આવ્યા છે. આ પગલાથી જંગલની ખાદ્ય શૃંખલા મજબૂત બનશે અને પર્યાવરણનું સંતુલન જળવાઈ રહેશે. મીડિયા અહેવાલ મુજબ, આ યોજના પાછળ સરકારનો મુખ્ય ઉદ્દેશ્ય જંગલની જૈવવિવિધતાને વધુ સમૃદ્ધ બનાવવાનો છે.

વન વિભાગના અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સત્તાવાર માહિતી અનુસાર, ચાલુ વર્ષના મે અને જૂન માસ દરમિયાન તબક્કાવાર રીતે આ તૃણાહારી પ્રાણીઓને માંડવીના જંગલમાં છોડવામાં આવ્યા હતા. વન વિભાગ દ્વારા ચોવીસમી મેના રોજ એકવીસ ચિત્તલ, ત્યારબાદ અઢારમી જૂને સોળ અને ચોવીસમી જૂને અન્ય તેર ચિત્તલને જંગલમાં સુરક્ષિત રીતે છોડવામાં આવ્યાં હતાં. આમ કુલ પચાસ ચિત્તલને સાસણ ગીરથી સુરત જિલ્લાના માંડવી વન વિસ્તારમાં સફળતાપૂર્વક પુન:સ્થાપિત કરવામાં આવ્યા છે. અગાઉના સમયમાં જંગલમાં કુદરતી શિકારની અછતને કારણે દીપડાઓ માનવ વસાહતો તરફ આવી જતા હતા, જેનાથી સંઘર્ષની ઘટનાઓ વધતી હતી.

રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયાએ આ અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે જંગલમાં દીપડા જેવા વન્યપ્રાણીઓને સરળતાથી કુદરતી શિકાર ઉપલબ્ધ થાય તે માટે જ આ દીર્ઘદ્રષ્ટિવાળો પ્રયાસ કરાયો છે. વન્યજીવ સંરક્ષણ અધિનિયમની જોગવાઈઓ હેઠળ હાથ ધરવામાં આવેલું આ સ્થાનાંતરણ યોગ્ય વન વિસ્તારોમાં તૃણાહારી પ્રાણીઓની વસ્તી વધારીને પર્યાવરણીય સંતુલન પુન:સ્થાપિત કરવાનો રાજ્ય સરકારનો લાંબા ગાળાનો હેતુ છે. બીજી તરફ, ચીફ વાઈલ્ડલાઈફ વોર્ડન જયપાલ સિંહે ઉમેર્યું હતું કે આ પહેલ માંડવી વન રેન્જમાં અગાઉ હાથ ધરાયેલા સંરક્ષણ કાર્યોને વધુ મજબૂત બનાવે છે અને સ્થાનિક સ્તરે તૃણાહારીઓની સંખ્યા વધારવા માટે ચિત્તલ બ્રીડિંગ સેન્ટર પણ કાર્યરત કરાયું છે. ચિત્તલને જંગલમાં મુક્ત કર્યા બાદ તેમના અસ્તિત્વ અને આરોગ્યની યોગ્ય માહિતી મેળવવા માટે વન વિભાગ દ્વારા ખાસ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. સમર્પિત ફોરેસ્ટ ગાર્ડ્સ અને પ્રશિક્ષિત ટ્રેકર્સ દ્વારા સતત ફિલ્ડ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે, તેમજ હરણોની હિલચાલ અને સ્વાસ્થ્ય પર નજર રાખવા માટે વ્યૂહાત્મક સ્થળોએ કેમેરા ટ્રેપ્સ પણ ગોઠવાયા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, વિજ્ઞાન આધારિત આ વન્યજીવ વ્યવસ્થાપનથી કુદરતી શિકારનો આધાર મજબૂત થશે.

## બે પિસ્તોલ અને ત્રણ કાર્ટિસ જપ્ત, રાજકોટ રેન્જ પોલીસની સફળ કાર્યવાહી

# ચોટીલા-આણંદપુર રોડ પરથી શખ્સ હથિયાર સાથે પકડાયો

(એજન્સી) રાજકોટ । તા. 20

રાજકોટ જિલ્લામાંથી ગુનાખોરી અને ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ડામવા માટે પોલીસ તંત્ર દ્વારા સતત સઘન પગલાં લેવામાં આવી રહ્યા છે, જેના ભાગરૂપે રાજકોટ રેન્જ પોલીસ દ્વારા એક મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ચોટીલા-આણંદપુર રોડ પરથી ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને નૃપેન્દ્ર મહેન્દ્રભાઈ પટગીર નામના શખ્સને બે દેશી બનાવટની પિસ્તોલ અને ત્રણ જીવતા કાર્ટિસ સાથે રંગેહાથ ઝડપી લીધો છે. આ શખ્સ પોતાની ફોરચ્યુનર કારમાં પસાર થઈ રહ્યો હતો તે દરમિયાન પોલીસની ટીમે સમયસૂચકતા વાપરીને તેને આંતરી લીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, ગેરકાયદેસર હથિયારોના આ મોટા નેટવર્કનો પર્દાફાશ થવાથી આસપાસના વિસ્તારમાં ભારે ચકચાર મચી ગઈ છે.

પોલીસ તપાસ દરમિયાન પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપી નૃપેન્દ્રએ કબૂલાત કરી હતી કે તેણે આ બંને હથિયારો અને જીવતા કાર્ટિસ જસદણના બોઘરાવદર ગામમાં રહેતા જયસુખ ઉર્ફે જેસો વાઘેલા પાસેથી મેળવ્યા હતા. અગાઉ પણ આટકોટ પોલીસે જ્યારે હથિયારો પકડ્યા હતા ત્યારે આ જયસુખનું નામ સામે આવ્યું હતું, અને ત્યારબાદ રાજકોટ પીસીબીએ તેને હથિયારના કેસમાં ઝડપી લીધો હતો જે હાલ જેલની હવા ખાઈ રહ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, આરોપી નૃપેન્દ્રએ માત્ર શોખ ખાતર આ હથિયારો પોતાની પાસે રાખ્યા હોવાનું બહાર આવ્યું છે, અને જે ફોરચ્યુનર કારમાં તે જઈ રહ્યો હતો તે કાર તેના મામાની હોવાનું જાણવા મળ્યું છે. આ મામલે ચોટીલા પોલીસ મથકે તેના વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ કાયદેસરનો ગુનો દાખલ કરવામાં આવ્યો છે.



આ સમગ્ર ઓપરેશનના ઘટનાક્રમ પર નજર કરીએ તો રાજકોટ પીસીબી અને રેન્જ પોલીસની ટીમે લાંબા સમયથી ચાલી રહેલી ગેરકાયદે હથિયાર કાર્ટેલનો ક્રમશઃ પર્દાફાશ કર્યો છે. પોલીસની સક્રિય કામગીરીના કારણે અત્યાર સુધીમાં કુલ તેર જેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી ચૂકી છે, અને તેમની પાસેથી અઠ્ઠાવીસ ઘાતક હથિયારો તથા બત્રીસ જીવતા કાર્ટિસ કબ્જે કરવામાં આવ્યા છે. પોલીસ અધિકારી પીએસઆઈ બી.સી. મિયાત્રા અને તેમની ટીમ દ્વારા બાતમીના આધારે ગોઠવાયેલા આ સફળ છટકામાં આરોપીને ભાગવાની કોઈ તક મળી ન હતી. આ રેકેટ સાથે સંકળાયેલા અન્ય પ્યાદાઓ અને હથિયારોના સ્રોત વિશે વધુ ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરવામાં આવી છે જેથી આખું નેટવર્ક ઉખેડી શકાય.

આ પ્રકારે ખુલ્લેઆમ હથિયારો રાખવાની ઘટનાઓ સામે આવતા સ્થાનિક નાગરિકોમાં સુરક્ષાને લઈને ચિંતાની લાગણી ફેલાઈ છે, જોકે પોલીસની સતર્કતાને કારણે લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી દિવસોમાં પોલીસે ગુનેગારો પરનો વધુ મજબૂત બનાવવાની રણનીતિ બનાવી છે અને અસામાજિક તત્વો વિરુદ્ધનું આ ડ્રાઈવ વધુ આક્રમક રીતે ચાલુ રહેશે. પ્રશાસન દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે કાયદો હાથમાં લેનારા કોઈપણ વ્યક્તિને છોડવામાં આવશે નહીં અને આવા હથિયાર સપ્લાયર્સ સામે સખતમાં સખત દંડાત્મક પગલાં ભરવામાં આવશે.

## માર્ગો પરથી લારી-ગલ્લા જપ્ત કરાયા

# નાયબ મુખ્યમંત્રીના વડોદરા પ્રવાસ અગાઉ દબાણો હટાવ્યા

(એજન્સી) વડોદરા । તા. 20

વડોદરા શહેરની માંજલપુર વિધાનસભા બેઠકની પેટાચૂંટણીના સંદર્ભમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારના પ્રચાર અર્થે રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી આજે વડોદરાના પ્રવાસે આવી રહ્યા છે. તેમના આ મહત્વપૂર્ણ પ્રવાસને ધ્યાનમાં રાખીને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની દબાણ શાખા અને સિક્યુરિટી શાખાની વિવિધ ટીમો દ્વારા અત્યંત સક્રિયતા દાખવીને વીઆઈપી રૂટ પર આવેલા તમામ નડતરરૂપ અને ગેરકાયદે દબાણો દૂર કરવાની વિશેષ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ઓપરેશનના કારણે સબંધિત વિસ્તારોમાં વહીવટી તંત્ર દ્વારા કડક રૂપે સફાઈ અને વ્યવસ્થા જાળવવામાં આવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ કાર્યવાહીથી સમગ્ર વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ વિશેષ કાર્યવાહી દરમિયાન પૂર્વ ઝોન અંતર્ગત આવતા સમિયાલાથી તરસાલી મંદિર સુધીનો માર્ગ, ખિસકોલી સર્કલ તેમજ અલકાપુરી મુખ્ય માર્ગ સહિતના વ્યસ્ત વિસ્તારોમાં સઘન ચેકિંગ અને દબાણ હટાવ કામગીરી કરવામાં આવી હતી. રસ્તા પર નડતરરૂપ બનેલી લારીઓ, ગલ્લાઓ, શેડ તેમજ અન્ય પરચુરણ સામાનને જપ્ત કરીને મ્યુનિસિપલ કોર્પોરેશને એક ટ્રક ભરાય તેટલો માલસામાન પોતાના કબજામાં લીધો હતો. તંત્રનું સ્પષ્ટપણે કહેવું છે કે નાયબ મુખ્યમંત્રીના પ્રવાસ દરમિયાન શહેરમાં ટ્રાફિક વ્યવસ્થા સુચારૂ રૂપે જળવાઈ રહે, સુરક્ષા વ્યવસ્થા મજબૂત બને અને સામાન્ય નાગરિકોની અવરજવરમાં કોઈપણ પ્રકારનો અડચણ કે અવરોધ ન સર્જાય તે માટે જ આ તાત્કાલિક પગલાં ભરવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રવાસ અને આયોજનના ઘટનાક્રમ પર નજર કરીએ તો નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી માત્ર પ્રચાર સભાઓ પૂરતા મર્યાદિત નહીં રહે, પરંતુ તેઓ પોતાના આ વડોદરા પ્રવાસ દરમિયાન શહેરના વિવિધ યુવક મંડળો, સામાજિક સંગઠનો તેમજ ગણેશ યુવક મંડળોના અગ્રણીઓ સાથે વિશેષ સંવાદ કાર્યક્રમમાં પણ ભાગ લેવાના છે.

## કૃષ્ણકુંજ સોસાયટીમાં તસ્કરોએ મકાન સાફ કરી નાખ્યું

# બંધ મકાનને નિશાન બનાવી તસ્કરો પીએમ ચોરી કરી ફરાર

(એજન્સી) વડોદરા । તા. 20

શહેરના પરિવાર ચાર રસ્તા પાસે આવેલી કૃષ્ણકુંજ સોસાયટીમાં એક બંધ મકાનને નિશાન બનાવીને તસ્કરો દ્વારા બાસી હજાર રૂપિયાની કિંમતના સોનાના દાગીના અને કિંમતી વસ્તુઓની ચોરી કરવામાં આવી છે, જેના પગલે કપુરાઈ પોલીસ દ્વારા ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરવામાં આવી છે.

ઘટનાની વિગતો મુજબ, કૃષ્ણકુંજ સોસાયટીમાં રહેતા અને ટ્રાન્સપોર્ટના વ્યવસાય સાથે જોડાયેલા ગોપાલભાઈ ઓડિચ પોતાના કામ અર્થે બહાર ગયા હતા અને પત્ની પિયર ગઈ હતી ત્યારે પાડોશી દ્વારા ઘરમાં ચોરી થયાની જાણ કરવામાં આવી હતી. મીડિયા અહેવાલ મુજબ, દંપતીએ ઘરે પહોંચીને તપાસ કરતા મુખ્ય દરવાજાનો નકુચો તૂટેલો હતો અને તિજોરીમાંથી સોનાની બુટ્ટી, વીંટી, ચાંદીની બંગડી તથા મોંઘી ઘડિયાળો મળી કુલ બાસી હજાર રૂપિયાની મતા ગાયબ હોવાનું જણાયું હતું.




ઘટનાક્રમ અનુસાર, ફરિયાદી દ્વારા અગાઉ તેમના ઘરે રોકાયેલી પ્રિયા નામની યુવતી અને તેના સાથીદારો પર આ ચોરીની ગંભીર શંકા વ્યક્ત કરવામાં આવી છે, કારણ કે અગાઉ પણ તે યુવતીના રોકાણ દરમિયાન ઘરમાંથી વસ્તુઓ ચોરાઈ હતી જે બાદમાં મળી આવી હતી. પોલીસ દ્વારા આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આસપાસના વિસ્તારોના પુરાવાઓ એકત્રિત કરવામાં આવી રહ્યા છે અને તસ્કરોને ઝડપી પાડવા માટે વિશેષ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

માત્ર તમે જ જાણો છો કે તમને શું જોઈએ છે-આથી દ્દઢ અને નીડર બનો અને ઝડપી નિર્ણય લો અને પરિણામો સાથે જીવવાની તૈયારી રાખો. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. લાંબા સમયથી જેના સંપર્કમાં ન હો એવા લોકો તથા સંબંધોને ફરી તાજા કરવા માટે સારો દિવસ.

**વૃષભ : બ. વ. ઉ.**

ગમગીનીને દૂર ફગાવી દો-જે તમારી આસપાસ ઘેરાઈ રહી છે તથા તમારા વિકાસમાં અંતરાય ઊભા કરી રહી છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. અન્યોને પ્રભાવિત કરવાની તમારી આવડત તમને વળતર અપાવશે.

**મિથુન : ક. છ. ઘ.**

ઉત્સાહિત કરનારી તથા તમને નિરાંતવા રાખતી પ્રવૃત્તિઓ સાથે સંકળાઓ. આજે પાર્ટી માં તમારી મુલાકાત કોઈ એવા માણસ થી થયી શકે છે જે તમને નાણાકીય પક્ષ મજબૂત કરવા માટે મહત્વપૂર્ણ સલાહ આપી શકે છે. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે.

**કર્ક : ડ. હ.**

વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. સૌથી અણધાર્યા સાધનોમાંથી તમે કમાણી કરો એવી શક્યતા છે.

**સિંહ : મ. ટ.**

તાણની અવગણના કરતા નહીં. તે ઝડપથી તંબાકુ અને આલ્કોહૉલ જેવો રોગચાળો બની રહ્યું છે. જો તમે લોન લેવા માટે ઘણા દિવસો થી પ્રયાસ કરી રહ્યા છો તો આજ ના દિવસે તમને લોન મળી શકે છે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**કન્યા : પ. ઠ. ણ.**

હવાઈ કિલ્લા રચવાથી તમને ફાયદો નહીં થાય. પરિવારના સભ્યોની અપેક્ષા પર પાર ઉતરવા માટે તમારે કશુંક કરવું જોઈએ. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. કોઈક નવા-સવા પરિચયમાં આવેલા સાથે તમારી અંગત બાબતો શૅર કરતા નહીં.

**તુલા : ર. ત.**

તાણથી મુક્ત થવા માટે તમારો કીમતી સમય તમારા બાળકો સાથે વિતાવો. બાળકોમાં રહેલી ઈલાજની શક્તિની અનુભૂતિ તમને થશે. કેમ કે તેઓ આ પૃથ્વી પરના સૌથી આધ્યાત્મિક અને સંવેદનશીલ વ્યક્તિઓમાં છે. તમને જાતે જ લાગશે કે તમારામાં શક્તિનો સંચાર થયો છે.

**વૃશ્ચિક : ન. ય.**

ગર્ભવતી સ્ત્રીઓ જમીન પર ચાલતી વખતે ખાસ દરકાર રાખે અને શક્ય હોય તો ધૂમ્રપાન કરતા મિત્ર સાથે ઊભાં ન રહો કેમ કે તે તમારા ભાવિ બાળક માટે જોખમી પુરવાર થઈ શકે છે. જે લોકો દુગ્ધ વેપાર થી સંકળાયેલા છે તે લોકો ને આજે લાભ થવા ની પ્રબળ શક્યતા છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

આજે તમારું આરોગ્ય સ્વસ્થ રહેવા ની અપેક્ષા છે. પોતાના સારા સ્વાસ્થ્ય ના લીધે તમે આજે મિત્રો સાથે રમતગમત ની યોજના બનાવી શકો છો પૈસા ની અછત આજે ઘર માં વિવાદ નું કારણ બની શકે છે, આવી સ્થિતિ માં તમારા ઘર ના લોકો સાથે કાળજીપૂર્વક વાત કરો.

**મકર : ખ. જ.**

અસુરક્ષિતતા/દિશાહિનતાની ભાવના અસ્થિરતા સર્જી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. લોકો તમને નવી આશાઓ તથા સપનાં આપશે-પણ તમારા પોતાના પ્રયત્નો પર ઘણું બધું અવલંબશે. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારી શક્તિને પુનઃપ્રાપ્ત કરવા સંપૂર્ણ આરામ લો કેમ કે નબળું શરીર મગજને પણ નબળું પાડે છે. તમારે તમરી સાચી ક્ષમતા વિશે સમજવું રહ્યું કેમ કે તમે દ્દઢતામાં પાછળ નથી પડતા પણ ઈચ્છાશક્તિમાં પડો છો.

**મીન : દ. ચ. ઝ. થ.**

તમારા ધન સંચિત કરવા ના પ્રયાસ આજે અસફળ થયી શકે છે. પરંતુ ઘબરાવાની જરૂર નથી કેમકે પરિસ્થિતિ જલ્દી સુધરશો અન્યોના કામમાં તમારી દખલઅંદાજી આજે ટાળવી જોઈએ. તમારા પ્રિયપાત્ર સાથે કેન્ડીફ્લૉસ તથા ટૉફી શૅર કરશો એવી શક્યતા જોવાય છે.

## સદીઓ જૂની પરંપરા

### વરસાદ ખેંચાતા વરુણદેવને રીઝવવા લોદ્રાણી ગામે સદીઓ જૂની પરંપરા જીવંત થઈ: ઢુંઢીયાદેવ બનાવી ઘરે-ઘરે કરાઈ પ્રાર્થના

(એજન્સી) વાવ-થરાદ | તા.20

ચાલુ વર્ષે વાવ-થરાદ વિસ્તારમાં વરસાદ ખેંચાતાં ચિંતા છવાઈ છે. મેઘરાજાને રીઝવવા વાવ તાલુકાના લોદ્રાણી ગામે ગ્રામજનોએ સદીઓ જૂની 'ઢુંઢીયાદેવ' પરંપરા જીવંત કરી. પવિત્ર માટી-વનસ્પતિમાંથી ઢુંઢીયાદેવ બનાવી, ઢોલ-નગારા સાથે શેરીએ-શેરીએ ફેરવી, ઘરે-ઘરે જળ અર્પણ કરાયું. ગ્રામજનોએ જલ્દી સારો વરસાદ થાય તેવી આજીજી કરી.ચાલુ વર્ષે ચોમાસાની મોસમ શરૂ થવા છતાં સરહદી પંથકના



વાવ-થરાદ વિસ્તારમાં વરસાદ ખેંચાતાં ધરતીપુત્રો સહિત સમગ્ર પંથકમાં ચિંતાનો માહોલ છવાયો છે. વરાડ અને બળતરા વચ્ચે મેઘરાજાને મનાવવા અને વરુણદેવને રીઝવવા માટે વાવ તાલુકાના લોદ્રાણી ગામે ગ્રામજનો દ્વારા સદીઓ જૂની લોકપરંપરાને પુનઃ જીવંત કરવામાં આવી હતી. ગામમાં પરંપરાગત રીતે 'ઢુંઢીયાદેવ' બનાવીને લોક કલ્યાણ અને પ્રકૃતિના રક્ષણ અર્થે સામૂહિક આરાધના કરવામાં આવી હતી. ગ્રામીણ લોકસંસ્કૃતિમાં એવી દ્રઢ માન્યતા છે કે જ્યારે કુદરત રૂઠે છે કે વરસાદ વિરામ લે છે, ત્યારે પ્રાચીન પરંપરાઓ અને પ્રકૃતિ પૂજા દ્વારા દેવોને પ્રસન્ન કરી શકાય છે. આ જ પરંપરાને અનુસરીને લોદ્રાણી ગામના યુવાનો અને વડીલોએ એકત્રિત થઈને પવિત્ર માટી તેમજ વનસ્પતિમાંથી 'ઢુંઢીયાદેવ'ની પ્રતિકૃતિ તૈયાર કરી હતી.ઢુંઢીયાદેવને વાજતે-ગાજતે ગામના પાદરેથી શરૂ કરી તમામ શેરીઓ અને મહોલ્લાઓમાં ફેરવવામાં આવ્યા હતા. ગામના પ્રત્યેક ઘરે-ઘરે જઈને અબાલ-વૃદ્ધ સૌ કોઈએ ભગવાન ઢુંઢીયાદેવના ચરણોમાં શીશ ઝુકાવીને જળ અર્પણ કર્યું હતું અને પંથકમાં જલ્દીથી સારો વરસાદ થાય તેવી આજીજી કરી હતી.

## પોલીસે કુલ 1,42,110 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

# પંજાબથી નશાનો માલસામાન હેરોઈન મંગાવી પરપ્રાંતીય મજૂરોને વેચતા ત્રણ શખ્સો ઝડપાયા

(એજન્સી) જામનગર | તા.20

જામનગરના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. 8 માર્ચ, 2026ના રોજ પડાણા ગામેથી 3 પંજાબી શખ્સોને 6.23 ગ્રામ હેરોઈન સાથે ઝડપી પાડવામાં આવ્યા હતા, જેની કિંમત 1,24,600 રૂપિયા છે. તેઓ પંજાબથી હેરોઈન મંગાવી પરપ્રાંતીય મજૂરોને વેચતા હતા. પોલીસે કુલ 1,42,110 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. એક આરોપી ફરાર છે.

જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં ગેરકાયદેસર રીતે માદક પદાર્થ ના વેચાણ નો કાળો કારોબાર ચલાવવાના સંદર્ભમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. અને ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ આરોપીઓ પંજાબથી હેરોઈન (ઓપીયમ ડેરિવેટિઝ) મંગાવી પડાણા અને આસપાસના વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મજૂરોને નાની-નાની પુડિયાં બનાવી વેચતા હતા. આ કેસમાં



પંજાબના એક શખ્સને ફરાર આરોપી જાહેર કરવામાં આવ્યો છે.પોલીસે નોંધેલી ફરિયાદ મુજબ 8 માર્ચ, 2026ના રોજ પડાણા ગામે પાણીના ટાંકા પાસે દિનેશભાઈ મઢવીની રહેણાંક ઓરડીમાં દરોડો પાડતા પ્રભશેરસિંહ સર્વેદરસિંહ (ઉ.વ.35), શેરસિંહ ઉર્ફે શેરા ગુરદેવસિંહ (ઉ.વ.40) અને દિલબાગસિંહ બચ્ચનસિંહ (ઉ.વ.45) ત્રણેય હાલ પડાણામાં રહેતા અને મૂળ પંજાબના રહેવાસી મળી આવ્યા હતા.

તપાસ દરમિયાન આરોપીઓના કબજામાંથી હેરોઈન (ઓપીયમ ડેરિવેટિઝ) 6.23 ગ્રામ કિંમત રૂ.1,24,600, ચાર મોબાઈલ ફોન કિંમત રૂ.15, 55.00, એક ઈલેક્ટ્રોનિક વજન કાંટો કિંમત રૂ. 500 તથા રોકડા રૂ.1,510 મળી કુલ રૂ.1,42,110નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો હતો.પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે આરોપી પ્રભશેરસિંહે પંજાબના અમૃતસર જિલ્લાના બોપારાઈ ગામના મનાસિંહ પુત્ર મુખાસિંહ પાસેથી હેરોઈન ખરીદી હતી. ત્યારબાદ ત્રણેય આરોપીઓ મળીને પડાણા તથા આસપાસના વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય મજૂરોને છૂટક પુડિયાં બનાવી તેનું વેચાણ કરતા હતા. આ મામલે મેઘપર (પડાણા) પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટની કલમ 8(સી), 21(બી) અને 29 મુજબ ગુનો નોંધાયો છે. ફરિયાદ એએસઆઈ વિરેન્દ્રસિંહ ચંદુભા જાડેજા દ્વારા નોંધાવવામાં આવી છે, જ્યારે ગુનો પોલીસ ઈન્સ્પેક્ટર પી.ટી. જયસ્વાલ સમક્ષ દાખલ કરવામાં આવ્યો છે.પોલીસ ફરાર આરોપી તથા ડ્રગ્સ સપ્લાય ચેઈન સાથે સંકળાયેલા અન્ય શખ્સોની શોધખોળ સહિત વધુ તપાસ ચલાવી રહી છે.

## પડાણા પાટિયા નજીક અકસ્માતમાં ડમ્પર ચાલકના બંને પગમાં ફ્રેક્ચર

જામનગર : જામનગરના લાલપુર તાલુકાના પડાણા પાટિયા પાસે હાઈવે પર બે ડમ્પર વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. એક ડમ્પર ચાલક આનંદભાઈ મહેશ્વરીને ગંભીર ઈજાઓ થતાં બંને પગમાં ફ્રેક્ચર થયું હતું. તેમને સારવાર અર્થે જી.જી. હોસ્પિટલમાં ખસેડાયા છે. બેદરકારીપૂર્વક વાહન ચલાવવા બદલ બીજા ડમ્પરના ચાલક સામે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. લાલપુર તાલુકાના પડાણા પાટિયા નજીક હાઈવે પર રવિવારે વહેલી સવારે બે ડમ્પર વચ્ચે અકસ્માત સર્જાતા એક ડમ્પર ચાલકને ગંભીર ઈજા પહોંચી હતી. અકસ્માતમાં ઘાયલ ચાલકના બંને પગમાં ફ્રેક્ચર થતાં તેને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. સમગ્ર મામલે અકસ્માતગ્રસ્ત ડમ્પરના માલિકે બીજા ડમ્પરના ચાલક સામે બેદરકારીપૂર્વક વાહન હંકારી અકસ્માત સર્જ્યાની ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરિયાદ મુજબ કચ્છ જિલ્લાના નાના કપાયા ગામે રહેતા અને ટ્રાન્સપોર્ટનો વ્યવસાય કરતા રાણસીભાઈ પચાણભાઈ સાગરે જણાવ્યું હતું કે તેમનો ડમ્પર (જીજે-12-બીજે-7812) જામનગર તરફ આવી રહ્યો હતો. તે દરમિયાન પાછળથી આવતો ડમ્પર (જીજે-39-ટીએ-1278), જે આનંદભાઈ કાનજીભાઈ મહેશ્વરી ચલાવી રહ્યા હતા, લાલપુર તાલુકાના પડાણા પાટિયા નજીક સ્પીડ બ્રેકર પાસે આગળના ડમ્પરે બ્રેક મારતાં સમયસર બ્રેક લગાવી શક્યો ન હતો અને પાછળથી ધડાકાભેર અથડાયો હતો.અકસ્માતમાં આનંદભાઈ કાનજીભાઈ મહેશ્વરી ડમ્પરની કેબિનમાં ફસાઈ ગયા હતા અને તેમને બંને પગમાં ફ્રેક્ચર સહિત ગંભીર ઈજાઓ પહોંચી હતી.

## આણંદમાં બાળકીના અપહરણ-હત્યાનો કેસ

# પોલીસ ટીમ પર હુમલો કરનાર આરોપી સુરેશ પરમાર એન્કાઉન્ટરમાં ઠાર

આણંદ: આણંદના વાસદ રેલવે સ્ટેશન પરથી સાડા ચાર વર્ષની માસૂમ બાળકીનું અપહરણ કરી તેની હત્યા કરનાર મુખ્ય આરોપી સુરેશ પરમાર પોલીસ સાથેના એન્કાઉન્ટરમાં માર્યો ગયો છે. આરોપીએ આણંદ લાવતી વખતે પોલીસ ટીમ પર ચપ્પુ વડે હુમલો કરી ભાગવાનો પ્રયાસ કર્યો હતો, જે બાદ પોલીસે આત્મરક્ષણમાં કરેલા ગોળીબારમાં તેનું મોત નીપજ્યું હતા. મળતી માહિતી અનુસાર, વાસદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ પરથી રાત્રિના આશરે 9:15 વાગ્યે સાડા ચાર વર્ષની બાળકીનું અપહરણ થયું હતું. વહેલી સવારે પ્લેટફોર્મના અંત ભાગથી આગળ રેલવે ટ્રેક પરથી બાળકીનો કચડાયેલી હાલતમાં મૃતદેહ મળી આવતા અરેરાટી વ્યાપી ગઈ હતી. ઘટનાસ્થળેથી બાળકીની લેંઘી પણ મળી આવી હતી. પ્રાથમિક દૃષ્ટિએ બાળકી પર દુષ્કર્મ આચરી, પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી તેને ટ્રેન નીચે ફેંકી દઈ હત્યા કરાઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. બનાવની ગંભીરતા જોઈ રેલવે પોલીસ, સ્થાનિક પોલીસ અને FSLની ટીમોએ સ્થળ પર પહોંચી વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવાની કામગીરી હાથ ધરી હતી.વડોદરા રેલવે વિભાગના એસપી અભય સોનીના માર્ગદર્શન હેઠળ રેલવે પોલીસ, આણંદ જિલ્લા પોલીસ, LCB, SOG અને વાસદ પોલીસ સહિતની 6થી 7 ટીમો તપાસમાં જોડાઈ હતી. તપાસ દરમિયાન પોલીસને રેલવે સ્ટેશનના CCTV ફૂટેજ હાથ લાગ્યા હતા, જેમાં એક શંકાસ્પદ યુવક માસૂમ બાળકીને તેડીને લઈ જતો સ્પષ્ટ દેખાયો હતો.

## 31 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત

# અમરેલી: શેત્રુંજી નદીમાં બેફામ થતી રેતી ચોરી પર ખાણ ખનીજ વિભાગના દરોડા

લીલીયા : અમરેલીના લીલીયા તાલુકાના આંબા-જીરા શેત્રુંજી નદીપટમાં ચાલતી ગેરકાયદે રેતી ચોરી પર ખાણ-ખનીજ વિભાગે દરોડો પાડ્યો હતો. ટીમે અચાનક કાર્યવાહી કરીને 3 ડમ્પર અને 2 ટ્રેક્ટર સહિત 5 વાહનો ઝડપી પાડ્યા. આ દરોડામાં કુલ 31 લાખનો મુદ્દામાલ જપ્ત કરી, તમામ વાહનો સીઝ કરાયા છે. આ કડક પગલાથી ખનીજ માફિયાઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.અમરેલી જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી નદીના પટમાં ચાલતી ગેરકાયદે ખનીજ ચોરી સામે ખાણ અને ખનીજ વિભાગે મોટી અને કડક કાર્યવાહી હાથ ધરી છે. લીલીયા તાલુકાના આંબા-જીરા વિસ્તારમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં ખનીજ માફિયાઓ દ્વારા આચરવામાં આવતી રેતી ચોરી પર ટીમે અચાનક દરોડો પાડીને મોટી સફળતા મેળવી છે.

ખાણ ખનીજ વિભાગની અચાનક દરોડાની કાર્યવાહીથી ખનીજ માફિયાઓમાં ભારે ફાળ પડી હતી. દરોડા દરમિયાન નદીના પટમાંથી ગેરકાયદે રીતે રેતીનું ખનન અને વહન કરતા 3 ડમ્પર અને 2 ટ્રેક્ટર ઝડપી પાડવામાં આવ્યા હતા. તંત્રે તમામ 5 વાહનોને ઘટનાસ્થળેથી સીઝ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## સાંસદ મનસુખ વસાવા આક્રમક મૂડમાં!

# AAPના ચૈતર વસાવા અને ભાજપના જ જિલ્લા પ્રમુખ પર આકરા પ્રહારો

(એજન્સી) દેડીયાપાડા | તા.20

દેડીયાપાડાના જાનકી આશ્રમ ખાતે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ આપ ધારાસભ્ય ચૈતર વસાવા અને પોતાની જ પાર્ટીના નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ સામે આકરા પ્રહારો કર્યા. તેમણે ચૈતર વસાવાને ઓપન ડિબેટનો પડકાર ફેંક્યો અને નીલ રાવને રાજીનામું આપવા જણાવ્યું. આથી નર્મદાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે. દેડીયાપાડા સ્થિત જાનકી આશ્રમ ખાતે ભારતીય જનતા પાર્ટીના સાંસદ મનસુખ વસાવાની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સાંસદ મનસુખ વસાવા અત્યંત આક્રમક મૂડમાં જોવા મળ્યા હતા અને તેમણે આપના ધારાસભ્ય ચૈતર વસાવા તેમજ પોતાની જ પાર્ટીના નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ સામે નારાજગી વ્યક્ત કરતા તીખા પ્રહારો કર્યા હતા. ભાજપના સાંસદ મનસુખ વસાવાએ આપ ધારાસભ્ય ચૈતર વસાવાને ખુલ્લો પડકાર ફેંકતા જણાવ્યું હતું કે, 'ગુજરાત અને કેન્દ્રમાં ભાજપ જ સત્તામાં રહેશે, ભાજપને કોઈ હરાવી શકે તેમ નથી. ચૈતર વસાવા દાવા કરે છે કે તેણે કામો કર્યા છે, પરંતુ તમામ વિકાસકાર્યો ભાજપ સરકારે જ કર્યા છે. જો તાકાત હોય તો મારી સામે ઓપન ડિબેટમાં આવે, હું તૈયાર છું.'



ચૈતર વસાવા પર વધુ પ્રહારો કરતા સાંસદ મનસુખ વસાવાએ કહ્યું કે, 'ચૈતર જેલમાં લોકોના ભલા માટે નથી ગયો, પરંતુ પોતાના કુટુંબના અંગત કારણોસર ગયો છે. ચૈતર વસાવાને જેલમાંથી છોડાવવા પાછળ ચોક્કસ વ્યૂહનીતિ કામ કરી રહી છે. છેલ્લા 3 વર્ષમાં તેમણે શું કામ કર્યું તે મતદારોને બતાવે. કાયદો હાથમાં લેવાથી કે આંદોલનો કરવાથી કામો થતા નથી. કોર્ટો આંદોલનથી દબાતી નથી.'સાગબારા પંથકના ખેડૂતોનો મુદ્દો ઉઠાવતા ગંભીર આક્ષેપો કરતા સાંસદ મનસુખ વસાવાએ કહ્યું કે, 'સાગબારાના ખેડૂતો જંગલની જમીન ખેડે છે ત્યારે સુરત પોલીસ અને ફોરેસ્ટ વિભાગ જાણે આદિવાસીઓ આતંકી હોય તેમ તેમની પર તૂટી પડે છે. જંગલ ખાતું અને પોલીસ આદિવાસી સમાજમાં ભાગલા પાડવાનું કામ કરી રહ્યા છે. સેલંબામાં સાગબારાના પ્રમુખે રાખેલી જમીનની પણ યોગ્ય તપાસ કરવામાં આવશે.'નર્મદા જિલ્લા ભાજપ પ્રમુખ નીલ રાવ અને મહામંત્રીઓની ગેરહાજરી તથા કામગીરી સામે સાંસદ મનસુખ વસાવાએ ભારે અસંતોષ વ્યક્ત કર્યો હતો.

# શૈક્ષણિક મંચની સંવેદના યાત્રાનું આણંદ ખાતે સમાપન





આણંદ : ગુજરાત શૈક્ષણિક સાંસ્કૃતિક મંચ દ્વારા વિવિધ રચનાત્મક કાર્યક્રમોનું આયોજન થતું રહ્યું છે. તાજેતરમાં જરૂરિયાતમંદ અને આર્થિક નબળા વિદ્યાર્થીઓને મદદરૂપ બનવા ગુજરાત શૈક્ષણિક મંચ દ્વારા શિક્ષણ સંવેદના યાત્રાનુ આયોજન તારીખ 8 જૂનથી 20 જુલાઈ સુધી કરવામાં આવ્યું. તેનું સમાપન તારીખ 19 જુલાઈના રોજ આણંદ ખાતે કરવામાં આવ્યું. આ બેઠકને સંબોધિત કરતા મંચના સંયોજક અને શિક્ષણવિદ્ શ્રી તખુભાઈ સાંડસુરે જણાવ્યું હતું કે આપણે જે વિદ્યાર્થીઓને સમર્પિત છીએ તેની ચિંતા સતત કરતા રહેવું જોઈએ. જ્યાં હજુ પણ પ્રકાશ નથી પહોંચ્યો ત્યાં આ યાત્રાના માધ્યમથી આપણે નાની સરખી મીણબત્તી પ્રજવલિત કરવાનો પ્રયત્ન કર્યો છે. સમગ્ર ગુજરાતના 17 જિલ્લાઓમાં વિવિધ સાથી પથિકોએ લગભગ એક કરોડ જેટલી રાશિ દાતાઓ અને પોતાના દ્વારા ભેગી કરીને જે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તેને શિક્ષણ જગત ભૂલી શકશે નહીં. આણંદ જિલ્લાના સંયોજક શ્રી ડો. પ્રદીપસિંહ સિંધાએ સ્વાગત સાથે સમગ્ર જિલ્લામાં વિવિધ સાથીઓના માધ્યમથી જે રીતે દાન ભેગું કરવામાં આવ્યું અને તે વિદ્યાર્થીઓના હાથમાં સીધું પહોંચાડવામાં આવ્યું તેનો સમગ્ર અહેવાલ રજૂ કર્યો હતો. એ જ રીતે શ્રી મુકેશસિંહ મહિડાએ આણંદમાં આ કાર્યક્રમ યોજીને જિલ્લાને એક નવું ગૌરવ મળ્યું છે તેમ જણાવ્યું હતું. મંચ સાથે જોડાયેલા ડો. કિરીટ ચૌહાણ, શ્રી કુણાલભાઈ ચૌહાણ,તેજલબેન સુથાર,કામિનીબેન રાઠોડ, શૈલેષભાઈ સોલંકી જયેશભાઈ સોલંકી અને નિલેશભાઈ વાઘેલા વગેરે સાથીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

### જામનગર જિલ્લાના ધ્રોલમાં ભારત-ઈંગ્લેન્ડ મેચ પર ઓનલાઈન ક્રિકેટનો સટ્ટો રમતાં એક વેપારી ઝડપાયો

જામનગર : જામનગર જિલ્લાના ધ્રોલ શહેરના મેમણચોક વિસ્તારમાં ભારત-ઈંગ્લેન્ડ વન-ડે ક્રિકેટ મેચ પર ઓનલાઈન સટ્ટો રમતા એક વેપારીને ધ્રોલ પોલીસે ઝડપી પાડ્યો છે. આરોપી પાસેથી રૂ. 5 હજારની રોકડ રકમ અને રૂ. 10 હજાર કિંમતનો મોબાઈલ મળી કુલ રૂ. 15 હજારનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઉપરાંત ઓનલાઈન સટ્ટા માટેની આઈડી અમદાવાદના એક બુકીએ આપ્યાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું હોવાથી પોલીસે તેની સામે પણ કાર્યવાહી હાથ ધરી છે.ફરિયાદ મુજબ ધ્રોલ પોલીસ સ્ટેશનના પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજેશભાઈ કાથળભાઈ મકવાણાને પેટ્રોલિંગ દરમિયાન ખાનગી બાતમી મળી હતી કે ધ્રોલના મેમણચોક વિસ્તારમાં આવેલી રોયલ ટચ દુકાનની બહાર ઈમરાનભાઈ સલીમભાઈ દેદરાણી પોતાના મોબાઈલમાં ભારત-ઈંગ્લેન્ડ વન-ડે ક્રિકેટ મેચ પર પૈસાની હારજીતનો ઓનલાઈન જુગાર રમી રહ્યો છે.

## સંખેડા પંથકમાં હડકાયા કૂતરાના કરડવાથી ગ્રામજનોમાં ફફડાટ

# સંખેડા તાલુકાના કાવીઠા ગામે હડકાયેલા કૂતરાનો આતંક



| કમલેશ પટેલ | સંખેડા



સંખેડા તાલુકાના કાવીઠા ગામે ગત રાત્રિએ હડકાયેલા કૂતરાએ આતંક મચાવ્યો હતો. કૂતરાએ ગામમાં સૂતેલા 10 થી 12 લોકોને બેફામ બચકા ભર્યા હતા, જેના કારણે ગામમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.આ ઘટનામાં ઘાયલ થયેલા તમામ લોકોને તાત્કાલિક સંખેડા રેફરલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે. ઘાયલોમાં રમેશભાઈ ગેમાભાઈ નાયક (ઉંમર 60 થી 70 વર્ષ) ને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ થતાં તેમને વધુ સારવાર માટે વડોદરા રિફર કરવામાં આવ્યા છે.હડકાયેલા કૂતરાએ માત્ર મનુષ્યોને જ નહીં, પરંતુ ગાય અને ભેંસ સહિતના પશુઓને પણ બચકા ભર્યા છે. આ ઘટના બાદ ગામના નાના બાળકો બહાર નીકળતા પણ ગભરાઈ રહ્યા છે.ગ્રામજનોએ તંત્ર સમક્ષ તાત્કાલિક ધોરણે આ હડકાયેલા કૂતરાને પકડીને વશમાં લેવાની માંગ કરી છે, જેથી ગામમાં પ્રવર્તમાન ભય અને દહેશતનો માહોલ દૂર થઈ શકે.

## 142 ઘરોમાં આરોગ્ય સર્વે કરવામાં આવ્યો હતો

# જામનગરના ચાંદીપુરા વાયરસના બંને શંકાસ્પદ કેસના રિપોર્ટ નેગેટિવ, શહેરમાં રાહતનો શ્વાસ

(એજન્સી) જામનગર | તા.20

જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસના શંકાસ્પદ 2 બાળકોના લેબ રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્ય તંત્ર અને શહેરવાસીઓએ રાહત અનુભવી છે. ગણપતનગર અને રવિપાર્કના બાળકોના સેમ્પલ નેગેટિવ આવ્યા. 3 બાળકોને જી.જી. હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જેમાં 1 બાળકનું અવસાન થયું. મનપાએ અસરગ્રસ્ત વિસ્તારોમાં 500થી વધુ ઘરોમાં સર્વે અને દવાનો છંટકાવ કર્યો.

જામનગર શહેરમાં ચાંદીપુરા વાયરસને લઈને શંકાસ્પદ તરીકે નોંધાયેલા બે બાળકોના લેબોરેટરી રિપોર્ટ આજે નેગેટિવ આવતાં આરોગ્ય તંત્ર સહિત શહેરવાસીઓએ રાહતનો શ્વાસ લીધો છે. ગણપતનગર અને રવિપાર્ક વિસ્તારમાંથી મળેલા બંને શંકાસ્પદ બાળકોના સેમ્પલો તપાસ માટે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા હતા, જેના રિપોર્ટ નેગેટિવ હોવાનું આજે સ્પષ્ટ થયું છે.



ઉલ્લેખનીય છે કે ચાંદીપુરા વાયરસની શંકાને પગલે ત્રણ બાળકોને જામનગરની સરકારી જી.જી. હોસ્પિટલમાં ખાસ અલગ વોર્ડમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમાં એક બાળકનું શનિવારે રાત્રે દુઃખદ અવસાન થયું હતું, જ્યારે અન્ય બે બાળકો હાલ સારવાર હેઠળ છે. તેમાંથી એક બાળક વેન્ટિલેટર પર છે અને તબીબોની ટીમ તેની સઘન સારવાર કરી રહી છે.બીજી તરફ સંભવિત સંક્રમણને ધ્યાનમાં રાખીને જામનગર મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે અસરગ્રસ્ત વિસ્તારોમાં સઘન સર્વેલન્સ અને નિવારક કામગીરી હાથ ધરી છે. ગણપતનગર વિસ્તારમાં આશરે 400 ઘરોમાં તેમજ રવિપાર્ક વિસ્તારમાં 142 ઘરોમાં આરોગ્ય સર્વે કરવામાં આવ્યો હતો. આ દરમિયાન દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમજ માખીજન્ય સંક્રમણ પર નિયંત્રણ માટે જરૂરી દવાઓનો છંટકાવ સહિતની કામગીરી પણ કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના સર્વે દરમિયાન અત્યાર સુધી ચાંદીપુરા વાયરસનો અન્ય કોઈ શંકાસ્પદ કેસ સામે આવ્યો નથી. ઉપરાંત અન્ય કોઈ ચેપી બીમારીના કેસ પણ નોંધાયા નથી. તેમ છતાં આરોગ્ય વિભાગ દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં સતત સર્વેલન્સ, જનજાગૃતિ અને નિવારક કામગીરી ચાલુ રાખવામાં આવી રહી છે.

### વાવ-થરાદ: સોનમ વાંગચૂકના સમર્થનમાં ભાભર હાઈવે પર વિદ્યાર્થિની એક દિવસના ઉપવાસ પર બેઠી

(એજન્સી) નવી દિલ્હી | તા.03

દેશભરમાં ગાજેલા NEET પેપર લીક વિવાદ અને લદ્દાખના સામાજિક કાર્યકર્તા સોનમ વાંગચૂકના સમર્થનમાં આજે (20મી જુલાઈ) ભાભર હાઈવે પર એક સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતી વિદ્યાર્થીની એક દિવસીય પ્રતીક ઉપવાસ પર ઉતરી છે. મળતી માહિતી મુજબ, ભાભર તાલુકાના ચલાદર ગામની રહીશ અને હાલ ભાભરમાં રહીને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતી સીતાબહેન રાઠોડ નામના વિદ્યાર્થીનીએ આ અનોખો વિરોધ નોંધાવ્યો છે. દિલ્હીના જંતર-મંતર ખાતે અનશન પર લોકોને સપોર્ટ કરવા અને સરકારી પરીક્ષાઓની સિસ્ટમમાં પારદર્શક



બદલાવ લાવવાની માંગ સાથે તેઓ ભાભર હાઈવે પર લોક જાગૃતિ અર્થે ઉપવાસ પર બેઠા છે.ઉપવાસ પર બેઠેલી વિદ્યાર્થીની પોતાની માંગણીઓ અને જાગૃતિ દર્શાવતા બેનરો સાથે રોડ કિનારે શાંતિપૂર્ણ રીતે વિરોધ પ્રદર્શિત કરી રહી છે. પેપર લીક જેવી ઘટનાઓથી લાખો પરીક્ષાર્થીઓના ભવિષ્ય સામે ઊભા થતા પ્રશ્નો અને સિસ્ટમની ખામીઓ સામે અવાજ ઉઠાવવા માટે તેમણે આ કદમ ઉઠાવ્યું છે.

## સંસ્થાકીય કાયાકલ્પ વિના સફળતા નથી

# કૃત્રિમ બુદ્ધિમત્તા વ્યવસાયિક સફળતા માટે સંસ્થાકીય પરિવર્તન અનિવાર્ય છે



નવી દિલ્હી: માત્ર કર્મચારીઓ દ્વારા ટેકનોલોજીનો ઉપયોગ કરવાથી કંપનીઓને કોઈ મોટો આર્થિક ફાયદો થતો નથી, પરંતુ વાસ્તવિક મૂલ્ય ત્યારે જ સર્જાય છે જ્યારે સંસ્થાઓ પોતાના કામકાજના પ્રવાહો અને ઓપરેટિંગ મોડેલમાં સંપૂર્ણ પરિવર્તન લાવે. મિન્સેસીના તાજેતરના વૈશ્વિક અહેવાલમાં આ ખુલાસો થયો છે, જેમાં જણાવવામાં આવ્યું છે કે આગામી સમયમાં કૃત્રિમ બુદ્ધિમત્તા અપનાવવાની રણનીતિમાં ધરમૂળથી ફેરફાર કરવો પડશે.આ અહેવાલ ફેબ્રુઆરીથી એપ્રિલ દરમિયાન વિવિધ ઉદ્યોગોના સાતસો પચાસ કર્મચારીઓ અને નેતાઓ વચ્ચે કરવામાં આવેલા સર્વેક્ષણ પર આધારિત છે. અહેવાલ મુજબ મોટાભાગની કંપનીઓ હજુ પણ આ ટેકનોલોજી અપનાવવાની પ્રાથમિક અદ્યતન અવસ્થામાં જ છે. સર્વેમાં ભાગ લેનાર માત્ર અગિયાર ટકા વ્યવસાયિક નેતાઓએ સ્વીકાર્યું કે તેમની સંસ્થાઓએ કાયાકલ્પના તબક્કામાં પ્રવેશ કર્યો છે. આ ટેકનોલોજી માત્ર સાધનો આપવાથી વ્યાપારિક મૂલ્ય પેદા કરતી નથી, પરંતુ તેને અપનાવવા માટે આખી સંસ્થાની કાર્યપદ્ધતિ બદલવી પડે છે. અહેવાલમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના પરિવર્તનના મુખ્ય ત્રણ તબક્કાઓ દર્શાવવામાં આવ્યા છે. પ્રથમ તબક્કામાં સંસ્થાઓ કર્મચારીઓને સામાન્ય સાધનો પૂરા પાડે છે, બીજા તબક્કામાંworkflows ઓટોમેટ કરવામાં આવે છે, અને ત્રીજા તથા અંતિમ તબક્કામાં ભૂમિકાઓ અને કામકાજની પદ્ધતિઓને સંપૂર્ણપણે નવા સ્વરૂપમાં ઢાળવામાં આવે છે. રિપોર્ટ અનુસાર કર્મચારીઓ આ ટેકનોલોજીને ઝડપથી અપનાવી રહ્યા છે પરંતુ જે સંસ્થાઓમાં તેઓ કામ કરે છે તેમની તૈયારીઓ પાછળ રહી ગઈ છે. સિત્તેર ટકા કર્મચારીઓ અંગત રીતે તૈયાર હોવાનું માને છે, જ્યારે માત્ર સતાવીસ ટકા નેતાઓ જ પોતાની સંસ્થાને તૈયાર માને છે.સંસ્થાકીય તૈયારી એ વ્યક્તિગત તૈયારી કરતા લગભગ બમણી મહત્વપૂર્ણ સાબિત થઈ છે. જે કંપનીઓએ કામકાજના પ્રવાહોમાં ફેરફાર કર્યા છે તેઓ યથાવત રહેનાર કંપનીઓ કરતાં પાંચ ગણી વધુ સફળતા મેળવી રહી છે. આ સમગ્ર પરિવર્તનમાં કર્મચારીઓનો વિશ્વાસ સૌથી મોટું પરિબળ છે. નિષ્ણાતોના મતે કૃત્રિમ બુદ્ધિમત્તા સંભાવનાઓ પેદા કરે છે જ્યારે માનવીઓ મૂલ્યનું સર્જન કરે છે. તેથી ટેકનોલોજીના અમલીકરણને માત્ર એક સાધન તરીકે નહીં પરંતુ એક વ્યાપક સંસ્થાકીય પરિવર્તન તરીકે જોવું જરૂરી છે.

## સ્ટાર હેલ્થની તાવ,ડેન્ગ્યુ અને મેલેરિયા,ચાંદીપુરા વાયરસ (CHPV)ના જોખમ સામે સાવચેતી;ડૉક્ટરની સલાહ અને હોમ હેલ્થ કેરની સુલભતાને મજબૂત બનાવી

વડોદરા : વડોદરામાં ચોમાસાની ઋતુની શરૂ થતાની સાથે જ ડેન્ગ્યુ,મેલેરિયા,તાવ અને અન્ય ચેપી રોગોના કેસો સામાન્ય રીતે વધવા લાગે છે.આ વર્ષે રાજ્યમાં ચાંદીપુરા વાયરસ (CHPV) અંગે પણ ચિંતા સતત વધી રહી છે.આ પ્રકારની સમયમાં ભારતની અગ્રણી સ્ટેન્ડઅલોન હેલ્થ ઈન્સ્યોરન્સ કંપનીઓ પૈકીની એક સ્ટાર હેલ્થ એન્ડ અલાઈડ ઈન્સ્યોરન્સ કંપની લિમિટેડ (NSE:STARHEALTH;BSE:543412) સમગ્ર રાજ્યમાં તેની ચોમાસા દરમિયાનની હેલ્થકેર અને જનજાગૃતિ અભિયાન (આઉટરીચ)ને વધુ વેગ આપી રહી છે.સ્ટાર હેલ્થના નાણાકીય વર્ષ 2025-2026ના ગુજરાતના આંકડા દર્શાવે છે કે તાવ અને અન્ય ચેપી રોગો માટે હોમ હેલ્થકેરના વપરાશમાં ત્રણ ગણો વધારો થયો છે.આ વૃદ્ધિની સાથે જ કંપનીએ દેશભરમાં તેની તાજેતરમાં શરૂ કરાયેલી વર્ચ્યુઅલ OPD સર્વિસ માટે પણ અસાધારણ માંગ જોઈ છે કે જેમાં ગ્રાહકોની વધતી સંખ્યા મેડિકલ કન્સલ્ટેશન માટે આ સર્વિસને તેમના પ્રથમ વિકલ્પ તરીકે પસંદ કરી રહેલ છે. આ આઉટરીચ પોલિસીધારકોને ટોક ટુ સ્ટાર અને હોમ હેલ્થકેર સપોર્ટ સાથે જોડીને સમયસર અને વહેલી તકે સારવાર આપવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે.આ સાથે જ તે સામાન્ય પ્રજા માટે પણ સ્ટાર હેલ્થ કસ્ટમર એપ દ્વારા 24/7 ફ્રી વર્ચ્યુઅલ OPD કન્સલ્ટેશન્સ મેળવવાની સુવિધા પૂરી પાડે છે. પોલિસીધારકો માટે માર્ગદર્શન મેળવવાનો મુખ્ય સંપર્ક નંબર ટોક ટુ સ્ટાર 7200 222 333 રહેશે: જેમાં હોમ હેલ્થકેર માટે 1 પ્રેસ કરો અને હોસ્પિટલમાં દાખલ થવા સંબંધિત આયોજન માટે 2 પ્રેસ કરો. "આ પહેલ અંગે ટિપ્પણી કરતા સ્ટાર હેલ્થ ઈન્સ્યોરન્સના ગુજરાતના બિઝનેસ હેડ શ્રી વિજય અરોરાએ જણાવ્યું હતું કે "ચોમાસાની ઋતુમાં તાવ, ડેન્ગ્યુ,મેલેરિયા અને અન્ય ચેપી રોગોમાં સામાન્ય રીતે વધારો જોવા મળે છે.આ વર્ષે ચાંદીપુરા વાયરસ (CHPV) જેવી મોસમી ચિંતા પણ લોકોનું ધ્યાન ખેંચી રહી છે ત્યારે પરિવારોએ બાળકોમાં સતત રહેતા તાવ અથવા ન્યુરોલોજીકલ લક્ષણોને નજરઅંદાજ ન કરવા જોઈએ અને સમયસર તબીબી સલાહ લેવી જોઈએ. આ સિઝનમાં અમારો પ્રયાસ સારવારના પ્રથમ પગલાને વધુ સરળ બનાવવાનો છે.પોલિસીધારકો હોમ હેલ્થકેર અથવા હોસ્પિટલમાં દાખલ થવા સંબંધિત માર્ગદર્શન અને સહાય મેળવવા માટે ટોક ટુ સ્ટારના 7200 222 333 નંબર પર કૉલ કરી શકે છે, જ્યારે સામાન્ય પ્રજા 24/7 ફ્રી વર્ચ્યુઅલ OPD કન્સલ્ટેશન બુક કરવા માટે સ્ટાર હેલ્થ એપનો ઉપયોગ કરી શકે છે.આ ઋતુ દરમિયાન સમયસર મળેલી તબીબી સલાહ અર્થપૂર્ણ તફાવત લાવી શકે છે." હોમ હેલ્થકેરની હિમાયત: ઓછો ખર્ચ અને ચોમાસા માટે સજ્જ સારવાર : વર્ષ 2026માં જાહેર કરાયેલા પારાવારીક હેલ્થ ખર્ચ અંગે નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)ના 80માં રાઉન્ડના સર્વેક્ષણના આંકડા પરિવારો પર બીમારી અને હોસ્પિટલમાં દાખલ થવાના આર્થિક બોજને દર્શાવે છે.ગુજરાતના ગ્રામીણ વિસ્તારોમાં પ્રાઈવેટ હોસ્પિટલમાં દાખલ થવાનો સરેરાશ ખર્ચ રૂપિયા 38,384 અને શહેરી વિસ્તારોમાં રૂપિયા 69,928 થાય છે. આમ તમામ લેવલે હેલ્થકેર પાછળ થતો ખર્ચ ઘણો ઊંચો રહ્યો છે,જેના લીધે મોટાભાગના લોકોને અને તેમના પરિવારોને આ ખર્ચ પોતાની ક્ષમતા બહાર વહન કરવો પડે છે.

## News Brief

### પીયૂષ ગોયલની યુરોપ મુલાકાત દરમિયાન મુક્ત વેપાર કરાર પર ભાર મૂકાયો

નવી દિલ્હી: કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે સ્પેન, બેલ્જિયમ, ફિનલેન્ડ અને એસ્ટોનીયાની પાંચ દિવસીય સફળ મુલાકાત પૂર્ણ કરી છે. રવિવારે જારી કરાયેલા વાણિજ્ય મંત્રાલયના અહેવાલ મુજબ આ મુલાકાત દરમિયાન ભારત અને યુરોપિયન યુનિયને પ્રસ્તાવિત મુક્ત વેપાર કરાર પર વહેલી તકે સહી કરવા અને તેના અમલીકરણ માટે પોતાની પ્રતિબદ્ધતા પુન: વ્યક્ત કરી છે. આ પ્રવાસનો મુખ્ય હેડલાઈન ઉદ્દેશ્ય યુરોપ સાથે આર્થિક ભાગીદારીને ગાઢ બનાવવાનો અને તકનીકી સહયોગ વધારવાનો હતો.

બ્રસેલ્સમાં યોજાયેલી બેઠકો દરમિયાન મંત્રીએ યુરોપિયન કાઉન્સિલના અધ્યક્ષ અને અન્ય વરિષ્ઠ નેતાઓ સાથે મહત્વપૂર્ણ ચર્ચાઓ કરી હતી. આ ચર્ચાઓમાં રોકાણ સુરક્ષા કરાર, ભૌગોલિક સંકેત કરાર, બજાર પ્રવેશ અને શાસકીય સરળતા જેવા મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત બ્રસેલ્સમાં ત્રીજી ભારત-યુરોપ વેપાર અને ટેકનોલોજી પરિષદની બેઠકની સહ-અધ્યક્ષતા કરવામાં આવી હતી અને આગામી કાર્ય યોજના અપનાવવામાં આવી હતી. ભારતે કૌશલ્ય અને શિક્ષણ અંગે સંવાદ શરૂ કરવાનો પ્રસ્તાવ પણ મૂક્યો હતો. સ્પેનમાં પ્રવાસે ગયા દરમિયાન મંત્રીએ દ્વિપક્ષીય વેપાર અને રોકાણમાં મોટો વધારો કરવા માટે એક વિશેષ વિઝન રજૂ કર્યું હતું. બંને પક્ષોએ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ્સ વચ્ચે જોડાણ કરવા માટે તકનીકી ચર્ચાઓ આગળ વધારવા સંમતિ દર્શાવી હતી.

# BPCL એ 'ભારતગેસ લાઇટ ઝીપ' લોન્ચ કર્યું - ઇન્સ્ટન્ટ કનેક્શન અને એક્સપ્રેસ ડિલિવરી સાથે ભારતનો પ્રીમિયમ LPG અનુભવ

(એજન્સી) અમદાવાદ | તા.20

ફોર્ચ્યુન ગ્લોબલ 500 કંપની અને મહારત્ન જાહેર ક્ષેત્રના ઉપક્રમ, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL), આજે 'ભારતગેસ લાઇટ ઝીપ' લોન્ચ કર્યું. આ પ્રીમિયમ ફ્રી ટ્રેડ LPG (FTL) સેવા તાત્કાલિક નવું ગેસ કનેક્શન અને એક્સપ્રેસ ડિલિવરી જેવી સુવિધાઓ પૂરી પાડીને ગ્રાહક અનુભવને વધારવા માટે શરૂ કરવામાં આવી છે.'ભારતગેસ લાઇટ ઝીપ' બીપીસીએલના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય ખન્ના દ્વારા લોન્ચ કરવામાં આવી હતી. બીપીસીએલના ડિરેક્ટર (માર્કેટિંગ) શ્રી શુભંકર સેન પણ આ પ્રસંગે હાજર હતા.'ભારતગેસ લાઇટ ઝીપ' બીપીસીએલની નવી પેઢીની ગ્રાહક-કેન્દ્રિત એલપીજી સેવા છે. તે ઝડપી સેવા, વધુ સુવિધા અને વધુ સારો ગ્રાહક અનુભવ પ્રદાન કરવા માટે હળવા અને સલામત ભારતગેસ લાઇટ કમ્પોઝિટ સિલિન્ડરોના ફાયદાઓને ડિજિટલ સુવિધાઓ સાથે જોડે છે.આ પ્રસંગે બોલતા, BPCL ના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંજય ખન્નાએ જણાવ્યું હતું કે, "ભારતગેસ લાઇટ ઝીપ એ ગ્રાહક-કેન્દ્રિત નવીનતાના અનુસરણમાં BPCL માટેનું બીજું એક મહત્વપૂર્ણ પગલું છે. આજના ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે રચાયેલ, આ સેવા આધુનિક કમ્પોઝિટ સિલિન્ડર ટેકનોલોજીને પ્રીમિયમ સુવિધાઓ સાથે જોડે છે. આ ગ્રાહકોને વધુ સુવિધા આપે છે અને સાથે સાથે ભારતગેસ જે ઉચ્ચ સ્તરની સલામતી અને વિશ્વસનીયતા પ્રદાન કરે છે તે સુનિશ્ચિત કરે છે."તેમણે ઉમેર્યું, "BPCL ખાતે, અમે સતત નવી સેવાઓ વિકસાવી રહ્યા છીએ જે અમારા ગ્રાહકોના રોજિંદા જીવનને સરળ બનાવે છે. આ માટે, અમે આધુનિક ટેકનોલોજી અને સુધારેલી ઓપરેશનલ સિસ્ટમનો ઉપયોગ કરીને ગ્રાહકોને વધુ અનુકૂળ અને સારી સેવાઓ પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છીએ."તેમણે વધુમાં ઉમેર્યું, "હું અમારા ભારતગેસ વિતરકો અને ડિલિવરી કર્મચારીઓના સમર્પણ અને સખત મહેનતની પણ પ્રશંસા કરું છું. તાજેતરના પડકારજનક સમયમાં પણ, તેમની સેવાઓએ BPCL માં લાખો પરિવારોનો વિશ્વાસ વધુ મજબૂત બનાવ્યો છે. સાથે મળીને, અમે ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ નવી અને સુધારેલી ઉર્જા સેવાઓ પ્રદાન કરવાનું ચાલુ રાખીશું, ગ્રાહક અનુભવને વધુ વધારશે."BPCL ના ડિરેક્ટર (માર્કેટિંગ) શ્રી શુભંકર સેને જણાવ્યું હતું કે, "BPCL માં, દરેક નવીનતાનો હેતુ અમારા ગ્રાહકોને વધુ સારી અને વધુ સુસંગત સેવાઓ પૂરી પાડવાનો છે. ભારતગેસ લાઇટ ઝીપ આ વિઝનનું પ્રતિબિંબ છે. તે ગ્રાહકોને સરળ ડિજિટલ સેવાઓ દ્વારા સમર્થિત સુરક્ષિત, હળવું અને આધુનિક LPG સોલ્યુશન પ્રદાન કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, ગ્રાહકોની વિકસતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને, BPCL ફક્ત ઉત્પાદનો પૂરા પાડવા પૂરતું મર્યાદિત નથી, પરંતુ અનુકૂળ, પારદર્શક અને વિશ્વસનીય ઉર્જા ઉકેલો પ્રદાન કરવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરે છે. 100% ડિજિટલ બુકિંગ, OTP-આધારિત ડિલિવરી ચકાસણી અને "ઝીરો કા દમ" ગુણવત્તા ખાતરી કાર્યક્રમ જેવી પહેલ ગ્રાહકોના વિશ્વાસને વધુ મજબૂત બનાવી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ભારતગેસ લાઇટ ઝીપ BPCL માટે નવીનતા, સલામતી અને શ્રેષ્ઠ સેવા સાથે સમગ્ર દેશમાં પરિવારો માટે LPG અનુભવને વધુ વધારવામાં એક મહત્વપૂર્ણ પગલું છે.એક નવો પ્રીમિયમ LPG સેવા અનુભવ : ભારતગેસ લાઇટ ઝીપ એવા ગ્રાહકો માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે જેઓ ઝડપી, અનુકૂળ અને આધુનિક LPG સેવા ઈચ્છે છે. આ સેવા ગ્રાહકોને સેવાની સરળ ઍક્સેસ પ્રદાન કરે છે. આ પ્રક્રિયા દ્વારા, એક નવું LPG કનેક્શન તાત્કાલિક પૂરું પાડવામાં આવશે. વધુમાં, એક્સપ્રેસ ડિલિવરી સુવિધા ગેસ પહોંચાડશે સિલિન્ડર પહેલા કરતાં વધુ ઝડપથી તેમના ઘરઆંગણે પહોંચે છે, જે ગ્રાહકોના અનુભવને વધુ બહેતર બનાવે છે.આ સેવામાં ભારતગેસ લાઇટ કમ્પોઝિટ સિલિન્ડરના તમામ મુખ્ય ફાયદાઓનો પણ સમાવેશ થાય છે. તેનું હલકું સિલિન્ડર તેને વહન અને ઉપયોગમાં સરળ બનાવે છે. તેનું કમ્પોઝિટ બોડી કાટ-પ્રતિરોધક છે, જ્યારે પારદર્શક ડિઝાઇન ગ્રાહકોને સિલિન્ડરમાં બાકી રહેલા ગેસ સ્તરને સરળતાથી જોવાની મંજૂરી આપે છે. વધુમાં, તે સુરક્ષિત, ડિઝાઇનમાં આધુનિક અને ઉપયોગમાં લેવા માટે અત્યંત અનુકૂળ છે.આધુનિક ભારતની જરૂરિયાતોને અનુરૂપ : ભારતગેસ લાઇટ ઝીપ ખાસ કરીને કામ કરતા વ્યાવસાયિકો, વિદ્યાર્થીઓ અને અન્ય શહેરોમાં રહેતા ગ્રાહકોની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે ડિઝાઇન કરવામાં આવ્યું છે, જેઓ ઝડપી, વિશ્વસનીય અને અનુકૂળ સેવાની અપેક્ષા રાખે છે. આ નવી સેવા દ્વારા, BPCL તેના ગ્રાહકોને પ્રીમિયમ LPG અનુભવ પ્રદાન કરવાની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવી રહ્યું છે, જેમાં તાત્કાલિક કનેક્શન, એક્સપ્રેસ ડિલિવરી અને ઉન્નત સુવિધાનો સમાવેશ થાય છે.

## રિલાયન્સે જીઓ, ઓઇલ અને નવા ઉર્જા વ્યવસાયો માટે રણનીતિ દર્શાવી

મુંબઈ: રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના મેનેજમેન્ટે કંપનીના ત્રિમાસિક પરિણામો પછીની વિશ્લેષકો સાથેની બેઠકમાં ટેલિકોમ, ઓઈલ-ટુ-કેમિકલ્સ અને નવા ઉર્જા વ્યવસાયો માટે તેની લાંબા ગાળાની વૃદ્ધિ રણનીતિની રૂપરેખા તૈયાર કરી છે. આ બેઠકમાં વિસ્તરતી ડિજિટલ સેવાઓ, ભૌરાજકીય વિક્ષેપો વચ્ચે સ્થિતિસ્થાપક રિફાઇનિંગ કામગીરી અને સ્વચ્છ ઉર્જા પ્રોજેક્ટ્સના સ્થિર અમલીકરણ પર વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે. કંપની દ્વારા તમામ ક્ષેત્રોમાં સંતુલિત વિકાસ સાધવા માટે મહત્વના પગલાં લેવામાં આવી રહ્યા છે.

ટેલિકોમ વ્યવસાય અંગે રિલાયન્સ જિઓએ જણાવ્યું હતું કે ક્લાઉડ, કન્ટેન્ટ, ઇન્ટરનેટ ઓફ થિંગ્સ અને મેનેજ્ડ સેવાઓના સમર્થનથી ડિજિટલ સેવાઓ તેના મુખ્ય કનેક્ટિવિટી વ્યવસાય કરતાં વધુ ઝડપથી વધી રહી છે. જિઓના વ્યૂહરચના વડા અંશુમાન ઠાકુરે જણાવ્યું હતું કે ડિજિટલ સેવાઓની વૃદ્ધિ વાર્ષિક ધોરણે વીસ ટકા છે, જે કનેક્ટિવિટી વૃદ્ધિને વટાવી ગઈ છે. વિશ્લેષકોના પ્રશ્નોના જવાબ આપતી વખતે તેમણે ઉમેર્યું હતું કે ડિજિટલ સેવાઓનું મુદ્રીકરણ કરવાની હજુ ઘણી સંભાવનાઓ છે કારણ કે સામાન્ય રીતે ટેકનોલોજી સેવાઓમાં કનેક્ટિવિટી કરતા ઘણો ઊંચો નફો મળે છે.ઓઈલ-ટુ-કેમિકલ્સ વ્યવસાય પર વાત કરતા કંપનીએ જણાવ્યું કે ક્રૂડ સોર્સિંગમાં ઝડપથી વિવિધતા લાવવાની અને નિકાસને શ્રેષ્ઠ બનાવવાની તેની ક્ષમતાએ મધ્ય પૂર્વના સંઘર્ષને કારણે સર્જાયેલા પુરવઠા અવરોધોને પાર કરવામાં મદદ કરી છે. રિલાયન્સના મુખ્ય નાણાકીય અધિકારી વી. શ્રીકાંથે જણાવ્યું હતું કે અમારો મુખ્ય પડકાર ક્રૂડ મેળવવાનો હતો કારણ કે અમે રિફાઈનરીને લગભગ સંપૂર્ણ ક્ષમતા સાથે ચલાવી રહ્યા હતા અને લેટિન અમેરિકા, અમેરિકા, કેનેડા, આફ્રિકા તથા રશિયાથી ક્રૂડ મેળવી રહ્યા હતા. વિવિધ મુશ્કેલીઓ છતાં રિલાયન્સે રિફાઈનરીનો ઉપયોગ છન્નુ થી સતાણું ટકા જેટલો જાળવી રાખ્યો હતો. નવા ઉર્જા વ્યવસાય અંગે કંપનીએ જણાવ્યું કે તેના પુનઃપ્રાપ્ય ઉર્જા ઈકોસિસ્ટમનું અમલીકરણ યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે.

## ટાટા એઆઈએએ ગુજરાતમાં એમડીઆરટી લાયકાત ધરાવતા 265 એજન્ટની નોંધણી સાથે પોતાની મજબૂત એજન્સી ડિસ્ટ્રીબ્યુશન નિપુણતા દર્શાવી

વડોદરા : દેશની અગ્રણી લાઈફ ઈન્શ્યોરન્સ કંપનીઓમાંની એક ટાટા એઆઈએ લાઇફ ઈન્શ્યોરન્સ કંપની લિમિટેડ (ટાટા એઆઈએ) ગર્વભેર જાહેર કરે છે કે તેણે ગુજરાતમાં 265 મિલિયન ડોલર રાઉન્ડ ટેબલ (એમડીઆરટી) લાયકાત ધરાવતા એડવાઈઝરની નોંધણી કરીને ફાઇનાન્શિયલ એડવાઈઝરી સર્વિસીસમાં શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બનાવી છે. વર્ષ 2026ના ગ્લોબલ એમડીઆરટી રેન્કિંગ મુજબ, કંપનીએ પ્રતિષ્ઠિત એમડીઆરટીના ગૌરવપૂર્ણ સ્થાન માટે વડોદરાના 18, અમદાવાદના 70 અને સુરતના 56 એડવાઈઝર્સની નોંધણી કરી છે. આ સિદ્ધિ ટાટા એઆઈએના એડવાઈઝર નેટવર્કના વ્યાપ, ગુણવત્તા અને સતત શ્રેષ્ઠ કામગીરીને દર્શાવે છે. ખાસ નોંધનીય બાબત એ છે કે એમડીઆરટી લાયકાત મેળવનારા 695 એડવાઈઝર, એટલે કે લગભગ અડધા સભ્યો મહિલાઓ છે. આ દર્શાવે છે કે ભારતમાં ફાઇનાન્શિયલ એડવાઈઝરી ક્ષેત્રમાં મહિલાઓ પણ અગ્રણી ભૂમિકા ભજવી રહી છે અને ટાટા એઆઈએ સર્વસમાવેશક એડવાઈઝર ઈકોસિસ્ટમ ઊભી કરવાની પોતાની પ્રતિબદ્ધતા પર અડગ છે. ટાટા એઆઈએ લાઇફ ઈન્શ્યોરન્સના ચીફ ડિસ્ટ્રીબ્યુશન ઓફિસર - પ્રોપ્રાઈટરી બિઝનેસ, રાકેશ શર્માએ જણાવ્યું હતું કે, "ભારતમાં સતત ચોથા વર્ષે એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઈઝરની સંખ્યાના આધારે પ્રથમ સ્થાન મેળવવું અમારા માટે ગૌરવની બાબત છે. આ સન્માન અમારા એડવાઈઝરની ગુણવત્તા, સતત શ્રેષ્ઠ કામગીરી અને પ્રતિબદ્ધતા દર્શાવે છે. લાંબા સમયથી એમડીઆરટીનું સ્થાન જાળવી રાખનારા સભ્યો તેમજ સતત પાંચથી નવ વર્ષ સુધી એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઈઝરને મળેલી માન્યતા ખાસ કરીને પ્રોત્સાહક છે, કારણ કે તે સતત શ્રેષ્ઠ કામગીરીનો પુરાવો આપે છે. અમે ભવિષ્યની જરૂરિયાતોને અનુરૂપ એવા એડવાઈઝર સમુદાયનું નિર્માણ કરવાનું ચાલુ રાખીશું, જે આ ઉમદા વ્યવસાયને પૂર્ણ સમય સમર્પિત રહે અને સમગ્ર ભારતમાં ગ્રાહકોને તેમની જરૂરિયાતોને અનુરૂપ વિશ્વસનીય નાણાંકીય માર્ગદર્શન આપે."આ રેન્કિંગ ટાટા એઆઈએના એવા પૂર્ણ સમયના પ્રોફેશનલ એડવાઈઝર પરના ધ્યાનને પણ દર્શાવે છે, જે ગ્રાહકોને તેમના સપનાનું રક્ષણ કરવામાં માર્ગદર્શન આપે છે. સાથે જ કંપની ગ્રાહકોની જરૂરિયાતોની સમજ, વ્યાવસાયિક આચારસંહિતા અને ઊંડી નિપુણતા ધરાવતા એડવાઈઝર સમુદાયના નિર્માણ પર ભાર મૂકે છે. મુખ્ય એમડીઆરટી હાઈલાઈટ્સ: ટાટા એઆઈએના સમગ્ર નેટવર્કમાં 1,397 એમડીઆરટી લાયકાત ધરાવતા એડવાઈઝર, 695 મહિલા એમડીઆરટી સભ્યો, જે કુલ લાયકાત મેળવનારામાં લગભગ 50 ટકા છે, એમડીઆરટી સભ્યોની સંખ્યાના આધારે વૈશ્વિક સ્તરે 13મું સ્થાન, સતત પાંચથી નવ વર્ષ સુધી એમડીઆરટી લાયકાત જાળવી રાખનારા એડવાઈઝરની શ્રેણીમાં 207 એડવાઈઝર સાથે ભારતમાં પ્રથમ સ્થાન.

# ગોલ્ડમેન સાક્સે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સિવાયના ત્રણ રોકાણ વિષયો દર્શાવ્યા

નવી દિલ્હી: રોકાણકારો હવે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વેપાર ઉપરાંત અન્ય ક્ષેત્રો તરફ ધ્યાન આપી રહ્યા છે, કારણ કે આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરોમાં ભારે અસ્થિરતા જોવા મળી રહી છે. ગોલ્ડમેન સાક્સના તાજેતરના અહેવાલ મુજબ ગ્રાહક અનુભવ કંપનીઓ, ઉચ્ચ ગુણવત્તાવાળા મજબૂત શેર અને સંભવિત મર્જર અને એક્વિઝિશન લક્ષ્યો રોકાણકારો માટે આકર્ષક બની રહ્યા છે. આ ત્રણેય વિષયો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે ઓછા સંબંધ ધરાવતી વૃદ્ધિની તકો પૂરી પાડે છે. રોકાણ બેંકે જણાવ્યું હતું કે ઉચ્ચ અસ્થિરતા અને યોગ્ય ઉત્પ્રેરકની ગેરહાજરીને કારણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ મોમેન્ટમ ટ્રેડમાં ટૂંકા ગાળાના પડકારો ચાલુ રહેવાની અપેક્ષા છે. મોમેન્ટમ ફેક્ટરે તેના ઈતિહાસમાં બહારના સમયગાળા દરમિયાન સૌથી વધુ અસ્થિરતા નોંધાવી છે. આ તીવ્ર હિલચાલને કારણે રોકાણકારોએ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે સંબંધ ન ધરાવતી તકો શોધવાનું શરૂ કર્યું છે. તે જ સમયે વ્યક્તિગત શેરોમાં ઊંચી અસ્થિરતા હોવા છતાં એકંદર બજારમાં સ્થિરતા જળવાઈ રહી છે.

પ્રથમ વિષયમાં છત્રીસ કંપનીઓનો સમાવેશ થાય છે જે ભૌતિક ગ્રાહક અનુભવો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં મનોરંજન, કેસિનો, હોટેલ્સ, રિસોર્ટ્સ અને ક્રૂઝ લાઇનનો સમાવેશ થાય છે. આ ક્ષેત્રે ગ્રાહકોના ખર્ચમાં વાર્ષિક ધોરણે સારો એવો વધારો જોવા મળ્યો છે. આ વ્યવસાયોની ભૌતિક પ્રકૃતિ સંભવિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિક્ષેપ સામે રક્ષણ પૂરું પાડે છે. બીજો વિષય મજબૂત કમાણી વૃદ્ધિ અને સ્વસ્થ બેલેન્સ શીટ ધરાવતી પંદર મજબૂત કંપનીઓનો જૂથ છે. આ કંપનીઓએ છેલ્લા કેટલાક વર્ષોમાં બજાર કરતા વધુ ઝડપથી કમાણીમાં વધારો કર્યો છે.

ત્રીજા વિષયમાં સંભવિત મર્જર અને એક્વિઝિશન લક્ષ્યોનો સમાવેશ થાય છે, જેમાં અમેરિકામાં પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર વધારો થયો છે. ગોલ્ડમેન સાક્સના જણાવ્યા અનુસાર આ સંભવિત લક્ષ્યોની યાદીએ બજારની સરખામણીમાં સારો દેખાવ કર્યો છે. કંપનીઓના આ વલણથી સ્પષ્ટ થાય છે કે રોકાણકારો હવે માત્ર એક જ ટેકનોલોજી પર આધાર રાખવાને બદલે વિવિધ ક્ષેત્રોમાં સંતુલિત રોકાણ તરફ આગળ વધી રહ્યા છે.

## મોટી કંપનીઓના ફંડ્સમાં SIP પ્રવાહ ચાલુ રહ્યો છે

નવી દિલ્હી: મિડ-કેપ અને સ્મોલ-કેપ સેગમેન્ટ તરફથી વધુ સારા રિટર્ન મળવા છતાં જૂન મહિનામાં સિસ્ટેમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન દ્વારા થતા રોકાણો લાર્જ-કેપ ફંડ્સ તરફ વળેલા રહ્યા છે. વલ્લમ કેપિટલના જુલાઈ 2026 ના અહેવાલ મુજબ, આ વાત દર્શાવે છે કે આપમેળે થતા રોકાણો લાર્જ-કેપ ફંડ્સને ટેકો આપી રહ્યા છે જ્યારે સ્વેચ્છાએ કરાતું રોકાણ નાની કંપનીઓ તરફ વધી રહ્યું છે. બજારના તમામ બદલાવો છતાં રોકાણકારોનો એક મોટો વર્ગ મોટા શેરોમાં નાણાં રોકવાનું પસંદ કરી રહ્યો છે.

અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે જૂન મહિનામાં લાર્જ-કેપ ફંડ્સને સૌથી વધુ નવ હજાર છસો છપ્પન કરોડ રૂપિયાનો પ્રવાહ મળ્યો હતો, ભલે તે સૌથી નબળું પ્રદર્શન કરનાર કેટેગરી રહી હોય. બીજી તરફ મિડ-કેપ ફંડ્સમાં માસિક પ્રવાહમાં સૌથી તીવ્ર વધારો જોવા મળ્યો હતો, જ્યારે સ્મોલ-કેપ ફંડ્સ પણ મજબૂત વળતર સાથે રોકાણ આકર્ષિત કરતા રહ્યા છે. ઈક્વિટી એસેટ ક્લાસ તરીકે જૂન મહિનામાં તાજા રોકાણો આકર્ષવાનું ચાલુ રાખ્યું હતું, જ્યારે રોકાણકારોએ ડેબ્ટ અને મની માર્કેટ ફંડ્સમાંથી ફાળવણી ઘટાડી દીધી હતી.અહેવાલ મુજબ જૂનમાં ઈક્વિટી રોકાણ વધીને અડધા લાખ કરોડ રૂપિયાની આસપાસ પહોંચી ગયું હતું, જ્યારે ફિક્સ્ડ ઈન્કમ ફંડ્સમાંથી મોટા પ્રમાણમાં નાણાં પાછા ખેંચાયા હતા. આ ઉપરાંત કિંમતી ધાતુઓ અને કોમોડિટીઝમાં પણ સારો એવો પ્રવાહ જોવા મળ્યો હતો, જે પુષ્ટિ કરે છે કે સંસ્થાકીય પ્રવાહ જોખમી અસ્કયામતો તરફ પુનઃસંચાલિત થઈ રહ્યો છે. ક્ષેત્રીય થીમ્સમાં હેલ્થકેર ક્ષેત્ર સૌથી મજબૂત પ્રદર્શન કરનારું સાબિત થયું છે, જ્યારે નબળા પ્રદર્શન છતાં ટેકનોલોજી ફંડ્સે પણ રોકાણકારોનું ધ્યાન આકર્ષિત કરવાનું ચાલુ રાખ્યું છે.

## ઘરઆંગણે સ્ટીલ વપરાશ મજબૂત રહેશે, ભારત ચોખ્ખી આયાત કરનાર બન્યો

નવી દિલ્હી: માળખાકીય ખર્ચ, રિયલ એસ્ટેટ પ્રવૃત્તિઓ, ઓટોમોબાઈલ ઉત્પાદન અને ભારે ઈજનેરી માંગના સમર્થનથી જૂન ત્રિમાસિક ગાળામાં ઘરઆંગણે તૈયાર સ્ટીલનો વપરાશ મજબૂત રહ્યો છે. એચડીએફસી સિક્યોરિટીઝ ઈન્સ્ટિટ્યુશનલ રિસર્ચના અહેવાલ મુજબ માંગ ઉત્પાદન કરતાં વધી ગઈ છે, જેના પરિણામે ભારત તૈયાર સ્ટીલનો ચોખ્ખો આયાતકાર બન્યો છે. દેશમાં મોટા પાયે જાહેર માળખાકીય મૂડીગત ખર્ચ અને શહેરી વિકાસ પ્રોજેક્ટ્સની માંગને કારણે આ વૃદ્ધિ વેગવંતી બની છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જૂન ત્રિમાસિક ગાળામાં ભારતમાં તૈયાર સ્ટીલનો ઘરેલું વપરાશ વાર્ષિક ધોરણે આશરે નવ ટકા વધ્યો છે. બીજી બાજુ તૈયાર સ્ટીલનું ઉત્પાદન વૃદ્ધિ પ્રમાણમાં ધીમી એટલે કે છ ટકા આસપાસ રહી હતી, જેણે દેશને ચોખ્ખી આયાતની સ્થિતિમાં લાવી દીધો છે. કિંમતોની વાત કરીએ તો આ ત્રિમાસિક ગાળા દરમિયાન હોટ-રોલ્ડ કોઈલના ભાવમાં મજબૂતાઈ જોવા મળી હતી, જ્યારે મધ્ય એપ્રિલ પછી રીબારના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. બ્રોકરેજ અપેક્ષા રાખે છે કે સ્ટીલ ઉત્પાદકો આ ત્રિમાસિક ગાળા માટે ઉચ્ચ મિશ્રિત વાસ્તવિકતાઓ રજૂ કરશે, જોકે કાચા માલના વધતા ખર્ચને કારણે નફાના ગાળા પર થોડી અસર થઈ શકે છે. કોકિંગ કોલ અને લોખંડ બંનેના ભાવમાં વધારો થવાને કારણે સ્ટીલ કંપનીઓના ઉત્પાદન ખર્ચમાં પણ વધારો જોવા મળશે. કોકિંગ કોલના ભાવમાં પ્રતિ ટન નોંધપાત્ર વધારો થવાની ધારણા છે, જે મજબૂત કિંમતોના ફાયદાને આંશિક રીતે મર્યાદિત કરશે.વધતા ઈનપુટ ખર્ચ છતાં બ્રોકરેજ ફર્મે સ્વસ્થ માંગ અને સહાયક કિંમતોને ટાંકીને સ્થાનિક સ્ટીલ ક્ષેત્ર પર સકારાત્મક દ્રષ્ટિકોણ જાળવી રાખ્યો છે. દેશમાં માળખાકીય અને ઔદ્યોગિક ક્ષેત્રો તરફથી સતત મળી રહેલી માંગ આગામી સમયમાં પણ સ્ટીલ બજારને સંતુલિત રાખવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## એઆઈએ નવા સબ્સ્ક્રિપ્શન અટકાવ્યા

# મૂનશોટ એઆઇ દ્વારા કીમી કેત્રીના સબ્સ્ક્રિપ્શન અસ્થાયી રૂપે સ્થગિત કરવામાં આવ્યા

નવી દિલ્હી: ચીનની સ્ટાર્ટઅપ કંપની મૂનશોટ એઆઈએ માંગમાં અચાનક થયેલા ભારે વધારાને કારણે તેના નવા કૃત્રિમ બુદ્ધિમત્તા મૉડેલ કીમી કેત્રી માટેના નવા સબ્સ્ક્રિપ્શન અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધા છે. કંપની દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં આ અંગેની જાણકારી આપવામાં આવી છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા કીમી એઆઈએ જણાવ્યું હતું કે છેલ્લા અડતાલીસ કલાકમાં માંગ એટલી વધી ગઈ છે કે તે કંપનીની વર્તમાન ક્ષમતાની નજીક પહોંચી ગઈ છે.

વર્તમાન સબ્સ્ક્રાઇબર્સ માટે એક સમાન અને સ્થિર અનુભવ સુનિશ્ચિત કરવાના હેતુથી નવા સબ્સ્ક્રિપ્શન અસ્થાયી રૂપે અટકાવી દેવામાં આવ્યા છે. કંપનીએ સ્પષ્ટ કર્યું છે કે હાલના સબ્સ્ક્રાઇબર્સ પર તેની કોઈ અસર થશે નહીં અને તેમની કમ્પ્યુટ ક્ષમતાને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. આ ઉપરાંત કંપની ઝડપથી પોતાની ક્ષમતા વધારવા માટે કામ કરી રહી છે અને ટૂંક સમયમાં જ તબક્કાવાર રીતે નવા સબ્સ્ક્રિપ્શન સ્પોટ્સ ફરીથી ખોલવામાં આવશે.

આ સમસ્યાના ઉકેલ માટે કંપની ભવિષ્યમાં સભ્યપદને વધુ બે કેન્દ્રીત યોજનાઓમાં વિભાજિત કરશે. જેમાં વેબ, એપ્લિકેશન અને કાર્ય માટે કીમી મેમ્બરશિપ તેમજ કોડિંગ વર્કફ્લો માટે કીમી કોડ મેમ્બરશિપનો સમાવેશ થાય છે. આ પગલાથી કમ્પ્યુટિંગ સંસાધનો વધુ ચોકસાઈથી ફાળવી શકાશે અને વપરાશકર્તાઓનો અનુભવ સ્થિર રાખી શકાશે. વિકસિત થયેલ આ નવું મૉડેલ લાંબા ગાળાના કોડિંગ, જ્ઞાન કાર્ય અને તર્ક માટે તૈયાર કરવામાં આવ્યું છે. સ્ટાર્ટઅપ દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ મૉડેલે તેના મૂલ્યાંકન સ્યુટમાં શ્રેષ્ઠ સ્તરનું પ્રદર્શન કર્યું છે. આ મૉડેલ વિવિધ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે અને આગામી સમયમાં તેના વજન સહિતની સંપૂર્ણ વિગતો સત્તાવાર રીતે બહાર પાડવામાં આવશે. બજારમાં વધતી જતી સ્પર્ધા વચ્ચે કંપની ગ્રાહકોને ઉત્તમ સુવિધાઓ આપવા માટે સતત પોતાની આંતરિક વ્યવસ્થા અને ક્ષમતાને મજબૂત બનાવવા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

## કોર્પોરેટ | કંપનીઓનું એકત્રીકરણ વધતાં ઓફિસ બજાર વેગવંતુ બનશે

# ભારતીય ઓફિસ બજારમાં ભાડા વૃદ્ધિ મજબૂત બનશે



નવી દિલ્હી: નુવામા ઈન્સ્ટિટ્યુશનલ ઈક્વિટીઝના તાજેતરના અહેવાલ મુજબ ભારતનું ઓફિસ સ્પેસ માર્કેટ એકત્રીકરણ તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં મજબૂત માંગને કારણે ખાલી જગ્યાઓમાં ઘટાડો થવાની અને મધ્યમ ગાળામાં ભાડામાં મજબૂત વૃદ્ધિ જોવા મળવાની અપેક્ષા છે. અહેવાલમાં જણાવ્યા અનુસાર અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને કારણે કોર્પોરેટ સ્તરે નિર્ણય લેવાના સમયગાળા પર અસર પડી હતી, જેના પરિણામે ચાલુ વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં કુલ ઓફિસ લીઝિંગમાં વાર્ષિક ધોરણે ત્રણ ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે વીસ કરોડ ચોરસ ફૂટ રહ્યું હતું.આ જ સમયગાળા દરમિયાન શુદ્ધ લીઝિંગ વાર્ષિક ધોરણે ઓગણીસ ટકા ઘટીને અગિયાર કરોડ ચોરસ ફૂટ નોંધાયું હતું, જ્યારે નવો પુરવઠો દસ કરોડ ચોરસ ફૂટ રહ્યો હતો. દેશના ટોચના સાત શહેરોમાં ખાલી જગ્યાઓ ઘટીને બાર પોઈન્ટ નવ ટકા થઈ ગઈ છે. આ બાબતમાં બેંગલુરુએ માંગ અને પુરવઠો બંનેમાં અગ્રેસર સ્થાન જાળવી રાખ્યું છે, જેણે અનુક્રમે એકત્રીસ ટકા અને તેપન્ન ટકા હિસ્સો નોંધાવ્યો હતો. ટોચના સાત શહેરોમાં બેંગલુરુમાં ખાલી જગ્યાનો દર સૌથી ઓછો આઠ પોઈન્ટ સાત ટકા નોંધાયો હતો, જ્યારે હૈદરાબાદ અને રાષ્ટ્રીય રાજધાની ક્ષેત્રમાં તે અઢાર પોઈન્ટ છ ટકા રહ્યો હતો.

આઈટી અને બીપીએમ કંપનીઓ સૌથી મોટી કબજો જમાવનાર તરીકે ઉભરી આવી છે, જેણે અડધા વર્ષ દરમિયાન કુલ લીઝિંગમાં બાવીસ ટકા હિસ્સો મેળવ્યો છે. ત્યારબાદ ફ્લેક્સિબલ વર્કસ્પેસ ઓપરેટરો વીસ ટકા, બેન્કિંગ અને નાણાકીય સેવાઓ આપતી કંપનીઓ ઓગણીસ ટકા અને એન્જિનિયરિંગ કંપનીઓ સોળ ટકા હિસ્સો ધરાવે છે. ખાસ કરીને ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સે ત્રિમાસિક ગાળા દરમિયાન કુલ ગ્રોસ લીઝિંગમાં આશરે અડધો અડધ જેવો મોટો હિસ્સો ફાળવ્યો હતો. આ આગામી પુરવઠો સંતુલિત રહેવાની અપેક્ષા છે જે માંગને અનુરૂપ રહેશે.

મધ્યમ ગાળામાં ખાલી જગ્યાના સ્તરોમાં થોડો ઘટાડો થવાની અને વાર્ષિક ભાડાની વૃદ્ધિ વેગ પકડશે તેવી ધારણા છે. કંપનીઓ પોતાના કાર્યોને સુવ્યવસ્થિત કરવા તરફ ધ્યાન આપી રહી છે, જે લાંબા ગાળે રિયલ એસ્ટેટ ક્ષેત્ર માટે ફાયદાકારક સાબિત થશે. બજારના આ વલણથી રોકાણકારોમાં પણ ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આગામી દિવસોમાં વ્યાપારી પ્રોપર્ટી ક્ષેત્રમાં સ્થિરતા તથા આર્થિક પ્રગતિના નવા દરવાજા ખૂલશે તેવી પૂરી સંભાવના છે.

## તંત્રીની કલમે...

**વિક્રમ સંવત 2082, અષાઢ સુદ - 07**

# ધર્મની સાથે વિજ્ઞાનનો વિકાસ થશે તો સાચા વિશ્વગુરુ થવાશે

ભાજપ રાજમાં બાંગો પોકારવામાં આવે છે કે, છેલ્લાં 70 વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે, છેલ્લાં ૭૦ વર્ષમાં ઈસરો છોડીને કોઈ જતું નહોતું પણ હવે ખાનગીકરણ અને પોલિસી પેરાલિસિસના પગલે સંશોધકો ઈસરો છોડીને ખાનગી કંપનીઓ સાથે જોડાઈ રહ્યા છે : આઝાદી બાદ વડા પ્રધાન નહેરુએ ધાર્મિક સમરસતાને માન આપીને વૈજ્ઞાનિક અભિગમ સાથએ આગળ વધવાનું નક્કી કર્યું હતું. હાલની સરકારમાં છેલ્લાં પંદર વર્ષમાં વૈજ્ઞાનિક અભિગમ ક્યાંય ગંગા નદીના તળીયે જતો રહ્યો છે અને માત્ર ધાર્મિક વિકાસ અને મંદિરોના અને ધાર્મિક સ્થળોના વિકાસ સિવાય કશું જ થતું નથી : ભાજપ સરકારે નવી IITs અને AIIMS ખોલવાની જાહેરાત તો કરી, પરંતુ મોટાભાગની નવી સંસ્થાઓ કાયમી કેમ્પસ, પૂરતા પ્રોફેસરો અને પ્રયોગશાળાઓ વિના ભાડાના મકાનો કે હંગામી વ્યવસ્થા હેઠળ ચાલી રહી છે. નેહરુએ સ્થાપેલી ૫ IITs જેવી ગુણવત્તા નવી ૧૫ IITs ભેગી મળીને પણ આપી શકતી નથી. આ સિવાય ઈસરો અને ડીઆરડીઓ જેવા પ્રતિષ્ઠિત સંગઠનોમાં અમલદારશાહીનું વર્ચસ્વ વધ્યું છે. ભારતમાં તાજેતરમાં વૈજ્ઞાનિક સંસોધન અને સ્પેસ સંશોધન ક્ષેત્રમાં બે મોટી ઘટનાઓ બની છે. એક તરફ ૧૦૦થી વધારે સંશોધકો અને વૈજ્ઞાનિકોએ ઈસરોમાંથી રાજીનામા આપી દીધા છે. મોટાભાગનાએ વીઆરએસ લઈ લીધું છે. આ તો થઈ પહેલી ઘટનાની વાત જેણે દેશભરમાં વૈચારિક ભૂકંપ લાવી દીધો છે. બીજી ઘટનાની વાત કરીએ તો શનિવારે ભારતની જ ખાનગી સ્પેસ કંપની સ્કાયરૂટ એરોસ્પેસ દ્વારા એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી હતી. આ ખાનગી સ્પેસ કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલું વિક્રમ-૧ નામનું ઓર્બિટલ રોકેટ સફળતાપૂર્વક લોન્ચ થઈને ઉપગ્રહને અવકાશમાં સ્થાપિત કરી આવ્યું હતું. આત્મનિર્ભર ભારતના મિશનની દિશામાં આ ઉત્તમ પગલું ગણવામાં આવી રહ્યું છે. ભારતીય વડા પ્રધાને પણ આ અભિયાનની સફળતાના ખોબલે ખોબલે વખાણ કર્યા હતા. આ બંને ઘટનાઓ એકબીજાથી અલગ છે છતાં સંકળાયેલી છે. હાલમાં જે ઈસરોના સંશોધકોની નોકરી છોડવાની વાતો ચાલી છે તેવા જ બે સંશોધકોએ ૨૦૧૮માં ઈસરો છોડી દીધું હતું. પવન કુમાર ચંદાના અને નાગા ભરથ ડાકા નામના બે સંશોધકોએ ઈસરો છોડીને હૈદરાબાદ ખાતે સ્કાયરૂટ એરોસ્પેસ નામની ખાનગી સ્પેસ કંપનીની શરૂઆત કરી હતી. ત્યારબાદ તેમની સાથે ઘણા નિવૃત્ત ઈસરો સંશોધકો જોડાયા હતા. બીજી તરફ એવા પણ અહેવાલો છે કે, ઘણા ઈસરો છોડીને પવન અને નાગા ભરથ સાથે જોડાયા હતા. આ બંને ઈસરો છોડનારા સંશોધકોની જ કંપનીઓ હવે ભારતને મહત્ત્વની સિદ્ધિ અપાવી છે. તેમની નોકરી છોડવા પાછળ કે પોતાની કંપની બનાવવા પાછળ જે કારણો રહ્યા હશે કે હાલમાં જે રહ્યા છે તેની તરફ લોકોનું ધ્યાન જતું જ નથી. હકિકત એવી છે કે, ભાજપ રાજમાં બાંગો પોકારવામાં આવે છે કે, છેલ્લાં ૭૦ વર્ષમાં જે નહોતું થયું તે હવે થઈ રહ્યું છે. છેલ્લાં પંદર વર્ષમાં થઈ રહ્યું છે. વાત બિલકુલ સાચી છે, છેલ્લાં ૭૦ વર્ષમાં ઈસરો છોડીને કોઈ જતું નહોતું પણ હવે ખાનગીકરણ અને પોલિસી પેરાલિસિસના પગલે સંશોધકો ઈસરો છોડીને ખાનગી કંપનીઓ સાથે જોડાઈ રહ્યા છે. ભારતની આઝાદી બાદ આર્થિક સ્થિતિ ખસ્તાહાલ હતી છતાં કોંગ્રેસ સરકારે ભારતને આગળ વધારવા માટે મોટી મોટી શિક્ષણ સંસ્થાઓ, આઈઆઈટી, આઈઆઈએમ, ઈસરો જેવી સંસ્થાઓ શરૂ કરી હતી. તે સમયના વડા પ્રધાન નહેરુએ ધાર્મિક સમરસતાને માન આપીને વૈજ્ઞાનિક અભિગમ સાથએ આગળ વધવાનું નક્કી કર્યું હતું. હાલની સરકારમાં છેલ્લાં પંદર વર્ષમાં વૈજ્ઞાનિક અભિગમ ક્યાંય ગંગા નદીના તળીયે જતો રહ્યો છે અને માત્ર ધાર્મિક વિકાસ અને મંદિરોના અને ધાર્મિક સ્થળોના વિકાસ સિવાય કશું જ થતું નથી. ઉલ્લેખનીય છે કે, આઝાદી પછીના આ ૭૫ વર્ષની સફર જોઈએ તો તેમાં મોટો તફાવત છે જે આંખે ઉડીને વળગે તેવો છે પણ હાલની પેઢી અને પ્રજા તેને સ્વીકારી શકે તેવી સ્થિતિમાં નથી અને કદાચ સ્વીકારવા માગતી પણ નથી. નેહરુ અને મોદી શાસનકાળ વચ્ચેનો સૌથી મોટો તફાવત સરકારની પ્રાથમિકતાઓમાં જોવા મળે છે.

# પ્રાકૃતિક ખેતી : ધરતી સાથેનું જોડાણ, સમૃદ્ધિ તરફનું પગથિયું

## ‘માટી બચશે તો ખેતી બચશે, ખેતી બચશે તો માનવજાતનું ભવિષ્ય સુરક્ષિત રહેશે

માહિતી બ્યુરો, પાલનપુર : ભારત કૃષિપ્રધાન દેશ છે અને સદીઓથી ખેડૂતોના પરિશ્રમથી દેશનું અન્ન અને જીવનનું પોષણ થાય છે. પરંતુ રાસાયણિક ખાતરો અને જંતુનાશકોના વધતા ઉપયોગને કારણે જમીનની ફળદ્રુપતા ઘટી રહી છે, પાણીનું પ્રદૂષણ વધી રહ્યું છે અને ખેતીનો ખર્ચ વધ્યો છે. આવી સ્થિતિમાં પ્રાકૃતિક ખેતી એક સશક્ત વિકલ્પ બની રહી છે. રાજ્ય સરકારશ્રી અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના પ્રયત્નોથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધ્યો છે અને અનેક ખેડૂતો ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી રહ્યા છે.પ્રાકૃતિક ખેતીનો મૂળ વિચાર પ્રકૃતિ સાથે સુમેળ સાધીને ખેતી કરવાનો છે. દેશી ગાય આધારિત જૈવિક દ્રવ્યો, સ્થાનિક સંસાધનો અને કુદરતી પ્રક્રિયાઓના ઉપયોગથી જમીનને જીવંત રાખી શકાય છે. આ પદ્ધતિથી મોંઘા રાસાયણિક ખાતરો અને જંતુનાશકો પરની નિર્ભરતા ઘટે છે, ખેતીનો ખર્ચ ઓછો થાય છે અને ખેડૂતનો નફો વધે છે. સાથે જ જમીનમાં રહેલા સૂક્ષ્મજીવો સક્રિય બને છે, જમીનની પાણી ધારણ કરવાની ક્ષમતા સુધરે છે અને જમીનનું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. પ્રાકૃતિક ખેતી દ્વારા ઉત્પાદિત અનાજ, ફળો અને શાકભાજી માટે લોકોમાં માંગ વધી રહી છે. વિવિધ પાકો, વૃક્ષો અને પશુપાલનને ખેતી સાથે જોડવાથી આવકના સ્ત્રોતોમાં વધારો થાય છે અને જોખમ ઘટે છે. ખેડૂત પોતાના ઉત્પાદનોનું સીધું વેચાણ, બ્રાન્ડિંગ, પેકેજિંગ અને મૂલ્યવર્ધન કરે તો આવકમાં નોંધપાત્ર વધારો કરી શકે છે. ‘ફાર્મ ટુ ફોર્ક’ અને ‘ફાર્મ ટુ ફેમિલી’ જેવા અભિગમો ખેડૂત અને ગ્રાહક વચ્ચેનું અંતર ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.પ્રાકૃતિક ખેતીનો અર્થ પાછા જૂના યુગમાં જવું નથી, પરંતુ આધુનિક જ્ઞાન અને પરંપરાગત કુદરતી જ્ઞાનનું સંયોજન છે. જ્યાં ઉત્પાદન વધે, ખેડૂતની આવક વધે, ગ્રાહકને ગુણવત્તાયુક્ત ખોરાક મળે અને જમીન તથા પર્યાવરણનું સંતુલન જળવાઈ રહે- એ જ પ્રાકૃતિક ખેતીનો સાચો હેતુ છે. આજે આપણે જે જમીનનો ઉપયોગ કરીએ છીએ તે આવનારી પેઢીઓની પણ અમાનત છે. તેથી પ્રાકૃતિક ખેતી માત્ર પસંદગી નહીં, પરંતુ ભવિષ્ય પ્રત્યેની જવાબદારી છે.

# વાવ-થરાદ જિલ્લો: સરહદી અને વ્યૂહાત્મક મહત્વ ધરાવતા ૬ સ્થળો ‘નો ફ્લાય ઝોન’ જાહેર, ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે

માહિતી બ્યુરો,થરાદ : વાવ-થરાદ જિલ્લામાં આવેલા ક્રિટિકલ/સ્ટ્રેટેજિક મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સની સુરક્ષાને ધ્યાનમાં રાખીને જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી મયુર મહેતા (આઈ.એ.એસ.) દ્વારા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જિલ્લામાં આવેલા ક્રિટિકલ/સ્ટ્રેટેજિક મહત્વ ધરાવતા કુલ છ રેડ ઝોન ઈન્સ્ટોલેશન્સને ‘નો ફ્લાય ઝોન’ જાહેર કરવામાં આવ્યા છે. આ જાહેરનામા અનુસાર, વાવ-થરાદ જિલ્લામાં આવેલા નીચેના છ સ્થળોએ ડ્રોન ચલાવવા અથવા ઓપરેટ કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે: (૧) ઝીરો પોઈન્ટ (આઈ.બી.એલ.), ભારત-પાકિસ્તાન સરહદ નજીક, નડાબેટ, તા. સુઈગામ, (૨) બી.ઓ.પી.



નડાબેટ કેમ્પ, બી.એસ.એફ. ૧૦૭ બટાલિયન, નડાબેટ, તા. સુઈગામ, (૩) બી.એસ.એફ. ૬૩ બટાલિયન સુઈગામ કેમ્પ, નડાબેટ, તા. સુઈગામ, (૪) ૨૨૦ કે.વી. સ્ટેશન, થરાદ, મીઠા રોડ, થરાદ, (૫) ૨૨૦ કે.વી. સ્ટેશન, વખા-દિયોદર, તા. દિયોદર અને (૬) ૨૨૦ કે.વી. સ્ટેશન, આગથળા, તા. લાખણીનો સમાવેશ થાય છે.આ જાહેરનામાની અમલવારી જાહેરનામાની તારીખથી તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી રહેશે. આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ હેઠળ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરવા માટે વાવ-થરાદ જિલ્લામાં ફરજ બજાવતા હેડ કોન્સ્ટેબલ તથા તેનાથી ઉપરના પોલીસ અધિકારીઓને અધિકૃત કરવામાં આવ્યા છે.

# વિથોણમાં મોડી રાત્રે જંગલી સૂવર બજારમાં પહોંચ્યું, ગ્રામજનોમાં ચિંતા

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના વિથોણ વિસ્તારમાં વરસાદ ખેંચાતા જંગલી જાનવરો હવે ખોરાક અને પાણીની શોધમાં ગામ તરફ આવી રહ્યા છે. મોડી રાત્રે વિથોણ ગામની બજારમાં એક જંગલી સૂવર (ભૂંડ) લટાર મારતું જોવા મળતાં ગ્રામજનોમાં ચિંતા વ્યાપી છે.સ્થાનિકોના જણાવ્યા મુજબ અપૂરતા વરસાદના કારણે જંગલ વિસ્તારમાં ખોરાક અને પાણીની અછત સર્જાઈ છે. તેના પરિણામે જંગલી સૂવર ગામમાં પ્રવેશી રહ્યા છે. બીજી તરફ ખેડૂતો પોતાના ઉભા પાકને બચાવવા માટે રાત-દિવસ ખેતરોમાં ઉજાગરા કરી



રહ્યા છે, છતાં જંગલી જાનવરોના ઉપદ્રવથી પાકને નુકસાન થવાની ભીતિ વધી રહી છે.વિથોણના સામાજિક આગેવાન શાંતિલાલ નાયાણીએ માહિતી આપતા જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોથી વરસાદના અભાવે જંગલ વિસ્તારમાં ખોરાક અને પાણીની અછત સર્જાતા જંગલી સૂવર સહિતના જંગલી જાનવરો ગામ તરફ આવી રહ્યા છે. મોડી રાત્રે ગામની બજાર તેમજ રહેણાંક વિસ્તારોમાં જંગલી સૂવર ફરતા જોવા મળ્યા હતા. તેમણે જણાવ્યું કે જો સમયસર યોગ્ય પગલાં નહીં લેવાય તો ખેડૂતોના પાકને નુકસાન થવાની સાથે ગ્રામજનોની સુરક્ષા માટે પણ જોખમ ઊભું થઈ શકે છે. તેથી વન વિભાગ અને સ્થાનિક તંત્ર દ્વારા તાત્કાલિક અસરકારક કાર્યવાહી કરવામાં આવે તેવી તેમણે માંગ કરી હતી.ગ્રામજનોએ જંગલી જાનવરોને સુરક્ષિત રીતે જંગલ વિસ્તારમાં પરત મોકલવા તેમજ ખેડૂતોના પાકના રક્ષણ માટે જરૂરી કાર્યવાહી કરવાની માંગ કરી છે.

# નર્મદા જિલ્લા સંકલન સમિતિ માં ધારાસભ્યએ મતવિસ્તારના વેધક પ્રશ્નો ઉઠાવ્યા

રાજપીપલા : નર્મદા જિલ્લા કલેકટર ગંગાસિંઘ ના અધ્યક્ષ સ્થાને મળે સંકલન સમિતિ ની બેઠક માં રાજપીપલા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે વહીવટી તંત્ર સમક્ષ વેધક પ્રશ્નો ઉઠાવ્યા હતા .પ્રાપ્ત માહિતી મુજબ અત્રે જિલ્લા સેવાસદન ખાતે મળેલી સંકલન સમિતિ માં રાજપીપલા ના ધારાસભ્ય ડો . દર્શના દેશમુખે તેમના મતવિસ્તાર ને લગતા અનેક પ્રશ્નો ની રજુઆત કરી હતી. ધારાસભ્ય એ ધો-11-12 ના વર્ગો ની ભરતી પ્રક્રિયા અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો . તો આદિવાસી નિગમ માંથી કેટલી અરજીઓ મંજુર થઇ અને કેટલી પેન્ડિગ છે ? તેમજ દૂધ સંજીવની યોજના નો લાભ કઈ કઈ શાળા ને મળે છે ? જયારે નેશનલ હાઈવે 56 માં જે ખેડૂતો ની જમીનો અને ઘરો જાય છે તેમના વળતર અંગે પણ સવાલ ઉઠાવ્યો હતો .ઉપરાંત આઉટ સોર્સ કર્મચારીઓ ના PF અંગે પણ માહિતી માંગી હતી જયારે ખાણ ખનીજ વિભાગે રેતી ના ખનન માટે કેટલા બ્લોક મંજુર કર્યા છે અને ગેરકાયદે ખનન નાકેટલા કેસ કર્યા અને કેટલો દંડ વસુલ કર્યો. ? તેમ પૂછતાં બેઠક માં સોપો પડી જવા પામ્યો હતો.

# શ્રી સોમનાથ ટ્રસ્ટનું 30 દિવસ 51 કુંડી મહામૃત્યુંજય મહાયજ્ઞ અનુષ્ઠાનનું ઐતિહાસિક આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

પવિત્ર શ્રાવણ માસ દરમિયાન પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવના દર્શનાર્થે ઉમટી પડતા લાખો શ્રદ્ધાળુઓ માટે શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સુવિધાઓનું બહુસ્તરીય અને ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. શ્રાવણ ૨૦૨૬માં સોમનાથ તીર્થમાં ભક્તિભાવ સાથે પુણ્ય, પૂજા અને પ્રસાદનો અદભુત ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. કોઈ ભક્ત પૂજા લાભ વિના નહીં જાય:દર વર્ષે શ્રાવણ માસમાં ભક્તોનો ભારે ધસારો જોવા મળે છે. આ વર્ષે ભક્તોનો ઉત્સાહ એટલો છે કે શ્રાવણ શરૂ થવાના એક માસ પૂર્વે જ આખા મહિનાના તમામ દિવસો માટે ’પાઘ પૂજા’ અને ’છેલ્લી ધ્વજા પૂજાઓ’ બુક થઈ ચૂકી છે. આ ઉપરાંત સેંકડોની માત્રામાં ’સોમેશ્વર પૂજા’ પણ એડવાન્સ બુક થઈ ગઈ છે. ત્યારે, સોમનાથ આવનાર સામાન્યમાં સામાન્ય ભક્ત પણ પૂજાના પુણ્યલાભથી વંચિત ન રહી જાય તેવા ઉમદા હેતુથી શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સંપૂર્ણ માસ (૩૦ દિવસ) માટે વિશેષ મહામૃત્યુંજય મહાયજ્ઞ અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું છે. માત્ર ૫૧માં મહામૃત્યુંજય યજ્ઞનો લાભ: નામમાત્રનો શુલ્ક: ભક્તો વિવિધ નોંધણી કેન્દ્રો પરથી માત્ર ૫૧/- (એકાવન રૂપિયા) જેવી નજીવી કિંમતે યજ્ઞ અનુષ્ઠાનની નોંધણી કરાવી શકશે. આ યજ્ઞમાં ભક્તો મહામૃત્યુંજય મંત્રની કુલ ૫૧ આહુતિઓ અર્પણ કરશે. આ માટે જરૂરી આહુતિ દ્રવ્ય (હવન સામગ્રી) ટ્રસ્ટ દ્વારા નોંધણી સમયે જ પૂરું પાડવામાં આવશે. સરળ બુકિંગ વ્યવસ્થા: ભક્તો મંદિરની બહાર આવેલા સ્વાગત કક્ષ, મંદિરની અંદરના ભાગેના



કાઉન્ટર તેમજ ટ્રસ્ટની સત્તાવાર વેબસાઈટ somnath.org પરથી ટૂંક સમયમાં યજ્ઞના સ્લોટનું બુકિંગ કરાવી શકશે. સમય અને સ્થળનું સુદ્રઢ આયોજન ૯ ટાઈમ સ્લોટ: ભક્તોની સુવિધા માટે ૫૧ કુંડી મહાયજ્ઞનું દિવસ દરમિયાન કુલ ૯ ટાઈમ સ્લોટમાં આયોજન કરાયું છે. (સવારે ૮ થી ૯, ૯ થી ૧૦, ૧૦ થી ૧૧, ૧૧ થી ૧૨, બપોરે ૧ થી ૨, ૨ થી ૩, ૩ થી ૪, ૪ થી ૫, અને સાંજે ૫ થી ૬). ૩ વિશાળ યજ્ઞશાળાઓ: મંદિર પરિસરમાં (૧) દક્ષિણ દ્વાર નજીક, (૨) બાણસ્તંભ નજીક, અને શો પેવેલિયન પાસે વિશાળ માત્રામાં યજ્ઞહોમની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. પ્રત્યેક સ્લોટમાં ભક્તો નિયત યજ્ઞકુંડમાં હોમ કરી શકશે. વિશેષ ધોતી કાઉન્ટર: યજ્ઞમાં બેસવા માટે પરંપરાગત પોશાક અનિવાર્ય હોવાથી, ભક્તોની સરળતા માટે ટ્રસ્ટ દ્વારા ’ધોતી કાઉન્ટર’ બનાવવામાં આવ્યા છે, જ્યાંથી યજમાનોને ધોતી પૂરી પાડવામાં આવશે. સોમનાથ એટલે મહામૃત્યુંજયની ભૂમિ: સોમનાથ એ મહામૃત્યુંજયની સિદ્ધ ભૂમિ છે. પૌરાણિક કથાઓ અનુસાર, આ જ પવિત્ર ભૂમિ પર ચંદ્રદેવે મહામૃત્યુંજય મંત્રના કરોડો જાપ કરી ક્ષય રોગમાંથી મુક્તિ મેળવી હતી અને શિવજીનું પરમ સાનિધ્ય પ્રાપ્ત કર્યું હતું. શ્રી સોમનાથ ટ્રસ્ટ તમામ શિવભક્તોને હૃદયપૂર્વક આહવાન કરે છે કે, આવો આપણે સૌ પણ શ્રી સોમનાથ મહાદેવના સાનિધ્યમાં આ મહામૃત્યુંજય યજ્ઞમાં જોડાઈએ અને પવિત્ર શ્રાવણ માસમાં ભક્તિનું અખૂટ ભાથું બાંધીએ.

# ગિરમાં ચાર દિવસીય નેચર ગાઇડ વર્કશોપ સફળતાપૂર્વક સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ : ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્યમાં મુલાકાતીઓને ગુણવત્તાસભર માર્ગદર્શન મળી રહે, સ્થાનિક ઈકો-ગાઈડ્સના જ્ઞાન, કૌશલ્ય અને પ્રસ્તુતિકરણ ક્ષમતામાં વધારો થાય તેમજ પ્રકૃતિ અને વન્યપ્રાણી સંરક્ષણ અંગે વધુ જાગૃતિ કેળવાય તે હેતુથી વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર દ્વારા તા. ૧૬ થી ૧૯ જુલાઈ, ૨૦૨૬ દરમિયાન ચાર દિવસીય નેચર ગાઈડ વર્કશોપનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વર્કશોપમાં વિષય નિષ્ણાત તરીકે નેચર ગાઈડ એકેડેમીના અનુભવી તજજ્ઞોને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જેમણે વિવિધ વિષયો પર તાલીમાર્થીઓને અસરકારક અને વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વર્કશોપમાં ગીર રાષ્ટ્રીય ઉદ્યાન અને વન્યજીવ અભયારણ્ય તથા ગીર ઈન્ટરપ્રિટેશન ઝોન, દેવળિયા ખાતે કાર્યરત ૧૬૫ ઈકો-ગાઈડ્સે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ચાર દિવસ દરમિયાન તાલીમાર્થીઓને પ્રકૃતિ અર્થઘટન મુલાકાતીઓ સાથે અસરકારક સંવાદ કૌશલ્ય, સ્ટોરી ટેલિંગની કળા, ગીરના સમૃદ્ધ જૈવવૈવિધ્ય અને વન્યજીવનને રસપ્રદ રીતે રજૂ કરવાની પદ્ધતિઓ અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન વિવિધ ઈન્ડોર સત્રો, સમૂહ ચર્ચાઓ, પ્રસ્તુતિઓ તેમજ ફિલ્ડ પ્રવૃત્તિઓ દ્વારા ગીરની જૈવવિવિધતા સાથે સંકળાયેલી વિવિધ પ્રેરણાદાયી વાર્તાઓ (Stories)ને અસરકારક રીતે પ્રવાસીઓ સમક્ષ કેવી રીતે રજૂ કરવી તે અંગે વ્યવહારુ તાલીમ આપવામાં આવી હતી. ઉપરાંત, પ્રકૃતિ અવલોકન, મુલાકાતીઓ સાથે સંવાદ કૌશલ્ય, જવાબદાર ઈકો- ટુરિઝમ અને વ્યવસાયિક નેચર ગાઈડ તરીકેની ભૂમિકા અંગે પણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. વર્કશોપના સમાપન સમારંભમાં તાલીમાર્થીઓ દ્વારા ચાર દિવસ ના તાલીમ કાર્યક્રમના અનુભવો રજૂ કરવામાં આવ્યા હતા. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરનાર તમામ ઈકો-ગાઈડ્સને મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.આ વર્કશોપનું આયોજન શ્રી અગ્નીશ્વર વ્યાસ, ભા.વ.સે., નાયબ વન સંરક્ષક, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીરના માર્ગદર્શન હેઠળ તેમજ મદદનીશ વન સંરક્ષકશ્રી, વન્યપ્રાણી વિભાગ, સાસણ-ગીર, પરીક્ષેત્ર વન અધિકારીશ્રીઓ - સ્વાગતિ રેન્જ, અભયારણ્ય રેન્જ તથા ગેસ્ટહાઉસ રેન્જની દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું.વર્કશોપમાં સાસણ-ગીરની સ્થાનિક હોટેલો અને રિસોર્ટ દ્વારા સાથ-સહકાર અને સહભાગિતા પ્રાપ્ત થઈ હતી.આ વર્કશોપ દ્વારા ઈકો-ગાઈડ્સમાં વ્યાવસાયિક ક્ષમતાનો વિકાસ થવાની સાથે ગીરમાં આવતા પ્રવાસીઓને વધુ ગુણવત્તાસભર અને અર્થપૂર્ણ પ્રકૃતિ માર્ગદર્શન ઉપલબ્ધ થશે તેમજ પ્રકૃતિ અને વન્યપ્રાણી સંરક્ષણ પ્રત્યેની જનજાગૃતિને વધુ વેગ મળશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી હતી.

# જૂનાગઢમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળની જિલ્લા બેઠક યોજાઈ: રાજુભાઈ રાઠોડનું સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ તરીકે સન્માન



નરેન્દ્ર દવે જૂનાગઢ

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળના પ્રેરણાસ્ત્રોત ડૉ. પ્રવીણભાઈ તોગડિયાના નેતૃત્વ હેઠળ સમગ્ર દેશમાં હિન્દુ સુરક્ષા, સમૃદ્ધિ અને સન્માન માટે વિવિધ સેવાકીય તથા સંગઠનાત્મક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી રહી છે. તેના જ અનુસંધાને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ અને રાષ્ટ્રીય બજરંગ દળ,જૂનાગઢ જિલ્લાની એક મહત્વપૂર્ણ બેઠક ઝાંઝરડા સ્થિત ખેતલિયા દાદા આશ્રમ ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં જૂનાગઢ જિલ્લાના તમામ તાલુકાના પદાધિકારીઓ તેમજ જિલ્લા ટીમના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ડૉ. પ્રવીણભાઈ તોગડિયા દ્વારા નિર્ધારિત સમગ્ર ભારતમાં ૧ લાખ હનુમાન ચાલીસા કેન્દ્રો સ્થાપવાના લક્ષ્યાંકને વધુ ગતિ આપવા અંગે વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. આ સાથે જૂનાગઢ જિલ્લામાં સંગઠનનો વ્યાપ વધારી, હનુમાન ચાલીસા કેન્દ્રો તથા સંગઠનની વિવિધ સમિતિઓને ગ્રામ્ય કક્ષા સુધી વધુ સક્રિય બનાવવા માટેનું આયોજન ઘડી કાઢવામાં આવ્યું હતું. આગામી દિવસોમાં આવનારા હિન્દુ તહેવારોને ધ્યાનમાં રાખીને વિવિધ ધાર્મિક તથા સામાજિક કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરાઈ હતી. આ ઉપરાંત, આગામી મહિને ડૉ.પ્રવીણભાઈ તોગડિયાનો જૂનાગઢ જિલ્લાના તાલુકાસ્તરે પ્રવાસ યોજાનાર હોય, તેના પૂર્વ આયોજન અંગે પણ બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા આગામી સમયમાં શરૂ થનારા ‘ઘરે-ઘરે સંપર્ક અભિયાન‘ અંગે કાર્યકર્તાઓને માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. આ પ્રસંગે વર્ષોથી સંગઠન પ્રત્યે નિષ્ઠાપૂર્વક કાર્ય કરી હિન્દુ સમાજની સેવામાં સતત સક્રિય રહેલા રાજુભાઈ રાઠોડની ’સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ’ તરીકે વરણી થતાં ઉપસ્થિત તમામ પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા તેમનું ભવ્ય સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના જયસુખભાઈ બુટાણી, રાજુભાઈ રાઠોડ, રાજનભાઈ સોની, ગૌરવ સુખાનંદી, અભિષેક પટોળિયા (જિલ્લા અધ્યક્ષ, AHP), ગોરધનભાઈ ચૌહાણ, હાર્દિકભાઈ ભુવા, હિરેનભાઈ ઠેશીયા, રાજ અરણીયા, હિતેન વાછાણી તેમજ ’ઈન્ડિયા હેલ્થ લાઈન’માં સેવા આપતા ડૉ.આકાશ મોણપરા, ડૉ.નૈમિષ ત્રાડા, ડૉ.જય લાડાણી સહિત જિલ્લાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# ધાનપુર તાલુકા હેલ્થ કચેરી ખાતે રક્તપિતના દર્દીઓને પોષણ કીટનું વિતરણ



દિપક રાવલ દાહોદ લીમખેડા | રાષ્ટ્રીય રક્તપિત નિર્મૂલન કાર્યક્રમ અંતર્ગત ધાનપુર તાલુકા હેલ્થ કચેરી ખાતે આજે ગાયત્રી પરિવાર, દાહોદના સહયોગથી રક્તપિત ના દર્દીઓને પોષણ કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમ દરમિયાન ધાનપુર તાલુકાના કુલ 20 રક્તપિતના દર્દીઓને પોષણ કીટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રસંગે રક્તપિત મેડિકલ ઓફિસર દ્વારા દર્દીઓને રક્તપિત રોગ અંગેની ગેરમાન્યતાઓ દૂર કરી નિયમિત અને સંપૂર્ણ સારવાર લેવાનું મહત્વ સમજાવ્યું હતું. સાથે જ દર્દીઓને વ્યક્તિગત સ્વચ્છતા જાળવવા, હાથ-પગની યોગ્ય સંભાળ રાખવા, સંતુલિત અને પૌષ્ટિક આહાર લેવા તેમજ સારવાર દરમિયાન તબીબની સલાહનું પાલન કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો.કાર્યક્રમમાં તાલુકા હેલ્થ ઓફિસર ડૉ. બી.પી. રમણ, મેડિકલ ઓફિસર ડૉ. અલ્પના જૈન, ડૉ શોભના મુનીયા, ગાયત્રી પરિવાર, દાહોદના પ્રતિનિધિઓ, આરોગ્ય વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓ તેમજ રક્તપિતના દર્દીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમના અંતે ગાયત્રી પરિવાર, દાહોદ દ્વારા અપાયેલા સહયોગ બદલ આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. ઉપસ્થિત દર્દીઓને નિયમિત સારવાર ચાલુ રાખવા, પૌષ્ટિક આહાર અપનાવવા તથા સમાજમાં રક્તપિત અંગેની ગેરસમજો દૂર કરી ભેદભાવમુક્ત સમાજના નિર્માણમાં સહભાગી બનવાની અપીલ કરવામાં આવી હતી.

# લોકસભામાં 'જ્ઞાન ભારત પહેલ' અંતર્ગત પાંડુલિપિ વારસાનાં સંરક્ષણ અંગે ચર્ચા:- "" વલસાડ-ડાંગનાં જનજાતીય સંસ્કૃતિના દસ્તાવેજીકરણ માટે સાંસદ ધવલ પટેલનો પ્રશ્ન..

સુશીલ પવાર | ડાંગ

લોકસભાના ચોમાસુ સત્ર દરમિયાન આજે સંસદમાં દેશની ભવ્ય પાંડુલિપિ (હસ્તપ્રત) વિરાસતના સંરક્ષણ અને ડિજિટલાઈઝેશન અંગે




ઊંડાણપૂર્વક ચર્ચા હાથ ધરવામાં આવી હતી.સંસદની કાર્યવાહી દરમિયાન અધ્યક્ષ ઓમ બિરલાની અધ્યક્ષતામાં પ્રશ્નકાળ અંતર્ગત વલસાડ-ડાંગ (ગુજરાત) સંસદીય વિસ્તારના ભારતીય જનતા પાર્ટી (BJP)ના સાંસદ ધવલભાઈ લક્ષ્મણભાઈ પટેલે ’જ્ઞાન ભારત પહેલ’ (Gyan Bharatam Initiative) ને લઈને એક મહત્વપૂર્ણ પ્રશ્ન રજૂ કર્યો હતો. સાંસદ ધવલ પટેલે ગૃહમાં પ્રશ્ન પૂછતાં જણાવ્યું કે, ભારતની સમૃદ્ધ પાંડુલિપિ વિરાસતના સંરક્ષણ હેતુ શરૂ કરવામાં આવેલી ’જ્ઞાન ભારત પહેલ’નો મુખ્ય ઉદ્દેશ્ય અને તેના પ્રમુખ ઘટકો શું છે? આ સાથે જ તેમણે પોતાના સંસદીય ક્ષેત્રનો વિશેષ ઉલ્લેખ કરતા પૂરક પ્રશ્ન કર્યો હતો કે, દક્ષિણ ગુજરાતના વલસાડ,વાંસદા,ડાંગ,ધરમપુરના વિસ્તારમાં વસતા ધોડિયા, કોકણા અને વારલી જેવા જનજાતીય (આદિવાસી) સમુદાયોની મૌખિક પરંપરાઓ અને પાંડુલિપિઓનું દસ્તાવેજીકરણ કરવા માટે શું પગલાં લેવામાં આવી રહ્યા છે? તેમણે આ પ્રક્રિયામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) ના ઉપયોગ અંગે પણ મંત્રી પાસે સ્પષ્ટતા માંગી હતી.આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા દેશના યુવા કાર્ય અને રમતગમત મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ જણાવ્યું હતું કે, આપણી વિરાસત આપણને દેશની સાચી દિશા અને દર્શન બંને આપે છે. તેમણે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના લાલ કિલ્લા પરથી આપેલા સંબોધનને યાદ કરતા કહ્યું કે, ’વિકસિત ભારત’ના નિર્માણ માટે જે પાંચ પ્રણ (સંકલ્પ) લેવામાં આવ્યા છે, તેમાં ત્રીજો પ્રણ આપણી વિરાસત પર ગર્વ લેવાનો અને તેનાથી પ્રેરણા મેળવવાનો છે. મંત્રીએ ઉમેર્યું કે આપણી હસ્તપ્રતો ( એ આપણી અમૂલ્ય વિરાસત છે,જે આજે દેશભરના મંદિરો, વિવિધ સંશોધન સંસ્થાઓ, મહાવિદ્યાલયો, મઠો, જૈન ભંડારો તેમજ ખાનગી સંગ્રહાલયોમાં સચવાયેલી છે.ડૉ. માંડવિયાએ ’જ્ઞાન ભારત મિશન’ની પ્રગતિના આંકડા રજૂ કરતા ગૃહને માહિતી આપી કે, આ મિશન અંતર્ગત દેશમાં અત્યાર સુધીમાં ૧ કરોડથી પણ વધુ પાંડુલિપિઓનો વ્યાપક સર્વે કરવામાં આવ્યો છે. જેમાંથી અંદાજે ૮ કરોડ પાનાઓનું ડિજિટલાઈઝેશન પૂર્ણ કરી દેવામાં આવ્યું છે અને ૩ લાખ ૭૪ હજારથી વધુ હસ્તપ્રતોને ઓનલાઈન પોર્ટલ પર અપલોડ પણ કરી દેવાઈ છે, જેથી તે સંશોધકો માટે સુલભ બને. દક્ષિણ ગુજરાતના સંદર્ભમાં તેમણે ખાતરી આપી કે દેશના જનજાતીય વિસ્તારોની સ્થાનિક ભાષાઓમાં રહેલી આવી વિરાસતો અને મૌખિક પરંપરાઓને પણ આ સર્વેમાં આવરી લેવામાં આવશે અને તેના પર જરૂરી સંશોધન કરી તેને ડિજિટલ સ્વરૂપે સુરક્ષિત કરવામાં આવશે, જેથી આવનારી પેઢી આપણી આદિવાસી સંસ્કૃતિ અને જ્ઞાનથી માહિતગાર થઈ શકે.

# આહવા-સુબીર માર્ગ પર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત,એકનું ઘટનાસ્થળે મોત



સુશીલ પવાર | ડાંગ

ડાંગ જિલ્લામાં માર્ગ અકસ્માતોનો સિલસિલો યથાવત રહ્યો છે, ત્યારે વધુ એક ગમખ્વાર અકસ્માતની ઘટના સામે આવી છે.ડાંગ જિલ્લાના મુખ્ય મથક આહવાને સુબીર સાથે જોડતા માર્ગ પર કોટબા ગામ નજીક એક સ્વિફ્ટ કાર અને મોટરસાઈકલ વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી.આ ગંભીર માર્ગ અકસ્માતમાં બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યુ હતુ, જ્યારે બાઈક પર પાછળ બેઠેલા અન્ય એક યુવકને ગંભીર ઈજાઓ પહોંચતા સમગ્ર પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે.પ્રાપ્ત પ્રાથમિક વિગતો અનુસાર, એક સ્વિફ્ટ કાર આહવાથી સુબીર તરફ જઈ રહી હતી.તે દરમિયાન વિરુદ્ધ દિશામાંથી જીજે-30-એફ-4957 નંબરની મોટરસાઈકલ પર સવાર થઈને બે વ્યક્તિઓ આહવા તરફ આવી રહ્યા હતા. આ દરમિયાન કોટબા ગામની સીમ નજીક કાર અને બાઈક વચ્ચે સામસામે જોરદાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈકનો કચ્ચરઘાણ વળી ગયો હતો.આ દુર્ઘટનામાં બાઈક ચલાવી રહેલા માનમોડી ગામના યુવકને શરીરે ગંભીર ઈજાઓ પહોંચવાને કારણે તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરૂ ઊડી ગયું હતું. જ્યારે બાઈક પર પાછળ સવાર ઘુબીટા ગામના અન્ય એક વ્યક્તિને નાની-મોટી ગંભીર ઈજાઓ પહોંચી હતી. અકસ્માતને પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઘટના અંગે ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરી હતી. ઈજાગ્રસ્ત યુવકને લોહીલુહાણ હાલતમાં તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે આહવા સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં તેની સારવાર ચાલી રહી છે.ઘટનાની જાણ થતાં જ સ્થાનીક પોલીસ કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને મૃતકના શવને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવાની તજવીજ હાથ ધરી હતી. અકસ્માત કયા કારણોસર સર્જાયો અને તેમાં કોની બેદરકારી હતી, તે અંગેની ચોક્કસ વિગતો પોલીસની સત્તાવાર તપાસ અને કાયદેસરની કાર્યવાહી બાદ જ સ્પષ્ટ થઈ શકશે..

# જંગલની જમીન કંપનીને આપવાનું રદ્દ નહીં કરી વન તંત્રની મેલી રમત : બાબરકોટની દરખાસ્ત નામંજૂર કરવાને બદલે પેન્ડિંગ રખાતાં શંકા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

એક તરફ સિંહ અને માનવ વચ્ચેનો સંઘર્ષ ચિંતાજનક સ્તરે વધી રહ્યો છે ત્યારે બીજી તરફ વન વિભાગ સિંહોનાં અસ્તિત્વને જોખમ માં મૂકીને કોર્પોરેટ કંપનીઓને ફાયદો કરાવવા માટે કેટલો તલપાપડ છે તેનો વધુ એક ચોંકાવનારો પુરાવો સામે આવ્યો છે. અમરેલી જિલ્લાના જાફરાબાદ નજીક બાબરકોટ પાસે આવેલી રિઝર્વ ફોરેસ્ટની ૭૫ હેક્ટર જંગલની જમીન ખાનગી સિમેન્ટ કંપનીને માઈનિંગ માટે સોંપી દેવાની વનવિભાગની હિલચાલથી પર્યાવરણ પ્રેમીઓ અને સ્થાનિકોમાં ભારે રોષ પ્રવર્તે છે. વન વિભાગની પ્રોજેક્ટ સ્કીનીંગ કમિટીએ બાબરકોટની લેન્ડ ડાયવર્ઝનની દરખાસ્તને ના મંજુર કરવાને બદલે પેન્ડિંગ રાખી દીધી છે.૫૦ સિંહોના અવર-જવર અને કોરીડોરવાળી જંગલની જમીન માઈનિંગ માટે આપવા પ્રોજેક્ટ સ્કીનિંગ કમિટીની શંકાસ્પદ ભૂમિકા સિંહોના હરવા-ફરવાના જે વિસ્તારને સત્તાવાર મેનેજમેન્ટ પ્લાનમાં સિંહ કોરિડોર તરીકે દર્શાવવામાં આવ્યો છે અને જ્યાં ૫૦ જેટલા સિંહોનો કાયમી વસવાટ તથા અવરજવર છે તે જંગલની જમીન કંપનીને હોશે-હોંશે આપી દેવા માટે ગીર પૂર્વના| ડીસીએફ દ્વારા પોઝિટિવ અભિપ્રાય આપવામાં આવ્યો છે.જંગલની જમીન



બિનજંગલ માટે ટ્રાન્સફર કરવા માટે ગાંધીનગર ખાતે પ્રોજેક્ટ સ્કિનીંગ કમિટી (પીએસસી)ની થોડા દિવસ પહેલા યોજાયેલી બેઠકમાં હેડઓફ ફોરેસ્ટ, સીસીએફ, સીએફ અને ડીસીએફ જેવા સિનિયર અધિકારીઓ હાજર હતા તેમાં બાબરકોટની આ જમીન નો મુદ્દો હાલ પૂરતો પેન્ડિંગ રાખવામાં આવ્યો છે. જો વન તંત્ર ખરેખર વન્યજીવોનું રક્ષણ કરવા માંગતું હોય તો સિંહોના હબ સમાન આ જંગલની જમીન કંપનીને આપવાની દરખાસ્તને સીધી નામંજૂર કેમ ન કરવામાં આવી? દરખાસ્ત રિજેક્ટ કરવાથી અધિકારીઓની મેલી મુરાદ બર આવે તેમ ન હોવાથી શું આ મામલો અત્યારે શાંત પડી જાય અને ભવિષ્યમાં પાછલા બારણેથી કંપનીને જમીન પધરાવી શકાય તે માટે જ આ મુદ્દાને પેન્ડિંગ રાખી વચલો રસ્તો કાઢવામાં આવ્યો છે.? જો ડીસીએફની જેમ પીએસસી કમિટી બાબરકોટની જમીન મુદ્દે પોઝિટિવ અભિપ્રાય આપે તો આ વિવાદ વધુ વકરે તેમ હતો, જેના કારણે બુદ્ધિપૂર્વક વચ્ચેનો રસ્તો કાઢી દરખાસ્ત પન્ડિંગ રાખી દેતા ધારીથી લઈ ગાંધીનગર સુધીના વનતંત્ર ના અધિકારીઓની સામે આંગળી ચિંધાઈ રહી છે. વનતંત્રના ઉચ્ચ અધિકારીઓની આ શંકાસ્પદ ભૂમિકા સામે હવે ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને બાબરકોટની રિઝર્વ ફોરેસ્ટની જમીન આપવાની આ વિવાદાસ્પદ દરખાસ્તને તાત્કાલિક અસરથી કાયમ માટે રદ કરવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી રહી છે. કોરિડોરનો મુદ્દો હાઈકોર્ટમાં પેન્ડિંગ છે તો પછી શા માટે પોઝિટિવ દરખાસ્ત..?ગંભીર બાબત એ છે કે સિંહ કોરિડોરનો મુદ્દો હાલ ગુજરાત હાઈકોર્ટ સમક્ષ વિચારણા હેઠળ છે. વન મંત્રી ગીરની બોર્ડર પર ગેરકાયદે રિસોર્ટના મુદ્દે મેટર સબ-જ્યુડિસ હોવાનું રટણ કરે છે તો પછી સિંહોના આ જ કોરિડોરની જમીન કંપનીને આપવા માટે ડીસીએફ કક્ષાએથી ગાંધીનગર સુધી મંજૂરીની દરખાસ્ત મોકલતી વખતે કોર્ટ મેટરનો મુદ્દો કેમ ભૂલી જવામાં આવ્યો...?? નવિભાગની આ બેવડી નીતિ ઉચ્ચ અધિકારીઓની દાનત સામે મોટા સવાલો ઉભા કરે છે.

### આંતરરાજ્ય ટોળકીની સંડોવણી, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

# જાફરાબાદમાં રૂ. ૧.૨૨ કરોડના સાયબર ફ્રોડમાં રાજસ્થાનથી બે આરોપી ઝડપાયા

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા રૂ. ૧,૨૨,૮૫,૦૦૦ (૧.૨૨ કરોડ)ની સાયબર છેતરપિંડીના ગુનામાં નાસતા ફરતા બે આરોપીઓને લીલીયા પોલીસની ટીમે રાજસ્થાનના ભીલવાડા જિલ્લામાંથી ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ કેસમાં આંતરરાજ્ય ટોળકીની સંડોવણી બહાર આવી છે. પોલીસની કામગીરી અને ગુપ્ત ઓપરેશન : લીલીયા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. ડી. સાળુંકે અને તેમની ટીમને સાયબર ફ્રોડના નાસતા ફરતા આરોપીઓને ઝડપી પાડવા માટેની કામગીરી સોંપવામાં આવી હતી. પોલીસે ટેકનિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સની મદદ લીધી હતી. રાજસ્થાનના ભીલવાડા જિલ્લામાં તપાસ ચલાવીને આરોપીઓના ચોક્કસ ઠેકાણાની માહિતી મેળવી હતી.માહિતીના આધારે દરોડો પાડીને બંને આરોપીઓને દબોચી




લીધા હતા. ઝડપાયેલા આરોપીઓની વિગત જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ માહિતી પ્રૌદ્યોગિકી અધિનિયમ (IT Act) હેઠળ ગુનો નોંધાયો હતો. તપાસ દરમિયાન આ બે વ્યક્તિઓની સંડોવણી ખુલતા તેમની ધરપકડ કરાઈ છે:૧. કૈલાસચંદ્ર સોનાથ મીણા (રહેવાસી: પદમપુરા-શ્યામગઢ, જી. ભીલવાડા, રાજસ્થાન)૨. બંસીલાલ કૈલાસચંદ્ર મીણા (રહેવાસી: ચેનપુરીયા, જી. ભીલવાડા, રાજસ્થાન)આગળની તપાસ : લીલીયા પોલીસે બંને આરોપીઓને કબજામાં લઈ આગળની કાર્યવાહી માટે જાફરાબાદ ટાઉન પોલીસને સોંપવાની તેમજ વધુ પૂછપરછ કરવાની તજવીજ શરૂ કરી છે. પોલીસ તપાસમાં સાયબર ફ્રોડના આ મોટા નેટવર્કમાં અન્ય વ્યક્તિઓની સંડોવણી, નાણાકીય વ્યવહારો અને ગુનાની સમગ્ર કડી શોધવા માટે તપાસનો ધમધમાટ આગળ ધપાવવામાં આવી રહ્યો છે.

## બહાઉદ્દીન સરકારી કોલેજમાં ONOS અને લાઈબ્રેરી OPAC વિષયક વર્કશોપ યોજાયો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢની બહાઉદ્દીન સરકારી આર્ટસ કોલેજના ગ્રંથાલય વિભાગ દ્વારા વિદ્યાર્થીઓને આધુનિક ડિજિટલ માહિતી સેવાઓથી પરિચિત કરવાના હેતુસર ગ્રંથાલય વિભાગ ખાતે કોલેજના આચાર્યશ્રી ડૉ.જે.આર. વાંઝાના માર્ગદર્શન હેઠળ 'ONOS અને Library OPAC' વિષય પર એક માહિતીસભર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં કોલેજના ગ્રંથપાલશ્રી અમિત વાઘેલા દ્વારા વિદ્યાર્થીઓને ONOS (One Nation One Subscription) યોજના અંગે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત Library OPAC (Online Public Access Catalogue) ના ઉપયોગ દ્વારા પુસ્તકોની શોધ, ઉપલબ્ધતા તપાસવા, ગ્રંથાલયની વિવિધ સેવાઓનો અસરકારક ઉપયોગ તેમજ ઈ-સંસાધનો સુધી સરળતાથી પહોંચવાની પદ્ધતિ અંગે વ્યવહારુ માહિતી આપવામાં આવી હતી.આચાર્યશ્રીએ વિદ્યાર્થીઓને ડિજિટલ માહિતી સ્ત્રોતોનો મહત્તમ લાભ લેવા અને આવા જ્ઞાનવર્ધક કાર્યક્રમોમાં ઉત્સાહપૂર્વક ભાગ લેવા અનુરોધ કર્યો હતો. આ વર્કશોપ વિદ્યાર્થીઓમાં માહિતી સાક્ષરતા, સંશોધન કૌશલ્ય અને ગ્રંથાલયના આધુનિક ઉપયોગ અંગે જાગૃતિ લાવવામાં મહત્વપૂર્ણ સાબિત થશે. કાર્યક્રમના અંતે શ્રી પ્રો. ભાવિક ચાવડા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી અને વિદ્યાર્થીઓને સંસ્થાના ગ્રંથાલયની વિવિધ સેવાઓનો અસરકારક ઉપયોગ કરવા સંદેશ આપવામાં આવ્યો હતો. તેમ સંસ્થાના આચાર્યશ્રી, બહાઉદ્દીન કોલેજ, જૂનાગઢની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## જૂનાગઢ જિલ્લામાં વિવિધ સ્થળોએ રોકાણ કરનાર ગ્રાહકો, મુસાફરો, યાત્રાળુઓની માહિતીની ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત રહેશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાં જાહેર સલામતી, સુરક્ષાના કારણોસર અને કાયદો, વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લાની તમામ હોટેલ, ગેસ્ટ હાઉસ, ધાબા, આશ્રમો, મંદિરો, મસ્જિદ, અતિથિગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડી, બોર્ડિંગ હાઉસ, ધર્મશાળા, મુસાફર ખાના, યાત્રાળુઓ માટે રહેવાની સુવિધા ધરાવતા નિવાસ, ફાર્મ હાઉસ, રિસોર્ટ ખાતે આવતા પ્રાંત, રાજ્ય, દેશ- વિદેશથી આવતા તમામ મુસાફરોની વિગતો ઓનલાઈન વેબસાઈટ www.indianfrro.gov.in/frro તેમાં હોટેલના માલિકે અથવા સંચાલકે અવશ્ય રીતે એન્ટ્રી કરવાની રહેશે. તેમજ આ અંગેના તમામ નિયમો અનુસરવાના રહેશે. જૂનાગઢ જિલ્લામાં વિવિધ સ્થળોએ રોકાણ કરનાર ગ્રાહકો, મુસાફરોની માહિતી 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવી ફરજિયાત રહેશે. ઉપરોક્ત તમામ સ્થળોએ રોકાણ કરનાર ગ્રાહક, મુસાફરોની માહિતી 'પથિક' સોફ્ટવેરમાં ઓનલાઈન નોંધણી કરવા માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી બી.એસ.બારડ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્ર સરકારશ્રીના માર્ગદર્શન અનુસાર આઈ.વી.એફ.આર.ટી. એટલે કે ઈમિગ્રેશન, વિઝા, ફોરેનર્સ રજીસ્ટ્રેશન એન્ડ ટ્રેકિંગ નામની ઓનલાઈન સર્વિસ શરૂ કરવામાં આવી છે. જેમાં રજીસ્ટ્રેશન કરાવ્યા બાદ હોટલના માલિક અને સંચાલકોએ યુઝર આઈ.ડી. અને પાસવર્ડ મેળવી લેવાના રહેશે. તેનો રેકર્ડ પણ નિભાવવાનો રહેશે અને આ તમામ જાણકારી એસ.ઓ.જી. ઓફિસ, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. તેમજ www.indianfrro.gov.in/frro/Form C આ લિંક પર જઈને ફોર્મ સી માં દરરોજ આવતા મુસાફરોની માહિતી અપલોડ કરીને સેવ કરવાની રહેશે. આ માહિતીની પ્રિન્ટ આઉટ જે તે સંસ્થા કે હોટલના માલિક કે સંચાલકે સહી સિક્કા કરીને એક નકલ પોતાના રેકર્ડમાં રાખવી. બીજી આવી જ નકલ એસ.ઓ.જી. કચેરી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. જૂનાગઢ જિલ્લામાં જ્યારે તમામ સ્કૂલ, કોલેજ કે યુનિવર્સિટીમાં વિદેશથી વિદ્યાર્થીઓ આવે, ફેકલ્ટી આવે ત્યારે તેની માહિતી જે તે શૈક્ષણિક સંસ્થાના માલિકે અથવા સંચાલકે www.indianfrro.gov.in/frro/Form A આ લિંકમાં જઈને અપલોડ કરીને સેવ કરવાની રહેશે. ત્યારબાદ તેની પ્રિન્ટ આઉટમાં જે તે શૈક્ષણિક સંસ્થાના માલિકે અથવા સંચાલકે સહી સિક્કા કરીને પોતાના રેકર્ડમાં રાખવી. આવી જ બીજી નકલ એસ.ઓ.જી. કચેરી, ઝાંઝરડા રોડ, જૂનાગઢ ખાતે મોકલી આપવાની રહેશે. આવી જ રીતે તમામ ફોર્મ એ, બી, સી નું અલગ અલગ રજીસ્ટર બનાવવાનું રહેશે. ઓનલાઈન વેબસાઈટની સાથે ઓફલાઈન રજીસ્ટર પણ નિભાવવાનું રહેશે. દરેક મુસાફર, યાત્રાળુ કે વિદેશી નાગરિકોના નક્કર પુરાવા મેળવવાના રહેશે. લોકલ રેફરન્સ સિવાયના વિદેશી મુસાફરો કે અજાણ્યા લોકોના પ્રવાસ માટેનો શું ઉદ્દેશ્ય છે તે માહિતી ખાસ રીતે મેળવવાની રહેશે. આ ઉપરાંત આ તમામ માહિતી https://pathik.guru/ આમાં પણ નોંધણી કરાવવી જરૂરી રહેશે. કોઈપણ મુસાફર, યાત્રાળુ કે વિદેશી નાગરિકોની હિલચાલ જો શંકાસ્પદ જણાય તો તાત્કાલિક રીતે એસ.ઓ.જી. શાખાના ટેલિફોન નંબર ૦૨૮૫- ૨૬૩૫૧૦૧, મોબાઈલ નંબર ૭૫૭૫૦ ૬૧૧૦૧, સ્થાનિક પોલીસ સ્ટેશન, પોલીસ કંટ્રોલ રૂમના ટેલિફોન નંબર ૦૨૮૫- ૨૬૩૦૬૦૩, મોબાઈલ નંબર ૯૫૧૨૨ ૧૧૧૦૦ પર જાણ કરવાની રહેશે. આ ઉપરાંત સી.સી.ટી.વી. કેમેરા. અને તેના ત્રણ માસ સુધીના રેકોર્ડિંગના બેકઅપ સાચવવાના રહેશે. વિદેશી મુસાફરો જે વાહનમાં અવર જવર કરે તેની વિગતો પણ મેન્યુઅલ ગેસ્ટ રજીસ્ટરમાં નોંધવાની રહેશે. તેમને મળવા આવતા ઈસમોની તમામ જાણકારી પણ અલગ રજીસ્ટરમાં નોંધવાની રહેશે. આ સંબંધિત તમામ રજીસ્ટર, રેકર્ડ અને ડેટા પોલીસ જ્યારે જોવા માંગે ત્યારે તેને આપવાના રહેશે. જો ઓનલાઈન ડેટા એન્ટ્રી કરવામાં કોઈપણ સમસ્યા સર્જાય ત્યારે તાત્કાલિક રીતે એલ.આઈ.બી. શાખા, પોલીસ અધિક્ષકશ્રીની કચેરી, કલેક્ટર ઓફિસની બાજુમાં, જૂનાગઢ ખાતે સંપર્ક કરવાનો રહેશે. આ જાહેરનામું જૂનાગઢ જિલ્લાના સમગ્ર વિસ્તારમાં આગામી તા. ૧૬-૦૯-૨૦૨૬ સુધી અમલમાં રહેશે. તેનો ભંગ કરનારી કે અમલ ન કરનારી વ્યક્તિ વિરુદ્ધ નિયમ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર તંગદિલી સર્જાઈ હોવાના સમાચાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગિરનાર પર્વત ઉપર પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો, અને દરેક યાત્રકોનુ સઘન ચેકિંગ સાથે વહેલી સવારથી પોલીસ અને વહીવટી તંત્રની કસોટી હતી કારણ કે,સનાતની સંપ્રદાય દ્વારા દત્ત પાદુકા યાત્રા આજે વહેલી સવારે ગીરનાર પર્વત ઉપર જવા માટે નીકળેલ છે તેમાં પણ આશરે 5,000 થી વધુ લોકો જોડાયેલા છે અને જૈન સંપ્રદાયના દિગંબર સમાજના અનુયાયીઓ પણ મોટી સંખ્યામાં ગિરનાર યાત્રા આવેલ છે આમ તે લોકો વચ્ચે કોઈ જાતનુ ઘર્ષણ કે કોઈની લાગણી ના દુભાઈ તે બાબતની વહીવટી તંત્રએ બહાર પાડેલી ગાઈડલાઈન મુજબ જ દરેકે વર્તવાનું જણાવ્યું છે એમાં કોઈ પણ જાતનું કોઈ જો વિઘ્ન ઊભું કરશે તો એની સામે કાયદેસરના પગલાં લેવા પણ તંત્રએ કડક વલણ અપનાવેલ હોવાછતાં જૂનાગઢમાં ગિરનાર પર્વત ઉપર તંગદિલી સર્જાઈ હોવાના સમાચાર મળ્યા છે જેમાં દિગંબર જૈન સંપ્રદાયના નિર્વાણ લાડુ ગિરનાર પર્વત ઉપરના ૩૦ પગથિયાં ઉપર પરંપરા મુજબ લાડુ ધરાવવાની વિધિ સંપન્ન થઈ હોવાનું જાણવા મળ્યું છે. આથી તંગદિલી સર્જાઈ હોવાના સમાચાર મળ્યા છે.

## જુના મોબાઈલ ફોન/લેપટોપનાં વિક્રેતાઓ એ ખરીદનારનું નામ સરનામુ અને ઓળખ અંગે રજીસ્ટ નિભાવવુ ફરજિયાત

નરેન્દ્ર દવે જૂનાગઢ | રાજ્યમાં બનતા ગુન્હાનઓમાં મોબાઈલ ફોનનો ઉપયોગ થાય છે. તેમજ ચોરીનાં ગુન્હાઓનું પ્રમાણ વધ્યુ હોય, ગુન્હાઓમાં વપરાયેલ અથવા વપરાય ગયેલ મોબાઈલ ફોનના ઇ.એમ.ઇ. આઇ.નંબરનું ટ્રેકીંગ કરીને ગુન્હારના મુળ સુધી પહોંચવાનાં પ્રયાસો કરવામાં આવે છે. ઘણી વખત મોબાઈલ ફોનનાં વપરાશ કર્તાઓ સુધી પહોંચવામાં આવે ત્યારે જાણવા મળે અજાણ્યા માણસ પાસેથી મોબાઈલ/લેપટોપ ખરીદેલ છે.જે મોબાઈલ/લેપટોપ વેચનાર/ખરીદનારને ચોરાયેલ અથવા ગુન્હામાં વપરાયેલ હોવાની માહિતી હોતી નથી. જેથી ગુન્હાઓની તપાસમાં કોઇ ફળદાયી હકીકત મળતી નથી. આરોપીને પકડી પાડવા તેમજ મોબાઈલ/લેપટોપ ચોરીના ગુન્હાઓને અટકાવી શકાય અને ગુન્હાઓના મુળ સુધી પહોંચી શકાય તે માટે જુના મોબાઈલના વપરાશકારે મોબાઈલ કોની પાસેથી ખરીદ્યો અથવા કોને વેચ્યો તે જાણવુ જરૂરી છે. જુના મોબાઈલ ફોન/લેપટોપનાં લે-વેચનો વ્યવસાય કરતા વિક્રેતાઓએ મોબાઈલ/લેપટોપ લેતા અગાઉ મોબાઈલ/લેપટોપ વેંચનારનું નામ, સરનામુ નોંધવુ ફરજિયાત છે. જુના મોબાઈલ/લેપટોપ વેંચતા ખરીદતા અગાઉ નિયત રજીસ્ટરર નિભાવવુ જરૂરી છે. જૂનાગઢ જિલ્લામાં મોબાઈલ ફોનનાં લેનાર અને વેચાણ કરનાર દુકાનધારકો/વેપારીઓ એ ખરીદનાર કે વેંચનારની સાચી માહિતી અને વિગતો મળી રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ બી.એસ.બારડને મળેલ સત્તાની રૂએ આદેશ જાહેર કરી મોબાઈલ ફોન/લેપટોપ લેનાર અને વેંચનારની વિગતો માટે ઓળખકાર્ડ વિના મોબાઇ ફોન/લેપટોપ લઇ કે વેંચી શકશે નહીં અને વેપારીઓએ મોબાઈલ/લેપટોપ કંપનની વિગત, આઇ.એમ. ઇ.આઇ. અને સિરીયલ નંબર, મોબાઈલ/લેપટોપ વેંચનાર કે ખરીદનારનું નામ-સરનામુ અને આઇ.ડી.પ્રુ.ની વિગત સાથે રજીસ્ટીર નીભાવવાનું રહેશે. આ જાહેરનામું તાત્કાલીક અસરથી તા.૧૬/૦૯/૨૦૨૬ સુધી અમલમાં રહેશે.આ જાહેરનામાના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર BNSS,2023 ની કલમ-૨૨૩ મુજબ હેઠળ શિક્ષાને પાત્ર ઠરશે. તેમજ આ જાહેરનામાના ભંગ બદલ ફરિયાદ માંડવા માટે પોલીસ હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરની કક્ષાના પોલીસ અધિકારીને અધિકૃત કરવામાં આવે છે.

## જૂનાગઢ જિલ્લામાં તાર ફેન્સીંગ અને મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રકચર યોજનાના લાભાર્થીઓને સમયમર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવા અનુરોધ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લામાં તાર ફેન્સીંગ યોજના તેમજ મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન) યોજના હેઠળ પૂર્વમંજૂરી મેળવનાર તમામ લાભાર્થી ખેડૂતોને નિયત સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ કરી સહાય માટેની દરખાસ્ત રજૂ કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા અપીલ કરવામાં આવી છે. જૂનાગઢ જિલ્લામાં તાર ફેન્સીંગ યોજના હેઠળ તા. ૦૫-૦૬-૨૦૨૬થી સમયાંતરે કુલ ૪૦૮ ખેડૂતોને પૂર્વમંજૂરી આપવામાં આવી છે. યોજનાની શરતો મુજબ લાભાર્થીએ પૂર્વ મંજૂરી મળ્યાથી ૯૦ દિવસની અંદર તાર ફેન્સીંગનું કામ પૂર્ણ કરવાનું રહેશે.તે જ રીતે, મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર (ગોડાઉન) યોજના હેઠળ તા. ૨૫-૦૫-૨૦૨૬થી સમયાંતરે કુલ ૨૪૪ ખેડૂતોને પૂર્વ મંજૂરી આપવામાં આવી છે. આ યોજના હેઠળ લાભાર્થીએ પૂર્વ મંજૂરી મળ્યાથી ૯૦ દિવસ ની અંદર કામગીરી શરૂ કરવી, કામગીરી શરૂ થયાનો ફોટો આઈ-ખેડૂત પોર્ટલ પર અપલોડ કરવો તેમજ ગ્રામસેવક (ખેતી)ને જાણ કરવાની રહેશે. જો ૯૦ દિવસની અંદર કામગીરી શરૂ નહીં કરવામાં આવે તો અરજી અને પૂર્વમંજૂરી આપોઆપ રદ થશે. ઉપરાંત, ગોડાઉનની સંપૂર્ણ કામગીરી પૂર્વ મંજૂરી મળ્યાથી ૧૫૦ દિવસની અંદર પૂર્ણ કરવી ફરજિયાત રહેશે.બંને યોજનાઓના લાભાર્થીઓએ કામગીરી પૂર્ણ થયા બાદ જીપીએસ (અક્ષાંસ-રેખાંશ) સાથેના ફોટોગ્રાફ્સ, ખરીદીના તમામ બિલો તથા અન્ય જરૂરી સાધનિક દસ્તાવેજો પોતાના આઈ-ખેડૂત પોર્ટલના લોગિન દ્વારા ફરજિયાત અપલોડ કરી ક્લેઈમ સબમિટ કરવાનો રહેશે. ત્યારબાદ તમામ સાધનિક દસ્તાવેજો સાથે સહાય દરખાસ્ત સંબંધિત તાલુકાના વિસ્તરણ અધિકારી (ખેતી)ને રજૂ કરવાની રહેશે.નિયત સમયમર્યાદામાં સહાય દરખાસ્ત રજૂ કરવામાં નહીં આવે તો પૂર્વમંજૂરી રદ ગણાશે અને સહાય મેળવવાનો હક રહેશે નહીં. તેથી તમામ લાભાર્થી ખેડૂતોને સમયસર જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી સહાય દરખાસ્ત રજૂ કરવા અનુરોધ કરવામાં આવે છે. વધુ માહિતી માટે ગ્રામ્ય કક્ષાએ ગ્રામ સેવક (ખેતી) અથવા તાલુકા કક્ષાએ વિસ્તરણ અધિકારી (ખેતી)નો સંપર્ક કરવા જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી, જિલ્લા પંચાયતની યાદીમાં જણાવ્યું છે.

## નોબલ યુનિવર્સિટીમાં "વિકસિત ભારત યુવા કનેક્ટ" કાર્યક્રમનું સફળ આયોજન


નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ સ્થિત નોબલ યુનિવર્સિટીના NSS યુનિટ દ્વારા યુવા કાર્યક્રમ અને રમતગમત મંત્રાલય, ભારત સરકાર તથા માય ભારત (MY Bharat) ના સહયોગથી તા. 18 જુલાઈ, 2026 ના રોજ 'વિકસિત ભારત યુવા કનેક્ટ' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. ગૌરવની વાત એ છે કે સમગ્ર ભારતની માત્ર 150 યુનિવર્સિટીઓને આ પ્રતિષ્ઠિત કાર્યક્રમના આયોજન માટે પસંદ કરવામાં આવી હતી, જેમાં નોબલ યુનિવર્સિટીનો સમાવેશ થયો હતો અને સમગ્ર સૌરાષ્ટ્ર વિસ્તારમાંથી પસંદગી પામનાર એકમાત્ર યુનિવર્સિટી બની હતી.કાર્યક્રમમાં જાણીતા યુથ આઇકન શ્રી સ્મિત કામરિયાએ યુવાનોને વિકસિત ભારત @2047ના વિઝન સાથે જોડાઈ જવાબદાર નાગરિક બનવા અને સમાજ વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. કાર્યક્રમમાં જિલ્લા યુવા અધિકારી શ્રી મયંક ભડોદરિયાએ MY Bharat Portalના હેતુ, મહત્વ અને યુવાનો માટે ઉપલબ્ધ વિવિધ તકો અંગે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ હાર્ટફુલનેસ ઈન્સ્ટિટ્યૂટ ના શ્રીમતી શિલ્પા હિંગરાજીયાએ નશામુક્ત



ભારત અભિયાન, ધ્યાન (Meditation) અને યોગના મહત્વ અંગે પ્રેરણાદાયી માર્ગદર્શન આપ્યું. આ કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓમાં NSS સાથે જોડાઈ સ્વયંસેવક તરીકે સમાજસેવામાં જોડાવાની પ્રેરણા સાથે જ યુવાનોમાં નેતૃત્વ, જવાબદારી, સ્વયંસેવક ભાવના અને વિકસિત ભારત @2047ના વિઝનને સાકાર કરવા માટે સક્રિય સહભાગી બનવાનો સંદેશ આપવામાં આવ્યો. આ કાર્યક્રમ ના અંતે, તમામ વિદ્યાર્થીઓને પ્રમાણપત્રો આપવામાં આવ્યા. આ કાર્યક્રમનું સફળ આયોજન નોબલ યુનિવર્સિટીના NSS Program Coordinator શ્રી આકાશ પૂજારી, Director of Students Welfare ડૉ. જયદીપ ખાંટ તથા Noble University ના Faculty of Humanities & Science ના સ્ટાફ સભ્યોના સંકલન અને સહયોગથી કરવામાં આવ્યું હતું. નોબલ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ડો.નિલેશભાઈ ધુલેશિયા, વાઈસ પ્રેસિડેન્ટશ્રી ગીરીશભાઈ કોટેચા, મેનેજીંગ ટ્રસ્ટીશ્રી વી. પી. ત્રિવેદી, કો-મેનેજીંગ ટ્રસ્ટીશ્રી કે. ડી. પંડ્યા, પ્રોવોસ્ટ ડો.એચ. એન. ખેર, વાઈસ પ્રોવોસ્ટ ડૉ.સી. ડી. સાંખવરા અને રજીસ્ટાર ડો.જય તલાટી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

## માત્ર પૈસા ની ભૂખ , પ્રવાસીઓ ના જીવ જોખમી બોટિંગ પ્રવૃત્તિ:- તંત્ર કુંભકર્ણ ની નિદ્રામાં



સુશીલ પવાર | ડાંગ

ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારામાં પ્રવાસીઓની સુરક્ષાને લઈને ફરી એકવાર ગંભીર સવાલો ઊભા થયા છે. સાપુતારાના મુખ્ય આકર્ષણ સમાન સર્પગંગા તળાવમાં હાલમાં પ્રવર્તી રહેલા અતિશય ગાઢ ધુમ્મસ અને 'ઝીરો વિઝિબિલિટી' (નજીકનું પણ ન દેખાવું) જેવી જોખમી પરિસ્થિતિ હોવા છતાં, નિયમોને નેવે મૂકીને બેરોકટોક બોટિંગ ચાલુ રાખવામાં આવ્યું છે.વાતાવરણ એટલું ધૂંધળુ છે કે સામેથી આવતી અન્ય બોટ પણ જોઈ શકાતી નથી,તેમ છતાં તળાવમાં બોટોની ભારે ભીડ જોવા મળી રહી છે, જે કોઈપણ મોટી હોનારતને ખુલ્લું આમંત્રણ આપી રહી છે.સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, અહીં સુરક્ષા વ્યવસ્થાના નામે મીંડું છે.તળાવમાં દોડતી બોટોની સંખ્યાની સરખામણીએ ત્યાં તૈનાત કરવામાં આવેલો સુરક્ષા સ્ટાફ ખૂબ જ ઓછો છે. જો આવી કપરી પરિસ્થિતિમાં કોઈ દુર્ઘટના સર્જાય અથવા બોટો પરસ્પર અથડાય, તો પ્રવાસીઓનો બચાવ કોણ કરશે અને આ માટે જવાબદાર કોણ રહેશે? તે એક મોટો સવાલ છે. નિર્દોષ પ્રવાસીઓના જીવ જોખમમાં મૂકાઈ રહ્યા હોવા છતાં વહીવટી તંત્ર દ્વારા આ ગંભીર બેદરકારી સામે આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સ્થાનિકો અને જાગૃત નાગરિકોમાં તંત્રની નબળી કામગીરી સામે ભારે રોષ જોવા મળી રહ્યો છે. ભૂતકાળની મોટી હોનારતોમાંથી પાઠ ભણવાના બદલે તંત્ર હજુ પણ કોઈ મોટી દુર્ઘટના બને તેની રાહ જોઈને બેઠું હોય તેવું લાગી રહ્યું છે.સ્થાનિક રહીશો અને પ્રવાસી હિતરક્ષકો માંગ કરી રહ્યા છે કે, કોઈ મોટી જાનહાનિ થાય તે પહેલાં જ વહીવટી તંત્ર સફાળું જાગે અને ધુમ્મસભર્યા વાતાવરણમાં બોટિંગ પર તાત્કાલિક પ્રતિબંધ મૂકવા સહિતના કડક સુરક્ષા પગલાં ભરવાની માંગ ઉઠી છે..

## કચ્છી નવા વર્ષ નિમિત્તે ભુજના બહુમાળી ભવન ખાતે વૃક્ષારોપણ કરી ઉજવણી



જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

કચ્છી નવા વર્ષ અષાઢી બીજના પાવન અવસરે ભુજના બહુમાળી ભવન ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજી નવા વર્ષની હરિયાળી સાથે ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન લખપતના પીઢ પ્રવાસન ગાઈડ ઓસમાણ નોતિયારના હસ્તે વડ સહિત કુલ ચાર વૃક્ષોનું રોપણ કરવામાં આવ્યું હતું. ઉપસ્થિત સૌએ વૃક્ષોની નિયમિત માવજત કરી તેને ઉછેરી પર્યાવરણ સંરક્ષણમાં યોગદાન આપવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ કાર્યક્રમનું આયોજન કચ્છના નિવૃત્ત આર્મી જવાન અને જાણીતા પ્રવાસન ગાઈડ ભરત સુથારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. ભરત સુથાર લાંબા સમયથી પક્ષીઓને ચણ, શ્વાનોને રોટલા, વૃક્ષારોપણ સહિતની વિવિધ સેવાકીય અને પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. કચ્છી નવા વર્ષના અવસરે તેમણે ચાર વૃક્ષો લાવી તેનું રોપણ કરાવ્યું અને તેની સંભાળ રાખવાની જવાબદારી પણ સ્વીકારી હતી.વૃક્ષારોપણ કાર્યક્રમમાં ભરત સુથાર, ઓસમાણ નોતિયાર, લિયાકતઅલી નોતિયાર (લખપત), એડવોકેટ અબ્દુલભાઈ, દર્શન રાઠોડ, ખાનભાઈ સહિતના સેવાભાવીઓએ ખાડા તૈયાર કરવાથી લઈને વૃક્ષારોપણની સમગ્ર પ્રક્રિયામાં સક્રિય સહભાગી બની પર્યાવરણ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

## માનકૂવામાં યુવા શક્તિ સંગઠનનો ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો

મહેશ એલ. સોની નખત્રાણા

રવિવાર તા. 19/07/2026 ના રોજ માનકૂવા હાઈસ્કૂલના પ્રાંગણમાં માનકૂવા યુવા શક્તિ સંગઠન દ્વારા આયોજિત ફ્રી મેગા હેલ્થ ચેકઅપ કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘરઆંગણે આરોગ્ય સેવા મળી રહે તે ઉમદા હેતુથી આ કેમ્પ યોજવામાં આવ્યો હતો.કેમ્પમાં ભુજની એકોર્ડ હોસ્પિટલના તજજ્ઞ ડોક્ટરો અને તેમની સમગ્ર તબીબી ટીમ દ્વારા વિનામૂલ્યે બ્લડપ્રેશર, સુગર, ઈસીજી, જનરલ ચેકઅપ સહિતની વિવિધ આરોગ્ય તપાસ કરવામાં આવી



હતી. સેંકડો ગ્રામજનોએ આ તકનો લાભ લીધો હતો.આ પ્રસંગે ભુજ સ્વામિનારાયણ મંદિરના સંતશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્ય શ્રી ખીમજીભાઈ સીજુ, માનકૂવા હાઈસ્કૂલના પ્રમુખ શ્રી શીવજીભાઈ પુજાણી તેમજ ગામના તમામ સમાજના આગેવાનશ્રીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.માનકૂવા યુવા શક્તિ સંગઠન દ્વારા તમામ મહાનુભાવોનું પુષ્પગુચ્છ અને શાલ ઓઢાડીને હાર્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. સંગઠન દ્વારા કેમ્પને સફળ બનાવવા બદલ એકોર્ડ હોસ્પિટલ ભુજના તમામ ડોક્ટરશ્રીઓ અને તેમની ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.



### ગિરનારની યાત્રા માટે આજે ૧૩૪૦૮ યાત્રાળુઓનું રજીસ્ટ્રેશન થયું છે તેવા અહેવાલ.....

# ગાંધી ચિંધ્યો માર્ગ


ભૂતકાળ ની ભૂલ સુધરવા માટે વારંવાર પ્રકૃતિ માણસ ને ઈશારો કર્યા કરતી હોય છે છતાંય પ્રકૃતિના ઈશારાની દરકાર કર્યા વગર સ્વાર્થ માટે પ્રિ આયોજિત આંદોલનો, સરઘસો,હડતાળ વગેરેના ગાડરિયા પ્રવાહ નો ભાગ આપણે બધા બની જતા હોઈએ છીએ.જ્યારે જ્યારે સ્વાર્થ સર્વોપરી બને છે ને ત્યારે માણસ "ધૃતરાષ્ટ્ર" બની જતો હોય છે. "ગાંધી ચીંધ્યો માર્ગ" એટલે શાંતિ પૂર્ણ આંદોલનો એવું થાય પણ અત્યારે ગાંધી ચિંધ્યો માર્ગ ને ભાડૂતી માણસો દ્વારા હિંસાત્મક બનાવી ને શાસક પક્ષ ની વિરુદ્ધ હથિયાર બનાવી ને વિપક્ષ વાપરે છે. આ પ્રકાર ના પ્લાન ને સફળ બનાવવા માટે યુવા માં ફેમસ સોનમ વાંગચુક અને ગાંધીજીના વિચારો ને અનુસરતી અને જીવતી "અન્ના હજારે" જેવા સોશિયલ વર્કર ની પસંદગી કરવામાં આવતી હોય છે. ભારત માં મોટાભાગ ના આંદોલનો એ સામન્ય જનતા ના મુદ્દાઓ ને હલ કરવા માટે નથી થતા પક્ષ વિપક્ષ પોતાના સ્વાર્થ માટે કરતા હોય છે.ભલે આંદોલનો નો દેખીતો મુદ્દો જનતાનો લાગે પણ એમાં શાસક પક્ષ ની સ્થિતિ નબળી કરવાનો પ્રયત્ન હોય છે. આ વાત આંદોલન માં ભાગ લેનાર સામન્ય જનતા ને આંદોલન સમાપ્તિ ની ઘોષણા બાદ જ સમજાતી હોય છે. આવા પ્રકાર ના આંદોલનો એ કરોળિયા ની જાળ જેવા હોય છે એમાં ફસાયા બાદ મોટા માણસો તો પતલી ગલી શોધી નીકળી જાય છે પણ સામન્ય માણસ ના માથે કાનૂન ની તલવાર કાયમ લટકે છે. ભારતની આઝાદી બાદ મૂળ જ દગાબાજ અને ભ્રષ્ટ રાજનીતિ ના નાખ્યા છે તો સ્વાર્થ અને લાલચ ના જ ફળ ઉગવાના. ખેડૂતો, વિદ્યાર્થીઓ અનામત,ગરીબો, બેકારી વગેરે વગેરે મુદ્દાઓ શાસક પક્ષો જડમુળ થી દૂર કરે તો દર પાંચ વર્ષે ચૂંટણીનો નવો સંવેદન શીલ મુદ્દો ક્યાંથી લાવે. મુદ્દા વગર ની રાજનીતિ બુઠ્ઠી તલવાર જેવી હોય છે રાજનીતિ ની તલવાર પર જંક ના લાગે એટલે તો "ગાંધી ચિંધ્યો માર્ગ" ના ખોટા નાટક માં આંદોલનો, સરઘસો,હડતાળ વગેરે થતા હોય છે.ભારતની આઝાદી ના ૭૮વર્ષ માં સૌથી વધારે શાસન કોંગ્રેસ પક્ષ એ કર્યું છે છતાંય એના શાસન માં પણ પેપર લીક,ખેડૂતો ની સમસ્યા,બે રોજગારી,મધ્યમ વર્ગીય ની સમસ્યા વગેરે વગેરે મુદ્દાઓ હલ થયા નથી. વર્તમાન સમયમાં મોદી સરકાર ના ૧૦ વર્ષ પૂરા થવા આવશે તો પણ સંવેદન શીલ મુદ્દાઓ માં સુધારો થશે નહી,કેમ? આ મુદ્દાઓ ના લીધે તો રાજકારણીઓ ની દુકાનો ધમ ધમતી હોય છે. સાચા અર્થમાં "ગાંધી ચિંધ્યો માર્ગ" ની વ્યાખ્યા ની આડ માં આંદોલન કારીઓ નેતાઓના નકશા ને કરતા હોવાથી અંતે અસરકારક નીવડતી નથી,કેમ? આંદોલન ના મુખ્ય નેતા અધવચ્ચે થી આમરણ ઉપવાસ નો નિયમ તો લે છે પણ ભૂખ બીમારી બની જતા હોસ્પિટલ ભેગો થાય છે અને નેતા વગર ના આંદોલન ની કમાન ગુનાખોરી તત્વો ના હાથ માં આંદોલન ની કમાન આવતા આંદોલન હિંસક બની જાય છે.કાલ ન્યૂઝ ચેનલો માં શબાના આઝમી વગેરે ને ટેન્ટ માં આંદોલન કારી સાથે વાતો કરતા અને કોલેજ બેગ લઈ ને સુતેલા આંદોલન કારી ને ભેટતા દશ્યો આવ્યા હતા.આજે દિલ્હીની સડક પર અસંખ્ય પથ્થરો જોતા લાગ્યું કે પીઠ પર કોલેજ બેગ અને મોઢા પર રૂમાલ બાંધી ને વિદ્યાર્થીઓના વેશ માં રેલી માં પ્રવેશેલ એ અસમાજિક તત્વો નું લક્ષ્ય ધન ધનાધન હશે પણ લાખો નિર્દોષ વિદ્યાર્થીઓનું જીવન શું કામ ગુનેગાર બનાવવું છે? વર્ષો પહેલા કાશ્મીર,દિલ્હી અને ગુજરાત માં પણ આ પ્રકારે આતંકીઓ દ્વારા થતા પથ્થર મારા ના દ્રશ્યો જોવા મળ્યા હતા.શું આ રેલી માં આતંકીઓ તો સામેલ થયા નથી ને? કેમકે ક્યારેય વિદ્યાર્થી રેલી ના ઈતિહાસ માં આંદોલન ની રેલી આટલી ઉગ્ર અને હિંસક બની નથી? દેખીતી રીતે તો નીટ પરીક્ષા પેપર લીક ના મુદ્દા ને સક્ષમ રાજકારણીઓ એ પોતાની રાજનીતિ ચમકાવવા માટે હસ્તગત કર્યો હોય એવું લાગે છે. ગાંધી ચિંધ્યો માર્ગ ના મૂળ માં સત્ય,અહિંસા, સાદાઈ, સ્વદેશી અને સત્યાગ્રહ રહેલા છે.શું આંદોલન કારી એ રેલી માં ગાંધી ચિંધ્યા માર્ગ નું પાલન કર્યું છે? માન્યું કે પેપર લીક નો મુદ્દો એ વિધાર્થી ના ભવિષ્ય સાથે કરવામાં આવતી એક પ્રકારે છેડછાડ છે આ ગુના બદલ એની સાથે સાંકળેલ બધા આકરી સજા ને પાત્ર છે.ગાંધીજી ના શબ્દો : પ્રજા સેવક થી ભુલ થાય તો સજા એક નહી બન્ને ગાલ ને થવી જોઈએ.લોકશાહી માં નેતા નહી પ્રજા સર્વોપરી હોય છે એટલે શાસક એ પ્રજા ના મુદ્દાઓને ધ્યાનથી



- રુપાલી દવે


સાંભળી ને તુરંત નિર્ણય કરવો જોઈએ.શાસક પક્ષે સમજવાની જરૂર છે કે દરેક દેશનો યુવા અને ખેડૂત જ એનો સર્વાંગી વિકાસ એ પ્રગતિશીલ બનાવી શકે છે. ભારતની ભોળી પ્રજા એ નેતાઓ પ્રેરિત આંદોલનો નો હિસ્સો બની જતી હોય છે. આંદોલન સ્થળ સુધી જનતા ને ખેંચવા પાછળ ન્યૂઝ ચેનલોનો ફાળો વધારે હોય છે. ન્યૂઝ ચેનલો જ આ પ્રકાર ના પ્રિપ્રાયોજિત આંદોલનો નું રાત દિવસ લાઈવ પ્રસારણ કર્યા કરે છે. અત્યારે જે પણ ન્યૂઝ ચેનલો ઓપન કરશો ને તો એમાં લાઈવ આંદોલન નું ક્રિકેટ મેચ ની માફક પ્રસારણ જોવા મળશે. મીડિયા પાસે નિટ પેપર માં થઈ રહેલ ગડબડી વિશે ચર્ચાઓ કરવા માટે સ્લોટ નથી પણ આંદોલન નું લાઈવ પ્રસારણ માટે આખો દિવસ અને રાત છે.


ભારતીય જનતા ભૂલી જાય છે કે એનો વોટ ભલીભલી સરકાર ને ઉથલપાથલ કરવા માટે સક્ષમ છે. પશ્ચિમી દેશો અને ભારત થી ઉત્તર પૂર્વ દિશા માં આવેલ ચીન, જાપાન,કોરિયા વગેરે દેશો સામાજિક, આર્થિક અને વ્યવસાયિક દૃષ્ટિ એ વિશ્વ માં નંબર વન દેશો છે, કેમ? ત્યાંની જનતા આંદોલન ના બદલે એના મુદ્દાઓ માટે અધિકાર પર વિશ્વાસ રાખે છે.આ દેશો માં દેશદ્રોહ ની સજા મોત છે ને ન્યાય બધા રાજા થી લઈને રંક માટે સરખો. આમ તો જંતરમંતર પર થી નીકળેલ રેલી નો હેતુ વિદ્યાર્થીઓના મુદ્દાઓ લક્ષી ને બદલે રાજકીય વધારે લાગે છે.સંસદ સત્ર માં "સીમાંકન બિલ" માં અડચણ લાવવા માટે નું વિપક્ષ ના નેતાઓનું પ્લાનિંગ દેખાય છે. નિટ પેપર લીક મુદ્દા થી ધ્યાન ભટકાવી ને સંસદ સત્ર માં સીમાંકન બિલ પર ચર્ચા ન થઈ શકે ને સંસદ સત્ર નિષ્ફળ જાય એવું ષડયંત્ર લાગે છે. જો સંસદમાં સીમાંકન બિલ બહુમતી થી મંજૂર થઈ જાય તો ભારત ની બંગલા દેશ, પાકિસ્તાન, ચીન, મ્યાંમાર,નેપાળ, અફઘાનિસ્તાન,ભૂતાન વગેરે દેશો ને લાગતી ભારત ની સરહદો બંધ થઈ જશે. સરહદ પારની પાકિસ્તાન ની ઈલિગ્લ પ્રવૃતિઓ આતંકી, ડ્રગ્સ ગાંજો વગેરે ની સપ્લાય અને ગેર કાયદેસર સ્થળાંતર કરતા લોકો પર કાયમી તાળા લાગી જશે.પાકિસ્તાન ના પાણી મુદ્દે ભારત સાથે વાતચીત પર કાયમી ચોકડી લગી જશે.સીમાંકન બિલ એ કોંગ્રેસ અને સમાજવાદી પક્ષ માટે માંથા નો દુઃખાવો છે.જો સીમાંકન બિલ બહુમતી થી મંજૂર થયું તો ભારત ના મોટાભાગ ના રાજકારણી ઓના ખાતા માં પડોશી દેશો ના હૂંડિયામણની આવક બંધ થઈ જશે.આ કારણોસર તો અત્યારે સંસદ ની અંદર વિપક્ષના નેતાઓના પ્લાન અને બહાર વિદ્યાર્થીઓના વેશ માં ગુંડા તત્વોની રેલી ચાલી રહ્યું છે. વાસ્તવિકતા તો એ છે કે અસંખ્ય શહીદોની કુરબાની થી સ્વતંત્રતા મેળવેલ ભારત દેશના દુશ્મન બહાર કરતા દેશની અંદર વધારે છે.ગાંધીના મુખોટા પહેરી ને ફરતા દેશ ના દુશ્મનો ને જનતા એ ઓળખવા પડશે.આ માટે પ્રિપ્રાયોજિત રેલી,આંદોલન કે સરઘસ માં સામેલ થવાના બદલે વોટના અધિકારને તાકાત બનાવી ને ગાંધી ચિંધ્યો માર્ગ અપનાવો.



# 'રેંચો'નું પાત્ર સોનમ વાંગચુકથી પ્રેરિત નથી

## ડિરેક્ટર રાજકુમાર હિરાણીએ જણાવ્યું- FTIIના વિદ્યાર્થી પાસેથી મળી હતી પ્રેરણા





(એજન્સી) મુંબઈ | તા.20

ફિલ્મ '3 ઈડિયટ્સ' રિલીઝ થયાને 15 વર્ષથી વધુ સમય થઈ ગયો છે. ઘણા વર્ષોથી સતત એક દાવો કરવામાં આવી રહ્યો છે કે ફિલ્મનું પ્રખ્યાત પાત્ર રેંચો ઉર્ફે ફુનસુખ વાંગડુ શિક્ષણ સુધારક સોનમ વાંગચુકથી પ્રેરિત હતું.

આ વાત હવે એટલી વાર કહેવામાં આવી છે કે ઘણા લોકો તેને હકીકત માનવા લાગ્યા છે. જોકે, ઉપલબ્ધ રેકોર્ડ અને ફિલ્મ સાથે સંકળાયેલા લોકોના નિવેદનો જોતા આ દાવા અંગે ઘણા પ્રશ્નો ઊભા થાય છે.

પ્રથમ દ્રષ્ટિએ બંને વચ્ચે કેટલીક સમાનતાઓ જોવા મળે છે. બંને એન્જિનિયર છે, શિક્ષણ ક્ષેત્ર સાથે જોડાયેલા છે, શાળા ચલાવે છે અને તેમનો સંબંધ લદ્દાખ સાથે છે. ફિલ્મમાં રેંચોની અસલી ઓળખ ફુનસુખ વાંગડુ તરીકે દર્શાવવામાં આવી છે, જેનું નામ પણ સોનમ વાંગચુક સાથે મળતું આવે છે.

જોકે, વાર્તાના મુખ્ય ભાગમાં રેંચોનું જીવન સંપૂર્ણપણે અલગ દેખાય છે. ફિલ્મમાં તે એક શ્રીમંત પરિવારના પુત્રની ઓળખ અપનાવીને એન્જિનિયરિંગ કોલેજમાં અભ્યાસ કરે છે.

તેની વાર્તા મિત્રતા, અભ્યાસ, પરીક્ષા, હોસ્ટેલ જીવન અને શિક્ષણ વ્યવસ્થાના વિરોધની આસપાસ ફરે છે. ફિલ્મના અંતમાં તે લદ્દાખમાં એક શાળા ચલાવતો જોવા મળે છે. આ જ ભાગ સોનમ વાંગચુક સાથે સરખામણીનું સૌથી મોટું કારણ માનવામાં આવે છે.

તપાસમાં જાણવા મળ્યું કે 3 ઈડિયટ્સની સ્ક્રિપ્ટ 1 ઓગસ્ટ 2007ના રોજ સ્ક્રીનરાઈટર્સ એસોસિએશન સાથે રજીસ્ટર થઈ હતી. ઉપલબ્ધ માહિતી દર્શાવે છે કે આમિર ખાન અને સોનમ વાંગચુક પહેલીવાર એપ્રિલ 2008માં જાહેરમાં મળ્યા હતા. જો સ્ક્રિપ્ટ પહેલેથી જ પૂરી થઈ ગઈ હતી, તો સવાલ એ થાય છે કે શું 2008ની મુલાકાત પહેલા લખાયેલી વાર્તા પછીની કોઈ ઘટનાથી પ્રેરિત હોઈ શકે છે.

ફિલ્મના લેખક અભિજાત જોશી અને ડિરેક્ટર-કો-રાઈટર રાજકુમાર હિરાણી ઘણા ઈન્ટરવ્યુમાં કહી ચૂક્યા છે કે રેંચોના પાત્રનો વિચાર એક અલગ ઘટનાથી પ્રેરિત હતો.

તેમના મતે, ફિલ્મ એન્ડ ટેલિવિઝન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઈન્ડિયા (FTII) ના એક વિદ્યાર્થીની વાર્તાએ તેમને પ્રભાવિત કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે તે વિદ્યાર્થી ડિગ્રી માટે નહીં, પરંતુ શીખવાના ઉદ્દેશ્યથી બીજા વિદ્યાર્થીની ઓળખ અપનાવીને સંસ્થામાં પહોંચ્યો હતો.

લેખકોએ એ પણ કહ્યું હતું કે તેમની સોનમ વાંગચુક સાથે ક્યારેય મુલાકાત થઈ ન હતી. આમિર પણ સતત કહેતા રહ્યા છે કે રેંચોનું પાત્ર સોનમ વાંગચુકના જીવન પર આધારિત ન હતું.

### ફિલ્મના પ્રમોશનમાં આવો દાવો કરવામાં આવ્યો ન હતો

ફિલ્મના 2009ના પ્રમોશનલ કેમ્પેન, ટ્રેલર, પ્રેસ કોન્ફરન્સ અને ઈન્ટરવ્યુમાં ક્યાંય પણ રાંચોને સોનમ વાંગચુક પર આધારિત દર્શાવવામાં આવ્યો ન હતો. જો આવો દાવો ફિલ્મના પ્રમોશનનો ભાગ હોત, તો તેના સ્પષ્ટ રેકોર્ડ મળવા જોઈતા હતા. ઉપલબ્ધ સાર્વજનિક સામગ્રીમાં આવો કોઈ પુરાવો મળતો નથી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, 2010માં કેટલાક સમાચારોમાં લદ્દાખના લોકો દ્વારા રાંચો અને સોનમ વાંગચુક વચ્ચે સમાનતાની ચર્ચા સામે આવી. શરૂઆતી રિપોર્ટ્સમાં તેને ફક્ત એક સંભાવના તરીકે દર્શાવવામાં આવ્યું હતું. પછીના વર્ષોમાં ઘણા પ્રકાશનોએ સોનમ વાંગચુકને સીધા રિયલ લાઈફ રાંચો કહેવાનું શરૂ કરી દીધું.

સમય જતાં આ સરખામણી ઘણા સમાચારો, સોશિયલ મીડિયા પોસ્ટ અને ચર્ચાઓમાં પુનરાવર્તિત થતી રહી. આ જ કારણોસર આ ધારણા ધીમે ધીમે વ્યાપકપણે સ્વીકારવામાં આવવા લાગી.

હજી પણ કેટલાક પ્રશ્નોના સ્પષ્ટ જવાબો સામે આવ્યા નથી. શું ફિલ્મ લખાય તે પહેલાં નિર્માતા કે લેખક સોનમ વાંગચુકને મળ્યા હતા? શું તેમણે તેમની શાળાની મુલાકાત લીધી હતી? શું 2009માં ફિલ્મના કોઈ સત્તાવાર પ્રચારમાં રેંચોને સોનમ વાંગચુકથી પ્રેરિત ગણાવવામાં આવ્યો હતો

# પ્રિયંકાએ પતિ સાથે સ્પેનમાં બર્થ ડે ઉજવ્યો : નિક જોનસે યૉટનો વીડિયો શેર કર્યો, 8 વર્ષ પહેલા પ્રપોઝ કર્યાનો ફોટો શેર કર્યો

(એજન્સી) મુંબઈ | તા.20

બોલિવૂડ એક્ટ્રેસ પ્રિયંકા ચોપરા 18 જુલાઈએ 44 વર્ષની થઈ ગઈ છે. તેના જન્મદિવસના એક દિવસ પછી પતિ અને સિંગર નિક જોનસે સોશિયલ મીડિયા પર એક ખાસ વીડિયો શેર કરીને તેને વિશ કર્યું છે. આ વીડિયોમાં પ્રિયંકા સ્પેનમાં એક યૉટ પર વેકેશન મનાવતી જોવા મળી રહી છે.

આ ઉપરાંત, પ્રિયંકાના જન્મદિવસ પર તેની આગામી ફિલ્મ 'વારાણસી'માંથી તેનો પહેલો લુક પણ રિલીઝ કરવામાં આવ્યો છે. તાજેતરમાં એક પોડકાસ્ટ દરમિયાન નિક અને પ્રિયંકાએ તેમની લવ સ્ટોરી વિશે વાત કરી હતી અને જણાવ્યું હતું કે, વર્ષ 2016માં બંનેની વાતચીત કેવી રીતે શરૂ થઈ હતી.

સ્પેનમાં વેકેશન મનાવી રહી છે પ્રિયંકા નિક જોનસે રવિવારે પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર એક શોર્ટ વીડિયો પોસ્ટ કર્યો. આ વીડિયો સ્પેનનો છે, જ્યાં બંને રજાઓ ગાળી રહ્યા છે. વીડિયોમાં એક સુંદર યૉટ દેખાઈ રહી છે, જેના પર પ્રિયંકા ચોપરા બિકીની પહેરીને કેમેરા સામે સ્મિત કરતા પોઝ આપી રહી છે.


તેણે સનગ્લાસ અને માથા પર બેન્ડના બાંધ્યું છે. વીડિયોમાં પ્રિયંકા નિકને ફ્લાઈંગ કિસ આપતી જોવા મળી રહી છે. નિકે આ પોસ્ટના કેપ્શનમાં સ્પેનિશ ભાષામાં લખ્યું, 'ફેલિઝ કમ્પ્લેઆનોસ! મી અમોર' એટલે કે 'જન્મદિવસ મુબારક, મારો પ્રેમ'. આ વીડિયોના બેકગ્રાઉન્ડમાં તેણે એક ફ્લેમેંકો ગિટાર સોંગનો ઉપયોગ કર્યો છે.

નિકે જણાવ્યું કે કેવી રીતે મોકલ્યો હતો પહેલો ડાયરેક્ટ મેસેજ તાજેતરમાં પ્રિયંકા ચોપરા તેના પતિના બેન્ડ 'જોનસ બ્રધર્સ'ના એક પોડકાસ્ટમાં સામેલ થઈ હતી. આ દરમિયાન નિકે યાદ કર્યું કે, તેણે પ્રિયંકાને ડેટ કરવાનું કેવી રીતે શરૂ કર્યું હતું. નિકે જણાવ્યું કે, તેના ભાઈ કેવિન જોનાસે તેને પ્રિયંકાનો શો 'ક્વાન્ટિકો' જોવાની સલાહ આપી હતી.

આ પછી નિકે પ્રિયંકાને સોશિયલ મીડિયા પર પહેલો મેસેજ મોકલ્યો હતો. નિકે પોડકાસ્ટમાં તે મેસેજનો સ્ક્રીનશોટ પણ શેર કર્યો હતો. નિકે લખ્યું હતું, 'હેલો, મને કેટલાક લોકો પાસેથી જાણવા મળ્યું છે કે આપણે મળવું જોઈએ. હું પણ તે લોકોની વાત સાથે સહમત છું. શું તમે જલ્દી જ લોસ એન્જલસ (LA) આવવાના છો?'

પ્રિયંકાએ કહ્યું હતું- પર્સનલ નંબર પર વાત કરો નિકના આ મેસેજનો પ્રિયંકાએ જવાબ આપતા લખ્યું હતું, 'હાય, ગ્રેહામએ મને તારા વિશે ઘણું બધું કહ્યું છે. ચાલ ફોન પર મેસેજ પર વાત કરીએ, તે વધુ પ્રાઈવેટ રહેશે. મારું આ એકાઉન્ટ મારી ટીમ પણ સંભાળે છે.' પોડકાસ્ટ દરમિયાન જ્યારે નિકના ભાઈ જો જોનસ અને કેવિન જોનસે આ મેસેજ વાંચીને સંભળાવ્યા, ત્યારે પ્રિયંકા અને નિક બંને હસવા લાગ્યા અને ખૂબ શરમાતા જોવા મળ્યા.

2018માં ઉદયપુરમાં થયા હતા બંનેના લગ્ન 2016માં સોશિયલ મીડિયા પર વાતચીત શરૂ થયા પછી બંને સતત સંપર્કમાં રહ્યા. ત્યારબાદ વર્ષ 2017માં વેનિટી ફેર ઓસ્કર આફ્ટર-પાર્ટીમાં બંનેની પહેલી મુલાકાત થઈ. એ જ વર્ષે બંનેએ મેટ ગાલાના રેડ કાર્પેટ પર એકસાથે વોક કર્યું, ત્યારબાદ તેમના રિલેશનશિપના સમાચાર મીડિયામાં આવવા લાગ્યા. વર્ષ 2018માં નિકે પ્રિયંકાને પ્રપોઝ કર્યું અને ડિસેમ્બર 2018માં રાજસ્થાનના ઉદયપુરમાં એક ભવ્ય સમારોહમાં બંનેએ લગ્ન કરી લીધા. વર્ષ 2022માં સરોગસી દ્વારા તેમના ઘરે દીકરી



માલતી મેરીનો જન્મ થયો.

ફિલ્મ 'વારાણસી' થી પ્રિયંકાની વાપસી પ્રિયંકા ચોપરા લાંબા સમય પછી ભારતીય સિનેમામાં વાપસી કરવા જઈ રહી છે. તે ફિલ્મ 'વારાણસી'માં જોવા મળશે. આ ફિલ્મમાં સાઉથ સુપરસ્ટાર મહેશ બાબુ 'રુદ્ર' અને પૃથ્વીરાજ સુકુમારન 'કુંભ'ના પાત્રમાં છે. પ્રિયંકા આ ફિલ્મમાં 'મંદાકિની'નું પાત્ર ભજવી રહી છે. તેના જન્મદિવસ પર ફિલ્મમાંથી તેનો એક અનસીન સ્ટીલ રિલીઝ કરવામાં આવ્યો છે, જેમાં તે બ્રાઉન કોર્સેટ પહેરીને ખૂબ જ પાવરફુલ લુકમાં દેખાઈ રહી છે. આ ફિલ્મ એપ્રિલ 2027માં રિલીઝ થવાની છે.

# જંતર-મંતર વિદ્યાર્થી આંદોલન

## શબાના આઝમી, મનોજ ઝા અને પ્રકાશ રાજે પાણી પીવડાવીને AISA નેતાઓની ભૂખ હડતાળ સમાપ્ત કરાવી



(એજન્સી) મુંબઈ | તા.20

દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP) વિદ્યાર્થીઓની માંગણીઓના સમર્થનમાં ઘણા દિવસોથી પ્રદર્શન કરી રહી છે. આજે તેમનો પ્રસ્તાવિત સંસદ માર્ચ છે.

જંતર-મંતર પર છેલ્લા ત્રણ અઠવાડિયાથી ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થી નેતા નેહા, અમીન અને મનીષ કુમારના ઉપવાસ સોમવારે સમાપ્ત થયા. આ ત્રણેય ઓલ ઈન્ડિયા સ્ટુડન્ટ્સ એસોસિએશન (AISA) સાથે જોડાયેલા છે.

એક્ટ્રેસ શબાના આઝમી, રાષ્ટ્રીય જનતા દળ (RJD)ના રાજ્યસભા સાંસદ મનોજ ઝા અને એક્ટર પ્રકાશ રાજે તેમને પાણી પીવડાવીને તેમના ઉપવાસ તોડાવ્યા.

ટીવી એક્ટ્રેસ કવિતા કૌશિકે નવી દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓના સમર્થનમાં સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો. તેમણે દિલ્હી પોલીસને અપીલ કરી કે પ્રદર્શનકારીઓ સાથે સંયમ અને માનવીય વ્યવહાર કરવામાં આવે.

વીડિયોમાં કવિતાએ કહ્યું કે પોલીસકર્મીઓની પણ પોતાની ફેમિલી હોય છે અને તેમને યાદ રાખવું જોઈએ કે સામે ઉભેલા લોકો પણ દેશના નાગરિકો છે. તેમણે કહ્યું કે દરેક પરિવાર ઈચ્છે છે કે મેડિકલ ઈમરજન્સીના સમયે તેને એક યોગ્ય ડોક્ટર મળે અને આ જ કારણોસર ઘણા વિદ્યાર્થીઓ પોતાની માંગણીઓને લઈને પ્રદર્શન કરી રહ્યા છે.

કવિતાએ પોલીસને વિનંતી કરી કે કોઈપણ સંજોગોમાં વિદ્યાર્થીઓ કે સામાન્ય નાગરિકો પર હાથ ન ઉઠાવવામાં આવે અને તેમની વિરુદ્ધ બળનો ઉપયોગ ન કરવામાં આવે. આ પ્રદર્શનમાં એક્ટિવિસ્ટ અને શિક્ષણ સુધારક સોનમ વાંગચુક ભૂખ હડતાળ પર બેઠા છે. તેમના સમર્થનમાં ઘણા બોલિવૂડ સેલેબ્સ આવી ચૂક્યા છે, જેમાં સોની રાજદાન, શબાના આઝમી, સોનાક્ષી સિન્હા, રૂબીના દિલાઈક, નસીરુદ્દીન શાહ, રત્ના પાઠક શાહ, અનુરાગ કશ્યપ, ફાતિમા સના શેખ અને અતુલ કુલકર્ણી જેવા ઘણા સેલેબ્સ સામેલ છે. આ બધા વાંગચુકના સમર્થનમાં પોસ્ટ કરી ચૂક્યા છે. અભિનેત્રી સ્વરા ભાસ્કર જંતર-મંતર પહોંચી અને સોનમ વાંગચુક સાથે મુલાકાત કરીને પોતાનું સમર્થન વ્યક્ત કર્યું. આ ઉપરાંત, આ પહેલા પ્રકાશ રાજ પણ જંતર-મંતર પહોંચ્યા હતા.

# સલમાન, રોહિત શેટ્ટી બાદ હવે આમિરના ઘરે પણ પોલીસ બંદોબસ્ત

મુંબઈ: બોલીવુડ એક્ટર આમિર ખાનના ત્રીજા લગ્ન બાદ 'લવ જેહાદ'ને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂકી લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી કથિત ધમકી આપવામાં આવી હતી.આ બાબતની વોઈસ ક્લિપ બહાર આવ્યા બાદ મુંબઈ પોલીસે બાંદ્રા વેસ્ટમાં આવેલા પાલી હિલ સ્થિત તેના નિવાસસ્થાન બહાર સુરક્ષા વધારી પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો. જોકે હાલ આમિર ખાન ખુદ વિદેશ પ્રવાસે છે.

આ બાબતે પોલીસ સૂત્રોનુસાર હજી સુધી વોઈસ ક્લિપ કે સોશિયલ મીડિયા પોસ્ટની સવિતા બાબતે કોઈ પુષ્ટિ થઈ નથી. મુંબઈના પોલીસ કમિશનર દેવેને ભારતીએ કહ્યું હતું કે અમે સોશિયલ મીડિયા પોસ્ટ અને વોઈસ ક્લિપની સત્યતાની ચકાસણી કરી રહ્યા છીએ.

શનિવારે એવા અહેવાલો સામે આવ્યા હતા કે આમિર ખાનને લોરેન્સ ગેંગ તરફથી કથિત રીતે જાનથી મારી નાંખવાની ધમકીઓ મળી છે. ગૌરી સ્પ્રેટ સાથે પાંચમી જુલાઈના થયેલા તેના લગ્નને 'લવ જેહાદ' તરીકે વર્ણવવામાં આવ્યા છે. લોરેન્સ ગેંગ તરફથી એક પત્ર અને ઓડિયો નોટ સોશિયલ મીડિયા પર રિલીઝ કરવામાં આવ્યો છે. પત્રમાં લખવામાં આવ્યું છે કે 'આમિર ખાન જેવા લોકો આપણા દેશમાં લવ જેહાદને પ્રોત્સાહન આપી રહ્યા છે. અમે તેને સહન કરીશું નહીં. તેની સામે ટૂંક સમયમાં જ બદલો લેવામાં આવશે. આ આપણે સનાતન ધર્મ અને દેશની વિરુધ્ધ છે. સ્ટારડમના નામે આને પ્રોત્સાહન આપનારાઓનો શ્વાસ અમે દબાવી દેશું.'

મહારાષ્ટ્રના ગૃહ રાજ્ય મંત્રી યોગેશ કદમે કહ્યું હતું કે સુરક્ષાની સ્થિતિનો તાગ મેળવ્યા બાદ જરૂરત મુજબ આમિર ખાનની સુરક્ષા વધારવામાં આવી છે. જોકે અભિનેતા દ્વારા હજી પોલીસમાં કોઈ ફરિયાદ કરવામાં આવી નથી.

# કે.કે. મેનનનું સપનું ટ્રેન ડ્રાઈવર બનવું હતું!

(એજન્સી) મુંબઈ | તા.20


માર્કશીટમાં કેટલા નંબર આવ્યા હતા, તે કદાચ સમય સાથે યાદ નથી રહેતું, પરંતુ સ્કૂલની ઘંટડી, રિસેસ, મિત્રો સાથે કરેલી મસ્તી, શિક્ષકોની ઠપકો અને ક્લાસરૂમના કિસ્સાઓ આખી જીંદગી સાથે ચાલે છે. પ્રાઈમ વીડિયોની નવી સિરીઝ 'આદર્શ બાલ વિદ્યાલય' પણ આ જ યાદોના સહારે આજની શિક્ષણ વ્યવસ્થા પર સવાલ ઉઠાવે છે.

નવીન કસ્તૂરિયા, અર્ચના પૂરણ સિંહ, સમીર સક્સેના અને હિમાંક ગૌરે તેમના શાળાના દિવસોની યાદો તાજી કરી. વાતચીત દરમિયાન ક્યારેક બધા ખડખડાટ હસતા જોવા મળ્યા, તો ક્યારેક સારા શિક્ષકો અને શિક્ષણ પ્રણાલીને લઈને ગંભીર વાતો પણ સામે આવી.

જ્યારે બધા કલાકારોને પૂછવામાં આવ્યું કે સ્કૂલની સૌથી પહેલી યાદ શું આવે છે, ત્યારે જવાબ લગભગ દરેક એવા માણસ જેવો હતો જેણે સ્કૂલનું જીવન જીવ્યું છે. નવીન કસ્તૂરિયાએ હસતાં હસતાં કહ્યું કે સૌથી પહેલા તેમને રીસેસ યાદ આવે છે. આખો દિવસ તેની જ રાહ રહેતી હતી કારણ કે તે જ મિત્રો સાથે ખુલ્લેઆમ મસ્તી કરવાનો સમય હતો.

તે ઉંમરે સૌથી મોટું ટેન્શન યુનિટ ટેસ્ટનું હતું. એવું લાગતું હતું કે કોઈક રીતે ટેસ્ટ પૂરો થઈ જાય, પછી થોડા દિવસો માટે જીવન સરળ બની જશે. જ્યારે કેકે મેનને જણાવ્યું કે તેમને સ્કૂલના દિવસોમાં હિસ્ટ્રી સૌથી વધુ પસંદ હતી. આજે પણ ઈતિહાસ વાંચવો અને તેનાથી જોડાયેલી વસ્તુઓ જાણવી તેમને એટલું જ ગમે છે. જ્યારે બાળપણના સપનાની વાત આવી, ત્યારે દરેકનો જવાબ અલગ હતો. અર્ચના પૂરન સિંહે હસતાં હસતાં જણાવ્યું કે બાળપણમાં તે એર હોસ્ટેસ બનવા માંગતી હતી. કારણ પણ રસપ્રદ હતું. તેમને લાગતું હતું કે એર હોસ્ટેસને દુનિયા ફરવાનો મોકો મળે છે અને તેમની પાસે ઘણી બધી ચોકલેટ હોય છે. પછીથી તેમનું મન શિક્ષક બનવાનું થવા લાગ્યું.

# પાકિસ્તાની છોકરી સાથે છુપાઈને લગ્ન કર્યા : મિત્રએ ઈર્ષ્યામાં ચાકુ માર્યું, માતાએ પૂછ્યું હતું- શું રત્ના મુસ્લિમ બનશે? નસીરુદ્દીન શાહની 'ફિલ્મી' કહાની



(એજન્સી) મુંબઈ | તા.20

વર્ષ 1960ના દાયકાની વાત છે. એક પાતળો-દુબળો છોકરો હતો, જેને એક્ટર બનવા માટે મુંબઈ જવું હતું. એક દિવસ તેના એક મિત્રની ગર્લફ્રેન્ડનો પત્ર આવ્યો કે મુંબઈ આવી જા, મારા પપ્પા ફિલ્મોમાં કેરેક્ટર આર્ટિસ્ટ છે, તે તારી મદદ કરશે.

ત્યારબાદ તે મુંબઈ જવા નીકળ્યો. જોકે, જે છોકરીના ભરોસે તે મુંબઈ પહોંચ્યો હતો, તે પોતે ખૂબ જ સાધારણ જીવન જીવી રહી હતી. ત્યારબાદ તેણે થોડા દિવસ સંબંધીના ઘરે વિતાવ્યા, પછી ત્યાંથી પણ જવું પડ્યું. જ્યારે ખિસ્સા ખાલી થયા ત્યારે તેમણે ઝરીની ફેક્ટરીના હોલમાં રાતો વિતાવી. જ્યાં તે ત્રીસ-ચાલીસ લોકો સાથે ફ્લોર પર સૂતા હતા. ઘણી વાર તેમણે લોકલ ટ્રેનમાં ટિકિટ વગર મુસાફરી કરી.

પાછળથી આ જ છોકરો આગળ જતાં ભારતીય સિનેમાના સૌથી શાનદાર એક્ટરઓમાંનો એક બન્યા. સ્પર્શ, માસૂમ, સરફરોશ, એ વેડનેસડે અને ઈશ્કિયા જેવી ઘણી ફિલ્મોમાં તેના દમદાર અભિનયથી તેમણે દર્શકોના દિલ જીત્યા.

હા, અમે વાત કરી રહ્યા છીએ નસીરુદ્દીન શાહની. આજે તેમના 76મા જન્મદિવસ પર, ચાલો તેમની જિંદગી સાથે જોડાયેલા કેટલાક આવા અનસુણ્યા કિસ્સાઓ જાણીએ.

નસીરુદ્દીન શાહ પોતાની આત્મકથા 'એન્ડ ધેન વન ડે' માં લખે છે કે દસમા ધોરણની પરીક્ષા પાસ કર્યા પછી તેમને એવું લાગ્યું જાણે જીવનનો સૌથી મુશ્કેલ તબક્કો પાછળ છૂટી ગયો હોય. તેમના પિતા ઈચ્છતા હતા કે તેઓ ડોક્ટર બને, ઓફિસર બને અથવા ફોજમાં જાય. નેશનલ ડિફેન્સ એકેડમીનું ફોર્મ પણ ભરાવી દેવામાં આવ્યું. પરંતુ નસીરુદ્દીન શાહના દિલમાં એક જ સપનું હતું - એક્ટર બનવાનું અને તે સપનું મુંબઈ જઈને જ પૂરું થઈ શકતું હતું.

કોલેજમાં દાખલો તો થઈ ગયો, પરંતુ ક્લાસ કરતાં વધુ સમય તેઓ સિનેમાઘરોમાં વિતાવતા હતા. ફીના પૈસા પણ ફિલ્મો પર ખર્ચ થવા લાગ્યા. આ દરમિયાન તેમણે મુંબઈમાં રહેતી પોતાના એક મિત્રની ગર્લફ્રેન્ડને પત્ર લખ્યો, જેના પિતા ફિલ્મોમાં કેરેક્ટર આર્ટિસ્ટ હતા. તેનો જવાબ આવ્યો, 'મુંબઈ આવી જા, પપ્પા તારી મદદ કરશે.' બસ, આટલું સાંભળતા જ નસીરુદ્દીને ફીના પૈસામાંથી ટ્રેનની ટિકિટ ખરીદી લીધી, ઘડિયાળ અને સાયકલ વેચવાની યોજના બનાવી અને ખિસ્સામાં લગભગ પાંચસો રૂપિયા લઈને મુંબઈ માટે નીકળી પડ્યા.

જોકે, જે છોકરીના પરિવારના ભરોસે તેઓ મુંબઈ આવ્યા હતા, તે જ ખૂબ જ સાધારણ જીવન જીવી રહી હતી. ત્યારબાદ થોડા દિવસ તેઓ સંબંધીના ઘરે રહ્યા, પરંતુ જ્યારે બધાને સમજાઈ ગયું કે આ છોકરો પાછો જવાનો નથી, ત્યારે તેઓ ત્યાંથી ચાલ્યા ગયા અને એક ઝરી ભરતકામની ફેક્ટરીના મોટા હોલમાં રહેવા લાગ્યા. રાત્રે ત્યાં જ ત્રીસ-ચાલીસ લોકો ફ્લોર પર સૂતા હતા.

આ દરમિયાન તેમણે વેઈટર બનવાનો પ્રયાસ કર્યો અને તાજ હોટલમાં બેલબોયની નોકરી માટે અરજી કરી, પરંતુ દરેક જગ્યાએ નિરાશા જ હાથ લાગી. પછી એક દિવસ એક દલાલ તેમને ફિલ્મોમાં એક્સ્ટ્રા કલાકારનું કામ અપાવવા લઈ ગયો. મહેનતાણું માત્ર સાડા સાત રૂપિયા હતું. ફિલ્મ હતી અમન, જેમાં રાજેન્દ્ર કુમાર મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા હતા. અંતિમ યાત્રાવાળા સીનમાં નસીરુદ્દીન પણ ભીડનો ભાગ બન્યા. કેમેરા સામે ઊભા રહીને તેમને લાગ્યું કે જાણે તેમનું સપનું પૂરું થઈ ગયું હોય. ત્યાં જ, ફિલ્મ આવ્યા પછી તે હસતા હસતા કહેતા હતા, "મિત્રો, ફિલ્મમાં બીજા પણ સીન હતા, પરંતુ તે એટલા માટે કાપી નાખવામાં આવ્યા કારણ કે મારી એક્ટિંગ ખૂબ સારી હતી."

ઘરેથી કહ્યા વગર મુંબઈ આવેલા નસીરુદ્દીન શાહ એક દિવસ પામપોશ રેસ્ટોરન્ટની બહાર ફૂટપાથ પર બેઠા હતા. ત્યારે જ એક લાંબી, ચમકતી ગ્રે રંગની લિમોઝીન તેમની સામે આવીને ઊભી રહી. પાછળનો દરવાજો ખુલ્યો અને ઊંચી એડીના સેન્ડલ પહેરેલી એક મહિલા નીચે ઉતરી. તેમણે પૂછ્યું, 'શું તારું નામ નસીર છે?'

થોડી વાર પછી તેમણે તે મહિલાને ઓળખી લીધી. તેઓ સઈદા ખાન હતા, દિલીપ કુમારની સૌથી નાની બહેન. ત્યારે નસીરુદ્દીન શાહને સમજાયું કે આખરે તેમને કેવી રીતે શોધી કાઢવામાં આવ્યા. તેમના પિતા અજમેરની તે સૂફી દરગાહના પ્રશાસક રહી ચૂક્યા હતા, જ્યાં દિલીપ કુમારની બીજી બહેન સકીના અવારનવાર આવતી હતી. બે મહિના સુધી તેમનો કોઈ પત્તો ન મળ્યા પછી આખરે પિતાએ તેમની સાથે સંપર્ક કર્યો અને એક જૂના પરિચયના સહારે દિલીપ કુમારનું કુટુંબ શાહ સુધી પહોંચ્યું હતું.

કાર દિલીપ કુમારના બંગલામાં દાખલ થઈ. ઉપર લઈ જઈને તેમની મુલાકાત સકીના સાથે કરાવાઈ. અજમેરમાં તેઓ તેમને પહેલાં મળી ચૂક્યા હતા, પરંતુ આ વખતે સકીના ખૂબ નારાજ હતી. તેમની સામે તેઓ રડી પડ્યા અને માફી માંગવા લાગ્યા. આખરે તેમણે ઘરે પાછા ફરવાની હા પાડી દીધી.

બંગલાના બેઝમેન્ટમાં તેમને રહેવાની જગ્યા આપવામાં આવી. રૂમ સાદો હતો, પરંતુ ખાવા-પીવા અને નહાવાની સંપૂર્ણ વ્યવસ્થા હતી. એક દિવસ તેમની મુલાકાત ખુદ દિલીપ કુમાર સાથે પણ થઈ. શાહ તેમની પાસેથી કામ માંગવા માંગતા હતા, પરંતુ હિંમત ભેગી કરી શકે, તે પહેલા જ દિલીપ કુમારે તેમને સમજાવ્યું કે સારા પરિવારોના છોકરાઓએ ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ન આવવું જોઈએ. થોડા દિવસો પછી દિલીપ કુમારના પરિવારે શાહને મેરઠ મોકલી દીધા.

બંનેની મિત્રતા ખૂબ જ ઝડપથી ગાઢ સંબંધમાં બદલાઈ ગઈ. ધીમે ધીમે નસીરુદ્દીને પોતાની યુનિવર્સિટીના હોસ્ટેલ કરતાં વધુ સમય પરવીન અને તેમની માતાના ઘરે વિતાવવાનું શરૂ કર્યું. આ એવો સમય હતો, જ્યારે ભારત-પાકિસ્તાનના સંબંધો તણાવપૂર્ણ હતા. પરવીનનો સ્ટુડન્ટ વિઝા પૂરો થવાનો હતો. જો તે ભારત છોડત, તો કદાચ ફરી પાછી ફરી ન શકત. ભારતીય નાગરિકતા મેળવવાનો સૌથી સરળ રસ્તો લગ્ન હતો.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ચેન્નઈ ગ્રાન્ડ માસ્ટર્સમાં ફિરોઝા અડધા ગુણથી આગળ

**● ચેન્નઈ ચેસ સ્પર્ધામાં ચોથા રાઉન્ડના તમામ મેચ ડ્રો**




(એજન્સી) ચેન્નઈ I તા. 20

ચેન્નઈ ગ્રાન્ડ માસ્ટર્સ વર્ષ બે હજાર છવીસની અત્યંત રોમાંચક ચેસ સ્પર્ધાના ચોથા રાઉન્ડમાં રમાયેલા તમામ ચારેય મુકાબલા ડ્રો રહ્યા હતા, જેના પરિણામે અલીરેઝા ફિરોઝાએ પોતાની અડધા ગુણની સરસાઈ અકબંધ રાખીને પોઈન્ટ ટેબલમાં પોતાનું ટોચનું સ્થાન જાળવી રાખ્યું છે. ટૂર્નામેન્ટના અગ્રણી ખેલાડી અલીરેઝા ફિરોઝાએ હંસ નીમેન સામે પચાસ ચાલો સુધી રમીને મેચ ડ્રો કર્યો હતો, જ્યારે તેમના નજીકના હરીફ અર્જુન એરિગાઈસીને એમ. પ્રણેશ સામે ચોત્રીસ ચાલોમાં ડ્રો સ્વીકારવાની ફરજ પડી હતી. મીડિયા અહેવાલ મુજબ, ફિરોઝા ચાર રાઉન્ડમાં ત્રણ પોઈન્ટ સાથે મોખરે છે, જ્યારે અર્જુન અઢાર પોઈન્ટ સાથે બીજા સ્થાને યથાવત છે અને અન્ય ખેલાડીઓ પણ વિજય માટે સંઘર્ષ કરી રહ્યા છે.

મુકાબલાની વિગતો મુજબ, અર્જુન એરિગાઈસી પાસે ફિરોઝાની બરાબરી કરવાની ઉત્તમ તક હતી પરંતુ તે શાંત ઈટાલિયન ગેમમાં પ્રણેશ સામે જીત મેળવી શક્યો ન હતો અને પ્રણેશે ઉત્તમ રમત દાખવીને સતત ત્રીજો ડ્રો નોંધાવ્યો હતો. આ ઉપરાંત, વિશ્વ ચેમ્પિયન ડી. ગુકેશે નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે એકતાલીસ ચાલોમાં ડ્રો રમ્યો હતો, જ્યારે નિહાલ સરીન અને દિમિત્રી આંદ્રેઈકિન વચ્ચેનો મુકાબલો પણ ચાલોના પુનરાવર્તન દ્વારા ડ્રો પર સમાપ્ત થયો હતો.

આ તમામ ડ્રો પરિણામોના કારણે સ્પર્ધામાં રોમાંચ વધુ ચરમસીમા પર પહોંચી ગયો છે કારણ કે આગામી રાઉન્ડમાં ખેલાડીઓ વચ્ચે આગળ વધવા માટે આક્રમક રમત જોવા મળશે. નિષ્ણાતોના મતે, આંતરરાષ્ટ્રીય સ્તરના દિગ્ગજ ખેલાડીઓની ઉપસ્થિતિથી આ ટૂર્નામેન્ટ યુવા ભારતીય ખેલાડીઓ માટે પોતાની પ્રતિભા સાબિત કરવા અને વૈશ્વિક ક્રમાંક સુધારવા માટે એક મોટું સોપાન સાબિત થઈ રહી છે.

## બેન એસ્કેને રેસલિંગમાંથી નિવૃત્તિની કરી જાહેરાત



બેંગલુરુ | પૂર્વ યુએફસી ફાઈટર અને ઓલમ્પિક રેસલર બેન એસ્કેન દ્વારા શનિવારે પેન્થર એરેના ખાતે રમાયેલા મુકાબલામાં પરાજયનો સામનો કર્યા બાદ સ્પર્ધાત્મક રેસલિંગમાંથી કાયમ માટે નિવૃત્તિ લેવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. આ અદ્ભુત વાપસી મુકાબલો રિયલ અમેરિકન ફ્રીસ્ટાઈલ દ્વારા આયોજિત કરવામાં આવ્યો હતો, જ્યાં બે વર્ષ અગાઉ ફેફસાંના ગંભીર રોગ અને ડબલ લંગ ટ્રાન્સપ્લાન્ટ જેવી જીવસાસુની લડાઈ લડીને બેન એસ્કેન મેદાન પર પાછા ફર્યા હતા. મીડિયા અહેવાલ મુજબ, આ બારમાસિક સંઘર્ષ બાદ તેમણે પોતાના બેતાલીસમા જન્મદિવસે મેટ પર ઉતરીને આ અંતિમ મુકાબલો રમવાની ઘોષણા કરી હતી અને શાનદાર શરૂઆત પણ કરી હતી. મુકાબલાની વિગતો અનુસાર, એસ્કેને શરૂઆતમાં ઉત્તમ દબાણ અને સંરક્ષણ બતાવીને ત્રણ-શૂન્યની લીડ મેળવી લીધી હતી, પરંતુ શારીરિક મર્યાદાઓના કારણે તેઓ અંતિમ ચરણમાં થાકી ગયા હતા અને પૂર્વ યુએફસી ચેમ્પિયન બિલાલ મુહમ્મદ સામે છ-ત્રણથી પરાજય પામ્યા હતા. મેચ પૂર્ણ થયા બાદ તેમણે પોતાના રેસલિંગ શૂઝ મેટ પર જ છોડી દીધા હતા અને ભાવુક થઈને પોતાના સંન્યાસની પુષ્ટિ કરી હતી. નિવૃત્તિની જાહેરાત કરતા એસ્કેને જણાવ્યું હતું કે તેમની નસો અને પગ હવે વધુ સાથ આપવા તૈયાર ન હતા અને આનાથી ઉત્તમ વિદાય તેમના માટે બીજી હોઈ શકે નહીં. તેમના આ સાહસિક પુનરાગમન અને રમત પ્રત્યેના સમર્પણથી સમગ્ર ખેલજગત પ્રભાવિત થયું છે, અને આ ઘટના આગામી સમયમાં અન્ય ખેલાડીઓ માટે પણ પ્રેરણારૂપ સાબિત થશે.




## સ્પેને આર્જેન્ટિનાને હરાવી જીત્યો ફિફા વર્લ્ડ કપ

# સોળ વર્ષ બાદ સ્પેનનું અદ્ભુત ટાઈટલ

(એજન્સી) નવી દિલ્હી I તા. 20

અમેરિકાના ન્યુ જર્સી સ્થિત પ્રખ્યાત મેટલાઈફ સ્ટેડિયમમાં રમાયેલા ફિફા વર્લ્ડ કપ 2026 ના અત્યંત રોમાંચક અને હાઈ-વોલ્ટેજ ફાઈનલ મુકાબલામાં સ્પેનની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમે અદભુત પ્રદર્શન કરતા ગત ચેમ્પિયન આર્જેન્ટિનાને એક વિરુદ્ધ શૂન્યથી હરાવીને ફૂટબોલ જગત પર પોતાનો સર્વોચ્ચ કબજો જમાવી લીધો છે.

આ શાનદાર જીત સાથે સ્પેને સોળ વર્ષ લાંબો વર્લ્ડ કપનો ટાઈટલનો દુકાળ સત્તાવાર રીતે ખતમ કર્યો છે, અગાઉ સ્પેનિશ ટીમ વર્ષ 2010 માં પ્રથમ વખત વિશ્વ ચેમ્પિયન બની હતી. બીજી તરફ, ફૂટબોલ જગતના દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસીની આગેવાની હેઠળ ઉતરેલી આર્જેન્ટિનાની ટીમ પોતાનું વર્લ્ડ કપ ટાઈટલ ડિફેન્ડ કરવામાં નિષ્ફળ સાબિત થઈ હતી, જેના કારણે મેચના અંતે મેદાન પર મેસી અત્યંત ભાવુક અને રડતો જોવા મળ્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ મહામુકાબલાને નિહાળવા માટે સ્ટેડિયમમાં હજારોની સંખ્યામાં પ્રશંસકો ઉપસ્થિત રહ્યા હતા.


આ ફાઈનલ મેચ શરૂઆતથી જ બંને મજબૂત ટીમો વચ્ચે કાંટાની ટક્કર સમાન રહી હતી. નિર્ધારિત સમયની નેવું મિનિટ સુધી બંનેમાંથી એકપણ ટીમ વિરોધી ગોલપોસ્ટમાં દડો નાખવામાં સફળ રહી નહોતી અને સ્કોર શૂન્ય-શૂન્ય ની બરાબરી પર અકબંધ રહ્યો હતો, જેના કારણે મેચના પરિણામ માટે વધારાનો સમય એટલે કે એક્સ્ટ્રા ટાઈમ આપવો પડ્યો હતો. મેચની એકસો છઠ્ઠી મિનિટે સ્પેન માટે સબસ્ટિટ્યૂટ ખેલાડી તરીકે મેદાન પર આવેલા યુવા ખેલાડી ફેરાન ટોરેસે નિકો વિલિયમ્સ દ્વારા આપવામાં આવેલા શાનદાર પાસનો ઉત્તમ ઉપયોગ કરીને શાનદાર ગોલ ફટકાર્યો હતો અને સ્પેનને એક-શૂન્યની નિર્ણાયક અને ઐતિહાસિક લીડ અપાવી હતી, જે અંતિમ સીટી વાગે ત્યાં સુધી જકડી રાખીને ટોરેસ આ ફાઈનલનો અસલી હીરો બની ગયો હતો.

આ મહામુકાબલાના સમગ્ર ઘટનાક્રમ પર નજર કરીએ તો આર્જેન્ટિનાના સુપરસ્ટાર કેપ્ટન લિયોનેલ મેસીનો જાદુ સ્પેનિશ રક્ષણ સામે બિલકુલ ચાલી શક્યો નહોતો. સ્પેનિશ ડિફેન્ડર્સે આખી મેચ દરમિયાન મેસીને અત્યંત ચુસ્તપણે જકડી રાખ્યો હતો અને તેને કોઈ મોકો આપ્યો ન હતો. મેચના આંકડાકીય વિશ્લેષણ મુજબ સમગ્ર મેચ દરમિયાન સ્પેનનું પલડું ભારે રહ્યું હતું, જેમાં પ્રથમ હાફમાં સ્પેન પાસે પાંસઠ ટકા અને બીજા હાફમાં અઠ્યાસી ટકા જેટલું શાનદાર બોલ પઝેશન રહ્યું હતું. સ્પેને ગોલપોસ્ટ પર સતત સચોટ પ્રહારો કર્યા હતા, જોકે આર્જેન્ટિનાના ગોલકીપર એમિલિયાનો માર્ટિનેઝે કેટલાક શાનદાર બચાવ કરીને ટીમને હારમાંથી બચાવવાના પૂરતા પ્રયાસ કર્યા હતા, પરંતુ આર્જેન્ટિનાની આક્રમક પંક્તિ આખી મેચમાં એક પણ શૉટ ઓન ટાર્ગેટ નોંધાવવામાં નિષ્ફળ રહી હતી.

### નાગરિકોની પ્રતિક્રિયા અને ભવિષ્યની રૂપરેખા

મેચના અંતિમ પળોમાં આર્જેન્ટિનાની ટીમ પર દબાણ સ્પષ્ટપણે દેખાઈ રહ્યું હતું અને ટીમના ખેલાડી એન્ઝો ફર્નાન્ડીઝને બીજો યલો કાર્ડ મળતાં રેડ કાર્ડ આપીને મેદાનની બહાર મોકલી દેવાયા હતા, જે આર્જેન્ટિના માટે મોટો ઝટકો સાબિત થયો હતો. સ્પેનની આ ઐતિહાસિક જીત બાદ સમગ્ર દેશમાં અને વૈશ્વિક સ્તરે વસતા સ્પેનિશ સમર્થકોમાં દિવાળી જેવું ઉત્સવનું વાતાવરણ છવાઈ ગયું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સ્પેનિશ ટીમ સ્વદેશ પરત ફર્યા બાદ તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવશે અને વિજય સરઘસ કાઢવામાં આવશે. આ વર્લ્ડ કપ વિજયે સાબિત કરી દીધું છે કે સ્પેનિશ ફૂટબોલ અકાદમી અને યુવા ખેલાડીઓની પેઢી વિશ્વમાં ફરી એકવાર સર્વોચ્ચ સ્થાન મેળવવા માટે સંપૂર્ણપણે તૈયાર છે, જે આગામી ટૂર્નામેન્ટોમાં પણ પોતાનું વર્ચસ્વ જાળવી રાખશે.

## ગોવા ચેલેન્જર્સે યુટીટી સેમિફાઈનલનું ટિકિટ મેળવ્યું



(એજન્સી) પણજી I તા. 20

દેશની અગ્રણી ટેબલ ટેનિસ સ્પર્ધા અલ્ટીમેટ ટેબલ ટેનિસ (યુટીટી) સીઝન સાતમાંથી એક અત્યંત રોચક અને ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ડેમ્પો ગોવા ચેલેન્જર્સની ટીમે શનિવારે રમાયેલા મુકાબલામાં પીબીજી પૂણે જગ્ગર્સને હરાવીને પોતાની અજેય સફર જાળવી રાખી છે અને આ સિઝનમાં સેમિફાઈનલ માટે ક્વોલિફાય કરનારી સર્વપ્રથમ ટીમ બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. ગોવા ચેલેન્જર્સની આ જીત તેમની પાંચમી ક્રમિક ટાઇ છે, જે યુટીટી લીગના ઈતિહાસમાં સૌથી લાંબી વિજયી હેટ્રિક કે વિનિંગ સ્ટ્રીક બની ગઈ છે. ઘરેલુ દર્શકો સમક્ષ રમી રહેલી ગોવાની ટીમ માટે આ મુકાબલો સાઈકોલોજીકલ રીતે ઘણો મહત્વપૂર્ણ હતો, જેમાં તમામ ખેલાડીઓએ સામૂહિક પ્રદર્શન કરીને આતિહાસિક સફળતા મેળવી છે. મીડિયા અહેવાલ મુજબ, આ રોમાંચક મુકાબલામાં બંને ટીમો વચ્ચે કાંટાની ટક્કર જોવા મળી હતી.

ઘરેલુ મેદાન પર રમી રહેલી ગોવા ચેલેન્જર્સે શરૂઆતથી જ મેચમાં પોતાનું વર્ચસ્વ જમાવવાનું શરૂ કરી દીધું હતું. ટીમની કેપ્ટન બર્નડિટી સોક્સે શાનદાર અને પ્રભાવશાળી શરૂઆત કરતા પ્રિથિકા પાવડેને એકતરફી મુકાબલામાં હરાવીને ટીમ માટે મજબૂત પાયો નાખ્યો હતો. જોકે, ત્યારબાદ ડાબા હાથના અનુભવી ખેલાડી અલ્વારો રોબલેસ એસએફઆર સ્નેહિત સામેનો અત્યંત આસપાસ અને સંઘર્ષપૂર્ણ સિંગલ્સ મુકાબલો હારી ગયા હતા, જેના કારણે પૂણેની ટીમ મેચમાં પરત ફરવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ગોવા કેમ્પે હાર માનવાને બદલે પોતાના યુવા ખેલાડીઓ પર ભરોસો મૂક્યો હતો અને અભિનંદ તથા સિંદ્રેલા દાસ જેવા યુવા સ્ટાર્સે નિર્ણાયક ક્ષણોમાં શાનદાર પ્રદર્શન કરીને ટીમને વિજય તરફ દોરી। હતા.

### નાગરિકોની પ્રતિક્રિયા અને ભવિષ્યની રૂપરેખા

સ્થાનિક ખેલપ્રેમીઓ અને ટેબલ ટેનિસ સમર્થકો તરફથી ગોવા ચેલેન્જર્સની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. ઘર આંગણે સેમિફાઈનલનું ટિકિટ મેળવ્યા બાદ ખેલાડીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આગામી મુકાબલાઓ માટે તેઓ પૂરી તાકાતથી તૈયારી કરી રહ્યા છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, કોલકાતા થંડર બ્લેડ્સની ટીમ પણ આ રેસમાં જોડાઈ ગઈ છે અને સેમિફાઈનલના સમીકરણો વધુ રસપ્રદ બન્યા છે. પ્રશાસન અને ફ્રેન્ચાઈઝી મેનેજમેન્ટે આશા વ્યક્ત કરી છે કે ગોવાની ટીમ આગામી રાઉન્ડમાં પણ પોતાનું આ વિજયી અભિયાન અકબંધ રાખશે અને ટાઈટલ જીતીને ઈતિહાસ રચશે.

## ઈંગ્લેન્ડ સામે સદી ફટકારી રોહિત બન્યો સુપરહીરો




(એજન્સી) નવી દિલ્હી I તા. 20

ક્રિકેટ જગતમાં પોતાની વિસ્ફોટક બેટિંગ શૈલી માટે જાણીતા ભારતીય ટીમમા અગ્રણી ઓપનર અને પૂર્વ કેપ્ટન રોહિત શર્માએ ફરી એકવાર પોતાની પ્રતિભા સાબિત કરી બતાવી છે. રિટાયર્મેન્ટ અને ભવિષ્યની અટકળો વચ્ચે ઈંગ્લેન્ડ સામે રમાયેલી રોમાંચક ત્રીજી વનડે મેચમાં રોહિત શર્માએ માત્ર ચોર્યાસી બોલનો સામનો કરીને પોતાના કરિયરની ચોત્રીસમી શાનદાર સદી ફટકારી દીધી છે. વર્ષ 2015 માં પોતાના વનડે વર્લ્ડ કપના સફરની શરઆત કરનાર હિટમેન રોહિત શર્માએ આ ઈનિંગ સાથે અનેક નવા રેકોર્ડ પોતાના નામે કરી લીધા છે. વનડે ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ખતરનાક અને વિસ્ફોટક ઓપનરોની યાદીમાં તેમનું નામ હંમેશા ટોચ પર રહ્યું છે અને આ મેચમાં તેમણે સાબિત કરી દીધું કે શા માટે તેમને વિશ્વના શ્રેષ્ઠ બેટ્સમેનોમાં ગણવામાં આવે છે. મીડિયા અહેવાલ મુજબ, તેમની આ ઈનિંગ જોવા માટે સ્ટેડિયમમાં બેઠેલા હજારો પ્રશંસકો ઝૂમી ઉઠ્યા હતા.

રોહિત શર્માએ વન-ડે ક્રિકેટમાં એક અત્યંત મોટો અને ઐતિહાસિક રેકોર્ડ પોતાના નામે કરતા ઈંગ્લેન્ડની ધરતી પર પ્રવાસી બેટ્સમેન તરીકે સૌથી વધુ આઠ વન-ડે સદી ફટકારવાની અભૂતપૂર્વ સિદ્ધિ મેળવી છે. આ કોઈપણ વિદેશી ખેલાડી દ્વારા કોઈ એક દેશમાં ફટકારેલી સૌથી વધુ સદી છે, જેણે આ મામલે સચિન તેંડુલકર, સઈદ અનવર, એબી ડી વિલિયર્સ અને ક્વિન્ટન ડી કોક જેવા મહાન દિગ્ગજોને પણ પાછળ છોડી દીધા છે. વનડે વર્લ્ડ કપના ઈતિહાસ પર નજર કરીએ તો રોહિત શર્મા અત્યાર સુધી કુલ અઠ્ઠાવીસ મેચોમાં ભાગ લઈ ચૂક્યા છે, જેમાં તેમણે સાઠથી વધુની શાનદાર એવરેજ અને આશરે એકસો સાત જેટલા પ્રભાવશાળી સ્ટ્રાઈક રેટથી એક હજાર પાંચસો પંચોત્તર રન બનાવ્યા છે.

## હંગેરીમાં રાષ્ટ્રપતિ પદ માટે પૂર્વ ચેસ ચેમ્પિયનની ચર્ચા

**હંગેરીના નવા પ્રમુખ તરીકે જુડિત પોલગારનું નામ આગળ**



(એજન્સી) બુડાપેસ્ટ I તા. 20

હંગેરીના વડાપ્રધાન દ્વારા દેશના આગામી રાષ્ટ્રપતિ પદ માટે વિશ્વની મહાન પૂર્વ ચેસ ગ્રાન્ડમાસ્ટર જુડિત પોલગારના નામનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે, કારણ કે તાજેતરના બંધારણીય સુધારા બાદ આ સર્વોચ્ચ પદ ખાલી થયું છે અને દેશમાં એકતા તથા શાંતિ સ્થાપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

હંગેરીમાં ચૂંટણીમાં સત્તા પર આવેલા નવા વડાપ્રધાને દેશમાંથી જૂની વ્યવસ્થા બદલવાના વાયદા સાથે શાસન સંભાળ્યું છે અને અગાઉના રાષ્ટ્રપતિ પર ગંભીર આરોપો મૂકીને પદ પરથી હટાવવા માટે સંસદમાં બંધારણીય સુધારો પસાર કરાવ્યો છે. મીડિયા અહેવાલ મુજબ, વર્તમાન સમયમાં સંસદના અધ્યક્ષ દ્વારા કામચલાઉ વડા તરીકે જવાબદારી સંભાળવામાં આવી રહી છે અને આગામી ત્રીસ દિવસની અંદર સંસદ દ્વારા નવા રાષ્ટ્રપતિની સત્તાવાર ચૂંટણી કરવામાં આવશે.

ઘટનાક્રમ અનુસાર, વડાપ્રધાન દ્વારા સામાજિક માધ્યમ પર જાહેરાત કરવામાં આવી છે કે તેઓ આ પ્રસ્તાવ અંગે સોમવારે જુડિત પોલગાર સાથે ક્ષ મુલાકાત કરીને આ જવાબદારી સ્વીકારવા માટે વિનંતી કરશે. પચાસ વર્ષની વય નજીક પહોંચી રહેલા પોલગારને ઈતિહાસના સર્વશ્રેષ્ઠ મહિલા ચેસ ખેલાડી તરીકે ઓળખવામાં આવે છે અને તેઓ વર્ષો સુધી વિશ્વના શીર્ષ ક્રમે રહ્યા હતા, જેના કારણે તેમના નામથી દેશભરમાં ઉત્સાહનો માહોલ છે.

### ભવિષ્યની યોજનાઓ અને પ્રભાવ

આ રાજકીય પરિવર્તન અને નવા નેતૃત્વની પસંદગીથી હંગેરીના રાજકારણમાં એક નવો અધ્યાય શરૂ થયો છે, જોકે કેટલાક અધિકાર સંગઠનો દ્વારા આ બંધારણીય ફેરફારો પર સવાલો પણ ઉઠાવવામાં આવ્યા છે. વડાપ્રધાનના આ પગલાથી દેશને એક પ્રતિષ્ઠિત અને ગૌરવશાળી નેતા મળવાની આશા બંધાઈ છે, જે સમગ્ર હંગેરીના નાગરિકો માટે ગર્વની બાબત બનશે અને દેશના રાજકીય ભવિષ્યને નવી દિશા આપશે

**ખિતાબ** // **માત્ર એંસી સેકન્ડમાં નોકઆઉટ પ્રહાર, ભારતીય ફાઈટરનું ઐતિહાસિક શાનદાર પ્રદર્શન**

## સંગ્રામસિંહે પાકિસ્તાનને હરાવી જીત્યો એશિયા ખિતાબ

(એજન્સી) નવી દિલ્હી I તા. 20

ખેલ જગતમાં ભારતનું ગૌરવ વધારે તેવા એક અત્યંત રોમાંચક અને ગર્વ લેવા જેવા સમાચાર સામે આવ્યા છે, જ્યાં ભારતીય મિક્સ્ડ માર્શલ આર્ટ્સ (MMA) ના અગ્રણી સ્ટાર સંગ્રામ સિંહે રવિવારે એક નવો ઈતિહાસ રચતા પાકિસ્તાનના ખેલાડી મોહમ્મદ આબિદ અલીને માત્ર એક મિનિટ અને વીસ સેકન્ડ એટલે કે કુલ એંસી સેકન્ડના ટૂંકા સમયગાળામાં જ નોકઆઉટ કરીને પ્રતિષ્ઠિત 'સ્ટ્રાઈક એશિયા ચેમ્પિયનશિપ' નો મહત્ત્વપૂર્ણ ખિતાબ પોતાના નામે કરી લીધો છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે રમાયેલી આ અત્યંત બહુપ્રતીક્ષિત મેચમાં જોરદાર અને લાંબી ટક્કર થવાની અપેક્ષાઓ રાખવામાં આવી રહી હતી, પરંતુ સંગ્રામ સિંહે પોતાની શ્રેષ્ઠ તાકાત અને ટેકનિકનું પ્રદર્શન કરીને પ્રથમ રાઉન્ડમાં જ મેચનો અંત આણી દીધો હતો. મીડિયા અહેવાલ મુજબ, આ શાનદાર જીત બાદ દેશભરમાં ખુશીની લહેર દોડી ગઈ છે.

મેચની શરૂઆતથી જ ભારતીય ફાઈટર સંગ્રામ સિંહનું પલડું સંપૂર્ણપણે ભારે રહ્યું હતું અને તેમણે મેદાન પર પોતાનો આક્રમક દબદબો બનાવી રાખ્યો હતો. તેમણે પોતાની દમદાર શારીરિક તાકાત, સચોટ પંચ અને ઉત્તમ રણનીતિની મદદથી પાકિસ્તાની ફાઈટરને સંભાળવાની કે વળતો પ્રહાર કરવાની કોઈ પણ તક આપી ન હતી. આ અગાઉ પણ સંગ્રામ સિંહે અનેક આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં શાનદાર પ્રદર્શન કર્યું છે અને પાકિસ્તાનના જ અલી રઝા નાસિર ઉપરાંત ટ્યુનિશિયાના હાકિમ ત્રાબેલ્સી અને ફ્રાન્સના ફ્લોરિયન કુડિયર જેવા દિગ્ગજ ખેલાડીઓને એમએમએ મેચોમાં હરાવીને પોતાનું નામ રોશન કર્યું છે. આ તાજા વિજય સાથે પ્રોફેશનલ એમએમએમાં તેમનો અજેય રેકોર્ડ અકબંધ રહ્યો છે અને તેમણે સાબિત કરી દીધું છે કે ચેમ્પિયન રેસલરમાંથી પ્રોફેશનલ ફાઈટર બનવાનો તેમનો નિર્ણય કેટલો સચોટ સાબિત થયો છે. આ મહત્ત્વપૂર્ણ મુકાબલાના સમગ્ર ઘટનાક્રમ પર નજર કરીએ તો સંગ્રામ સિંહે મેચના પહેલા જ મિનિટથી વિરોધી પર દબાણ બનાવવાનું શરૂ કરી દીધું હતું અને માત્ર એંસી સેકન્ડની અંદર જ શક્તિશાળી નોકઆઉટ ફટકો મારીને મેચ પોતાના નામ કરી લીધી હતી. આ ઐતિહાસિક ખિતાબ જીત્યા બાદ સંગ્રામ સિંહે અત્યંત નમ્રતા અને દેશભક્તિની ભાવના સાથે આ જીત ભારતના તમામ દેશવાસીઓને સમર્પિત કરી હતી. તેમણે જીત પછી નિવેદન આપતા જણાવ્યું હતું કે જ્યારે પણ તેઓ કોઈ આંતરરાષ્ટ્રીય મંચ પર મેદાનમાં ઉતરે છે, ત્યારે તેઓ માત્ર પોતાની માટે નહીં પરંતુ સમગ્ર ભારતના લોકોના સપના અને દેશના સન્માનને સાથે રાખીને લડે છે. તેમની આ સફર આજે દેશના યુવા ખેલાડીઓ માટે એક મોટી પ્રેરણા સમાન બની ગઈ છે.




દેશના રમતગમત પ્રેમીઓ અને નાગરિકો તરફથી સંગ્રામ સિંહની આ અદભુત ઉપલબ્ધિ બદલ અભિનંદનનો ધોધ વહી રહ્યો છે. સોશિયલ મીડિયા પર પણ આ જીતની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી છે અને તેમની ફિટનેસ તથા સમર્પણની પ્રશંસા થઈ રહી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, સંગ્રામ સિંહ સ્વદેશ પરત ફર્યા બાદ આગામી સમયમાં અન્ય આંતરરાષ્ટ્રીય ચેમ્પિયનશિપની તૈયારીઓમાં જોડાશે. આ સફળતાએ સાબિત કરી દીધું છે કે ભારતીય ખેલાડીઓ હવે કોમ્બેટ સ્પોર્ટ્સ ક્ષેત્રે પણ વૈશ્વિક સ્તરે પોતાની સર્વોપરિતા સાબિત કરવા માટે સંપૂર્ણપણે સક્ષમ છે અને આવનારા દિવસોમાં દેશનું નામ વધુ રોશન કરશે.

**રિયાન ફોક્સે શાનદાર રમતથી ટાઈટલ હાસ્યલ કર્યું**

## ન્યુઝીલેન્ડના રિયાન ફોક્સે બ્રિટિશ ઓપન જીત્યો




(એજન્સી) નવી દિલ્હી I તા. 20

ઈંગ્લેન્ડના રોયલ બિરકડેલ ગોલ્ફ ક્લબ ખાતે રમાયેલી એકાવનમી બ્રિટિશ ઓપન ચેમ્પિયનશિપમાં ન્યુઝીલેન્ડના અનુભવી ગોલ્ફ ખેલાડી રિયાન ફોક્સે શાનદાર પ્રદર્શન કરીને પોતાના કરિયરનું પ્રથમ મેજર ટાઈટલ જીતી લીધું છે અને ઈતિહાસના પાનામાં પોતાનું નામ દરજ્જ કર્યું છે.

સાઉથપોર્ટમાં રમાયેલી આ રોમાંચક સ્પર્ધાના અંતિમ ચરણમાં અણનમ રમત બતાવતા ૩૯ વર્ષીય ફોક્સે છેલ્લા છ માંથી ચાર હોલમાં શાનદાર બર્ડી ફટકારી હતી અને છેલ્લી સદી પર લાંબી પટ લગાવીને વિજય સુનિશ્ચિત કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, તેમણે અંતિમ રાઉન્ડમાં બે અંડર પાર અડસઠનો સ્કોર નોંધાવીને કુલ દસ અંડરના સ્કોર સાથે આ મહાસંગ્રામ જીતી લીધો હતો, જ્યારે અન્ય પ્રતિસ્પર્ધીઓ નજીકના અંતરે રહ્યા હતા.

સ્પર્ધાના ઘટનાક્રમ મુજબ, કેમેરોન યંગ દ્વારા ચોસઠનો શાનદાર સ્કોર બનાવીને ક્લબહાઉસમાં લીડ મેળવવામાં આવી હતી, પરંતુ અઢારમા હોલ પર એક બોગીના કારણે તેમને બીજા સ્થાને સંતોષ માનવો પડ્યો હતો. જ્યારે ત્રીવન હોલના અગ્રણી સેમ બર્ન્સ શરૂઆતમાં મુશ્કેલીમાં મુકાયા બાદ સતત પાર સ્કોર જાળવી રાખીને ત્રીજા સ્થાન પર રહ્યા હતા, અને ફોક્સ પોતાની ઉત્તમ રમતથી બધાને પાછળ છોડી દીધા હતા.

આ ઐતિહાસિક વિજય સાથે રિયાન ફોક્સ વર્ષ ૧૯૬૩માં બોબ ચાર્લ્સ બાદ ઓપન ચેમ્પિયનશિપ જીતનાર ન્યુઝીલેન્ડના માત્ર બીજા પુરૂષ ખેલાડી બની ગયા છે. આ સિદ્ધિથી આંતરરાષ્ટ્રીય ગોલ્ફ જગતમાં ન્યુઝીલેન્ડનું ગૌરવ વધ્યું છે અને આગામી સમયમાં રમતગમતની દુનિયામાં આ ખેલાડીની લોકપ્રિયતા તથા સફળતા નવા શિખરો સર કરશે તેવી પૂરી સંભાવના છે.

### કીવ પર રશિયાના બેલાસ્ટિક પ્રહાર, મિસાઈલ હુમલામાં એક નાગરિકનું મોત

# રશિયાના મિસાઈલ હુમલાથી કીવમાં ભારે તબાહી

(એજન્સી)કીવ। તા. 20

પૂર્વીય યુરોપમાં ચાલી રહેલા ભીષણ સંઘર્ષ વચ્ચે યુક્રેનની રાજધાની કીવમાંથી એક અત્યંત ચિંતાજનક અને દુઃખદ સમાચાર સામે આવ્યા છે, જ્યાં શનિવારે મોડી રાત્રે રશિયન દળો દ્વારા શક્તિશાળી બેલાસ્ટિક મિસાઈલોનો ઉપયોગ કરીને વિનાશક હુમલા કરવામાં આવ્યા હતા. સ્થાનિક સત્તાવાર સૂત્રો દ્વારા રવિવારે આપવામાં આવેલી માહિતી મુજબ, આ હુમલાઓ કલાકો સુધી અવિરતપણે ચાલુ રહ્યા હતા, જેના કારણે શહેરના અનેક વિસ્તારોમાં આગ લાગી ગઈ હતી અને વ્યાપક સ્તરે તબાહી સર્જાઈ હતી. આ ગંભીર કુત્રિમ આપત્તિ અને સૈન્ય કાર્યવાહીમાં એક નિર્દોષ નાગરિકે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે આઠ જેટલા લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે. મીડિયા અહેવાલ મુજબ, આ હુમલા શનિવારે રાત્રે આશરે દોઢ વાગ્યાના સુમારે અચાનક શરૂ થયા હતા, જેના કારણે સમગ્ર શહેરમાં અફરાતફરીનો માહોલ સર્જાઈ ગયો હતો.

યુક્રેનના પ્રમુખ વોલોડીમિર ઝેલેન્સ્કીએ આ હુમલા અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે રશિયન મિસાઈલોના પ્રહારથી કીવ શહેરના પાંચ અલગ-અલગ વોર્ડમાં ભીષણ આગ લાગી હતી. આ આગની ઝપેટમાં અનેક રહેણાંક મકાનો તેમજ મહત્ત્વના ઔદ્યોગિક એકમો આવી ગયા હતા, જેને ભારે નુકસાન પહોંચ્યું છે. સ્થાનિક આપત્તિ વ્યવસ્થાપન અધિકારીઓએ જણાવ્યું હતું કે સ્વિયાતોશિન્સ્કી વોર્ડમાં બચાવ કર્મીઓએ સળગતા ખાનગી મકાનની વચ્ચે ફસાયેલા ચાર લોકોને અત્યંત જોખમી પરિસ્થિતિમાંથી સુરક્ષિત બહાર કાઢ્યા હતા. આ ઉપરાંત, શેવચેંક્વિસ્કી વોર્ડમાં આવેલી ત્રણ માળની એક સળગતી ઈમારતમાંથી પણ આઠ લોકોને તાત્કાલિક રેસ્ક્યુ કરીને બચાવી લેવામાં આવ્યા હતા, જ્યારે અન્ય સ્થળોએ ફાટી નીકળેલી આગ પર પણ લાકડા અને પાણીના માધ્યમથી કાબુ મેળવવામાં આવ્યો હતો.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે યુક્રેનની સેના



હવાઈ રક્ષા-પ્રણાલીની ગંભીર અછતનો સામનો કરી રહી છે. અગાઉના અહેવાલો મુજબ, અમેરિકા દ્વારા પૂરી પાડવામાં આવતી પેટ્રિએટ મિસાઈલ સિસ્ટમ રશિયન બેલાસ્ટિક મિસાઈલોને હવામાં જ રોકવા અને ઈન્ટરસેપ્ટ કરવા માટે અત્યંત કારગર માનવામાં આવે છે, પરંતુ હાલમાં યુક્રેન તેની પૂરતી માત્રા ન હોવાને કારણે ભારે મુશ્કેલીમાં મુકાયું છે. બીજી તરફ, રશિયાના સંરક્ષણ મંત્રાલયે રવિવારે દાવો કર્યો હતો કે તેની હવાઈ સંરક્ષણ પ્રણાલીએ પણ આખી રાત ચાલેલા યુક્રેની ડ્રોન હુમલાઓ સામે મજબૂત પ્રતિકાર કર્યો છે અને રાત્રે આઠ વાગ્યાથી સવારના આઠ વાગ્યા સુધીમાં વિવિધ ક્ષેત્રોમાં હુમલા માટે મોકલવામાં આવેલા આશરે એકસો ચાલીસ જેટલા ડ્રોન વિમાનોને હવામાં જ તોડી પાડ્યા હતા.

આ ભયાનક હુમલાઓ બાદ કીવના સામાન્ય નાગરિકોમાં ભારે ભય અને અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે. વહીવટી તંત્ર દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ રાખવામાં આવી છે જેથી કાટમાળ હટાવી શકાય અને જરૂરિયાતમંદોને તબીબી સહાય પૂરી પાડી શકાય. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આંતરરાષ્ટ્રીય સ્તરેથી યુક્રેનને વધુ હવાઈ સુરક્ષા ઉપકરણો પૂરા પાડવા માટેની વાટાઘાટો ચાલી રહી છે, પરંતુ વર્તમાન પરિસ્થિતિ જોતા નાગરિકોની સુરક્ષા એક મોટો પડકાર બની રહી છે.

### ચાબહાર અને તબરીઝમાં જોરદાર વિસ્ફોટ

# અમેરિકી સૈનિકના મોતથી ટ્રમ્પે આપ્યા હુમલાના આદેશ



(એજન્સી) વાશિંગ્ટન । તા. 20

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે અત્યંત ખતરનાક અને ભયાનક વળાંક પર પહોંચી ગયો છે, જ્યાં અમેરિકા અને ઈરાન વચ્ચેનું યુદ્ધ દિવસેને દિવસે વધુ આક્રમક બનતું જાય છે. ઉત્તરી ઈરાક વિસ્તારમાં એક ઈરાની ડ્રોનના અવિસ્ફોટિત બોમ્બને નિયંત્રિત રીતે નિષ્ક્રિય કરવાની કામગીરી ચાલી રહી હતી તે દરમિયાન થયેલા અચાનક વિસ્ફોટમાં એક અમેરિકન સૈનિકે પોતાનો જીવ ગુમાવ્યો છે, જ્યારે અન્ય એક જવાન ગંભીર રીતે ઘાયલ થયો છે. આ દુર્ઘટનાના કારણે ક્રોધે ભરાયેલા અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તાત્કાલિક ધોરણે કડક સૈન્ય કાર્યવાહીનો આદેશ આપ્યો હતો, જેના પગલે યુએસ સેનાએ ઈરાનના અનેક મહત્ત્વપૂર્ણ સૈન્ય મથકો અને પ્રતિષ્ઠાનો પર ભીષણ હવાઈ હુમલાઓ ઝીંકી દીધા છે. મીડિયા અહેવાલ મુજબ, આ તાજા હુમલાઓ બાદ ખાડી દેશોમાં તણાવ ચરમસીમા પર પહોંચી ગયો છે.

અમેરિકી સેન્ટ્રલ કમાન્ડ દ્વારા સત્તાવાર રીતે જાહેર કરવામાં આવેલી વિગતો અનુસાર, છેલ્લા પાંચ મહિનાથી ચાલી રહેલા આ સશસ્ત્ર સંઘર્ષમાં અત્યાર સુધીમાં જીવ ગુમાવનારા અમેરિકી સૈનિકોની કુલ સંખ્યા વધીને સતાર પર પહોંચી ગઈ છે. આ અગાઉ બનેલી ઘટનામાં સૈનિકો ડ્રોનને નષ્ટ કરવાના અભિયાનમાં જોડાયા હતા, પરંતુ સુરક્ષા વ્યવસ્થામાં સર્જાયેલી ક્ષતિના કારણે આ જીવલેણ વિસ્ફોટ થયો હતો. આ ઘટના બાદ યુએસ સૈન્યએ સ્ટ્રેટ ઓફ હોર્મુઝ જેવા વ્યસ્ત દરિયાઈ માર્ગો પર વ્યાપારી જહાજોને નિશાન બનાવવાની ઈરાનની સૈન્ય ક્ષમતાઓ અને સંસાધનોને સંપૂર્ણપણે ધ્વસ્ત કરવા માટે આક્રમક રણનીતિ અપનાવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે દક્ષિણ-પૂર્વ બંદર શહેર ચાબહાર તેમજ ઉત્તર-પશ્ચિમ શહેર તબરીઝમાં એક પછી એક શક્તિશાળી વિસ્ફોટોના અવાજો સંભળાયા હતા. સૌથી મોટા હુમલાના જવાબમાં, ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ દ્વારા પણ વળતો પ્રહાર કરવાનો દાવો કરવામાં આવ્યો છે. ઈરાની સૈન્ય સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમણે જોર્ડનના અલ-અઝરાક ક્ષેત્રમાં આવેલા અમેરિકી સેનાના મુખ્ય હાઉસિંગ બેઝ અને વીસ જેટલા હેંગરોને નિશાન બનાવીને અત્યંત સચોટ મિસાઈલ હુમલા કર્યા છે, જેમાં ડઝનબંધ સૈનિકોના જાનમાલનું નુકસાન થયાનો દાવો કરાયો છે. આ ઉપરાંત અકાબા એરપોર્ટ પર ઊભેલા અમેરિકી વાયુસેનાના વિમાનોને પણ નષ્ટ કરી દેવાયા હોવાનું ઈરાન દ્વારા જણાવવામાં આવ્યું છે. આ યુદ્ધની ગંભીર અસરો માત્ર સૈન્ય અડ્ડાઓ પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ દરિયાઈ સીમાઓમાં પણ ઓઈલ ટેન્કરોને નિશાન બનાવવાની ઘટનાઓ સામે આવી રહી છે, જેનાથી વૈશ્વિક સ્તરે ઊર્જા સુરક્ષા સામે મોટો ખતરો ઊભો થયો છે.

**નાગરિકોની સ્થિતિ અને ભવિષ્યની રૂપરેખા**

વૈશ્વિક સ્તરે વધતા જતા આ સંકટને ધ્યાનમાં રાખીને બહરીન સ્થિત અમેરિકી દૂતાવાસે તાત્કાલિક ધોરણે હાઈ સિક્યુરિટી એલર્ટ જાહેર કર્યું છે અને પોતાના તમામ નાગરિકોને અત્યંત સાવચેત રહેવાની કડક સૂચના આપી છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, ઈરાન દ્વારા મધ્ય પૂર્વના અન્ય વિસ્તારોમાં પણ અમેરિકી હિતોને નિશાન બનાવવામાં આવી શકે છે, જેને લઈને ગુપ્તચર એજન્સીઓ સતત નજર રાખી રહી છે. આ ભયાનક તણાવને કાબૂમાં લાવવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરે રાજદ્વારી પ્રયાસો ચાલી રહ્યા છે, પરંતુ જમીની હકીકત એ છે કે બંને દેશો વચ્ચે યુદ્ધવિરામની કોઈ શક્યતા હાલ દેખાઈ રહી નથી અને આગામી દિવસોમાં આ સંઘર્ષ વધુ વકરે તેવી પૂરેપૂરી સંભાવના છે.

## ન્યૂઝ બ્રીફ

### અમેરિકાના પૂર્વ ગુપ્તચર નિયામકના ભાઈની ધરપકડ



હોનોલુલુ | અમેરિકાના પૂર્વ રાષ્ટ્રીય ગુપ્તચર નિયામક તુલસી ગબાર્ડના મોટા ભાઈ બટાર્ટી ગબાર્ડ પર સગીર બાળકોને પૈસા અને ચ્યુઈંગમની લાલચ આપીને હોટલના રૂમમાં બોલાવવાનો ગંભીર આરોપ લાગ્યો છે, જેના પગલે સ્થાનિક પોલીસે તેમની સામે કસ્ટોડિયલ ઈન્ટરફેરન્સનો ગુનો નોંધીને કાયદેસરની તપાસ હાથ ધરી છે. ઘટનાની વિગતો મુજબ, બાવન વર્ષીય બટાર્ટી ગબાર્ડે હોવાઈના વાઈકિકી સ્થિત એક હોટલના સ્વિમિંગ પૂલ વિસ્તારમાં હાજર નવ વર્ષના બાળક સહિત અનેક સગીરોને પોતાના તરફ આકર્ષિત કરવાનો પ્રયાસ કર્યો હતો. મીડિયા અહેવાલ મુજબ, આરોપીએ બાળકોના નામ પૂછીને પોતાની નોટબુકમાં નોંધ્યા હતા અને તેમને પ્રલોભન આપીને પોતાના રૂમમાં આવવા કહ્યું હતું, પરંતુ સજાગ બાળકોએ આ પ્રસ્તાવ સ્પષ્ટપણે નકારી કાઢ્યો હતો અને આ વાતની જાણ એક મહિલા દ્વારા પોલીસને કરવામાં આવી હતી.

### કોલકાતા પ્રવાસ પહેલા તસ્લીમા નસરીનનો પલટવાર



નવી દિલ્હી | લગભગ ઓગણીસ વર્ષના લાંબા અંતરાલ બાદ કોલકાતાની મુલાકાતે જઈ રહેલા નિર્વાસિત બાંગ્લાદેશી લેખિકા તસ્લીમા નસરીન દ્વારા પશ્ચિમ બંગાળના વામપંથી નેતાઓને આડેહાથ લેવામાં આવ્યા છે, કારણ કે તેમના પર ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સમર્થક હોવાના ખોટા આરોપો લગાવવામાં આવ્યા હતા, અને તેમણે સ્પષ્ટ કર્યું છે કે આ મુલાકાતનું આમંત્રણ એક ધર્મનિરપેક્ષ સંસ્થા દ્વારા આપવામાં આવ્યું છે. સામાજિક માધ્યમ પર એક તીખી પ્રતિક્રિયા આપતા તેમણે જણાવ્યું છે કે તેમનો આ પ્રવાસ સેક્યુલર મિશન દ્વારા આયોજિત કરવામાં આવ્યો છે અને રાજ્ય સરકારની જવાબદારી માત્ર તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવાની છે. મીડિયા અહેવાલ મુજબ, અગાઉની વામપંથી સરકારે તેમને બંગાળમાંથી હાંકી કાઢ્યા હતા અને ત્યારબાદ તૃણમૂલ કોંગ્રેસ સરકાર દ્વારા પણ તેમના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો, જેના કારણે આજના રાજકીય માહોલમાં આ મુલાકાત અત્યંત મહત્વપૂર્ણ બની ગઈ છે.

### પેરુમાં ભૂકંપથી સર્જાઈ મોટી તબાહી

# પેરુમાં ભયાનક ભૂકંપથી 5 લોકોના મોત નિપજ્યા, 300થી વધુ લોકો થયા બેઘર

(એજન્સી) લિયામા । તા. 20

દક્ષિણ અમેરિકાના પેરુ દેશમાંથી એક અત્યંત દુઃખદ અને હૃદયદ્રાવક સમાચાર સામે આવ્યા છે, જ્યાં શનિવારે રાત્રે આવેલા એક શક્તિશાળી ભૂકંપના કારણે ભારે તબાહી મચી ગઈ છે. સત્તાવાર અધિકારીઓ દ્વારા રવિવારે આપવામાં આવેલી માહિતી અનુસાર, આ ગંભીર કુદરતી આપત્તિમાં પાંચ લોકોએ પોતાના પ્રાણ ગુમાવ્યા છે, જ્યારે વીસથી વધુ લોકો ગંભીર રીતે ઘાયલ થયા છે અને તેમની સારવાર ચાલી રહી છે. આ ભૂકંપ એટલો તીવ્ર હતો કે તેના આંચકાથી સેંકડો લોકો બેઘર થઈ ગયા છે અને હાલમાં ત્રણસોથી વધુ નાગરિકો ખુલ્લા આકાશ નીચે કે અસ્થાયી આશ્રયસ્થાનોમાં રહેવા મજબૂર બન્યા છે. મીડિયા અહેવાલ મુજબ, આંતરરાષ્ટ્રીય સ્તરની ભૂગર્ભ સંશોધન સંસ્થાના રિપોર્ટ પ્રમાણે શનિવારે રાત્રે નવ વાગ્યાની આસપાસ ધરતી ધ્રૂજી ઉઠી હતી અને રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા પાંચ પંચાંગ નોંધવામાં આવી હતી.

આ પર્વતીય ક્ષેત્રમાં અગાઉ પણ નાના-મોટા આંચકા અનુભવાયા હતા, પરંતુ આ વખતે ભૂકંપની તીવ્રતા ઘણી વધારે હોવાથી જાનમાલનું મોટું નુકસાન થયું છે. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ હુઆનકાયો પ્રાંતના સિકાયા શહેરની નજીક જમીનથી માત્ર દસ કિલોમીટરની ઊંડાઈએ નોંધવામાં આવ્યું હતું, જેના કારણે તેની વિનાશક અસર ખૂબ જ ઝડપથી આસપાસના વિસ્તારોમાં ફેલાઈ ગઈ હતી. પેરુની નેશનલ સિવિલ ડિફેન્સ ઈન્સ્ટિટ્યૂટના જણાવ્યા અનુસાર, આ આપત્તિના કારણે વિસ્તારની ઘણી ઐતિહાસિક અને સ્થાનિક ઈમારતો તેમજ ચર્ચ સંપૂર્ણપણે ધરાશાયી થઈ ગયા છે અથવા તેમને ગંભીર નુકસાન પહોંચ્યું છે. દુર્ઘટના બાદ તરત જ પ્રશાસન દ્વારા બચાવ અને રાહત કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દેવામાં આવી છે જેથી કાટમાળ નીચે ફસાયેલા લોકોને સુરક્ષિત બહાર કાઢી શકાય.

આ સમગ્ર ઘટનાક્રમ પાછળનું મુખ્ય કારણ આ ક્ષેત્રની નબળી ભૌગોલિક રચના અને પરંપરાગત બાંધકામ શૈલી



હોવાનું સામે આવ્યું છે. સ્થાનિક સિવિલ ડિફેન્સ ઓફિસના વડા લુઈસ વાસ્કેજે જણાવ્યું હતું કે એન્ડીઝના આ પર્વતીય વિસ્તારમાં મોટાભાગના મકાનો માટી અને કાચી ઈંટોથી બનાવવામાં આવ્યા છે, જે ભૂકંપના આંચકા સહન કરવા માટે અક્ષમ સાબિત થયા. મકાનો નબળા હોવાના કારણે જમીન હલતાની સાથે જ તેઓ પત્તાના મહેલની જેમ વિખેરાઈ ગયા હતા, જેના લીધે ગ્રામીણ વિસ્તારોમાં તબાહીનું પ્રમાણ ઘણું વધી ગયું છે. આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને સરકારી એજન્સીઓ દ્વારા પ્રભાવિત વિસ્તારોમાં તબીબી ટીમો અને રાહત સામગ્રી મોકલવામાં આવી રહી છે જેથી પીડિતોને તાત્કાલિક સહાય પૂરી પાડી શકાય.

**નાગરિકોની સ્થિતિ અને ભવિષ્યની રૂપરેખા**

ઘર વિહોણા બનેલા નાગરિકો માટે સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા કામચલાઉ શિબિરો ઊભી કરવામાં આવી રહી છે, જ્યાં તેમને ખોરાક અને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવી રહ્યું છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર, આગામી દિવસોમાં સરકાર દ્વારા મૃતકોના પરિવારજનોને આર્થિક સહાય અને ઘાયલોને મફત સારવાર આપવાની જાહેરાત કરવામાં આવશે. આ દુર્ઘટનાએ એ વાતની સાબિતી આપી છે કે પર્વતીય વિસ્તારોમાં મકાનો બનાવતી વખતે એન્જિનિયરિંગના ધોરણો અને ભૂકંપ પ્રતિરોધક તકનીકનો ઉપયોગ કરવો કેટલો અનિવાર્ય છે. પ્રશાસન દ્વારા નાગરિકોને અફવાથી દૂર રહેવા અને સુરક્ષિત સ્થળોએ ખસી જવા માટે સતત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે જેથી કોઈપણ પ્રકારની વધુ અનિચ્છનીય ઘટનાને ટાળી શકાય.

# બાંગ્લાદેશમાં ફરી ગુપ્ત અપહરણની ચોંકાવનારી ઘટના

(એજન્સી) ઢાકા । તા. 20

બાંગ્લાદેશમાં વર્ષ બે હજાર ચોવીસના વિરોધ પ્રદર્શનો બાદ પ્રથમવાર કોઈ વ્યક્તિના ગુપ્ત રીતે અપહરણનો મામલો સામે આવતા માનવાધિકાર સંસ્થા દ્વારા સખત વાંધો વ્યક્ત કરવામાં આવ્યો છે, જેમાં ત્રીસ વર્ષીય મિરાજ શેખ નામના માછીમારને કોસ્ટ ગાર્ડની કસ્ટડીમાંથી કથિત રીતે ગુપ્ત રાખવા બાબતે તાત્કાલિક તપાસ કરવા માટે અદાલતે આદેશ આપ્યો છે અને સુરક્ષા દળોની જવાબદારી નક્કી કરવાની માંગ કરવામાં આવી છે.

દેશમાં અગાઉની સરકારના પતન બાદ રચાયેલી વચગાળાની સરકારે ગુપ્ત અપહરણ રોકવા માટે વિશેષ વટહુકમ પસાર કર્યો હતો, પરંતુ નવી ચૂંટાયેલી સરકારે તે કાયદાને આગળ વધારવાને બદલે તેને સમાપ્ત થવા દીધો છે. મીડિયા અહેવાલ મુજબ, આ મામલે પીડિત પરિવાર દ્વારા કાનૂની લડત લડવામાં આવી રહી છે અને ઉચ્ચ અદાલતે પંદરમાં દિવસની અંદર ગુમ થયેલા માછીમારને શોધીને રજૂ કરવાનો આદેશ આપ્યો છે, છતાં સત્તાવાર રીતે સુરક્ષા દળો દ્વારા આ બાબતે અજાણ હોવાનું રટણ કરવામાં આવી રહ્યું છે.

ઘટનાક્રમ અનુસાર, ગત એપ્રિલ મહિનાની દસમી તારીખે રાત્રે મોંગલા વિસ્તારમાંથી કોસ્ટ ગાર્ડના જવાનો દ્વારા મિરાજ શેખને સ્પીડબોટમાં બેસાડીને લઈ જવામાં આવ્યો હતો. બીજા દિવસે પરિવારે પૂછપરછ કરતા તેમને ગેરમાર્ગે દોરવામાં આવ્યા હતા અને બાદમાં તેમની ગાડી પણ પરત કરવામાં આવી હતી. આ ગંભીર બાબતે પરિવારે ન્યાય માટે અનેક સરકારી અધિકારીઓને અરજી કરી અને અંતે હાઈકોર્ટના દરવાજા ખખડાવ્યા હતા, જેના પરિણામે અદાલતે કડક વલણ અપનાવ્યું છે.

# ચીનના સ્ટાર્ટઅપે લોન્ચ કર્યું કિમી K3 AI મોડલ, વિશ્વનું સૌથી મોટું ઓપન-વેઈટ AI, ચેટજીપીટીને ટક્કર આપવા નવી ટેકનોલોજી

(એજન્સી) બેઈજિંગ । તા. 20

વૈશ્વિક સ્તરે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે ચાલી રહેલી હરીફાઈ વચ્ચે ચીનમાંથી એક અત્યંત મહત્વપૂર્ણ અને મોટા સમાચાર સામે આવ્યા છે, જ્યાં અગ્રણી ચીની સ્ટાર્ટઅપ કંપની મૂનશોટ એઆઈ દ્વારા બેઈજિંગમાં અત્યાર સુધીનું સૌથી શક્તિશાળી અને આધુનિક એઆઈ મોડલ 'કિમી K3' સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવ્યું છે. કંપની દ્વારા દાવો કરવામાં આવ્યો છે કે આ વિશ્વનું અત્યાર સુધીનું સૌથી મોટું ઓપન-વેઈટ એઆઈ મોડલ છે, જેને ડેવલપર્સ અને રિસર્ચર્સ પોતાની ચોક્કસ જરૂરિયાતો મુજબ સરળતાથી કસ્ટમાઈઝ કરી શકે છે. આ નવી ટેકનોલોજીના આગમનથી વૈશ્વિક ટેક માર્કેટમાં મોટી હલચલ મચી ગઈ છે અને તેને અદ્યતન ચેટબોટ્સ સામે એક મજબૂત હરીફ તરીકે જોવામાં આવી રહી છે. મીડિયા અહેવાલ મુજબ, આ મોડેલનો ઉપયોગ વિવિધ પ્રકારની અદ્યતન એઆઈ એપ્લિકેશનો બનાવવા માટે પણ વ્યાપક સ્તરે થઈ શકશે.





હાલના સમયમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ટેકનોલોજીમાં ઝડપી વિકાસ થઈ રહ્યો છે અને વિવિધ દેશો વચ્ચે સર્વોપરિતા સાબિત કરવાની હોડ જામી છે. અગાઉના પરંપરાગત મોડેલો મર્યાદિત ક્ષમતા ધરાવતા હતા, જેના કારણે જટિલ કાર્યોમાં તેમની મર્યાદાઓ સ્પષ્ટ દેખાતી હતી. આ નવીનતમ 'કિમી K3' મોડેલમાં અંદાજે 2.8 ટ્રિલિયન પેરામીટર્સનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે તેની વિશાળ ક્ષમતાની સાક્ષી પૂરે છે. આ મોડેલની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં એક સમયે માત્ર જરૂરી ભાગ જ એક્ટિવ થાય છે, જેના કારણે ઓછા કમ્પ્યુટિંગ રિસોર્સ વચ્ચે પણ તે અત્યંત અસરકારક અને ઝડપી રીતે કામ કરવા સક્ષમ બને છે. આ અતિ-આધુનિક ટેકનોલોજીને ટેકનિકલ ભાષામાં 'મિક્ચર ઓફ એક્સપર્ટ્સ આર્કિટેક્ચર' તરીકે ઓળખવામાં આવે છે, જે ડેટા પ્રોસેસિંગને વધુ સરળ બનાવે છે. કંપનીના વરિષ્ઠ અધિકારીઓએ લોન્ચિંગ દરમિયાન જણાવ્યું હતું કે આ નવું મોડેલ માત્ર સામાન્ય પ્રશ્નોના રેડીમેડ જવાબ આપવા પૂરતું સીમિત નથી, પરંતુ તે તેનાથી ઘણું આગળ વધીને કામ કરે છે. તે કોઈપણ જટિલ અને લાંબા દસ્તાવેજોને ગણતરીની મિનિટોમાં વાંચીને તેનો સચોટ સારાંશ તૈયાર કરવાની અદ્ભુત ક્ષમતા ધરાવે છે. આ ઉપરાંત, તે અતિ-જટિલ પ્રશ્નોનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરી શકે છે, વિવિધ પ્રોગ્રામિંગ ભાષાઓમાં પ્રોગ્રામિંગ કોડ લખી શકે છે અને કોડમાં રહેલી નાની-મોટી ભૂલો શોધીને તેને જાતે જ સુધારવામાં પણ સંપૂર્ણપણે મદદરૂપ સાબિત થાય છે.

**સાઈકલ યાત્રા** | નવ હજાર કિલોમીટરની સાયકલ યાત્રા, પ્રેમની અનોખી દાસ્તાન દુનિયા સમક્ષ

# પ્રેમીને મળવા માટે દલિત કલાકારે ખેડી સાયકલ સફર

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દુનિયામાં પ્રેમની અનેક અદ્ભુત કહાનીઓ જોવા મળે છે, પરંતુ કેટલીક પ્રેમકથાઓ એટલી બધી અસાધારણ હોય છે કે તે સાચી હોવા છતાં પણ કોઈ ફિલ્મી પટકથા જેવી લાગે છે. ઓડિશાના એક સામાન્ય પરિવારમાંથી આવતા અને સામાજિક અસમાનતાનો સામનો કરનાર પ્રદ્યુમ્ન કુમાર મહાનંદિયા (પી.કે. મહાનંદિયા) ની પ્રેમકથા પણ કંઈક આવી જ રોમાંચક છે, જેમણે પોતાની પ્રેમિકાને મળવા માટે દિલ્હીથી લઈને સ્વીડન સુધીની લાંબી મુસાફરી સાયકલ પર જ ખેડી હતી. આ અવિશ્વસનીય અને પ્રેરણાદાયી પ્રેમકથા પર હવે અગ્રણી અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસના પ્રોડક્શન હેઠળ અને ઓસ્કાર વિજેતા દિગ્દર્શક ઓર્લાન્ડો વોન આઈન્સીડેલના નિર્દેશનમાં 'ધ સાયકલ ઓફ લવ' નામની વિશેષ દસ્તાવેજી ફિલ્મ પણ તૈયાર કરવામાં આવી છે, જે આગામી સમયમાં વૈશ્વિક સ્તરે દર્શકો સમક્ષ રજૂ થવા જઈ રહી છે.

પ્રદ્યુમ્ન કુમાર મહાનંદિયાનો જન્મ ઓડિશાના એક



ગરીબ ઓડિયા વણકર પરિવારમાં થયો હતો અને બાળપણમાં જ તેમને જાતિગત ભેદભાવ તથા અપમાનનો કડવો અનુભવ કરવો પડ્યો હતો. ગરીબી અને સામાજિક વિષમતા વચ્ચે ઉછરેલા પી.કે. ના મનમાં કલા પ્રત્યેનો ગાઢ પ્રેમ હતો, જે તેમને બંગાળના શાંતિનિકેતન અને બાદમાં દિલ્હી કોલેજ ઓફ આર્ટ્સ સુધી લઈને આવ્યો હતો. દિલ્હીમાં શરૂઆતના દિવસો અત્યંત સંઘર્ષભર્યા રહ્યા હતા અને ગુજરાન ચલાવવા માટે તેમણે કનોટ પ્લેસના ફુવારા પાસે બેસીને પ્રવાસીઓના લાઈવ પોટ્રેટ બનાવવાનું શરૂ કર્યું હતું. તેમની આ અદ્ભુત કલાકારીએ તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીનું ધ્યાન પણ ખેંચ્યું હતું, અને તેમને દેશના વડાપ્રધાનનું લાઈવ ચિત્ર દોરવાની સત્તાવાર મંજૂરી મળી હતી, જેનાથી તેઓ રાતોરાત લોકપ્રિય કલાકાર બની ગયા હતા.

પી.કે. ના જીવનમાં મોટો વળાંક ત્યારે આવ્યો જ્યારે સ્વીડિશ યુવતી શાર્લોટ વોન શેડવિન (લોટ્ટા) લંડનથી ભારત આવી અને કનોટ પ્લેસ ખાતે પી પાસે પોતાનું પોટ્રેટ દોરાવ્યું. પહેલી જ મુલાકાતમાં બંને એકબીજા તરફ આકર્ષાયા અને બાળપણમાં એક જ્યોતિષ દ્વારા કરવામાં આવેલી ભવિષ્યવાણી સાચી પડી, કારણ કે લોટ્ટા ખરેખર વૃષભ રાશિની હતી અને પિયાનો વગાડતી હતી. ભારતીય પરંપરા મુજબ બંનેએ લગ્ન કર્યા, પરંતુ થોડા સમય બાદ લોટ્ટાએ સ્વીડન પરત ફરવું પડ્યું.

# મધ્યપૂર્વમાં જળકટોકટી સર્જતી ભીષણ યુદ્ધની આગ

(એજન્સી) દુબઈ । તા. 20

મધ્યપૂર્વમાં અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલું સૈન્ય સંઘર્ષ હવે અત્યંત ભયાનક સ્વરૂપ ધારણ કરી ચૂક્યું છે, જ્યાં તાજેતરમાં ઈરાનના ડિસેલિનેશન પ્લાન્ટ પર થયેલા હવાઈ હુમલાના જવાબમાં ખાડી દેશોના પાણીના પ્લાન્ટોને નિશાન બનાવવામાં આવ્યા છે, જેના કારણે લાખો નાગરિકો માટે પીવાના પાણીનું ગંભીર સંકટ ઊભું થવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

રણ અને દરિયા કિનારે વસેલા ખાડી દેશો તેમની પીવાના પાણીની જરૂરિયાત માટે સંપૂર્ણપણે સમુદ્રના ખારા પાણીને શુદ્ધ કરતા ડિસેલિનેશન પ્લાન્ટ પર નિર્ભર છે, પરંતુ વર્તમાન યુદ્ધના માહોલમાં આ મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જોખમ તોળાઈ રહ્યું છે. મીડિયા અહેવાલ મુજબ, અમેરિકી સેના દ્વારા ઈરાનના કેશમ ટાપુ અને હોર્મોઝગાન પ્રાંતમાં આવેલા પ્લાન્ટોને ધ્વસ્ત કરવામાં આવ્યા છે, જેના વળતા પ્રહાર રૂપે કુવૈત અને બહરીન સહિતના પ્રદેશોના પ્લાન્ટોને પણ નિશાન બનાવવામાં આવ્યા છે. સંઘર્ષની શરૂઆત ત્યારથી થઈ જ્યારે ઈરાન દ્વારા જોર્ડનમાં આવેલા સૈન્ય મથક પર ડ્રોન અને મિસાઈલ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં અનેક સૈનિકોના જાન ગયા હતા. આ હુમલાના બદલામાં અમેરિકા દ્વારા સતત આઠ દિવસ સુધી ઈરાનના અનેક શહેરો અને સૈન્ય મથકો પર વિનાશક મિસાઈલમારો ચાલુ રાખવામાં આવ્યો છે. આ હુમલાઓમાં એર ડિફેન્સ સિસ્ટમ અને શસ્ત્ર સ્ટોરેજ સુવિધાઓને ભારે નુકસાન પહોંચ્યું છે, જેના કારણે બંને પક્ષો વચ્ચેનો આ ટકરાવ વધુ અનિયંત્રિત બન્યો છે. પરિસ્થિતિ વધુ વણસતી જોઈને અમેરિકી સૈન્યે મધ્યપૂર્વમાં તૈનાત પોતાના હજારો સૈનિકોને સંપૂર્ણ એલર્ટ પર રાખી દીધા છે.

## હેલિકોપ્ટર અને વિમાન ખરીદીમાં કરોડોની શંકાસ્પદ લેવડદેવડ : કલકત્તા હાઈકોર્ટે આપ્યો મોટો ઝટકો

# મુશ્કેલીમાં ફસાયેલા મમતા બેનરજીને 400 કરોડનો ફટકો?

(એજન્સી) નવી દિલ્હી | તા.03

પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીને કલકત્તા હાઈકોર્ટમાંથી મોટો ઝટકો લાગ્યો છે. ED દ્વારા PMLA કેસમાં ફ્રીઝ કરાયેલા તેમના બેંક ખાતાઓને ઉપયોગ કરવાની મંજૂરી કોર્ટે નકારી કાઢી છે. આ મામલો કેરવેલ એવિએશન અને સંલગ્ન કંપનીઓ દ્વારા વિમાન-હેલિકોપ્ટર ખરીદીમાં થયેલા 440.42 કરોડના શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલો છે. આ ખરીદી પાર્ટીના ફંડમાંથી કરીને પછી લીઝ પર અપાઈ હતી. પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીને કાનૂની મોરચે મોટો ઝટકો લાગ્યો છે. સોમવારે કલકત્તા હાઈકોર્ટ દ્વારા તેમના ફ્રીઝ કરવામાં આવેલા બેંક ખાતાઓનો ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો સ્પષ્ટ ઈનકાર કરી દેવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, મની લોન્ડરિંગના (PMLA) એક કેસ હેઠળ ઈડી (ED - પ્રવર્તન નિદેશાલય) દ્વારા આ ખાતાઓને ફ્રીઝ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો.



આ રાજકીય અને કાનૂની સંકટ એવા સમયે આવ્યું છે જ્યારે તૃણમૂલ કોંગ્રેસ પક્ષ બે જૂથોમાં વહેંચાઈ ચૂક્યો છે અને મમતા બેનરજી પાસેથી પાર્ટીનું નામ તેમજ પ્રતીક ચિહ્ન પણ છીનવાઈ જવાનો ખતરો તોળાઈ રહ્યો છે.

કલકત્તા હાઈકોર્ટના જસ્ટિસ કૃષ્ણ રાવે આ મામલે વચગાળાનો આદેશ જાહેર કરીને બેંક ખાતાઓ પરનો પ્રતિબંધ હટાવવાની અરજી ફગાવી દીધી છે. આ સમગ્ર વિવાદ એપ્રિલ 2023થી જૂન 2026 વચ્ચે કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને તેની સાથે જોડાયેલી કંપનીઓ વચ્ચે થયેલા શંકાસ્પદ વ્યવહારો સાથે સંકળાયેલો છે. તપાસ એજન્સીના આરોપ અનુસાર, આ નાણાકીય વ્યવહારો એક લક્ઝરી 'એમ્બ્રેયર લેગેસી 600' વિમાન અને એક 'અગસ્તા 109 ગ્રાન્ડ ન્યૂ' હેલિકોપ્ટરની ખરીદી માટે કરવામાં આવ્યા હતા. મીડિયા રિપોર્ટ પ્રમાણે, આ મામલાની શરૂઆત બિધાનનગરના સાયબર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી એક એફઆઈઆરના આધારે થઈ હતી. આ ફરિયાદમાં ખોટી રીતે નાણાકીય વ્યવહારો કરવા, ગેરકાનૂની રીતે ભંડોળ એકઠું કરવા અને રાજકીય પક્ષના ચોક્કસ બેંક ખાતાઓ દ્વારા શંકાસ્પદ ફંડને અહીંતહીં ટ્રાન્સફર કરવાનો ગંભીર આરોપ લગાવવામાં આવ્યો હતો. આ મામલે એક્શન લેતા ઈડીએ પીએમએલએ (PMLA)ની કલમ 17(1એ) હેઠળ કાર્યવાહી કરીને ત્રણ બેંક ખાતાઓમાં જમા થયેલા કુલ 440.42 કરોડ રૂપિયા ફ્રીઝ કરી દીધા હતા.ઈડીની તપાસમાં સામે આવ્યું છે કે, એપ્રિલ 2023થી જૂન 2026ના ગાળા દરમિયાન તૃણમૂલ કોંગ્રેસના બેંક ખાતાઓમાંથી મેસર્સ કેરવેલ એવિએશન ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ અને તેની સહયોગી સંસ્થાઓને આશરે 160 કરોડ રૂપિયા મોકલવામાં આવ્યા હતા. આમાંથી 82.96 કરોડ રૂપિયા હેલિકોપ્ટર અને વિમાન ખરીદવા માટે એક નવી બનેલી કંપનીમાં ટ્રાન્સફર કરાયા હતા. આ ખરીદીઓ પાછળ કુલ 112 કરોડ રૂપિયા ચૂકવાયા હોવાનું સામે આવ્યું છે.આ ઉપરાંત, વર્ષ 2023માં હેલિકોપ્ટરની ખરીદી માટે નાણાં ખૂટતા હોવાથી ટેક્સ હેવન ગણાતા કેમેન આઈલેન્ડ્સ (Cayman Islands) સ્થિત એક સંસ્થા પાસેથી 17 લાખ અમેરિકન ડોલરની અસુરક્ષિત લોન (અનસિક્યોર્ડ લોન)ની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.તપાસમાં સૌથી મોટો ખુલાસો એ થયો છે કે આ વિમાન અને હેલિકોપ્ટર કથિત રીતે પાર્ટીના સત્તાવાર ફંડમાંથી મળેલા નાણાંનો ઉપયોગ કરીને ખરીદવામાં આવ્યા હતા, પરંતુ બાદમાં તેને તૃણમૂલ કોંગ્રેસને જ લીઝ પર આપી દેવાયા હતા.

## મસ્કતમાં 15 કલાક કામ કરવું પડતું માર પડતો : પૂરૂં ખાવા પણ ન મળતું

નવી દિલ્હી: હૈદરાબાદની ૨૬ વર્ષની યુવતી શબનમ બેગમે આક્રોશ ઠાલવતાં કહ્યું હતું કે તેને એક સ્થાનિક રીક્રુટમેન્ટ એજન્ટે મોટા પગારની મોટી મોટી વાતો કરી લલચાવી મસ્કત મોકલી તેની કરૂણ કથની કહેતાં અમજદ ઉલ્લા ખાને કહ્યું હતું કે તેને ૨૦૦ ઓમાનીરીયાલ (આશરે રૂ. ૫૦,૦૦૦)નો દર મહીને પગાર મળશે. પરંતુ ત્યાં પહોંચ્યા પછી શબનમની કરૂણ કથની શરૂ થઇ હતી. તે એપ્રિલમાં ત્યાં પહોંચી તો તેને ૧૨થી ૧૫ કલાક કામ કરવું પડતું. કામમાં જરા પણ કસૂર રહી જાય તો માર પડતો, ઘણીવાર સખ્ત માર પડતો ઉપરથી પૂરૂ ખાવાનું પણ મળતું નહીં. પગાર માગીએ તો પણ માર પડે. ત્રણ મહિના સુધી તેણે આ ત્રાસ સહન કર્યો.

તેવામાં એક દિવસ લાગ મળાતાં તે ઘરમાંથી છટકી ગઇ અને ભારતીય દૂતાવાસમાં પહોંચી ગઈ.

આ શબનમ બેગમની મુશ્કેલી તો તે હતી કે તેને મસ્કત મોકલનાર એજન્ટે તેનો પાસપોર્ટ પણ લઇ લીધો હતો. તે દૂતાવાસના અધિકારીઓ સમક્ષ રડી પડી. તેઓએ તેને સાંત્વન આપ્યું અને તેને પૂરતું ભોજન વગેરે આપવાની પણ વ્યવસ્થા કરી. આ પછી



ભારતીય રાજદૂતે મસ્કતનાં વિદેશ મંત્રાલયનો સંપર્ક સાધ્યો, અને તેઓએ કડક શબ્દોમાં કહ્યું કે અહીં આવતા ભારતીયોની અહીં જે ખરાબ હાલત થાય છે તે થવી જ ન જોઇએ. મસ્કતનાં વિદેશ મંત્રાલયે પણ ભારતીય રાજદૂતની વાત સ્વીકારી.

બીજી તરફ તે યુવતીને મોટાં મોટાં વચનો આપી મસ્કત મોકલનાર એજન્ટનું નામ ઠામ જે પેલી યુવતીએ આપ્યું હતું તે નવી દિલ્હીને જણાવ્યું. નવી દિલ્હીએ તેની ધરપકડ કરાવી.

ટૂંકમાં કેરળ અને તામિલનાડુ સહિત કેટલાયે વિસ્તારોમાંથી ગલ્ફ કન્ટ્રીઝમાં સોનાના મોરલા ઉડશે તેવી આશાએ જનારા સૌ કોઈએ ચેતી જવાની જરૂર છે. તેવું પણ જાણવા મળ્યું છે કે આ યુવતીઓ પૈકી લગભગ તમામ યુવતીઓ તેમના આરબ શેઠોના હવસનો ભોગ બને છે, તે બધા તેમ જ માને છે કે યુવતીઓ ઉપર બળાત્કાર કરવાનો તેમનો વણ લખ્યો અધિકાર છે.

## News Brief

### આજે જંતર મંતરથી સંસદ ચલો માર્ચ પોલીસની વોટર કેનન, ડિટેન્શન બસો તૈનાત

નવી દિલ્હી: શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે ૨૦ દિવસ સુધી ભૂખ હડતાળ કરનારા સોનમ વાંગચુકને દિલ્હી પોલીસ જંતર મંતર પરથી ઉઠાવીને દિલ્હીની સરકારી હોસ્પિટલમાં લઇ ગઇ હતી. જેથી વિફરેલી કોકરોચ જનતા પાર્ટી અને સમર્થકોએ સોમવારે જંતર મંતરેથી સંસદ સુધી માર્ચ કાઢવાની જાહેરાત કરી છે. જેને રોકવા માટે દિલ્હી પોલીસે પુરી તૈયારી કરી લીધી છે. જ્યારે સોનમ વાંગચુકને બળજબરીથી હોસ્પિટલ લઇ જવા મુદ્દે તેમની પત્ની દ્વારા કરાયેલી અરજીમાં દિલ્હી હાઇકોર્ટ તરફથી કોઇ રાહત નથી મળી. શનિવારે અચાનક જ દિલ્હી પોલીસ જંતર મંતર પર ત્રાટકી હતી અને સોનમ વાંગચુકને હોસ્પિટલમાં દાખલ કરી દીધા હતા, જેને પગલે વાંગચુકની પત્ની ગીતાંજલિએ દિલ્હી હાઇકોર્ટમાં અરજી કરી હતી, જોકે દિલ્હી હાઇકોર્ટે દખલ દેવાની ના પાડી દીધી હતી. તેથી હવે ગીતાંજલિ ડિવિઝન બેંચ સમક્ષ અપીલ કરશે. દિલ્હી હાઇકોર્ટે કહ્યું હતું કે સોનમ વાંગચુકને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવાની તેમની પત્નીની માગ પર કોઇ વચગાળાનો આદેશ આપવો હાલની સ્થિતિ મુજબ શક્ય નથી. સોનમ વાંગચુકના પત્નીએ દાવો કર્યો હતો કે લદ્દાખમાં વાંગચુક ૩૫ દિવસ સુધી ભૂખ હડતાળ કરી ચુક્યા છે, તેમનું સ્વાસ્થ્ય હાલ ઠીક છે તેમ છતા સરકારે તેમને ભૂખ હડતાળ કરતા કેમ રોક્યા?

સોનમ વાંગચુકના પત્ની તરફથી જાણિતા વકીલ કપિલ સિબ્બલ કોર્ટમાં હાજર રહ્યા હતા તેમણે કહ્યું હતું કે કોઇને પોતાની મરજી મુજબ સારવાર કરાવવાનો અધિકાર છે.

## મહારાષ્ટ્રમાં એક્સપ્રેસવે પર ટ્રક-કારની ટક્કરમાં 5 હોમાયા

# હાઈવે પર કાળ ભમ્યો: મધ્ય પ્રદેશમાં ફોટોગ્રાફી કરતા 5 મિત્રો કચડાયા

મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં NH-45 પર પિકનિકથી પરત ફરતા 6 મિત્રો હાઈવે પર ફોટા પડાવતી વખતે અજાણ્યા વાહનની ટક્કરે કચડાયા. 5ના ઘટનાસ્થળે મોત, 1 ઘાયલ. જ્યારે મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આઈશર ટ્રકે કારને ટક્કર મારતા 5 લોકોના કરૂણ મોત થયા. બંને અકસ્માતોમાં કુલ 10 લોકોએ જીવ ગુમાવ્યા. ગુજરાતના પાડોશી રાજ્યો મધ્ય પ્રદેશ અને મહારાષ્ટ્રમાં મોડી રાત્રે બે અલગ-અલગ જગ્યાએ સર્જાયેલા ગંભીર માર્ગ અકસ્માતોમાં કાળનો પંજો ફરી વળ્યો છે. મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં પિકનિકથી પરત ફરતી વખતે હાઈવે કિનારે ફોટા પડાવી રહેલા 6 મિત્રોને એક સ્પીડમાં આવતા અજ્ઞાત ભારે વાહને કચડી નાખ્યા હતા. જ્યારે મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં સમૃદ્ધિ એક્સપ્રેસવે પર આઈશર ટ્રકે કારને પાછળથી જોરદાર ટક્કર મારતાં કાર ટ્રક નીચે દબાઈ ગઈ હતી. આ બંને કરૂણ અકસ્માતોમાં મળીને કુલ 10 લોકોના ઘટનાસ્થળે તથા હોસ્પિટલ લઈ જતી વખતે કમકમાટીભર્યા



મોત નિપજ્યા છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઘવાયેલા હોવાથી સારવાર હેઠળ છે.

મધ્ય પ્રદેશના નરસિંહપુર જિલ્લામાં NH-45 પર ઈન્દિરા નગર નજીક રવિવારે સાંજે આ દર્દનાક અકસ્માત સર્જાયો હતો. જબલપુરના રહેવાસી 6 મિત્રો નરસિંહપુર-જબલપુર સરહદ પર આવેલા હાથીનાલા ઝરણાથી પિકનિક મનાવીને પરત ફરી રહ્યા હતા.પિકનિકથી પરત આવતી વખતે આ મિત્રો યાદગાર તસવીરો લેવા માટે હાઈવેના કિનારે ઉભા હતા, ત્યારે એક અજાણ્યા પૂરપાટ ઝડપે આવતા ભારે વાહને (ટ્રક/ડમ્પર) તેમને કચડી નાખ્યા હતા.

આ અકસ્માતમાં રાજેન્દ્ર પટેલ (22) નું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે વીરેન્દ્ર લોધી (20), રામપાલ સિંહ લોધી (21), જયપાલ સિંહ લોધી (30) અને નીરજ સિંહ લોધી (25) નું હોસ્પિટલ લઈ જતી વખતે મોત નીપજ્યું હતું. અન્ય એક મિત્ર આકાશ સિંહ લોધી (24) ગંભીર રીતે ઘાયલ થતાં હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. અકસ્માત સર્જી વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો છે. પોલીસ સીસીટીવી ફૂટેજ ચકાસીને ફરાર ડ્રાઈવર અને વાહનની શોધખોળ કરી રહી છે.મહારાષ્ટ્રના વર્ધા જિલ્લામાં પુલગાંવ પોલીસ સ્ટેશન હેઠળ આવતા વિરૂલ ઈન્ટરચેન્જ નજીક સમૃદ્ધિ એક્સપ્રેસવે પર અડધી રાત્રે આ ભયાનક અકસ્માત થયો હતો. મરચાં ભરીને જઈ રહેલા આઈશર ટ્રકે આગળ જઈ રહેલી કારને પાછળથી એટલી પ્રચંડ ટક્કર મારી કે કાર ટ્રકની નીચે દબાઈ ગઈ હતી. ટક્કર એટલી ભયાનક હતી કે ટ્રકમાં જોતજોતામાં આગ લાગી ગઈ હતી.આ અકસ્માતમાં કારમાં સવાર ડ્રાઈવર સહિત તમામ 4 લોકોના ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યા હતા. જ્યારે ટક્કરના કારણે આઈશર ટ્રકના ડ્રાઈવરનું પણ ગંભીર ઈજાઓના કારણે મોત થયું હતું. આમ કુલ 5 લોકોએ જીવ ગુમાવ્યા છે, જ્યારે ટ્રકનો ક્લીનર ગંભીર રીતે ઘાયલ થયો છે.

## ત્રિપુરાના DGPનું શંકાસ્પદ મોત, પોલીસ હેડક્વાર્ટરમાં મૃતદેહ મળી આવતા ખળભળાટ

ત્રિપુરા: ત્રિપુરાના ડાયરેક્ટર જનરલ ઓફ પોલીસ (DGP) અને વરિષ્ઠ આઈપીએસ (IPS) અધિકારી અનુરાગ ધનખડ સોમવારે (20



જુલાઈ) અગરતલા સ્થિત પોલીસ હેડક્વાર્ટર (PHQ) માં આવેલી તેમની ઓફિસમાંથી શંકાસ્પદ હાલતમાં મૃત મળી આવતા સમગ્ર પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક અહેવાલો અનુસાર, આ આત્મહત્યાનો મામલો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ, ડીજીપી અનુરાગ ધનખડ પોલીસ હેડક્વાર્ટરમાં આવેલા તેમના ઓફિસના જ એક રૂમમાં ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યા હતા. ઘટનાની જાણ થતાં જ પોલીસ વિભાગમાં દોડધામ મચી ગઈ હતી અને તેમને તાત્કાલિક સારવાર અર્થે અગરતલાની ગોવિંદ વલ્લભ પંત (GBP) હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા.જીબી પંત હોસ્પિટલના સિનિયર ડોક્ટર પ્રદીપ ભૌમિકે પત્રકારોને જણાવ્યું હતું કે, "બપોરે આશરે 12:00 વાગ્યે જ્યારે તેમને હોસ્પિટલ લાવવામાં આવ્યા, ત્યારે અમારા ડોક્ટરોએ તાત્કાલિક તેમની તપાસ કરી હતી. તે સમયે તેમના પલ્સ (નબ્જ), બ્લડ પ્રેશર કે અન્ય કોઈ પણ જીવંત પેરામીટરના સંકેતો મળી રહ્યા નહોતા. તેમ છતાં, ઈમરજન્સી યુનિટમાં કાર્ડિયોપલ્મોનરી રિસસિટેશન (CPR) ની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી. અમારા નિષ્ણાત તબીબોની ટીમે સતત 48 મિનિટ સુધી તેમને બચાવવા માટે CPR આપ્યું હતું, પરંતુ તમામ પ્રયાસો નિષ્ફળ રહ્યા હતા. આખરે બપોરે 12:48 વાગ્યે સત્તાવાર રીતે તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા."આ ઘટનાની ગંભીરતાને જોતાં પોલીસના તમામ ઉચ્ચ અધિકારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જે રૂમમાં આ ઘટના બની તેને સુરક્ષાના કારણોસર સીલ કરી દેવામાં આવ્યો છે. પોલીસે ડીજીપીના આકસ્મિક મોતના કારણો જાણવા માટે પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

## મ.પ્ર.માં પોલીસે કેન-બેતવા પ્રોજેક્ટ સામેનાં દેખાવો બંધ કરાવ્યા



છતરપુર: પોલીસે રવિવારે મધ્ય પ્રદેશનાં છતરપુર જિલ્લામાં કેન-બેતવા લિંક અને બીજા ડેવલોપમેન્ટ પ્રોજેક્ટ વિરુદ્ધ ચાલી રહેલા ૧૭ દિવસ જૂના દેખાવોને બંધ કરાવી દીધા છે.પોલીસે દેખાવકારોને ત્યાંથી હટાવી દીધા છે અને આંદોલનનાં નેતા અમિત ભટનાગરને હોસ્પિટલમાં મોકલી દીધા છે. જે ૧૧ દિવસથી ભૂખ હડતાળ પર હતાં અને તેમની તબિયત બગડી ગઇ હતી.આ દરમિયાન ભટનાગર પોતાની ભૂખ હડતાળ પર મક્કમ રહ્યાં હતાં અને જણાવ્યું હતું કે તેમણે પોતાની ભૂખ હડતાળ સમાપ્ત કરી નથી. તેમણે જણાવ્યું હતું કે મારા પ્રાણ પણ કેમ જતા ન રહે તે હું ભૂખ હડતાળ સમાપ્ત કરીશ નહીં.મીડિયાને મોકલેલા એક સંદેશમાં તેમણે જણાવ્યું હતું કે તે ડ્રિપ (આઈવી) દ્વારા કોઇ તરલ પદાર્થ લેશે નહીં અને ફક્ત પાણી તથા લિંબુ-પાણી જ લેશે.પોલીસે વહેલી સવારે કરવામાં આવેલી આ કાર્યવાહીને યોગ્ય ઠેરવતા જણાવ્યું હતું કે દેખાવકારો નિર્માણાધીન પુલની નીચે નદીમાં દેખાવો કરી રહ્યાં હતાં. બરના નદીનું જળસ્તર વધવા પર તેમની સુરક્ષાને ગંભીર ખતરો હતો.દેખાવકારોનો આરોપ હતો કે પોલીસની કાર્યવાહી દરમિયાન ભટનાગર અને અન્ય લોકોને અટકાયતમાં લઇ લીધા હતાં. જો કે વહીવટી તંત્રે આ આરોપોને ફગાવી દીધા છે. મુખ્યત્વે આદિવાસી મહિલાઓનાં આ દેખાવો ૩ જુલાઇથી કુપ ગામની પાસે બરના નદીનાં કિનારે ચાલી રહ્યું હતું. દેખાવકારોએ જળ સત્યાગ્રહ, ચિતા સત્યાગ્રહ અને પ્રતીકાત્મક ફાંસી સત્યાગ્રહ પણ કર્યુ હતું. કેન-બેતવા લિંક પ્રોજેક્ટ નેશનલ પર્સપેકટિવ પ્લાન હેઠળ દેશનો પ્રથમ નદી જોડો પ્રોજેક્ટ છે. તેનો ઉદ્દેશ કેન નદીથી વધારાનું પાણી બેતવા નદીમાં પહોંચાડવાનો છે. જેથી મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશનાં દુકાળનો સામનો કરી રહેલા બુંદેલખંડ વિસ્તારમાં સિંચાઇ અને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવી શકાય.

# સર્વપક્ષીય બેઠકમાં બળવાખોરો સામેલ થતા વિપક્ષ વિફર્યો, વોકઆઉટ કર્યો

નવી દિલ્હી: સોમવારે સંસદમાં ચોમાસુ સત્ર શરૂ થવા જઇ રહ્યું છે જે પહેલા રવિવારે સરકાર દ્વારા સર્વપક્ષીય બેઠક યોજવામાં આવી હતી. જોકે તૃણમુલ કોંગ્રેસના બળવાખોર સાંસદોને પણ આમંત્રણ આપવામાં આવ્યું હોવાથી વિપક્ષ વિફર્યો હતો અને બેઠકમાંથી વોકઆઉટ કર્યું હતું. સાથે જ રામ મંદિરમાં ચોરી, નીટ પેપર લીક, ઈથેનોલવાળા પેટ્રોલ સહિતના મુદ્દે સંસદમાં ચર્ચાની માગ કરી હતી.સર્વપક્ષીય બેઠક બાદ કેન્દ્રીય મંત્રી કિરણ રિજિજૂએ કહ્યું હતું કે દેશની જનતા ઇચ્છે છે કે શાંતિપૂર્વક સંસદ ચાલવી જોઇએ અને કોઇ હોબાળો ના થવો જોઇએ. તમામ પક્ષોએ મહત્વના બિલોને સમર્થન આપવા સકારાત્મક વલણ અપનાવવું જોઇએ. ટીએમસીના બળવાખોર સુદીપ બંદોપાધ્યાય અને કાકોલી ઘોષને આમંત્રણ આપવાનો બચાવ કરતા મંત્રીએ કહ્યું હતું કે તેઓ નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી ઓફ ઈન્ડિયા સાથે જોડાયેલા છે. તમામને આમંત્રણ આપવુ સરકારની ફરજમાં આવે છે.

આ સર્વપક્ષીય બેઠકની આગેવાની કેન્દ્રીય સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે લીધી હતી જેમાં સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડા સામેલ થયા હતા. આ ઉપરાંત ૪૦ જેટલા રાજકીય પક્ષોના ૫૮ જેટલા નેતાઓ પણ જોડાયા હતા. જોકે વિપક્ષે બેઠકમાંથી વોકઆઉટ કર્યું હતું, આ પક્ષોમાં ટીએમસી, શિવ સેના (યુબીટી), આમ આદમી પાર્ટી, કોંગ્રેસ, સપા, ડાબેરીઓ, આરજેડી, ડીએમકે, જેએમએમ વગેરેનો સમાવેશ થાય છે. બેઠક શરૂ થતા જ આ પક્ષોએ વોકઆઉટ કર્યું હતું જોકે બાદમાં પરત આવી ગયા હતા. વિપક્ષે સવાલ ઉઠાવ્યો હતો કે ટીએમસીના બળવાખોર સાંસદોને હજુસુધી માન્યતા નથી મળી છતા તેમને કેમ આમંત્રણ અપાયું? વિપક્ષે રામ મંદિરમાં દાનની ચોરી, નીટ પેપર લીક, ઈથેનોલવાળા પેટ્રોલ ઇ૨૦ સહિતના મુદ્દે ચર્ચાની માગ કરી છે. સોમવારથી શરૂ થનારા સંસદના ચોમાસુ સત્રમાં પણ આ તમામ મુદ્દા ઉઠાવાશે.

## અભિષેકની ઓફિસ તોડવા સામે કલકત્તા હાઈકોર્ટનો સ્ટે

કોલકતા: કલકત્તા હાઈકોર્ટે ટીએમસી સાંસદ અભિષેક બેનરજીની પશ્ચિમ બંગાળના દક્ષિણ ૨૪ પરગણા જિલ્લા સ્થિત ડાયમંડ હાર્બર મત વિસ્તારમાં આવેલી ઓફિસ તોડી પાડવા સામે યથાવત્ સ્થિતિ જાળવી રાખવાનો હુકમ કર્યો છે. ન્યાયમૂર્તિ રાજા બાસુ ચૌધરીએ રવિવારે કોર્ટની ખાસ બેઠક યોજીને 'લીપ્સ એન્ડ બ્રાઉન્ડસ્'કંપનીની માલિકીની અમતાલા ઈમારતને લગતા બધા દસ્તાવેજો સુપરત કરવા રાજ્ય સરકારને સૂચના આપી.ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ) એ જણાવ્યું કે તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનરજી 'લીપ્સ એન્ડ બ્રાઉન્ડસ્'કંપનીના સીઈઓ છે.કોલકત્તાના ડાયમંડ હાર્બર રોડ પર આવેલી અમતાલા ઈમારતને જુલાઈ સુધી યથાવત્ સ્થિતિમાં જાળવી રાખવાનો નિર્દેશ કરતી અદાલતે જણાવ્યું કે કોર્ટની નિયમિત બેન્ચ આ મુદ્દે ફરી સુનાવણી હાથ ધરશે.'લીપ્સ એન્ડ બ્રાઉન્ડસ્'કંપનીએ ઈમારતને તોડી



પાડવાની કામગીરીને હાઈકોર્ટમાં પડકારી છે.દક્ષિણ ૨૪ પરગણાઝ જિલ્લા વહીવટી તંત્રે, માન્ય કરાયેલા બિલ્ડિંગ પ્લાન વગર અને લાગુ પડતા નિયમોનો ભંગ કરીને બનાવાયેલી અમતાલા બિલ્ડિંગમાંની અભિષેક બેનરજીની પાર્ટી ઓફિસને તોડી પાડવાની કામગીરી શનિવારે શરૂ કરી હતી.અભિષેક બેનરજીએ શનિવારે જણાવ્યું કે એમની અમતાલા ઓફિસ બિલ્ડિંગ ખરીદાયેલી જમીન પર કાયદેસર બંધાયેલી છે. વળી, એ માટે જરૂરી પરવાનગીઓ લેવાઈ એ પછી બાંધકામ કરાયું છે.


## વિદ્યાર્થીઓ સાથે વાતચીત કરો કેજરીવાલની મોદીને અપીલ

નવી દિલ્હી: સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કથિત અનિયમિતતાઓને લઈને રાષ્ટ્રીય રાજધાનીમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને સમર્થન આપતા આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે સોમવારે એક વીડિયો જારી કર્યો છે. તેમણે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને બળનો ઉપયોગ કરવાને બદલે વિદ્યાર્થીઓ સાથે બેસીને વાતચીત કરવા અપીલ કરી છે. સોશિયલ મીડિયા પર પોસ્ટ કરવામાં આવેલા વીડિયોમાં કેજરીવાલે જણાવ્યું હતું કે તેમણે જોયું છે કે સંસદ ચલો કૂચ દરમિયાન મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ એકત્રિત થયા છે.પોતાના નિવેદનમાં કેજરીવાલે જણાવ્યું કે દેશભરમાંથી હજારો યુવાનો રાજધાનીમાં એકઠા થયા છે અને સરકાર તેમને રોકવા માટે તમામ પ્રયાસો કરી રહી છે. પ્રદર્શનકારીઓને સંસદ સુધી પહોંચતા અટકાવવા માટે લાઠીચાર્જ અને ઈન્ટરનેટ સેવાઓ બંધ કરવાના પગલાં લેવામાં આવ્યા છે, જે સંપૂર્ણપણે અયોગ્ય છે. વિદ્યાર્થીઓની વારંવારની ફરિયાદોને અવગણવામાં આવી રહી છે અને તેમના ભવિષ્ય સાથે ચેડાં કરવામાં આવી રહ્યા છે, જેના કારણે યુવાનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

સંસદ સત્રની શરૂઆત અને માર્ચની અપેક્ષાને કારણે સંસદ ભવનની આસપાસ સુરક્ષા સઘન બનાવવામાં આવી છે અને કેટલાક પ્રવેશદ્વારો બંધ કરી દેવામાં આવ્યા છે. વિવિધ સંગઠનો દ્વારા કરવામાં આવેલા આ આંદોલનને ધ્યાનમાં રાખીને સુરક્ષાકર્મીઓની મોટી ટુકડી તૈનાત કરવામાં આવી છે. આ દરમિયાન ભૂખ હડતાલ અને અન્ય વિરોધ પ્રવૃત્તિઓ પણ ચર્ચાનો વિષય બની છે, જ્યારે કાર્યકરોએ સરકાર સાથે વાતચીત કરવાની તૈયારી પણ દર્શાવી છે. કેજરીવાલે પ્રધાનમંત્રીને વિનંતી કરી છે કે વિદ્યાર્થીઓ દેશના સંતાનો છે અને તેમના પ્રશ્નો સાંભળવા જરૂરી છે. પરીક્ષાઓની પવિત્રતા જાળવવી અને પેપર લીક જેવી ઘટનાઓને અટકાવવી એ તંત્ર માટે મોટો પડકાર બની ગયો છે.

## મધ્ય પ્રદેશમાં યુસીસી બિલ મંજૂર : હલાલા, બહુપત્નીત્વ રદ, લિવ-ઇનની નોંધણી થશે

ભોપાલ: મધ્ય પ્રદેશ કેબિનેટ દ્વારા રવિવારે યુનિફોર્મ સિવિલ કોડ બિલના ડ્રાફ્ટને મંજૂરી આપવામાં આવી હતી. જે સાથે જ મધ્ય પ્રદેશમાં યુનિફોર્મ સિવિલ કોડ એટલે કે તમામ ધર્મના લોકો માટે એક સમાન કાયદો અમલમાં લાવવાનો માર્ગ પણ મોકળો થઇ ગયો છે. આ કાયદો નિકાહ હલાલા, ટ્રિપલ તલાક, બહુપત્નીત્વ વગેરે પર પ્રતિબંધ મુકશે અને તેનો ભંગ કરનારા સામે ક્રિમિનલ કાર્યવાહી થશે. સોમવારથી મધ્ય પ્રદેશ વિધાનસભામાં ચોમાસુ સત્ર શરૂ થવા જઇ રહ્યું છે. જેમાં આ યુનિફોર્મ સિવિલ કોડ બિલને રજુ કરવામાં આવશે. આ બિલ દત્તક લીધેલ, સરોગસી દ્વારા જન્મેલ તમામ પ્રકારના સંતાનોને એક સમાન અધિકાર આપશે. એટલે કે તમામ બાળકોને પોતાના માતા પિતાની સંપત્તિમાં એક સરખો હક આપવામાં આવશે. આ ઉપરાંત જો કોઇ કપલ લગ્ન વગર જ સાથે એટલે કે લિવ ઇન રિલેશનશિપમાં રહેતુ હોય અને તેમના વચ્ચે કોઇ બાળકનો જન્મ થાય તો તેવા સંતાનને પણ કાયદેસરનો હક મળશે, લિવ ઇનમાં રહેતા કપલ વચ્ચે બાળકનો જન્મ થાય પછી પુરુષ પાર્ટનર મહિલાને તરછોડી દે તો



તેવી સ્થિતિમાં મહિલા ભરણપોષણની માગ કરી શકશે એટલે કે તેને પણ પત્નીની જેમ ભરણપોષણ મેળવવાનો હક આપવામાં આવશે. લિવ-ઇન રિલેશનશિપ અંગે અન્ય એક જોગવાઇ રજિસ્ટ્રેશનની કરવામાં આવી છે, લિવ ઇનમાં રહેનારા કપલે સાથે રહેવાનું શરૂ કર્યાના એક મહિનામાં જ તેનું રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. બન્નેની ઉંમર પુખ્ત એટલે કે ૧૮ વર્ષની હોવી જરૂરી છે. રજિસ્ટ્રેશન વગર એક મહિનાથી વધુ લિવઇનમાં રહેતા હશે તો ત્રણ મહિનાની સજા અથવા ૧૦ હજારનો દંડ અથવા બન્ને થઇ શકે છે. જુઠી માહિતી આપવા બદલ ૨૫ હજારનો દંડ અથવા ત્રણ મહિના સુધીની સજા, રજિસ્ટ્રાર તરફથી નોટિસ મળ્યા બાદ પણ જવાબ રજુ કરવામાં ના આવે તો ૨૫ હજારનો દંડ અને છ મહિનાની કેદ થઇ શકે છે. તાજેતરમાં જ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી મોહન યાદવે કહ્યું હતું રામ કે રહીમ તમામ માટે એક સમાન કાયદો લાગુ રહેશે.

**રાજકારણ** | **CJP અને સોનમ વાંગચુકના આંદોલન પર 'નો કોમેન્ટ'**

# 'ભાજપ વતી ચૂંટણી લડવાની ફરી ભૂલ નહીં કરું....', IPS કિરણ બેદી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

કાનપુરની મુલાકાતે આવેલા ભારતના પ્રથમ મહિલા IPS અધિકારી કિરણ બેદીએ રાજકારણમાં વાપસી મુદ્દે સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે, "હું BJPમાંથી ચૂંટણી લડવાની ભૂલ ફરી ક્યારેય નહીં કરું." 77મા જન્મદિને 'ભારત સ્કિલ એક્સચેન્જ' સ્ટાર્ટઅપ શરૂ કરનાર કિરણ બેદીએ કાનપુરની નવી હવાઈ સેવાની પ્રશંસા કરી અને સાયબર ક્રાઈમ સામે જાગૃતિ પર ભાર મૂક્યો.

ભારતના પ્રથમ મહિલા આઈપીએસ (IPS) અધિકારી અને પૌંડિચેરીના પૂર્વ ઉપરાજ્યપાલ કિરણ બેદી રવિવારે કાનપુરની મુલાકાતે પહોંચ્યા હતા. અહીં કાનપુર રોટેરિયન દ્વારા આયોજિત એક કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપતી વખતે તેમણે પત્રકારો સાથે વાતચીતમાં અનેક રાજકીય અને સામાજિક મુદ્દાઓ



પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. આ દરમિયાન રાજકારણમાં વાપસી અંગે પૂછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે, "હું ભારતીય જનતા પાર્ટી (BJP) માંથી ચૂંટણી લડવાની ભૂલ હવે ફરી ક્યારેય નહીં કરી શકું."સંસદ માર્ચ કરી રહેલી 'કોકરોચ જનતા પાર્ટી' (CJP) અને સોનમ વાંગચુકના ભૂખ હડતાળ આંદોલન અંગે પૂછવામાં આવેલા સવાલોનો જવાબ આપવાનું કિરણ બેદીએ ટાળ્યું હતું. તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે, "હું આ લોકોને ફોલો જ નથી કરતી, તેથી આ વિષય પર મારી કોઈ ટિપ્પણી નથી."

પોતાના પ્રવાસ દરમિયાન કિરણ બેદીએ કાનપુરની નવી હવાઈ સેવાના વખાણ કર્યા હતા. તેમણે કહ્યું કે, "અગાઉ દિલ્હીથી લખનૌ ફ્લાઈટમાં આવ્યા બાદ ખરાબ રસ્તાઓ પર કાર ચલાવીને કાનપુર આવવું પડતું હતું, પરંતુ આ વખતે દિલ્હીથી કાનપુરની સીધી ફ્લાઈટ મળતાં પ્રવાસ ખૂબ જ આરામદાયક રહ્યો." સાયબર ક્રાઈમ અંગે વાત કરતા તેમણે ઉમેર્યું હતું કે શિક્ષણ અને જાગૃતિ દ્વારા જ ગુનાખોરીથી બચી શકાય છે, કારણ કે ચોરનું કામ ચોરી કરવાનું છે પરંતુ પોતાની સુરક્ષા સુનિશ્ચિત કરવાની જવાબદારી આપણી છે.

જીવનના આ તબક્કે દેશના વિકાસમાં યોગદાન આપવા અંગે પૂછાયેલા પ્રશ્નના જવાબમાં તેમણે જણાવ્યું કે, તેમણે પોતાના 77મા જન્મદિને 'ભારત સ્કિલ એક્સચેન્જ' નામે એક નવું સ્ટાર્ટઅપ શરૂ કર્યું છે. દેશના યુવાનોમાં સ્કીલ ડેવલપમેન્ટની ભારે જરૂરિયાત હોવાથી તેમણે આ ક્ષેત્રે કામ કરવાનું બીડું ઝડપ્યું છે. આ અગાઉ દિલ્હી જિમખાના ક્લબને ખાલી કરાવવાના કેન્દ્ર સરકારના નિર્ણય સામે પણ કિરણ બેદીએ આકરો અસંતોષ વ્યક્ત કર્યો હતો. એક ઈન્ટરવ્યુમાં પોતાની જૂની યાદો તાજી કરતાં તેમણે કહ્યું હતું કે, "જ્યારે મેં બેદખલીનો આદેશ સાંભળ્યો ત્યારે મને એવું લાગ્યું કે જાણે કોઈ મને મારા જ ઘરમાંથી બહાર ફેંકી રહ્યું હોય. 14 વર્ષની ઉંમરે જ્યારે હું ટેનિસ ટુર્નામેન્ટ રમવા દિલ્હી આવતી ત્યારથી આ ક્લબ સાથે મારો ભાવનાત્મક નાતો રહ્યો છે."

## ફતેવાડી પાસે કેનાલમાં 11 વર્ષનો બાળક ડૂબ્યો

અમદાવાદ | અમદાવાદના ફતેવાહી ચોકી નજીકની કેનાલમાં 11 વર્ષીય બાળક પડી ગયો હોવાની ચોંકાવનારી ઘટના બની છે. સોમવારે(20 જુલાઈ) લગભગ 1 વાગ્યાની આસપાસ સ્કૂલેથી છૂટ્યાં બાદ મિત્ર સાથે કિશોર રમવા ગયો હતો. આ દરમિયાન દુર્ઘટના ઘટની હોવાનું જણાય છે. સમગ્ર ઘટનાની જાણ થતાં કિશોરનો પરિવાર અને ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે દોડી પહોંચ્યા હતા. જેમાં ફાયરની ટીમે સર્ચ ઓપરેશન હાથ ધરી બાળકની તપાસ શરૂ છે. ફતેવાડી ચોકી પાસેથી પસાર થતી કેનાલમાં કિશોર પડી ગયો હોવાની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી બાળકને શોધવા માટે બચાવ કામગીરી શરૂ કરી હતી.

સિટી

# એક્સપ્રેસ

TUESDAY 21 JULY-2026
AHMEDABAD

## ગુજરાતમાં આગામી 6 દિવસ હળવાથી ભારે વરસાદનું એલર્ટ

અમદાવાદ | રાજ્યમાં છેલ્લા ત્રણ-ચાર દિવસથી દક્ષિણ ગુજરાત સહિતના વિસ્તારોમાં વરસાદી માહોલ સક્રિય છે. તેવામાં હવામાન વિભાગે આગામી 26 જુલાઈ સુધી હળવાથી ભારે વરસાદની આગાહી કરી છે. જેમાં દક્ષિણ અને ઉત્તર ગુજરાતના અમુક જિલ્લામાં ભારે વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે રાજ્યમાં 20 જુલાઈએ સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યામાં 124 તાલુકામાં વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગ અનુસાર, 21 જુલાઈએ સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડ, જ્યારે 22 જુલાઈએ સુરત, નવસારી અને વલસાડ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે ભારે વરસાદને લઈને યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.



### પાવાગઢ પર 'વિકાસ પતાકા' : રૂ. 359 કરોડના મેગા માસ્ટર પ્લાન થકી મહાકાળી ધામમાં આધુનિક સુવિધાઓના નિર્માણનો ધમધમાટ

# વિશ્વ વારસાઓને વધુ ભવ્ય-દિવ્ય બનાવી રહી છે ગુજરાત સરકાર



### 'પાવાગઢ પુનરુદ્ધાર'ના ચાર વર્ષ, શ્રદ્ધાળુઓની સંખ્યા બમણી થઈને 3.84 કરોડને પાર

દરમિયાન ગત 18 જૂન, 2026ના રોજ 'પાવાગઢ પુનરુદ્ધાર'ના ચાર વર્ષ પૂર્ણ થયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 18 જૂન, 2022ના રોજ પાવાગઢના નવ નિર્મિત શિખર પર 500 વર્ષ બાદ કલશ તથા ધ્વજારોહણ કર્યું હતું. પાવાગઢ પુનરુત્થાન બાદ અહીં આવનારા માઈભક્તો, શ્રદ્ધાળુઓ અને ધાર્મિક પ્રવાસીઓની સંખ્યામાં ભારે વધારો થયો છે. પાવાગઢ પુનરુત્થાન બાદ એટલે કે વર્ષ 2022-23થી 2025-26 (18 જૂન, 2026 સુધી) એટલે કે ચાર વર્ષમાં 3 કરોડ 84 લાખથી વધુ શ્રદ્ધાળુઓ પાવાગઢની યાત્રાએ પહોંચ્યા. આ પહેલાં 2016-17થી 2021-22 સુધીના પાંચ વર્ષમાં 2.32 કરોડ શ્રદ્ધાળુઓએ પાવાગઢની યાત્રા કરી હતી. કુલ મળીને 2016-17થી 2025-26 સુધી 6.17 કરોડથી વધુ શ્રદ્ધાળુઓ મહાકાળી માતાના મંદિરે દર્શન કરવા પહોંચ્યા. 2016-17માં જ્યાં માત્ર 38.67 લાખ શ્રદ્ધાળુઓ પહોંચ્યા હતા, ત્યાં 2025-26માં આ આંકડો છ ગણો વધીને 6.17 કરોડથી વધુ પર પહોંચી ગયો. એવામાં પાવાગઢ ખાતે સરકાર દ્વારા મેગા માસ્ટર પ્લાન હેઠળ કરાઈ રહેલા વિકાસ-સુવિધા કામોના પગલે શ્રદ્ધાળુઓની સુવિધા તેમજ સંખ્યામાં વધુ વધારો થશે.

અમદાવાદ | ગુજરાત સહિત દેશ-દુનિયાના પ્રવાસીઓ તેમજ માઈભક્ત શ્રદ્ધાળુઓ માટે યાત્રાધામ 'મહાકાળી મંદિર-પાવાગઢ' એક મહત્વનું હૉટ ફેવરેટ હેરિટેજ-રિલીજિયન ટુરિઝમ સ્પૉટ છે. પાવાગઢ યાત્રાધામ પ્રાચીન-પુરાતન કાળથી માઈભક્તો માટે શ્રદ્ધા અને આસ્થાનું કેન્દ્ર રહ્યું છે. એટલું જ નહીં; પાવાગઢ-મહાકાળી મંદિર સહિત સમગ્ર ચાંપાનેર આર્કિયોલૉજી પાર્કનો યુનેસ્કોની વિશ્વ વારસા યાદીમાં પણ સમાવેશ કરાયો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ તથા નાયબ મુખ્યમંત્રી તેમજ યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિનો હવાલો ધરાવતા શ્રી હર્ષ સંઘવીના માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર જ્યારે રાજ્યની તમામ વર્લ્ડ હેરિટેજ સાઈટ્સના સંરક્ષણ તેમજ વિકાસ માટે પ્રતિબદ્ધ છે, ત્યારે પાવાગઢ-ચાંપાનેરમાં પણ વિકાસ તેમજ સુવિધાઓના સતત વિસ્તરણનો ધમધમાટ ચાલી રહ્યો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર કરોડો હિંદુઓ અને માઈભક્તોની આસ્થાના આ વિશ્વ પ્રસિદ્ધ કેન્દ્ર પર વિકાસની પતાકા ફરકાવી રહી છે. રાજ્ય સરકારે પાવાગઢના સર્વાંગી વિકાસ માટે રૂ. 359 કરોડ કરોડથી વધુના ખર્ચે મેગા માસ્ટર પ્લાન સાથે અહીં વિકાસ કાર્યો અને માળખાકીય સુવિધાઓની વણઝાર શરૂ કરી છે. ચાર તબક્કાઓ ધરાવતા મેગા માસ્ટર પ્લાન હેઠળ પાવાગઢમાં મોટાપાયે યાત્રાળુ સુવિધાઓ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ કાર્યો હાથ ધરાયા છે, જેમાં પ્રથમ અને બીજો તબક્કાના કાર્યો પૂર્ણ થઈ ગયા છે. ગુજરાત સરકાર તેમજ તેના સાહસ ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા આ મેગા માસ્ટર પ્લાન



અંતર્ગત પાવાગઢ ખાતે પ્રથમ બે તબક્કાઓમાં રૂ. 121 કરોડના ખર્ચે શ્રદ્ધાળુઓને સુવિધાઓની મોટી ભેટ આપવામાં આવી છે. તેમાં સૌથી મહત્વનું છે મંદિર તથા મંદિર પરિસરનું નવીનીકરણ-વિસ્તૃતીકરણ. અગાઉ મંદિર પરિસર 545 ચોરસ મીટરનું હતું, જે હવે ત્રણ લેવલમાં 2980 ચોરસ મીટર જેટલું વિશાળ થઈ ગયું છે. સાથે જ; પરિસરમાં પાથ-વે પર વીજળીકરણ, પબ્લિક એડ્રેસ સિસ્ટમ, સીસીટીવી કેમેરાની વ્યવસ્થા કરવામાં આવી છે. આ ઉપરાંત; માંચી ચોકથી મંદિર પરિસર સુધી સીડીઓના નવીનીકરણ-વિસ્તૃતીકરણ અંતર્ગત 3.01 કિલો મીટર પહોળા પાથ-વે સાથે કુલ 2374 સીડીઓનું નિર્માણ કરવામાં આવ્યું છે.

પાવાગઢના મહાકાળી ધામને ત્રીજો અને ચોથો તબક્કો વધુ વૈભવી બનાવશે, જેમાં રૂ. 238 કરોડ ખર્ચવામાં આવશે. તેમાં રૂ. 148 કરોડના ખર્ચ સાથે ત્રીજા તબક્કાને 'ફેઝ-3એ' અને 'ફેજ-3બી'માં વહેંચવામાં આવ્યો છે. રૂ. 13.68 કરોડની જોગવાઈ ધરાવતા 'ફેઝ3-એ'માં માંચી ચોકમાં મલ્ટી-લેવલ પાર્કિંગનું કામ પૂર્ણ થયું છે. તે જ રીતે; 'ફેઝ-3બી'માં રૂ. 135.19 કરોડના ખર્ચે ચાંપાનેરમાં આંતરિક-બાહ્ય રસ્તાઓ, પાથ-વે, ઈલેક્ટ્રિફિકેશન, પ્લાન્ટેશન, 600થી વધુ સ્કૂટર-કાર માટે વિશાળ પાર્કિંગ, બસ સુવિધાના કાર્યો અને આ ઉપરાંત; વડા તળાવ પરિક્ષેત્રમાં ઉદ્યાન, ઘાટ, વોટર જેટ્ટી, ફૂટઓવર બ્રિજ, થીમ પાર્ક, ચિલ્ડ્રન પ્લે એરિયા, એક્ટિવિટી એરિયા, બર્ડ વોચ ટાવર, ક્રાફ્ટ સ્ટોલ અને 500 કાર પાર્કિંગની સુવિધાઓ સામેલ હશે.

આમ; એક બાજુ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ગુજરાત સહિત સમગ્ર દેશમાં ભારતની પ્રાચીન સંસ્કૃતિ, વિરાસત અને ઓળખના પુનર્જાગરણ માટે 'વિકાસ ભી, વિરાસત ભી'ના મંત્ર સાથે કામ કરી રહ્યા છે, તો બીજી બાજુ ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ તેમજ નાયબ મુખ્યમંત્રી અને યુવક સેવા તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો હવાલો ધરાવતાં શ્રી હર્ષ સંઘવી પણ દરેક નાના-મોટા યાત્રાધામ-તીર્થધામ તથા આસ્થાસ્થળને તેના પ્રાચીન-પુરાતનકાલીન ઈતિહાસ સાથે જોડવા તેમજ શ્રદ્ધાળુઓની સુવિધાની સાથે-સાથે યાત્રાધામોને આધુનિક સુવિધાઓથી સુસજ્જ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે.

# 'રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ના કરે'

### નાના કર્મચારી સસ્પેન્ડ થયા તો મ્યુ. કમિશનર હજી હોદા પર કેમ? નાસીરનગર ડિમોલિશન મામલે HC ફરી લાલઘૂમ



અમદાવાદ | સુરતના નાસીરનગર વિસ્તારમાં થયેલા ગેરકાયદે ડિમોલીશન મામલે આજે (20 જુલાઈ)એ હાઈકોર્ટમાં યોજાયેલી સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકાર અને સુરત મ્યુનિસિપલ કમિશરની આકરા શબ્દોમાં ઝાટકણી કાઢી વેધક સવાલો કર્યા હતા.

કોર્ટે કહ્યું હતું કે,રાજ્ય સરકાર હાઈકોર્ટની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ ન કરે. ગેરકાયદે ડિમોલીશન મામલે નાના કર્મચારીઓ સસ્પેન્ડ થયા તો મ્યુ. કમિશનર તેના હોદા પર કેવી રીતે રહી શકે? સુરત નાસીરનગર ડિમોલિશન મુદ્દે 26 અરજદારો દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં રાજ્ય, SMC, સુરત પોલીસ કમીશ્નર, SOG ના DCP રાજદીપસિંહ નકુમ, ખાનગી બિલ્ડર, પોલીસ અને SMCના કર્મચારીઓ તેમજ ટોરેન્ટ પાવરને પક્ષકાર બનાવવામાં આવ્યા છે.

કોર્ટે કહ્યું હતું કે, આ ઘટનામાં SMC કમિશ્નરના મોબાઈલ નંબરની સ્પષ્ટ હાજરી છે. ઉલ્લેખનીય છે કે આ મુખ્ય અરજીમાં SMCના એક્ઝિક્યુટિવ એન્જિનિયર સુજલ પ્રજાપતિના વકીલે પણ રજૂઆત કરી હતી. તેઓએ કહ્યું હતું કે SMC કમિશ્નરે તેમના કામની પ્રશંસા કરી હતી અને મોટા દબાણ ઉપર નજર રાખવા કહ્યું હતું.

કોર્ટે કહ્યું હતું કે, SMC કમિશ્નરનો મેસેજ એફિડેવિટ ઉપર મુકાયો છે. આક્ષેપ મૂકનાર SMCના સસ્પેન્ડેડ કર્મચારી છે. તેને એફિડેવિટમાં ચોખ્ખું કહ્યું છે કે તેને SMC કમિશ્નરના કહેવાથી ડિમોલિશન કર્યું છે. શું તે હાઈકોર્ટમાં ખોટી એફિડેવિટ કરશે ?

એડવોકેટ જનરલે SMC એક્ઝિક્યુટિવ એન્જિનિયરની વિશ્વનીયતા માનવા ઈનકાર કર્યો હતો. તેઓએ કહ્યું હતું કે એક્ઝિક્યુટિવ એન્જિનિયર રોડના કામ સાથે સંકળાયેલા છે, તેઓને ડિમોલિશન સાથે શું લેવાદેવા ?SMC કમિશ્નર આ બધા આક્ષેપ નકારી નાખશે.

કોર્ટે કહ્યું હતું કે, રાજ્ય સરકાર કોર્ટની આંખમાં ધૂળ નાખી રહી છે. કોર્ટને રાજ્યની કમિટીની રચના સામે વાંધો નથી, પણ કમિટી શેની તપાસ કરવાની છે તે જ સ્પષ્ટ નથી. SMC કમિશ્નર ઉપર આક્ષેપ છે, તો તેમનો ખુલાસો કેમ માંગ્યો નહીં ? નાના કર્મચારીઓ હોય તો સસ્પેન્ડ કરી દેવાય છે. તમે કોર્ટને બીજી રીતે વિચારવા મજબૂર કરી રહ્યા છો ! SMC કમિશ્નર પોતાના હોદ્દા પર અત્યાર સુધી શું કરે છે ? SMC કમિશ્નરે મેસેજ ફોરવર્ડ કર્યો તે વાતને નકારી નથી, તેમના જ નંબરથી મેસેજ થયો તેનો પણ સ્વીકાર કરાયો છે. પાવર ધરાવતો આક્ષેપિત વ્યક્તિ હોદ્દા ઉપર હોય ત્યાં સુધી નિષ્પક્ષ તપાસ કેમ થાય ? SMC કમિશ્નરે હાઈકોર્ટમાં એફિડેવિટ કરી છે.

## અમદાવાદના ઘુમાની પોશ સોસાયટીમાં દીપડાની એન્ટ્રી DCFએ કહ્યું- મારેલો મરઘો મળ્યો...

અમદાવાદ | ગ્રામ્ય વિસ્તાર બાદ હવે અમદાવાદના પોશ વિસ્તાર એવા ઘુમામાં પણ દીપડાએ દેખા દીધી છે. ગઈકાલે(19 જુલાઈ) મોડી રાત્રે શરણદીપ સોસાયટીના એક બંગ્લોઝમાં કોટ કૂદીને દીપડો ઘૂસ્યો હતો. બાદમાં સોસાયટીના કૂતરા દીપડાની પાછળ દોડ્યા હતા. દીપડાની દહેશતથી સ્થાનિકોમાં ફફડાટ જોવા મળી રહ્યો છે. સોસાયટીમાં દીપડાના પંજા હોવા અંગેની કાંકરિયા પ્રાણીસંગ્રહાલયના અધિકારીઓ દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. ત્રણથી ચાર જગ્યાએ દીપડાના પંજાના નિશાન મળતા દીપડો હોવાનું સ્પષ્ટ થયું છે.

મળતી માહિતી મુજબ શહેરના છેવાડાના વિસ્તાર ઘુમા ગામથી શેલા તરફ જવાના રોડ ઉપર આવેલી શરણદીપ સોસાયટીમાં મોડી રાત્રે 1:50 વાગ્યા બાદ દીપડો દેખાયો હતો. સોસાયટીનો કોટ કૂદી દીપડો સોસાયટીમાં આવ્યો હતો. એક યુવતી ગાડી લઈને ત્યાંથી પસાર થતી હતી તેણે પણ આ દીપડાને ત્યાંથી જતા જોયો હતો. સોસાયટીમાં દીપડાના પંજાના નિશાન પણ મળી આવ્યા હોવાનું હાલ જાણવા મળ્યું છે.

સ્થાનિકોએ આ મામલે મેયર હિતેશ બારોટને જાણ કરી હતી, જેથી તેઓ સવારે શરણદીપ સોસાયટીમાં પહોંચી ગયા હતા. તેમની સાથે વનવિભાગ તેમજ કાંકરિયા પ્રાણી સંગ્રહાલયની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી.

**ડરશો નહીં મનુષ્ય કુદરતી ખોરાક નથી, આસપાસમાં સ્કેનિંગ ચાલું**

હાલમાં દીપડાને પાંજરે પૂરવા માટે ટીમ કામે લાગી છે. પહેલીવાર દીપડાને લાઈવ જોનાર દીકરીના પિતા મનોજભાઈએ જણાવ્યું હતું કે, રાત્રે 1:05 વાગ્યે કાલે વર્લ્ડ કપની મેચ હતી તો બહારથી ચિપ્સ અને પાન વગેરે લેવા માટે એમને દીકરી અને દીકરાને મોકલ્યા હતા. અમે ઘરે જ હતા, તો તેમણે રાત્રે 1:20 વાગ્યે અમને ફોન કર્યો કે ભાઈ અમે બહાર એક દીપડો જોયો છે. પહેલા જ્યારે તેમણે કહ્યું, તો મેં કીધું કે એવું તો હોઈ જ ના શકે, તમે પહેલા પૂરી ખાતરી કરો. તેમણે કહ્યું કે ના, અમે બહાર જોયો છે, તમે પ્લીઝ ઊઠો અને બધાને જાણ કરો.

જ્યારે તેમણે આ વાત જણાવી, તેના પછી મેં સોસાયટીનું જે વોટ્સએપ ગ્રુપ છે તેમાં મેસેજ નાખી દીધો. સોસાયટી ગ્રુપમાંથી ચેરમેન ગૌરાંગભાઈનો ફોન આવ્યો, તેઓ બોલ્યા કે 'મનોજજી, જો આપણે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ (વન વિભાગ)ને કોલ કરવો હોય, તો આપણી પાસે પહેલા પૂરી માહિતી હોવી જોઈએ કે ભાઈ આ વાત સાચી છે કે નહીં. તો મેં તેમને જણાવી દીધું અને મારી દીકરી સાથે તેમનો સંપર્ક કરાવ્યો એટલે કે ફોન કરાવ્યો.

## સેક્ટર-28માં મધુર ડેરીના પાર્લરમાં ચોરી

ગાંધીનગર | ગાંધીનગરના સેક્ટર-28માં ગાર્ડન નજીક આવેલા એક મધુર ડેરીના પાર્લરને નિશાન બનાવી અજાણ્યા ચોર ઈસમો તાળું તોડી અંદર પ્રવેશી રોકડ રકમ અને મોટી માત્રામાં ઘીના ડબ્બાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાનો બનાવ સામે આવ્યો છે. આ અંગે ગાંધીનગર સેક્ટર-21 પોલીસ મથકે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. વાસણી મહાદેવ, જમબા વાળા વાસમાં રહેતા અને નોકરી કરતા દિપકસિંહ સતુજી વાઘેલા સેક્ટર-28માં આવેલ મધુર ડેરીના પાર્લર સાથે સંકળાયેલા છે. ગત તારીખ 15 જુલાઈના રોજ સવારે 10:00 વાગ્યાથી તારીખ 16 જુલાઈના સવારે 6:00 વાગ્યા દરમિયાનના સમયગાળામાં કોઈ અજાણ્યો તસ્કર આ પાર્લરનું તાળું તોડી અંદર પ્રવેશ્યો હતો. બાદમાં તસ્કરે પાર્લરમાં મુકેલા પાંચ કિલોના બે ડબ્બા સહિતના રોકડા રૂ. 2,500 મળી કુલ રૂ. 14,850ની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.

## સોનમ વાંગચુકના સમર્થનમાં વિરોધ કરતા પ્રદર્શનકારીઓને પોલીસે દોડાવ્યા લાકડીઓ લઈને પાછળ દોડ્યા, મહિલાઓની ટીંગાટોળી કરી; દિલ્હી જંતર-મંતરના ગુજરાતમાં પડઘા

અમદાવાદ | દિલ્હીના જંતર-મંતર ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં ચાલી રહેલા આંદોલનના પડઘા ગુજરાતમાં પણ જોવા મળ્યા છે. અમદાવાદમાં આજે 20 જુલાઈના યોજાયેલા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસ આંદોલનકારીઓ પાછળ લાકડીઓ લઈને દોડી હતી અને વિરોધ નોંધાવી રહેલી મહિલાઓની ટીંગાટોળી કરીને અટકાયત કરી હતી. જ્યારે સુરતમાં કલેક્ટર કચેરી ખાતે મોટી સંખ્યામાં યુવાનો વિરોધ કરવા માટે એકત્રિત થયા છે. જૂનાગઢ અને ભાવનગરમાં પણ યુવાનોએ વિરોધ નોંધાવ્યો છે.

દિલ્હીમાં છેલ્લા ઘણા સમયથી NEET પેપર લીક મુદ્દે કેન્દ્રીય શિક્ષણમંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. જ્યાં આ મુદ્દે સોનમ વાંગચુક ઉપવાસ પર બેઠા હતા, પરંતુ તેમની તબિયત લથડતા તેમને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. દિલ્હીમાં લાંબા સમયના વિરોધ છતાં હજી સુધી શિક્ષણમંત્રીનું રાજીનામું લેવામાં ન આવતા તેના જ આક્રોશ સ્વરૂપે ગુજરાતમાં આ વિરોધ પ્રદર્શનનું થઈ રહ્યા.

જૂનાગઢ ખાતે અનુસૂચિત જાતિ સમાજના યુવાનોએ કલેક્ટર ઓફિસ બહાર આંદોલન શરૂ કર્યું છે. બીજી તરફ, ભાવનગરમાં કોંગ્રેસના નગરસેવક કિશન મેર અને તેમના સમર્થકો હાથમાં પોસ્ટરો સાથે ઘોઘા ગેઈટ ચોક સહિતના મુખ્ય બજાર વિસ્તારમાં રોડ પર ઉતર્યા છે.

સુરત કલેક્ટર કચેરી ખાતે વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોએ હાથમાં સોનમ વાંગચુકની તસ્વીરો પકડીને અને 'ઈન્કલાબ જિંદાબાદ' ના પ્રચંડ નારાઓ લગાવીને આક્રોશ વ્યક્ત કર્યો હતો. સુરત કલેક્ટર કચેરી ખાતે શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહિત મોટી સંખ્યામાં લોકોએ એકત્ર થઈ ભારે આક્રોશ વ્યક્ત કર્યો હતો. 'ઈન્કલાબ જિંદાબાદ'ના નારાઓ સાથે પ્રદર્શનકારીઓએ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ કરી સમગ્ર ઘટનાની તટસ્થ તપાસની અપીલ કરી હતી, જેમાં પરેશભાઈ મહાલે નામના સ્થાનિકે ભારતીય સંવિધાન સાથે 'કૉક્રોચ જનતા પાર્ટી' લખેલું ટીશર્ટ પહેરી અનોખી રીતે વિરોધ નોંધાવી સૌનું ધ્યાન ખેંચ્યું હતું.

સુરતના રહેવાસી પરેશભાઈ મહાલે હાથમાં ભારતીય સંવિધાન રાખીને અને ફાટેલા કપડાં તેમજ 'કૉક્રોચ જનતા પાર્ટી' (CJP) લખેલું ટીશર્ટ પહેરીને અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરતા જોવા મળ્યા હતા, પરેશભાઈ આ ડિજિટલ પાર્ટીના પ્રથમ સભ્યોમાંથી એક તરીકે જોડાઈને ભારે ચર્ચા જગાવી રહ્યા છે.

સુરતમાં વિરોધ પ્રદર્શન દરમિયાન એકત્રિત થયેલા તમામ લોકોએ કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. પ્રદર્શનકારીઓએ સરકાર સમક્ષ આ સમગ્ર મામલે તટસ્થ તપાસ કરી ન્યાય કરવાની અપીલ કરી હતી. લોકોનું કહેવું હતું કે શાંતિપૂર્ણ રીતે પોતાની માંગણીઓ રજૂ કરનારા લોકો પર આ પ્રકારની બળપ્રયોગની નીતિ સાંખી ન લેવાય અને સરકાર લદ્દાખના હિતો તેમજ સોનમ વાંગચુકની માંગણીઓ પર વહેલી તકે સકારાત્મક નિર્ણય લે.

સુરત કલેક્ટર કચેરી ખાતે સોનમ વાંગચુકના સમર્થનમાં અને દિલ્હીમાં તેમના પર થયેલા લાઠીચાર્જના વિરોધમાં મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા લોકોએ હાથમાં સોનમ વાંગચુકની તસ્વીરો પકડીને અને 'ઈન્કલાબ જિંદાબાદ' ના પ્રચંડ નારાઓ લગાવીને પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

આ વિરોધ પ્રદર્શનની ખાસ વાત એ હતી કે તેમાં મોટી સંખ્યામાં સ્થાનિક શિક્ષકો અને વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા, જેમણે લોકશાહી ઢબે ચાલી રહેલા આંદોલન પર કરાયેલા દમનની આકરી ટીકા કરી હતી.

## વસ્ત્રાલ ફટાકડા ફેક્ટરી બ્લાસ્ટમાં વધુ એકનું મોત, કુલ 10 મોત એક મહિલા ગંભીર; 4 સારવાર હેઠળ, બે આરોપીઓના 7 દિવસના રિમાન્ડ મંજૂર

અમદાવાદ | અમદાવાદના વસ્ત્રાલમાં આવેલા ફટાકડા કારખાનામાં થયેલા વિસ્ફોટની દુર્ઘટનામાં મૃત્યુઆંક વધીને 10 થયો છે, જેમાં 95% દાઝી ગયેલા વધુ એક વ્યક્તિનું સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું છે. આ બનાવમાં હાલ 4 લોકો સારવાર હેઠળ છે, જેમાં એક મહિલાની સ્થિતિ હજુ પણ ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

ત્રણમાંથી બે આરોપીને મેટ્રો કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જ્યાં પોલીસે 14 દિવસના રિમાન્ડની માંગ કરી હતી. પરંતુ કોર્ટે 7 દિવસના એટલે કે 27 જુલાઈ સુધીના રિમાન્ડ મંજૂર કર્યા છે. કોર્ટે આરોપીઓને પૂછ્યું કે પોલીસ વિરુદ્ધ ફરિયાદ છે? જેના જવાબમાં બન્નેએ આરોપીએ ના પાડી હતી.

સરકારી વકીલે કોર્ટમાં રજૂઆત કરી હતી કે, ફેક્ટરીમાં આગ લાગતા 10 લોકોના મોત અને 5ને ઈજા થઈ છે. 10માંથી 04 મૃતક 18 વર્ષથી નીચેના સગીર છે. આરોપી રમીલાબેન પણ ઈજાગ્રસ્ત હોવાથી હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. બન્ને આરોપીની 19 જુલાઈથી અટકાયત કરી લેવાઈ છે. તેમણે પરમિટ વગર ફટાકડા બનાવવાની ફેક્ટરી ચાલુ કરી દીધી હતી. બીજા કોઈ ભાગીદાર કે આર્થિક મદદ કરી તે જાણવાનું છે પણ આરોપીઓ હકીકત જણાવતા નથી.

1. બીજે ક્યાંય આરોપીઓની કોઈ ફેક્ટરી છે, તેમાં આરોપીઓ ભાગીદાર છે તે તપાસ કરવી
2. આટલો મોટો દારૂખાનાનો જથ્થો ક્યાંથી લાવ્યા, બીજે ક્યાંય જથ્થો પડ્યો છે કે નહીં
3. આરોપીઓના મોબાઈલ ફોન જ્યાં છુપાવ્યા છે તે અને CDR મેળવવાના છે
4. વિસ્ફોટક પદાર્થનો જથ્થો બીજા કોઈને આપ્યો, રજીસ્ટર છે , કેવી રીતે ફટાકડા બનાવતા તેની તપાસ કરવાની
5. સ્થળ ઉપર રિ-કન્સ્ટ્રકશન કરવા આરોપીઓની તપાસ
6. પરવાના વગર ફેક્ટરી ચલાવવામાં AMC અધિકારીઓની સંડોવણી છે કે કેમ ?
7. 2014 માં રમીલાબેનની ફેક્ટરીમાં બ્લાસ્ટ થયેલો જેમાં એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું હતું
8. ફેક્ટરી બંધ કરાઈ છતાં ફરી પરવાના વગર ચાલુ કરી, આવું કરવા ટેવાયેલા છે

જ્યારે આરોપીના વકીલે જણાવ્યું કે, આ ઘટના એક અકસ્માત છે. આ કોઈ જાણી જોઈને કરાયેલુ કૃત્ય નથી. આગમાં મોટાભાગના દસ્તાવેજો નાશ પામ્યા છે. આરોપીઓની પૂછપરછ કરાઈ ચૂકી છે. અમારી પાસે લાયસન્સ હતું. ભાગીદારોની પૂછપરછ પોલીસ કસ્ટડીમાં થઈ જ ગઈ હોય છે.

સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડોક્ટર રાકેશ જોશીએ જણાવ્યું હતું કે, ફટાકડા ફેક્ટરીમાં જે ગોઝારી ઘટના બની, એનાથી 5 દર્દી દાખલ કરેલા. જેમાં એક મહિલા અને ચાર પુરુષ હતા. એમાં એક મહિલા અને એક પુરુષને ગંભીર રીતે દાઝેલા હતા. પુરુષનો 95 %થી વધારે અને મહિલાનો 75 %થી વધારે હિસ્સો દાઝેલો હતો. વધુમાં કહ્યું કે, જ્યારે ત્રણ દર્દી બર્ન્સ વોર્ડમાં દાખલ છે, જેમાં બે બર્ન્સ વાળા દર્દી છે, એકને 40% છે, એકને 20% છે. આ બંને દર્દીને સિવિલ હોસ્પિટલ પાસે સ્કીન બેંક હોવાથી જે 40% વાળા દર્દી છે.

## વિદેશી દારૂના કટિંગનો પર્દાફાશ, 4 શખ્સ પકડાયા, એક ફરાર ગાડીઓ સહિત 9.52 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

ગાંધીનગર | ગાંધીનગર તાલુકાના કોલવડા-પુન્દ્રાસણ રોડ પર આવેલ ગરનાળા પાસેના ચરામાં ખુલ્લી જગ્યામાં ચાલતા વિદેશી દારૂના કટિંગ પર પેથાપુર પોલીસે પૂર્વ બાતમીના આધારે ત્રાટકીને અઢી લાખથી વધુની કિંમતનો વિદેશી દારૂના જથ્થા સહિત બે ગાડીઓ મળીને કુલ રૂ.9.52 લાખના મુદ્દામાલ સાથે ચાર બુટલેગરોને દબોચી લીધા છે. જ્યારે એક બુટલેગર નાસી જવામાં સફળ રહ્યો હતો.

ગાંધીનગર પેથાપુર પોલીસ મથકના પીઆઈ અંકુર દેસાઈ સહિતની ટીમ કોલવડા ગામ નજીક પેટ્રોલીંગમાં હતી. એ દરમિયાન બાતમી મળી હતી કે, ગરનાળા પાસેના ચરામાં બે વાહનોમાં વિદેશી દારૂનો જથ્થો લાવીને તેનું કટિંગ કરવામાં આવી રહ્યું છે. આ બાતમીના પોલીસ દ્વારા સ્થળ પર દરોડો પાડવામાં આવ્યો હતો.

જેના પગલે દારૂનું કટિંગ કરી રહેલા ઈસમોમાં નાસભાગ મચી ગઈ હતી. જોકે પોલીસે ઘેરાબંધી કરીને સ્થળ પરથી ચાર ઈસમોને ઝડપી લીધા હતા. જ્યારે બ્રેઝા ગાડીમાંથી ઉતરેલો એક અજાણ્યો ઈસમ ભાગી છૂટ્યો હતો. આ અંગે પીઆઈ દેસાઈએ કહ્યું કે,સ્થળ પરથી સુઝુકી એસ-ક્રોસ (નંબર RJ.45.CH.3572) અને બ્રેઝા (નંબર GJ.18.BH.8199) ગાડીઓ જપ્ત કરી છે. બંને વાહનો તેમજ પ્લાસ્ટિકની થેલીઓમાંથી વિદેશી દારૂની જુદી જુદી બ્રાન્ડની કુલ 1337 નાની-મોટી કાચ અને પ્લાસ્ટિકની બોટલો મળી આવી છે.જેની કુલ કિંમત રૂ. 2,52,430 છે.

આ દરોડા દરમિયાન વિદેશી દારૂ, બંને ગાડીઓ મળીને કુલ 9.52 લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરવામા આવ્યો છે. જ્યારે પકડાયેલા આરોપીઓમાં રાજસ્થાનના ઝુનઝુનુ જિલ્લાના ખેતડી તાલુકાના દેવતા ગામના રહેવાસી પવનકુમાર ગુરૂદયાલ ગુર્જર , ક્રિશનકુમાર ભોલારામ ગુર્જર, વિજેન્દ્રકુમાર રામેશ્વરલાલ કસાના તથા કોલવડા ગામના ચામુંડાપુરા હુડકાના રહેવાસી અક્ષય નરોત્તમભાઈ નાથબાવા નો સમાવેશ થાય છે. પકડાયેલા ચારેય આરોપીઓ તેમજ ભાગી છૂટેલા અજાણ્યા ઈસમ સામે પ્રોહિબિશન એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરવામાં આવી છે.

દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...